# ચતુર સુંદર સ્ત્રી

# વિલાસ.

## મનોહર રસીક ગરબાવળી.

## બાર ભાગની.

મેળવી છપાવી પ્રસિદ્ધ કરનાર
શા. મંગળદાસ [illegible]રામ બુકસેલર
ઠે. રીચીરોડ—અમદાવાદ.

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રીજૈન વિદ્યાવિજય
પ્રેસમાં શા. પોપટલાલ અમથાલાલે છાપ્યો
અમદાવાદ નં. ૧૧.

સંવત ૧૯૭૭ સને ૧૯૨૧
આવૃત્તિ ૩ જી પ્રત [illegible]
કિંમત રૂ. ૦—૧૨—૦.

# ચતુર સુંદર સ્ત્રી

# વિલાસ.

## મનહર રસીક ગરબાવળી.

## બાર ભાગની.

મેળવી છપાવી પ્રસિદ્ધ કરનાર
શા. મંગળદાસ જેઠતારામ બુકસેલર.
ઠે. રીચીરોડ—અમદાવાદ.

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રીજૈન વિદ્યાવિજય
પ્રેસમાં શા. પોપટલાલ અમથાભાઈએ છાપ્યું
અમદાવાદ નં. ૧૧૬.

સંવત ૧૯૭૭ સન ૧૯૨૧

આવૃત્તિ ૭ મી. પ્રત ૪૦૦૦.

કિંમત રૂ. ૦—૧૨—૦.

# અનુક્રમણિકા.

## ભાગ ૧ લો.

| | |
|---|---|
| ડાકોરના શ્રી રણછોડજીની લાવણી ... ... ... | ૧૭ અ |
| ડાકોરના શ્રી રણછોડજીનો ગરબો ... ... ... | ૧૮ અ |
| શ્રી નાથજીના મહીના ... ... ... ... | ૧૯ |
| જીવન પ્રાણના મહીના ... ... ... ... | ૨૦ અ |
| ગોપીયોની સ્તુતીના મહીના ... ... ... ... | ૨૨ |
| સ્ત્રીને પરદેશ ન જવા દેવાના મહીના ... ... ... | ૨૩ અ |
| નંદલાલના મહીના ... ... ... ... | ૨૬ અ |
| શ્રી કૃષ્ણના મહીના ... ... ... ... | ૨૭ |
| રાધીકા મહીના ... ... ... ... ... | ૨૮ અ |
| બહુચરાજીના મહીના ... ... ... ... | ૨૯ |
| કૃષ્ણદાસના મહીના ... ... ... ... | ૩૧ |
| અંબાજીના મહીના ... ... ... ... | ૩૧ |

## ભાગ ૨ જો.

| | |
|---|---|
| સીતાજીના મહીના ... ... ... ... | ૧૮ અ |
| …જીના મહીના ... ... ... ... | ૨૦ અ |
| કૃષ્ણજીના દશ અવતારનો ગરબો ... ... ... | ૨૧ |
| સીતાજીની કાચળીનો ગરબો ... ... ... ... | ૨૩ અ |
| અંબાજીનો ગરબો ... ... ... ... | ૨૬ અ |
| બહુચરાજીનો ગરબો ... ... ... ... | ૨૮ અ |

| | |
|---|---|
| આગમનો ગરબો ... ... ... ... ... | ૩૦ |
| ગોરમાનો ગરબો ... ... ... ... ... | ૪૯ |
| બાળલીલાનો ગરબો ... ... ... ... | ૫૨ |
| ભુંભાઇ, સુરતનો ગરબો ... ... ... ... | ૫૪ |
| વડોદરા શહેરનો ગરબો ... ... ... ... | ૫૫ |
| મહાકાળીનો ગરબો ... ... ... ... | ૫૬ |
| બહુચરાજીનો ગરબો ... ... ... ... | ૫૯ |
| રેલવે ગાડીનો ગરબો ... ... ... ... | ૬૦ |
| અમદાવાદ શહેરનું વર્ણન ... ... ... ... | ૬૧ |


## ભાગ ૩ જો.


| | |
|---|---|
| બજરંગી હનુમાનનો ગરબો ... ... ... ... | ૬૩ |
| લાવણી ... ... ... ... ... | ૬૭ |
| સાતવાર ... ... ... ... ... | ૬૯ |
| આઠવાર ... ... ... ... ... | ૭૦ |
| પંદર તીથીઓ ૧ થી ૭ ... ... ... ... | ૭૦ |
| મલાવરાવનો રાસડો ... ... ... ... | ૮૦ |


## ભાગ ૪ થો.


| | |
|---|---|
| અભીમન્યુનો ચકાવો ... ... ... ... | ૮૧ અ |
| વણામણું ... ... ... ... ... | ૮૭ |
| ગીરધારીની ગરબી ૧ લી ... ... ... ... | ૮૯ |
| નરસીંહજીની ગરબી ૨ જી ... ... ... ... | ૯૧ |
| રણછોડજીની ગરબી ૪ થી ... ... ... ... | ૯૩ |
| અંબાજીની ગરબી ૫ મી ... ... ... ... | ૯૪ |

(


આળાની ગરબી ૧ થી ૨ ... ... ... ... ૯૫
પ્રેમની ગરબી ૧ થી ૪ ... ... ... ... ૮૧


## ભાગ ૫ મો.


હાંરે ચાલો ડાકોરમાં જઇ વસીએ એ રાગની ગરબી ૧ લી ૮૨
હાંરે લટકાળો ગીરધારી ૨ જી ગરબી ... ... ૮૩
હાંરે મારા સમ કાલે મળજો ૩ જી ગરબી ... ... ૮૩
હાંરે જુમનાની તીરે વાહાલો ૪ થી ગરબી ... ... ૮૪
હાંરે ચાલો ચતુર કાંઇ લાવજો ૫ મી ગરબી ... ... ૮૪
હાંરે મોહન મળતા નથી અમને ૬ ઠી ગરબી ... ... ૮૫
હાંરે વીઠલ માં વળગો હમનેરે ૭ મી ગરબી ... ... ૮૫
હાંરે મોહનની મોરલી વાગી ૮ મી ગરબી ... ... ૮૬
માગ મનગમતા મહારાજ મારે ઘેર આવોરે ... ... ૮૬
જેનો પીયુડો પર ઘેર જાય ગરબી ૨ જી ... ... ૮૬
જાઓ જુઠડા બોલા કહાન ગરબી ૩ જી .. ... ૮૬
મને કૃષ્ણ જોયાના કોડ સૈયર ચાલોને ગરબી ૪ થી ... ૮૭
તારી મોરલીએ મહારાજ મન હરી લીધારે ગરબી ૫ મી ... ૮૭


## ભાગ ૬ ઠો.


રાસ લીલાની ગરબી ૧ લી ... ... ... ૮૮
ગરબી ૨ જી ... ... ... ... ... ૮૯
મુજને દગો કર્યોરે પેલા નંદજીના છઇએ ગરબી ૩ જી... ૮૯
કાનો ક્યાં ગયોરે અહીંયાં કોણ અમારૂ બેલી ગરબી ૪ થી ૯૦
હું તો ઘેલી થઇરે પેલા કાનુડાની સંગે ગરબી ૫ મી ... ૯૧
મુજને દગો કરીરે પેલો ક્યાં ગયો કાનુડો ગરબી ૬ ઠી... ૯૨
વનમાં ભુલી પડીરે પેલો ક્યાં ગયો કાનુડો ગરબી ૭ મી ... ૯૩

વાલમ ક્યાં ગયાતારે સાચુ બોલો મારા સમ ગરબી ૮ મી... ૯૪
ગીરધર લાલજીરે મારી ગાવલડી સંભાળ ગરબી ૯ મી ... ૯૫
મુલારા ધરણીધર તારી વાંસળીરે લોલ ગરબી ૧૦ મી ... ૯૬
હસવા સરખી હરીસુ મારે ગોઠડીરે ગરબી ૧૧ મી ... ૯૬
રાસલીલાની સાખીઓ ... ૯૬
દાણલીલા ગરબી ૧ લી ૯૮—૧૦૦
નમે અજાણ્યા અમે જાણીએરે દાણલીલા ૨ જી .. ૧૦૦
કાન મેળલીયાં નવ હોય રે દાણલીલા ૩ જી ... ૧૦૧
અલ્યા કાનજી તું ક્યારનો ઘેલો થયો જો દાણલીલા ૪ ... ૧૦૨
દાણલીલાની સાખીઓ આહેરીઆં ગરબીઓ... ... ૧૦૬
દુધ પીઓ જાવા દો અમને ... ૧૦૯
ઉદાણીનાં આહેરીયાં... ... ... .. ... ૧૦૬

## ભાગ ૭ મો

દાણલીલાની ગરબી ૧ લી ... ... ... ... ૧૧૪
જવાદો મને શાને રોકાછો વાટમાં ગરબી ૨ જી... ... ૧૧૫
વાત કહું ઉભી રહેને અલબેલી ગરબી ૩ જી ... .. ૧૧૫
જમીનપર જળનાં દાન કોણ લેછે ગરબી ૪ થી ... ... ૧૧૬
છબીલી દાણની રીત કોણે કહાડી ગરબી ૫ મી... ... ૧૧૬
હારે રશીયા મુને જવા દો ગરબી ૬ ઠી ... ... ૧૧૬
હાંરે મારાં ચીર દો વનમાળી ગરબી ૭ મી ... ... ૧૧૭
હારે બેની આપનો સ્યામ ખોટો ગરબી ૮ મી... ... ૧૧૭
હારે કુબજાને જાદુ ડારો ગરબી ૯ મી... ... ... ૧૧૮
ચુંદડી ગરબી ૧ લી ... ... ... ... ૧૧૮
કાહાન કાળારે મારી ચુંદડીના ચોર ગરબી ૨ જી ... ૧૨૦

કૃષ્ણ બોલ્યારે નીકળ જળથી તું બહાર ગરબી ૩ જી ... ૧૨૧
નંદજીની ગરબી ઓ તમેરે નંદજી ગોકુળ સંચરોરે ગરબી ૧ લી ૧૨૧
નયણે નીરને નંદજી બોલીયારે ગરબી ૨ જી ... ... ૧૨૨
જસોદા પુછે પીડને પ્રેમથુરે ગરબી ૩ જી ... ... ૧૨૨
વ્રજનાં વ્રજ વીનતા વાતો કરેરે ગરબી ૪ થી... ... ૧૨૨
ચંદ્રાવળીની ગરબી ૧ લી ... ... ... ૧૨૩
આસો માસે સરદ પુનમની રાતજો ગરબી ૨ જી... ... ૧૨૪
જસોદાજીના બાળ સ્વભાવની ગરબી ૩ જી ... ... ૧૨૫
હાથ વલુરી મારી મટુકી ફૂટી ગરબી ૪ થી ... ... ૧૨૬
ઝુમકહાર સીદ તોડો હો રાજ ગરબી ૫ મી ... ... ૧૨૬
ગગરી ઉતારરે વમાળી ગરબી ૬ ઠી ... ... ... ૧૨૬
પરમેશ્વરને પુજવા વીષે ગરબી ૭ મી ... ... ... ૧૨૭
શામળીઆ લાલ સાસુડી સંતાપે કહો કેમ કીજીયે ગરબી ૮ મો... ૧૨૭

## ભાગ ૮ મો.

ઓ જસોદાજી આવડો લાડકવાયો લાલ ન કીજીએ ગરબી ૯ મી ૧૨૮
ઓ છોગાળા અંબોડા ગુંથીને વાડો મેલ તું ગરબી ૧૦ મી... ૧૨૯
તમને શું કહીયેરે કામણગારા છો ગરબી ૧૧ મી ... ૧૨૯
વારૂ છું વાલમરે અમને અડશો માં ગરબી ૧૨ મી ... ૧૩૦
આવના આવના આવનારે શ્યામ. ગરબી ૧૩ મી ... ૧૩૦
હાંરે અલ્યા પાંકી ન પહેરીએ પાઘડી ગરબી ૧૪ મી ... ૧૩૦
હાંરે મારૂં સોનાનું છે બેડુંરે ગરબી ૧૬ મી ... ... ૧૩૨
મેંદી મેંદી શું કરો મેંદી ઝાડ ગરબી ૧૭ મી ... ... ૧૩૯

લેતાં ફકીરી ક્યા દીલગીરી સદા મગનમાં રહેનારે
ગરબી ૧૮ મી ... ૧૨૮
ચોરના બેસણાની ગરબી ૧૯ મી ... ... ... ૧૨૮
ખતરણુની ગરબી ૨૦ મી ... ... ... ... ૧૨૯
અચકો મચકો કારેલી ગરબી ૨૧ મી... ... ... ૧૩૧
સુણ ચતુર સુજાણ પરનારીની પ્રીત કણુના કીજીયે
ગરબી ૨૨ મી ... ૧૩૪
ગરજીરે તમને મેં દીઠા ગીરધારી ગરબી ૨૩ મી... ... ૧૩૫
નહી મેલુરે નંદલાલ છેડલો નહી૦ ગરબી ૨૪ મી ... ૧૩૫
કાળજડુ મારૂં કોર્યુંરે છેલ છબીલા ગરબી ૨૫ મી. ... ૧૩૬
મને મળીયા છે મોરારીરે પનઘટ જાતાં ગરબી ૨૬ મી ... ૧[illegible]
પાતળીયા પાલવ મેલોને પાય પડું ગરબી ૨૮ મી ... ૧૩૮
કોયલડી કંકોડી વાડકીમાં પાણી ગરબી ૨૯ મી ... ૧૩૯
સોનાનું મારૂં બેડલું ગરબી ૩૦ મી ... ... ... ૧૪૦
કંકણી ત્રાશે ગરબી ૩૧ મી .. ... ... ... ૧૪૦
હીંદોરાની ગરબી ૩૨ મી ... ... ... ... ૧૪૦
ઉંદરની ગરબી ૩૩ મી ... ... ... ... ૧૪૨

## ભાગ ૯ મો.

બેહેનો પતિવ્રતા ધરમ તમે સ્વીકારજાનો ગરબો. ... ૧૪૩
સહીયર સુખકર સંસાર વીશે ગરબો. ... ... ૧૪૪
સખીઓ નીજ નીજ ધર્મ સદા સંભારીએરે. ... ... ૧૪૪
વીંછી વીષે ગરબી. ... ... ... ... ૧૪૫
વાંદરાની ગરબી. ... ... ... ... ... ૧૪૭

કુંડની ફજેતી ... ... ... ... ... ૧૪૮
આણીધરની સાખીઓ ૧ થી ૫ ... ... ... ૧૫૦
સાખીઓ અને શમશાઓ ... ... ... ... ૧૫૦
આલ સખી શેલાણી આવો મારા બાગમાં એ રાગ ... ૧૫૧
ઘણી ભાષાની ગરબી ... ... ... ... ૧૫૧
સામળા હાડી ગહુ કે ઘેર જાવું. ... ... ... ૧૫૮
ઝુલી આઇ સાળા કુંજનકે બનમેં ... ... ... ૧૫૯
ભોળા બામણુરા. ... ... ... ... ... ૧૫૯

## ભાગ ૧૦ મો.

મેરા મર્જીયા ગુનાભી હો કુળ હમારો રંગ કેસરીયાં ... ૧૬૦
સાખીઓ. ... .. ... ... . ૧૬૦
મળાઆ મોહન મધુપુર મર્જીયર, .. ... ... ૧૬૦
આવી રંગ રંગીલી સેજ મારા સ્વામીજી નંદ્રા કરો . . ૧૬૧
લાવણી ૧ લી. ... ... ... ... ... ૧૬૩
ભરતાર કહે હો નાર વાત સાંભળ તો લાવણી ૨ ... ૧૬૪
આવું સુણી રીસથી બોલી ત્રીજની બાગા લાવણી ૩ જી ... ૧૬૫
મેં જાણી તારી વાત છબીલી નારીની લાવણી ૪ થી .. ૧૬૬

## ભાગ ૧૧ મો.

### લગનમાં ગવાતાં ગીતો

કંકોતરી ગીત ૧ લું ... ... ... . ૧૬૮
વાડીમાં રેલ છેલ મોગરો ગીત ૨ જું. ... ... ૧૬૯
પાને ફુલ ભરાવી છે છાબ તો ગીત ૩ જું. ... ... ૧૬૯
કુંભ ઉપર ઉગીયા વાંસ ગીત ૪ થું... ... ... ૧૭૦

આરે આંગણે કુઈ ચણાવા ગીત ૫ મું ... ... ૧૭૦
પેલેરે પોઠી કંકુએ ભરાઓ ગીત ૬ ઠું ... ... ૧૭૦
સખીરે સંભાએ નીસર્યા ગીત ૭ મું ... ... ૧૭૧
મહેલમાંનો શેરારે ગીત ૮ મું ... ... ... ૧૭૧
આરો માંડવો મોગરે છાયો ગીત ૯ મું ... ... ૧૭૧
ઉંચા મંડપ મોગરો રચાવો ગીત ૧૦ મું ... ... ૧૭૨
સુરજ ઉગ્યોરે રે ફેવડીઆની ફુણસે ગીત ૧૧ મું ... ૧૭૨
ફુણે મારાં આંગણાં સમારીયાંરે ગીત ૧૨ મું ... ... ૧૭૩
આંબા માલણ બેસા બેસણે ગીત ૧૩ મું ... ... ૧૭૩
લાલ લીલા વાંસ વઢાવો ગીત ૧૪ મું ... ... ૧૭૪
ઉગતા સુરજની રજ ખરીરે ગીત ૧૫ મું ... ... ૧૭૪
ઉંચી ઉંચી મેડી આગ ધરેરે ગીત ૧૬ મું ... ... ૧૭૫
ગણેશ પાટ બેસારીએ ... ... ... ... ૧૯૩
ઉકરડી નોતરતાં વનમાળીરે ... ... ... ૧૯૩
જીરે આજ મેંતો અડગ પરવત નુતર્યારે ... ... ૧૯૪
સોનાનો થંભ હીરે જડયોરે ... ... ... ૧૯૪
પાયે પાવઠડાને કેશરીઆ વાઘા ... ... ... ૧૯૬
ગોતરડાં ઉતારોરે ગોરજી ... ... ... ... ૧૯૬
અક્ષશાંતી વેળા ભારી રીસાઈ બેઠાં ... ... . ... ૧૯૭
ઘોડી તારે મુખડે રતન જડયાંરે આઈ ... ... ૧૯૭
લીલી ઘોડીને પીળા ચબખા ... ... ... ૧૯૮
કુંવર હેલ દેઈ ઘોડે ચડીયા ... ... ... ૧૯૮
અનો ઉમલ્યો ઉમલ્યો આવે છે ... ... ... ૧૯૯
હારે આના મેરા ગલી મત આના ... ... ... ૧૯૯

હારે બના કિને બનાવી મોરી ગલીયાં ... ... ૨૦૦
એક લીલી તે લીલી લીલડી... ... ... ... ૨૦૦
આજ મારૂ વાજીંત્ર કરે ઝમકાર ... ... ... ૨૦૦
વર તો બહુએ હોશીલો વર તો બહુરે ખાંતીલો ... ૨૦૧
શેરીએ શેરીએ ઘુઘરડા વાગે છે ... ... ... ૨૦૨
સુરત શહેર વસે એક સોનેરીરે ... ... ... ૨૦૨

## ભાગ ૧૨ મો.

સનમુખ શ્રીજી દેખત હો સજની સનમુખ ... ... ૨૦૩
સખીઓ ચાલો ને જઈએ શ્રીજી શહેરમાંરે ... ... ૨૦૮
જે રણછોડરાયા પ્રભુ જે રણછોડરાયા ... ... ૨૦૮

જ્યારે રામચંદ્રજી તથા લક્ષ્મણજી વનવાસ ચાલ્યા ત્યારે
સીતાજીએ કહ્યું કે હું પણ સાથે આવીશ, તે સમયે
રામચંદ્રજીએ કહ્યું કે, તમે પિયેર જાઓ અથવા
અહીં રહો.

## તે વીષેનું ધોળ ૧

મામેરૂં મોઘા મુલનું એ રાગનું, પણ તેમાં એક દોઢ જાસ્તી વળે છે.

રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં, સતી સીતાને આવતાં સાથ,
કહે રઘુનાથ; પધારો પીયર પ્યારી.
નહિ તો અહિં રહો સાસરાના રાજમાં, હેતે હળીમળી સાસુ સંગાથ નહી તો જોડી હાથ; પધા. ૧
અમે વસ્તીમાં નહી વસીએ વનીતા, અમે કરશું જઇ વનવાસ.
તમો પામો ત્રાસ. પધા૦ ૧

૯૩૮૧



સાથે રથ કે ઘોડુ નહી રાખીએ, નહિ રાખીએ દાસી કે દાસ;
કોઇ અમ પાસ. પધા૦ ૩

તમે કોસનો પંથ કીધો નથી, ચરણે ચાલવાથી પામો થાક;
લીટી ખેંચો નાક. પધા૦ ૪

અમે વનફળ ખાઇ ખુશીમાં રહીશું કોઇ દિવસ તો કોંગ શાક;
વિના લુણ પાક. પધા૦ ૫

વનમાં નથી મંદિર નથી આળીયાં, નથી પહોડવા કાજ પલંગ;
રંગીત નવ રંગ. પધા૦ ૬

કરશું ઘાસ કે પાનની ઝુંપડી, સુવા સાથરો તે ખુંચે અંગ;
એમાં શો ઉમંગ. પધા૦ ૭

વનમાં હીરનાં ચીર તો નહીં મળે, વનમાં નહીં મળે ફુલનાં ફુલેલ
કે તેલ ધુપેલ. પધા૦ ૮

વનમાં નહી મળે શાણી સાહેલીઓ, કરશો કોણ સંગે ખંતેથી ખેલ;
ઉમંગ ભરેલ. પધા૦ ૯

ઉષ્ણકાળે વાશે ઉના વાયરા, એનું દેખીને થાશો ઉદાસ;
જ્યારે જેઠ માસ. પધા૦ ૧૦

વરસે મેઘ ને ઝબકશે વીજળી. તેવે ટાણે તો તરૂ તળે વાસ;
નહી છત્ર પાસ. પધા૦ ૧૧

વનમાં ઘાતકી રહે છે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે બહુ ચોર;
જેનું ઘણું જોર. પધા૦ ૧૨

વનમાં વાઘ વરૂને વાંદર જોરાં, ઘણાં વિચરે જનાવર ઘોર;
બચે નહિ ઢોર. પધા૦ ૧૩

મોટા પરવત દેખીને માનની, તને નજરે જોયા નહિ જાય;
દીઠે ખાવા ખાય. પધા૦ ૧૪

તમે રાજકન્યા કાયા કોમળી, તનવાસનાં દુખ ન વેઠાય;
કાયા કરમાય. પધા૦ ૧૫

ઘરમાં અંધાઈ દેખી ડરો ઘણું, નથી નીસર્યાં કદી ઘર બાર;
છો નાજુક નાર. પધા૦ ૧૬

તમે છોટી ઉમર વર્ષ સોળનાં, નથી સંકટ વેઠ્યાં લગાર;
તમે કોમળ વાર. પધા૦ ૧૭

પરણી આતાંને પીયર ગયાં નથી, તમને મળવાને ઇચ્છે છે માય;
ચાપે ચિત ચાય. પધા૦ ૧૮

રાજા જનકજી તમને ઝંખે ઘણા, તેમના સંદેશા આવે સદાય;
તેડાં પાછાં જાય. પધા૦ ૧૯

ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહિપાળ;
પુરાવીને થાળ. પધા૦ ૨૦

અમે અવધે ફરી જ્યારે આવશું, લેશું સ્નેહે તમારી સંભાળ;
ત્યારે તત્કાળ. પધા૦ ૨૧

રૂડી મિથીલાપુરી મન માનતી, તેમાં પામશો પરમ વિરામ;
છે બાપનું ગામ. પધા૦ ૨૨

ગોરી તમને ગમે તેમ હું કરું, એમ દલપતરામનો શ્યામ;
સુણો રાજા રામ. પધા૦ ૨૩

## પછી સીતાજી બોલ્યા તેનું ઘોળ.

### રાગ ઉપરનો.

એવું સાંભળી સીતાજી કહે, સુણો સુંદર શ્યામ સુજાણ;
મારા મારા પ્રાણ, સાથે રાખો સ્નેહથી.

જુદાં પડવાની વાત વાલા કહો, તે તો બોલ લાગે તીક્ષણ બાણ;
રઘુકુળ ભાણ. સાથે રાખો૰ ૧

સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરૂં, તમથી વેગળી તે પરદેશ,
હું જાણું હમેશ; સાથે રાખો. ૨

તમે જોગીનો વેશ જે ધારશો, તો હું જોગણનો ધરૂં વેશ,
જટા કરૂં કેશ; સાથે રાખો. ૩

સ્વામી તમેરે ખુશી તો સુખ માહરે, તમે દુઃખમાં તો દુઃખ મુજ
દેહ એમાં શો સંદેહ; સાથે રાખો. ૪

જે કોઇ પરણ્યા પછી રહે પીયરમાં, અવતાર અજ્યો ધીક એહ,
મુવા જેવી તેહ. સાથે રાખો. ૫

સ્વામી તમ વિના મંદીરને માળીયાં, ભાસે પરવત મોટા સમાન,
વસ્તી તો વેરાન. સાથે રાખો. ૬

મહાવનમાં ભરી વસ્તી ભાસે, જ્યારે પામીશ દરશન દાન,
તેના નીધાન; સાથે રાખો. ૭

સાસુ સસરાને માત પીતા સહુ, ભલે જીવો કરો રૂડા રાજ,
અને મહરાજ; સાથે રાખો. ૮

સ્વામી શું કરૂં ભાઇ ભોજાઇને, સ્વામી શું કરૂં સૈયર સમાજ,
તેનું નથી કાજ; સાથે રાખો. ૯

સાચું સગપણ જગમાં સ્વામી તણું, બીજો સ્વારથી સઘળો
સંસાર, કુટુંબ પરીવાર; સાથે રાખો. ૧૦

મારા લાડ પાલણ તમે લાલની, બીજો નથી આંસુનો લુનાર,
કે એક આધાર; સાથે રાખો. ૧૧

કાયા પ્રાણ થકી જો જુદી રહે, તો હું તમથી જુદી પડી છેક,
જાણું તજી ટેક; સાથે રાખો. ૧૨

જો કોઇ જળથી જુદી પડી માછલી, રાખે દુધમાં કરી વીવેક,
જીવે પળ એક; સાથે રાખો. ૧૨
તમે સુખના સાગર રહો વેગળા, પછી શું કરૂં રાજને પાટ,
હવેલીના ઠાઠ, સાથે રાખો. ૧૩
મને હીરનાં ચીર ગમે નહી, મને ન ગમે ઘરેણાના ઘાટ,
મટાડો ઉચાટ; સાથે રાખો. ૧૪
હું તો તમને દીઠે થાઉ દેખતી, અણુ દીઠે તો આંધળી ભીંત,
જનમની એ રીત. સાથે રાખો. ૧૫
મેં તો સ્નેહ તોડયા સહુ લોકથી, બાંધી તમ સંગે પુરણ પ્રીત.
ચોરાયું છે ચીત; સાથે રાખો. ૧૬
જમવું જીવન તમથી જુદાં પડી, હોય વીધવીધનાં પકવાન,
તે વીખનાં નીશાન; સાથે રાખો ૧૭
પડશે તડકાને તાપ વૈશાખના તે તો જાણીશ ચંદ્ર પ્રકાશ,
રહી તમ પાસ. સાથે રાખો. ૧૮
મુજને મેલી જો પંથ પધારશો, આવી મળવાની ધરશો ન આશ
નીશ્ચે પામું નાશ, સાથે રાખો. ૧૯
કરતી વાત ઢળી પડી ધરણીએ, નારી જાનકી થઇને નીરાશ,
મેલતી શ્વાસ; સાથે રાખો. ૨૦
દયા કરી દેવ દલપતરામના, સતી સીતાને દેખી ઉદાશ,
જતા વનવાસ સાથે રાખ્યાં સ્નેહથી. ૨૧

## રામચંદ્રજીએ સીતાજીને કાગળ લખ્યો તેનું ધોળ.

### આમેરૂં મોંઘા મુલનું—એ રાગ.

સ્વસ્તીશ્રી પુરી લંકા સોહામણી,
જ્યાં રાજે છે જનક કુમારી; પ્રીતે લખે પ્યારીને. ૧

રહો અખંડ એવાતણુ તમતણું,
એવી આશીશ વચિો અમારી; પ્રીતમ લખે પ્યારીને. ૨
ગોરી દૈવના જોગે જુદાં પડયાં
પણ પ્રાણ મારા તુજ પાસ; પ્રીતમ૦
બેસુ બાગ બગીચે કે બંગલે,
રહું તમ વિના અધિક ઉદાસ પ્રીતમ૦ ૨
તારો સ્નેહ ઘડીએ ઘડી સાંભરે,
તારો ભાવ ભુલ્યો કેમ જાય; પ્રીતમ૦
તારા હેતથી હૈડું ભરાય છે,
તે તો લેખણથી ન લખાય. પ્રીતમ૦ ૩
મારે અર્થે તમે બાળાપણુ થકી,
તજ્યો સઘળો પીયર પરિવાર; પ્રીતમ૦
મારાં લેશ વચન નહો લોપીયાં,
નથી કોપીયાં કદાએ લગાર. પ્રીતમ૦ ૪
તારી નમ્રતા અમ્રતથી ગળી,
વળી શોભીતો શાંત સ્વભાવ, પ્રીતમ૦
જેથી મનની ઉદાસી તરત મટે,
તારા બોલનો એવો બનાવ. પ્રીતમ૦ ૫
ગોરાંદે તારા ગુણ કેમ વીસરે;
કેમ વીસરે વીલાપ ભર્યા વેણ; પ્રીતમ૦
હેતે વસ્તુ વદન તારૂ વનીતા,
મારાં નીરખવા તલખે છે નેણ. પ્રીતમ૦ ૬
દિવસે તુજ વિના દિલમાં ગોઠે નહી,
પીવું પાણી કે જમવું અનાજ; પ્રીતમ૦

રાત રોઇને આંખ્યો રાતી થઇ,
લોક પુછે તો આવે છે લાજ, પ્રીતમ૦ ૭

ગોરી મનમાં ધીરજ જરી રાખવી,
કાલે ભાગશે ભવના વીજોગ; પ્રીતમ૦
જેથી રીઝે આપણુને જગપતી,
એવો અહોનીશ કરજો ઉદ્યોગ; પ્રીતમ૦ ૮

જે છે વૃદ્ધ પાડોશીઓ શુદ્ધ છે,
તેને પ્રીતથી કહેજો પ્રણામ, પ્રીતમ૦
વાલીપણ્ મારા મિત્ર પવીત્રને,
કહેજો જરૂરનું હોય જો કામ. પ્રીતમ૦ ૯.

જોઇતી વસ્તુ જરૂર મંગાવજો,
કશી વાતે મુંઝાશો ના મન પ્રીતમ૦
કાલે દેખીશું દીવસ આનંદના,
જશે વીસરી દુઃખ ભર્યાં દીન. પ્રીતમ૦ ૧૦

જે જે પ્યારી તમારી સાહેલીયો,
તેને પણ મારા કહેજો જુહાર. પ્રીતમ૦
સાસુ સસરાની આશીશે સુંદરી,
મળશું ભામની ને ભરથાર, પ્રીતમ૦ ૧૧

વધે સ્નેહ ને સંપ સુજન સાથે,
તેવી તન મન રાખજો ટેવ; પ્રીતમ૦
અમે થોડી હવદે હવે આવીશું;
એમ દલપતરામનો દેવ. પ્રીતમ૦ ૧૨

# ઇચ્છારામ કૃત લાવણી.

ચાલો જઇયે દરશન કરવા, ડાકોરમાં ઠાકોર બિરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે. ૨૯.
પહેલું દુઃખ બ્રહ્માનું રે ભાગ્યું, શંખાસુરને મારીને;
શંખ નારાયણુ બેટમાં બેઠા, વેદ લાવ્યા ચાર વાળીને.
કચ્છ રૂપે સાગર મથીઓ, ચોદ રત્ન બહાર કાઢીને,
અમૃત તો અમરોને પાયુ, વિખ પાયુ વિષધારીને,
વરાહ રૂપે પૃથ્વિ લાવ્યા, આદ્ય નિરંતર આજે છે; દીનોનાથ.
પ્રલ્હાદજીની પ્રતિ પાળવા, નરહર નરસિંહ રૂપ ધર્યું,
હિરણ્યાકસ્યપુ નખે વધેર્યો, વિધિનું વાયક સફળ કર્યું;
વામન રૂપે બળિને ચાંપ્યો, ઇંદ્રિરાયનું કાજ કર્યું;
ભગિનોજી છડીદાર થૈ ઉભા, બળિ રાજાનું ભાગ્ય ભળ્યું.
ફરશી ગ્રહી નક્ષત્રી કીધી, જઇ કંકણુ બિરાજે છે. દીનોનાથ.
અનેક દુઃખ દેવતાનાં ભાગ્યાં, રાજા રાવણુ મારીને;
વિભીષણુને લંકા આપી, પથરા પાળજ તારીને.
કૃષ્ણ સ્વરૂપે કંસને માર્યો, ગોકુળમાં ગૌ ચારીને;
મોરલીમાં મહામોહ પમાડયા, ત્રણુ લોક નર નારીને.
બુદ્ધ રૂપે જગન્નાથજી, જગમગ જોત બિરાજે છે. દીનોનાથ.
અકળકળા નવખંડમાં વ્યાપી, ઘટઘટમાં તમો રમી રહ્યા;
ડાકોરમાં ઠાકોર બિરાજ્યા, બોડાણાપર કરી દયા.
ગંગાબાઈના ગુણુ વધાર્યા, સવા વાલથી ઓછા થયા;
ભક્તિ જાણી સારંગપાણી, ગુગળી પાછા ઘેર ગયા.
આંબલીઓ આરો છે ખારો, લીંબડો મીઠો લાગે છે; દીનોનાથ.
ઊંચું દેવળ ઊંચુ શીખર પીળી ધજા ફરકે;

જે દરવાજે નોબત વાજે, રત્નાગર ત્યાં ગરજડે.
ગોમતી તીરે સંગમ તીરે, સંગ આવી ત્યાં પડાવ પડે;
આઠે દહાડે શુક્રવારે, વાલમનો વરઘોડો ચડે.
રણછોડ રસિયો સૌમાં વસિઓ, સૌને માથે ગાજે છે. દીનોનાથ.
ઉત્તર દક્ષિણ પુર્વ પશ્ચિમના, લોક દરશને આવે છે;
મોટા મોટા સંઘવી થઇને, સંઘ ડાકોરમાં લાવે છે.
નયણે નિરખું હઇડે હરખું, રૂપ ઉપર જાઉં બલીહારી;
શંખ ચક્રને પદ્મ બિરાજે, ગદા ધરી છે ગીરધારી;
સાર આભણ તુળશીની માળા, રાય રણછોડને ચડાવે છે. દીનોનાથ.

## આશારામ કૃત પદ.

તારી ભક્તિ બોડાણાને ભાવીરે રણછોડ રંગીલા.
જમણા હાથમાં તુળશી વાવીરે, રણછોડ રંગીલા.
છઠે માસે તે ઠેઠ ચહાવીરે, રણછોડ રંગીલા.
મહા મજલો કીધો મધ રાતેરે, રણછોડ રંગીલા.
આવ્યા બોડાણાની સાથેરે, રણછોડ રંગીલા.
દેશ ગુજરાતમાં કરી દયારે, રણછોડ રંગીલા.
વાલો ઉમરેઠ આવીને રહ્યારે, રણછોડ રંગીલા.
ત્યાં તો પગલાં પુજાય છે તારાંરે, રણછોડ રંગીલા.
તમ વીના તે લાગે સહુ ખારાંરે, રણછોડ રંગીલા.
તેંતો પ્રગટ પારખું કીધુંરે, રણછોડ રંગીલા.
આખા લીંમડામાં એક ડાળ મીઠુંરે, રણછોડ રંગીલા.
સહુને દરશન થાય છે સારાંરે, રણછોડ રંગીલા.
જાણું ડાબાને લાગે ખારાંરે રણછોડ રંગીલા.
લાભ લેવાને આવ્યા ડાબારે, રણછોડ રંગીલા.

કાળા દોડેને ભગત થાય આભારે, રણછોડ રંગીલા.
આશારામને આશરો તારોરે, રણછોડ રંગીલા.
વાલા તારીને પાર ઉતારોરે, રણછોડ રંગીલા.

## શ્રીનાથજીના મહિના.

કારતક માસેરે કહાનજી, મુકી પરદેશ,
હું છું નારીને નાનડી, જોબન બાળેરે વેશ;
ગોકુળ આવો શ્રી નાથજી.
માગશર માસેરે માવજી, વશીયા આભીરે તોલ;
પિંજર લાગ્યા ઝુરવા, આંખે આંસુડાની રેલ. ગો૦ ૨
પોષ સોસેરે દેહડી. તોય સ્નેહ ન વિસરાય;
આડો હીમાળો ઉલટયો, તેથી કંપેરે કાય ગો૦ ૩
માહા માસેરે સેજડી, બીજી વેરણ રાત;
પેઉજી માહેરે ઘેર નહીં, કેમ જાય દિવસ મહારાજ. ગો૦ ૪
ફાગણ ફુલ્યોરે ફુલડે, ફુલ્યાં કેસર કેરાં ઝાડ;
તેનાં છંટાવું છાંટણાં, ઉડે અબીલ ગુલાલ. ગો૦ ૫
ચૈતર ચંપો મોરીઓ, મોરી અરાડે ભાર;
માલણ લાવેરે મોગરા, કાચી કળીનો હાર. ગો૦ ૬
વૈશાખેરે વન વેડીયાં, વેડી આંબલીયાની શાખ;
રસ ઘોળાવુંરે વાટકી, જમીએ કાલી સંગાથ. ગો૦ ૭
જેઠ જાણ્યુંરે આવશો, ના આવ્યા શ્યામ શરીર;
બપૈયારે પીઉપીઉ કરે, મારે હૈયે નવ રહે ધીર, ગો૦ ૮
અસાડેરે ઘન ઉલટયો, માથે ચડયોરે ઘનઘોર;
વીજલડીરે ચમકા કરે, બોલે મધુરા શા મોર, ગો૦ ૯
શ્રાવણ વરસ્યોરે સરવડે, નદીએ નીર અપાર;

કોયલડીરે ટહુકા કરે, બેસી આંબલીયાની ડાળ. ગો૦ ૧૦
ભાદરવોરે ભલે ગાજીયો, વરસે મુશળધાર;
પિયુજી મારા મધુપુરમાં, સાલે સોકલડી અપાર. ગો૦ ૧૧
આસોમાસે દિવાલડી, આવ્યા શામ શરીર;
થાળ ભરૂરે મોતીડે, વધાવું સુભદ્રાના વીર. ગો૦ ૧૨
બારે માસ પુરા થયા, કહે છે કવિરે કર જોડ;
ગાય તેના પુરજો, કોડે શ્રી રણછોડ. ગો૦ ૧૩

## જીવણ પ્રાણના મહિના.

રથ આવ્યા અક્રુરના, છુટયા નંદ દરબાર,
શબ્દ ભરે છે સુંદરી, વળી જુએ છે વાટ.
રથ જોડીને માધવ ચાલ્યારે, મથુરાંના મારગ ઝાલ્યારે;
જાલો ડોકવાળી જુએરે, નેણ ભરીને રાધીકા રૂએરે;
મારા બાળ તે પણના બેલીરે, શું જાઓ છો માયા મેલીરે,
જીવણપ્રાણ છો આતમારામ છો. ટેક. ૧
કારતક મહીને કંથ સિધાવ્યા, રહી ન શકે નારી;
અંતરજામી નથી અજાણ્યા, હંસ ઉડયા રહી હારી,
મેં તો શંભુજીની સેવા ન કીધીરે, મેલી થાપણ ઓળવી લીધીરે.
જીવન પ્રાણછો આતમારામ છો. ૨
માગશર મહીને મેલી ગયા, જઇ બેઠા જગદીશ;
કોઇ સંદેશો લાવે શ્યામનો, તેને ચરણ નમાવું શીશ;
તેને શરણે નમાવું શીશરે, કોઇ દેખાડો જગદીશરે;
હું બનાવું રસોઇ બત્રીસરે, જીવન પ્રાણછો આતમારામ છો. ૩
પોષ મહીનાની પ્રીતડી, જોબનની જંજાળ;
જમણ હતા તે જમી ગયા, ઢાંકા મેલ્યા થાળ,

હરીએ ઠાલા મેલ્યા થાળરે, એવી જોબનતણી જંજાળરે;
બધુઓ સુખે ભજો શ્રી ગોપાળરે, જીવન પ્રાણછો, આત્મારામ. ૪
મહા મહીનાની ટાઢડી, અતિ રાતે અંધકાર,
આચનલોચન વહી ગયા હરીને લશ્કર બંધાવું પાર,
મહા ત્રેહની તે વેદના થાયરે, હુંથી એકલડી ન રહેવાયરે;
મારી થરથર કંપે કાયરે, જીવનપ્રાણછો. આત્મારામ છો. ૫

ફાગણ ફુલ્યો ફુલડે રમતા રાઘવરાય;
આ શું રૂએ સુંદરી, હરી તજી ગયા જમણી બાંય,
વહાલો સોળશે ગોપીયો માંયરે, કાનુડાને કાંઇ ન કહેવાયરે;
વહાલો મુકી ગયા વનમાંયરે, જીવન પ્રાણછો, આત્મારામ. ૬
ચૈતર ચંપો મોરીયો, પીંપળ આવ્યાં પાન,
નાવ્યો નાગર નાવલો, મને તેનું લાગ્યું છે તાન,
મને તેનું લાગ્યું છે તાનરે, મને હરી ભજ્યાની હામરે;
કોઈ દેખાડો શ્રી રામરે, જીવન પ્રાણછો, આત્મારામ છો. ૭

વઈશાખે વાયા વાવલા, મુખનું ઉડયું નુર;
તાપ તપે તનડુ તપે, હરી મેલી ગયા છે દુર.
એવો આવ્યો છે માથે ઉન્હાળોરે, એવો કપટી કાનુડો કાળોરે;
મને મુકી ગયો મોરલીવાળોરે, જીવન પ્રાણ છો. આ. ૮

જેઠ જાણ્યું આવશે, વેગે વિઠલરાય;
ચંદન ઘોળું વાડકે, વિંઝણે ઢોળું વાય.
હરીને વિંઝણે ઢોળુ વાયરે. મારી ઘડી પલક જુગ જાયરે;
મારા કાળજામાં કાંઇ કાંઇ થાયરે, જીવણ પ્રાણ છો. આ. ૯

અશાડ ચમકે વીજળી ઘન ગરજે ઘનઘોર;
આંસુડે ભીંજાય મારી સુંદરી, મીઠડા બોલે મોર;

એવા મીઠડા બોલે મોરરે, કરે બપઇયા કલોલરે.
મારૂં જાગે જીવનનું જોરરે, જીવન પ્રાણ છો. આ. ૧૦
શ્રાવણ વરસે સરવડે નહાવું નિરમળ નીર;
પહેર્યા પિતાંબર પોતિયાં, ઓઢણ આછાં ચીર;
હરી ઓઢણ આછા ચીરરે, આપણ નાહતા જમના તીરરે:
એવી રીતે ઢળ્યાં શરીરરે, જીવણ પ્રાણ છો, આત્મા. ૧૧
ભાદરવો ભલો ગાજીયો, પણ નાવ્યા બળવીર;
ચીર હતા તે હરી ગયા, મારૂં શાને ઢાંકુ શરીર,
મ્હારી પોચે નજર નહી નાખીયે, વ્હાલે ભરવાડની ગત રાખીરે:
સામળીએ ન જોયું સાખીરે, જીવણ પ્રાણછો આત્મા. ૧૨
આસો માસ ભલો આવીયો; સૌની પુરી આશ;
તોરણ બાંધ્યાં ટોડલે, એમ ગાય હરિજન દાસ.
ઘેર ઘેર મંગળ ગાયરે. ત્યાં થેઇથેઇકાર થાયરે;
શ્રોતા વકતા સંકટ જાયરે, જીવણ પ્રાણછો, આત્મારામ છો. ૧૩

## ગોપીઓની સ્તુતિના મહિના.

( કારતકે કાજળને તજીયું એ રાગ. )

કારતકે કોટી કલ્પના કરીએ ગોકુળીઆમાં ઘેલાં થઇ ફરીએ,
સુખ દુઃખ સર્વે સહીએ, ઓધવ મારી સ્તુતી કહેજો;
દુખરે મારૂં દીલ મધે લેજો. ઓધવ૦ ૧
માગસર મેણાં લીધાં માથે, જીવણજીએ વચન આપ્યાં હાથે;
કે રજની રમીશુ તમારી સાથે; ઓધવ મારી સ્તુતી કહેજો, ૨
પોષે તો ધીરજ મન ધરીએ, કહોતો વહાલા, વિખડાં પી મરીએ,
જીવણવિના જીવન શું કરીએ, ઓધવ મારી સ્તુતી કહેજો, ૩
માહે તો મીત્રી તોડી મારી વાલે મારે કુબજા કરી નારી,

આ શું કીધું મોહન મોરારી, ઓધવ મારી. ૪
ફાગણ ફીકર કરૂં મનમાં, દીવસ રાત તપે તનમાં,
વિખુટી જેમ હરણી ફરે વનમાં. ઓધવ મારી૦ ૫
ચઈતરે ચીત કરે બાળા, મુકી ચાલ્યા મોરલી તો વાલા;
દરશન તમે દોની નંદલાલા. ઓધવ મારી૦ ૬
વઈશાખે વનમાં કોયલ બોલે, તેથી મારા ત્રણ ભોવન ડોલે;
જોબન મારૂં જાય છે જકજોલે. ઓધવ મારી૦ ૭
જેઠે તો જળ ભરીઆં નેણે, બંધન મારા હરીવરને કહેશે;
ખટકે વાલા નાથ તણે મેણે. ઓધવ મારી૦ ૮
અષાડે તો ઇંદ્રધારે વરસે, પીઉ વીના મન મારૂં તલશે;
મોહનવર મેહેર હવે કરશે. ઓધવ મારી૦ ૯
શ્રાવણ સાંભળ સાહેલી, નમેરા તો નાથ ગયા મેલી;
આકુળીયામાં થઈને ફરૂં ઘેલી. ઓધવ મારી૦ ૧૦
ભાદરવે ભુદર ભેટો હમને, ઝાઝું હવે શું કહીએ તમને;
વાયદા કરી વાલા અમને. ઓધવ મારી૦ ૧૧
આસો માસે આવી દીવાળી, ઘેરરે આવ્યા મોહન મોરારી;
હળી મળી સઉ સખી દ્યો તાળી. ઓધવ મારી૦ ૧૨
બારેરે માસે રાગે તો કરીયા દાસ રણછોડ સ્વામી મળીયા;
તેથી મારાં જનમ મરણ ટળીયાં. ઓધવ મારી૦ ૧૩

## પતીને પરદેશ ન જવા દેવા વિશેના મહિના.

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને એ રાગ. )

કારતક મહીને અબળા કહે છે કંથને,
હવે શિયાળો આવ્યો સ્વામીનાથજો;
હીમાળુ વા વાશે સ્વામીનાથજો,

શું શોધો પરદેશ જવાનો સાથજો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧

માગશર મહિને હોશ ઘણી મન માહારે,
રશીઆ સંગ રમ્યાની મોજમ રાતજો;
ઘુંઘટડો કાઢીરે ઘર આગળ ફરૂં,
પીયુ મેલો પરદેશ જવાની વાતજો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં, ૨

પોસે જે અબળાને પીઉડે પરહરી,
તે નારીનાં પુરણુ મળીયાં પાપજો;
સાસરીએ રહીને તે શાં સુખ ભોગવે,
મેવરમાં નવ ગોઠે માને બાપજો;
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૩

મહા મહીને નવ જઇએ નાથ મુસાફરી,
ઘઉં સાટે જવ લાવો ખોરી જારજો;
વ્હેંચીને જમશુંરે મારા વાલમા.
જરૂર નહી જાવા દેઊં ઘરથી બહારજો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૪

ફાગ રમે ફાગણમાં નરને નારીયો,
ઘેર ઘેર નૌતમ કૌતક નવલાં થાય જો;
જે નારીનો નાવલીઓ નાશી ગયો,
કહો તેણે કેમ નજરે જોયું જાયજો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૫

ચઇતરમાં ચતુરને પંથ ન ચાલવું,
જો ઘેર નારી ચતુર સુજાણુજો;

વાહાલપણે થઇનેરે પીઉને વશ કરે,
નીરધાર્યું તે પડયું રહે પરીઆણુંજો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૬
વાવલીયા વાયા તે પીયુ વઈશાખના,
રજ ઉડીને માણેક મેલું થાય જો;
નાથનીનું મોતીરે હીરા હારનો,
કહો પરહાથે તે કયમ ધીર્યા જાયજો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૭
જેઠે તો પરદેશ જાવું દોહલું,
ધુમ ધીખીને વાય જેવી લુ વાય જો;
કોમળ છે કાયારે મારા કંથની,
વણુ શીચ્યાં જેમ ફુલડીયાં કરમાયજો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૮

અંબરઘન છાયોરે માસ અષાડમાં,
મોર બોલેને મેહ વરસે મુશળ ધારજો;
કચરાને કાદવરે મચી છે મેદની,
પંખી માળા વાલે ડારો ડારજો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૯

શ્રાવણમાં શીવ પુજને સુખ માગીએ,
વાલાનો નવ થાજો કદી વિજોગજો;
ઉમીઆના સ્વામીજી આપો એટલું,
સાસુના જાયાનો નીત્ય સંજોગજો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૦
ભાદરવો ભરજોબનનો ફરી નહી મળે,

વહી જાશે જેમ નદીઓ કેરાં નીર જો;
એવારે દીવસ એળે નવ કહાડીએ,
વાત વીચારી જુવો નણુંદના વીરજો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૧
આસોના દિવસ તો અતિ રળીયામણા,
ખાવું પીવું કરવા નવલા ખેલજો;
ભેગાં બેસી જમીએ રમીએ સોગટે,
છાતીમાં બીડીને રાખું છેલજો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૨
માસ અધીક અધીકપણે શું કીજીએ,
રહો જોડીને નેણ સંગાથે નેણજો;
જેમ ન છુટે જુટો હાથ બીલોરનો,
દાસ દયાના પ્રીતમ જાણ પ્રવિણજો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૩

## નંદલાલના મહિના.

આવોને નંદલાલ રમવા આવોનેરે,
નિરમે થયા છો નાથ, રમવા આવોનેરે. ટેક.
કારતક તો મેં કષ્ટેરે કાહાડયો, ભર દરીએ જેમ જહાજ.
માગશર મહીને મારગડે મેલી, હવે અમારૂં કોણ છે બેલી;
ગીરધર વીના થઈ ઘેલી, રમવા આવોનેરે. ૨
પોષ માસે જીવન પ્રાણ તજુ છું, લોકડીઆની લાજ લોપું છું.
સંસાર તાજ કરૂં છું, રમવા આવોનેરે. ૩
માહા મહીને મંદીરયાં રે સુના, હરી વિના આસનીયાં સુનાં;
વાહાલા વિના જાય છે જોબનીયાં, રમવા આવોનેરે. ૪

ફાગણે ફગફગતીરે હોળી, અબીલ ગુલાલે ભરાવુંરે ઝોળી;
વાહાલા વિના ખેલે કોણ હોળી, રમવા આવોનેરે. ૫
ચૈતરે મને ચિંતારે લાગી, સુની સેંજલડીમાં ઝબકીને જાગી;
વાહાલાની લેહે મને લાગી, રમવા આવોનેરે. ૬
વૈશાખે વાવલીયારે વાયા, આંખ ઉઘાડી ચોદીશ જોયાં;
આંસુ પાલવડે લોહ્યાં, રમવા આવોનેરે. ૭
જેઠ માસે જગજીવન આવે, વૈષ્ણવ સરવે વધામણી લાવે,
વહાલો મારો કાંઇ ન કહાવે રમવા આવોનેરે. ૮
અષાડે હું અબળા નારી, જોબનં દરીએ પુર છે ભારી,
પિયુનાં વચનને વિસારો, રમવા આવોનેરે. ૯
શ્રાવણ તો સરવડીએ વરસે, નદીએ નીર ઘણેરાંરે ઢગસે;
વહાલો મારો શી રીતે ઉતરશે, રમવા આવોનેરે. ૧૦
ભાદરવો ભર દરીએરે ગાજે, નીલાં વન નવપલ્લવ છાજે;
વહાલો મારો શી રીતે ઉતરશે, રમવા આવોનેરે. ૧૧
આસો માસે દેવ દીવાળી લોક વણે સહુ સેવ સુંવાળી,
વહાલા વિના તે જમે કોણ વાળી રમવા આવોનેરે. ૧૨

## શ્રી કૃષ્ણના મહિના.

કારતકે કૃષ્ણ ગયા મેલી, મારે ઘેર આવો વનમાળી,
કુબજા કેમરે ગમે કાળી, આવો હરી રાસ રમો વહાલા. ૧
માગશર મારગડે રમતાં. ભેળાં બેશી ભોજનીયાં જમતાં;
હવે હરિ કેમ નથી ગમતાં. આવો હરિ૦ ૨
પોષે સોસ પડ્યા અમને, તીકમજી શું કહીએ તમને;
દિલાસા ક્યારે દીધા અમને. આવો હરિ૦ ૩
માઘે માહા અંધારી રાત્યો ફુલડાંએ બીછાવી ખાટ્યો;

વાલે લીધી મથુરાંની વાટયો. આવો હરિ૦ ૪
ફાગણે ફેરા કરે હોળી, પહેરણુ ચરણુનિ ચોળી;
સુંદડી મારો કેસરમાં રોળી. આવો હરિ૦ ૫
ચૈતર ચિત કરે ચાળા, મધુવન મોરલીઓવાળા;
દરશન દો ડાકોર તિરથવાળા. આવો હરિ૦ ૬
વૈશાખે વાટલડી જોતી, ઉભી રહી ધ્રુશકડે રોતી;
પાલવડે આંસુ લોતી, આવો હરિ૦ ૭
જેઠે જગજીવન આવે, વધામણી સહુ લોકો કાહાવે;
વહાલો મારો કૃશુએ નવ કહાવે. આવો હરિ૦ ૮
અષાડે અબળા રહી ઝાંખી, વહાલે મારે ભરજોબન રાખી:
વિચારો તે વાત થશે વાંકી. આવો હરિ૦ ૯
શ્રાવણ તો સરવડીએ વરસે, નદીએ નીર ઘણાં ઢળશે;
વાહાલો મારો શી રીતે ઉતરશે આવો હરિ૦ ૧૦
ભાદરવો ભલીપેરે ગાજે, વહાલા થઇ વિહ્વળ તમ કાજે.
વહાલો મારો જરીએ ના લાજે, આવો હરિ૦ ૧૧
આસો માસે આવી દીવાળી, શેવ વાળું કે સુવાળી;
વહાલા વીના આ શી દીવાળી. આવો હરિ૦ ૧૨

## રાધિકાના મહિના.

કહોને સખી કારતક કેમ જાશે, કે વનમાં મોરલી કુણ વાશે.
કે મહીનો દાણી કુણ થાશે, કે જુમનાં જાવા દો પાણી.
કે માગશરે મન માહરૂં મળીયું, કે વિખીઆ ભાવ થકી ટળીયું.
કે જેમ લુણ પાણીમાં ભળીયું, કે જુમના ૨
કે પોશે સોસ પડયા અમને, વહાલા મારા શું નમીએ તમને,
કે દીલાસા દીધા તે અમને, કે જુમના૦ ૩

કે માહે મકર તણે માતે, કે ફુલડીયાં વેરવી ખાતે;
કે વાહાલાજી મારા મથુરાની વાટે. કે જુમનાં૦ ૪
કે ફાગણે ફેરા ફરે હોળી, કે આછા ચરણા ને ચોળી;
કે ચુંદડી કેસરમાં રોળી, કે જુમનાં૦ ૫
કે ચૈતરે ચતુરા ચિત ધરતી. વહાલાજીના ગુણ ગાતી ફરતી;
કે તોયે મારે વહાલે રાખી નરતી, કે જુમનાં૦ ૬
કે વઈશાખે વાયા વાવલીયા. કે ઘેર પધારો નાવલીયા,
કે દુખડે ધોઉ તારા પાવલીયા કે જુમનાં૦ ૭
જેઠે જગજીવન આવ્યા, કે સહુ લોક વધામણી લાવ્યા;
વાહાલાજી મારા કરુએ ના કાયા, કે જુમનાં૦ ૮
અષાડે અબળા થઈ ઝાંખી, વહાલે મારે ભરજોબન રાખી;
વાચારો હવે વાત થશે વાંકી, કે જુમનાં૦ ૯
શ્રાવણ સરવડીએ વરશે, કે નીર નદીએ ઘણાં ઢળશે;
કે કોયલડી ટહુકલીઆ કરશે, કે જુમનાં૦ ૧૦
ભાદરવા ભલીપેર ગાજે, સખવર ઘેર વલોણું વાજે,
નેતો મારા રૂદીયામાં દાઝે, કે જુમનાં૦ ૧૧
આસોની રજની અજવાળી, કે શેત વર્ણું કે સુંવાળી;
કે વહાલા વિના આ શી દીવાળી, કે જુમનાં૦ ૧૨
કે રાધાના હાથે સોનાની ચુડી, રમતાં દીસે તે રૂડી;
દુઃખરે સરવે ગયાં છે બુડી, કે જુમનાં૦ ૧૩

## બહુચરાના મહિના.

ચઈતર ચીત ધર્યું વાંદુ, નમી નમી બહુચર આરાધુ;
મન મારૂં ગોખે જઈ લાગ્યું, શેવોને શંખલપુર રાગ્યું. ૧
વઈશાખે વાવલીયા વાયા, માજીના ગઢ તણે આવ્યા;

અંબાજીની મોટી છે માયા. શેવોને. ૨
જેઠ તો જુગતી છે સારી, હરીહર પ્રભાકી વારી;
ગોખ ઉપર જાઉં બલીહારી. શેવોને. ૩
અષાડે મેઘ ઘણા ગાજે છત્ર શીર બહુચરને છાજે;
ચોઘડીયાં તો અદ્‌ભુત વાજે. શેવોને. ૪
શ્રાવણ સરવડીએ વરસ્યો, માજીને ભજશો તો તરશો;
નીકર તમે અથડાતાં મરશો. શેવોને. ૫
ભાદરવો ભલીપેરે ગાજ્યો, શેવકને સનમુખે થાજ્યો;
ઝુડતાં બાપલડી સહાજ્યો. શેવોને. ૬
આસો માસ આવી દીવાળી, આવ્યાં છે અંબાને કાળી;
ગરબે રમે મોટાં મહાકાળી, શેવોને. ૭
કારતકે કોયલડી બોલે, નાવે માજીને તોલે;
તે જાતાં ત્રીભોવન ડોલે. શેવોને. ૮
માગશર માનસરોવર નહિ, ચાચર આવી ગરબા તો ગાયે;
શેવકની મા કરજો સાહે. શેવોને. ૯
પોસે પ્રીત ઘણી ધારી, પાંડવ લીધા ઉગારી,
કૌરવ સરવ ગયા હારી. શેવોને. ૧૦
માહે તો ગને નથી ગમતુ. મન મારૂં રહે છે ભમતું,
મન મારૂં માજીમાં રમતુ. શેવોને. ૧૧
ફાગણે ફેરા ફરતી હોળી, પહેર્યાં માએ ચરણાને ચોળી;
કેશર બહુ છાંટયાં છે ઘોળી. શેવોને. ૧૨
બાર માસ પુરણે તો કીધા, દહીતને દંડ ભલા દીધા:
દેવતા સહુ ઉગારી લીધા. શેવોને. ૧૩
આસો સુદ બીજે બુધવારે, બારે માસ થયા નીરધારે;
વલભની મા કરજો સાહાયે. શેવોને ૧૪

# થોભણદાસના મહીના.

કારતકે કોડામણોરે, શોળી પુનમ કેરો ચંદ વાલા;
રાધા કરે હરીને વિનતીરે, ચરણે રાખો ગોવિંદ વાલા. ૧
માગશર મેલી ગયારે, પીઉ ગયા પરદેશ વાલા;
ભર જોબનમાં ભામનીરે આગળા બાળેવેશ વાલા. ૨
પોષ માસે પુછામણીરે, સાંભળ સહીયર વાત વાલા;
શ્રીકૃષ્ણ ચાલ્યા દ્વારકારે, સોળસેં ગોપીઓનો નાથ વાલા. ૩
મહા મહીને મન મારૂંરે, ચીતડું વ્યાકુળ થાય વાલા;
શમણાં આવ્યાં શ્રીશ્યામનારે, દીઠા જાદવરાય વાલા. ૪
ફાગણ માસે ફરકીયારે વાગે છે તાલ મરદંગ વાલા;
મધુરીશા વગાડે વાલો વાંસળીરે, હોળી ખેલે ગોવિંદ વાલા. ૫
ચઈતરે ચિંતામણીરે નાખ્યો નવલખ હાર વાલા;
કોઇ લાવે પીઉની વધામણીરે, આપું એકાવળ હાર વાલા, ૬
વૈશાખે વન વેડીયારે, વડી છે દાડમ દ્રાક્ષ વાલા;
કોયલડી ટહુકા કરેરે, સરો લાગે એનો સાદ વાલા. ૭
જેઠ મહીનાના રણુ તપેરે, જેવા ઉનાળાના તાપ વાલા;
અંગમાં જ્વાળા પરજળેરે, ઉભા રહો રઘુનાથ વાલા. ૮
અશાડ માસ ભલે ઉલટયોરે, થાય વીજળીઓના વેગ વાલા;
બહીરે ઉલટી બેની વાદળીરે, વરસ્યા બારે મેઘ વાલા. ૯
શ્રાવણ વરશે સરવડીરે; નદીએ નીરમળ નીર વાલા;
ઓઢે તે રાતી પદમણીરે, બીજાય દક્ષણી ચીર વાલા. ૧૦
ભાદરવો ભલે ગાજીઓરે, શીતળ થયાં શરીર વાલા,
ગોરાંદે ભીંજાયાં ભર આંગણેરે, પીઉડા ભીંજાય પરદેશ વાલા. ૧૧
આસો માસે દીવાળડીરે, સુંદરી સેજે શણગાર વાલા,

લીલાવટ ટીલડી સોહામણીરે, કંઠે એકાવળ હાર વાલા;
બારે માસ પુરા થયારે, આતેજો અધીક માસ વાલા;
ગાય શીખે ને સાંભળેરે, વિનવે શોભણદાસ વાલા.

## અંબીજીના મહીના.

કારતક માસે કરૂણા કરો મુજ માતરે મા અંબાજી,
અલબેલી અંબા સાંભળ મારી વાતરે મા અંબાજી. ૧
તારા દરશનની મને મોટી અંબા આશરે મા અંબાજી,
મા અહોનીશ કરજો ગોઠે હૃદાએરે વાસરે મા અંબાજી. ૨
માગશર માસે મન મળવા અકુળાયરે મા અંબાજી,
તારી પ્રીચ્છા કરતાં અંબા દીન વહ્યો જાયરે મા અંબાજી. ૩
દીન વહી જાયને આશા મુજને મોટીરે મા અંબાજી,
તારા રંગમંડમાં હું નવ આવી લોટીરે મા અંબાજી. ૪
પોષ માસે મુજને મળવા મોશરે મા અંબાજી,
મુજ રાંક ઉપર શો ધરવો માજી રોશરે મા અંબાજી. ૫
રોશ ન ધરીએ તમે દેવી છો દયાળરે મા અંબાજી,
જેવું નામ ધરાશે શેવકજન પ્રતીપાળરે મા અંબાજી. ૬
મહા મહીને કાંઇ વરત સાંભળ્યા તમારારે મા અંબાજી,
મા શું જુઓ છો કુડાં કરમ અમારાંરે મા અંબાજી. ૭
કુડા કરમની કરણી છે મધ્યાનરે, મા અંબાજી.
તારા દરશનનું મને મોટું અંબા ધ્યાનરે મા અંબાજી. ૮
ફાગણ માસે ફરી ફરી ઉલટે અગરે મા અંબાજી,
રંગ ભર્યા મનડાં નવ કરશો ભંગરે મા અંબાજી. ૯
ભંગ ન કરશો તનડું અમારૂં તલખેરે મા અંબાજી,
ચીત અમારૂં ચરણે આવી અટકેરે મા અંબાજી. ૧૦

આસો માસે અરજ સાંભળો વહેલીરે મા અંબાજી
મા આરાસુરમાં કરો આનંદની હેલીરે મા અંબાજી ૨૩
હેલી કરીને પુરો મનની આશરે મા અંબાજી
સેવકજનને તેડો તમારી પાશરે મા અંબાજી ૨૪
માસ બારે પુરણ કીધા માતરે મા અંબાજી
મા વીશમપરી વિશ્વાસ ન કરશો વાતરે મા અંબાજી ૨૫
તેરમો મહીનો પુરૂષોતમ કહેવાયરે મા અંબાજી
મા હરી પ્રતાપે પુરૂષોત્તમ સહુ ગાયરે મા અંબાજી ૨૬
આરાસુરમાં નીત આનંદ થાય રે મા અંબાજી
કરજોડીને બાપુ સેવક ગાયરે મા અંબાજી ૨૭

# ભાગ ૨ જો.

## સીતાજીના મહીના રાગ સાખીઓ.

મારા શામ સુંદર રામરે, કેને આશરે રહીએ;
મારા પલ માની પ્રમાણુરે, લલના સંગ લહીએ,
ઘર બાર અલગ ઘનશ્યામરે, મારા સમ નવ જઇએ. ટેક. ૧
કારતક કેમ કરી કાઢીએ, જુગ જેવી પળ જાય;
તાગથી જેમ તોડીએ, પણ મળવાને મન અકળાયરે. મા૦ ૨
જોબન દરીઆ ઘુઘવે, પીયુ દેશાવર દુર.
અણુજાણ્યા અનુભરી, તે શું નીરનું જાણે નુરરે; મા૦ ૨
માગશરે ઘેર વિજોગની, પીયુ પરદેશ પ્રયાણ
ખતાયે અળગુ ઓળાયું, જેના પરવશ પડીયા પ્રાણરે મા૦ ૩
જળથી જુદી માછલી રાખો કરી વિવેક.
વારૂં મારા વાલમા, એવા પ્રાણ ન રહે પળ એકરે. મા૦ ૪
પોષે પ્રીતમ પ્રીતડી વીરહ બાણુ વા વહાય;
એ ગાયલનો અંત નહીં, એનું તન તરફડીયાં ખાયરે. મા૦ ૫
ખાવું પીવું ખેલવું, ઓઢણુ ને પે'રણ અંગ;
બોલવું ચાલવું બેસવું, એને પોઢવું ન ગમે પલંગ. મા૦ ૬
માઘે મન તલસે ઘણું ઝુરે વીજોગણુ નાર;
લક્ષ વિંછીની વેદના ઉપજે ચીતમાં અનેક વિચારરે મા૦ ૭
ફાગણુ હોળી ફાલની, ફાગ રમે સહુ કોય;
એક હોળી મારે આંગણે, બીજી હૈયે હોળી મારે હોયરે. મા૦ ૮
ભીતરમાં ભડકા બળે, અંગમાં બળે વિરહ ઝાળ;
બલખાં મારે વીષવીષે, જેને ડસીઓ વીરહ વ્યાધી વ્યાળરે. મા૦૯

ચઈતર ચકોર ચીતની, શશી વીદેશી શામ;
ભરજોબનમાં એકલી, આતો દાઝયા ઉપર જેમ ડામરે. મા૦ ૧૦
સુભાગીઓ જે સાસરાં, સજોડ સ્નેહ સમીત,
કુવમ કરી વસીએ એકલાં, રાણી જાયા જનમની એ રીતરે ૧૧
વા વાયા વઇશાખના, અખે આવી શાખ;
જોગી ભમે વીદેશમાં, થાય હૃદય બળી બળી ખાખરે. મા. ૧૨
મુગાને સ્વપ્ન થયું મનમાં રહી મુંજાય;
પ્રીતિનું તો પારખું જે જીભે કહ્યું નહી જાયરે. મા. ૧૩
જેઠ તણા તડકા પડે, લાય જેવી લુ વાય;
સુનાં મંદીર માળીયાં, સુની સેજડી ખાવા ધાયરે. મા. ૧૪
જાય ન રજની દીન જતાં, ગેતાં ગયે દીન ન જાય;
વીરહ દુઃખ મહા દેહનાં, એતો નજરે જોયાં કેમ જાયરે. મા. ૧૫
અસાડ ઝબકે દામની, ઘન ગરજે મનમાંય;
બપઈયા પીઉ પીઉ કરે, સુણી વિરહેણી વ્યાકુળ થાયરે. મા. ૧૬
દેવ દાનવ પશુ પક્ષી, માનવ તો કોણ માત્ર;
જીવતાં પ્રેમ જોગીયું, વિરહ વિરહીજન ગાયરે. મા. ૧૭
શ્રાવણ વરસે શુરવડે નદીએ આવે નીર;
લીલી ભુમી ભાસે ભલી, ગાજે ઘનવર ઘોર ગંભીરરે. મા. ૧૮
ઘોર અંધારી રાતડી, ઝરમર વરસે મેહ;
આંખેથી આંસુ ઢળે, જેનો સ્વામી ગયો તજી સ્નેહરે. મા. ૧૯
ભાદરવો ગાજે ભલો રાજવી સઉ વઇભોગ;
રંગમાં રઉરવ રોગ એ, જેને વાહાલાનો થાય વીજોગરે. મા. ૨૦
ચંપા ચંબેલી મોગરા, નવપલ્લવ વન વહાય;
વીરહણી જાત જવાસીઓ, તે તો શોશે સુકાઈ જાયરે. મા. ૨૧

આસો આવ્યાં નોરતાં, રમે રમે નરનાર;
દીવસ દીવાળી દોહલાં, તે તો જાણે જગત કીરતાર. મા. ૨૨
દંપતી અંગ ઉમંગમાં, ગાનતાન ગીત રંગ;
અંગરાગ અદ્દભુત થયા જયજયકાર જણાવે અનંગરે. મા. ૨૩
મનમોહન અધીક માસથી, થાય પ્રભુ પરસન;
સંગ સીતા જેમ રાખીયાં, તેમ ટળે વિરહ વ્યાધી દનરે. મા. ૨૪

## લાલજીના મહિના.

લાલજી કારતક મહીને રથ જાદવરાયે જોતરયા,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧
લાલજી માગશર મહીને મેહેલી મથુરાં ગયા,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૨
લાલજી પોષ મહીને પોપટ બેઠો પાંજરે,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૩
લાલજી માહા મહીનાની સેજલડી સુની પડી,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૪
લાલજી ફાગણ મહીને ઘેરઇયો ઘેરીઓ,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૫
લાલજી ચૈત્ર મહીને ચતરભુજ ચાલ્યા ચાકરીએ,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૬
લાલજી વૈશાખ મહીને વાયે હીંડોળા ઝુલતા,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૭
લાલજી જેઠ મહીને જુગજીવન ઘેર આવીયા,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૮

લાલજી શ્રાવણ મહીને શરવડેથી વરશીઓ,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૯
લાલજી ભાદરવો તો ભલી પેરે ગાજીઓ,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૦
લાલજી આસો માસે દિવાળી ભલે આવીયાં,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૧
લાલજી ફુલવાડીમાં રંગી વાલમ લાકડાં,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ ૧૨
લાલજી તેનાં રે ઘડાવું નવરંગ પાવડીઓ,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૩
લાલજી પાવડીઓ પેહેરીને માહારે મોલે આવજો,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૪
લાલજી પાવડીએથી રડયા ખડયા તો ભલે પડયા,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૫
લાલજી ભણાતી ઝણાતી બોલું છું પણ ઘણી ખમા,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૬

## શ્રી કૃષ્ણના દશ અવતારનો ગરબો.

મારા કૃષ્ણરે લાલ કૃષ્ણ તે કંઠ કેરૂ ઝુમણુંરે લાલ;
હરી હૈયા કેરા હાર મારા વાલારે કૃષ્ણ વગાડે રૂડી
વાંસળીરે લાલ ટેક;
મારા કૃષ્ણજીરે લાલ પહેલે રૂપે કાનજીરે લાલ,
ધર્યો મચ્છ તણો અવતાર મારા વાલારે મચ્છે સમુદ્ર ગળીયોર;
વાલે આર્યો સંખાતે સુર દઇત મારા વાલારે. કૃષ્ણજી. ૧

મારા કૃષ્ણજીરે લોલ બીજે તે રૂપે કાનજીરે લોલ,
ધર્યો કચ્છ તણો અવતાર મારા વાલારે;
કચ્છે સમુદ્ર મથન કર્યોરે લોલ મેરૂનો રવૈયો મારાવાલારે;
સમુદ્રની ગોળી કરીરે લોલ ઘુમે ગોપીનો નાથ મારા વાલારે,
શેષનાગનાં નેત્રાં કર્યાંરે લોલ કહાડયાં તે ચઉદ રતન મારા વાલા
વાલારે. કૃષ્ણજી. ૨
મારા કૃષ્ણજીરે લોલ ત્રીજેને રૂપે કાનજીરે લોલ;
ધર્યો વારાહ તણો અવતાર માલા વાલારે,
પૃથ્વી લઇ દાઢ ઉપર ધરીરે લોલ પેઠા તે આપ પાતાળ મારા
વાલારે. કૃષ્ણજી. ૩
મારા કૃષ્ણજીરે લોલ, ચોથેને રૂપે કાનજીરે લોલ
ધર્યો નૃસિંહ તણો અવતાર મારા વાલારે.
સ્થંભ ફોડીને પ્રકટ થયારે લોલ માર્યો હીરણ્યા તે કંશ
દઇંત મારા વાલારે, ઉગાર્યો પહેલાદ ભક્તનેરે લોલ
હેવા ભકતવચ્છળ છો નાથ મારા વાલારે. કૃષ્ણજી. ૪
મારા કૃષ્ણજીરે લોલ પાંચમેને રૂપે કાનજીરે લોલ,
ધર્યો વામન તણો અવતાર મારા વાલારે;
ત્રણ ડગલાં પૃથ્વી ભરીરે લોલ બળી ચાંપ્યો પાતાળ મારા
વાલારે કૃષ્ણજી. ૫
મારા કૃષ્ણજીરે લોલ છઠેને રૂપે કાનજીરે લોલ,
ધર્યો ફરશુરામનો અવતાર મારા વાલારે ફરસી તે લીધી
હાથમાંરે લોલ છેદ્યાં ક્ષત્રીયોનાં શીષ મારા વાલારે,
જનનીને હાથે હણીરે લોલ વાળ્યાં પીતાનાં વેર મારા વાલારે
કૃષ્ણજી. ૬

મારા કૃષ્ણજીરે લોલ સાતમેને રૂપે કાનજીરે લોલ,
ધર્યો રામચંદ્રનો અવતાર, મારા વાલારે સીતા લઇ વન
વન નીસર્યારે લોલ શેતુ બાંધ્યો છે પહાણુ મારા વાલારે રણમાં તે
રાવણ રોળીયોરે લોલ, આપ્યાં વીભીષણ રાજ મારા
વાલારે. કૃષ્ણજી. ૭

મારા કૃષ્ણજીરે લોલ આઠમેને રૂપે કહાનજીરે લોલ,
ધર્યો કૃષ્ણ તણો અવતાર મારા વાલારે,મથુરામાં હરી પ્રગટયારે લોલ
ગોકુળ કીધો છે વાસ મારા વાલારે.
માર્યો તે મામા કંશનેરે લોલ, ગોપી લડાવ્યાં લાડ મારા વાલારે,
માતા પીતા છોડાવીયારે લોલ આપ્યાં ઉગ્રસેનને રાજ મારા
વાલારે. કૃષ્ણજી. ૮

મારા કૃષ્ણજીરે લોલ, નવમેને રૂપે કાનજીરે લોલ, ધર્યો બુદ્ધ
તણો અવતાર મારા વાલારે, જપમાળા કરમાં ધરીરે
લોલ લીધું છે મુનિવ્રત્ત મારા વાલારે. કૃષ્ણજી. ૯
મારા કૃષ્ણજીરે લોલ દશમને રૂપે કાનજીરે લોલ ધર્યો
પૃથ્વી તો રસાતાળ મારા વાલારે કૃષ્ણજી. ૧૦
મારા કૃષ્ણજીરે લોલ, ગાય શીખેને સાંભરે લોલ, પામે
તે વૈકુંઠ વાસ મારા વાલારે મેહેતો નરસૈ વીનવેરે લોલ,
રાખો ચરણ કમળની પાસ વાલારે. કૃષ્ણજી. ૧૧

## સીતાની કાચળીનો ગરબો.

(પરમેશ્વરીને પાએ પડીહો બહુચરી કહુ કળીજુગનાં કર્મ એરાગ)

કેકઈ ક્રોધમાં બોલીયાં હો બહુચરી રામ:લક્ષમણ વન જાય,
પહેલું તે વન રામે મેલીયું હો બહુચરી સીતાએ રોપ્યાં વૃક્ષ,

અમ:ા રમરા રાપીઓ હો બહુચરી, રાપ્યાં છે દાડમ દ્રાક્ષ. ૨
રાજા રાવણનો મરઘલો હો બહુચરી, વનફળ ચરી ચરી જાય.
ચરતાં સીતાએ ભાળીયો હો બહુચરી વનફળ ચરી જાય,
ગ તાં સીતાએ ભાળીયો હો બહુચરી, કાંચલડી સીવડાય. ૩
સાત સોનાનો કંચવો હો બહુચરી, ચામડાંમાં શો સાર,
કની કાકાનો કટમમાં હો બહુચરી, નહી મામાને મોસાળ, ૪
નહી મહીયરમાં બંધવો હો બહુચરી, કોને ચડાવું પાડ.
સીતા મહીયરનાં પાતળાં હો બહુચરી, કોણ લડાવે લાડ ૫
સીતાના બોલ સાંભળ્યા હો બહુચરી ધનુષ્ય લીધું હાથ.
પહેલુ તે બાણ રામે કીધું હો બહુચરી જઈ પડયુ ફરીયા સાથ ૬
બીજે તે બાણે મૃગ મારીયો હો બહુચરી ધાજો હો લક્ષ્મણ ારે.
સીતા કહે જાઓ દીયેર હો બહુચરી, હણ્યા તમારા વીર ૭
ઘેલી સીતા ઘેનુ ન બોલીયે હો બહુચરી રામ હણ્યા કેમ જાય,
આણ આપી છે શ્રી રામની હો બહુચરી લક્ષ્મણ વાસે ધાય ૮
રાવણ આવ્યો જોગી વેરાગી હો બહુચરી ભીક્ષા દો સીતા માય,
આણો આપી છે શ્રીરામની હો બહુચરી ભીક્ષા આપી નવ જાય. ૯
એક પગ મુકો આણમાં હો બહુચરી, બીજો તે આણો બહાર:
ખાંધે મુકીને રાવણ ચાલીયા હો બહુચરી હરી છે સીતાનાર ૧૦
મૃગ મારીને રામ લાવીયા હો બહુચરી, નાંખ્યો મઢીની બહાર:
સુનાં મંદીર દીસે માળીયાં હો બહુચરી, ક્યાં ગઇ સીતા નાર. ૧૧
રામ રુવે લક્ષ્મણ રીઝવે હો બહુચરી ઘેલા ન રોશો રામ,
સીતા સરીખી પરણાવશું હો બહુચરી, સીતા ધરાવશું નામ, ૧૨
જળજળ કમળ ના નિપજે હો બહુચરી. વનવન અગર ના હોય,
ઘેરઘેર સીતા ના નીપજે હો બહુચરી બંધવ વીચારી જોય. ૧૩

રામે તે પાનબીડાં ફેરવ્યાં હો બહુચરી, કોઈ છે બળીઓ જોધ,
બીડું ઝીલે હનુમાનજી હો બહુચરી લાવું સીતાની શોધ. ૧૪
ડામ થેકી ઉપડયો હો બહુચરી, ગયો લંકા મોઝાર;
જોયાં ચોરાશી ચઉટાં હો બહુચરી [illegible] જોઇ તો બાવન બજાર ૧૫
જોયાં મંદિર જોયાં માળીયાં હો બહુચરી, જોયું રાવણનું રાજ
કંઇ સીતા દીઠાં નહી હો બહુચરી, ગયો પાણીઆરીને ઘાટ ૧૬
બાઈ પાણીયારી તને વીનવું હો બહુચરી, કયાં છે સીતા માય:
અશોકવાડી ઝાડવે હો બહુચરી આશોપાલવને ડાળ, ૧૭
ત્યાંથી હનુમંત આવીયો હો બહુચરી અશોક વાડી મોઝાર,
પડતી મહેલી મુદ્રિકા હો બહુચરી, લીધી તે સીતા નાર. ૧૮
મુદ્રાકા મારા રામની હો બહુચરી કયાંથી લાવ્યો હનુમાન,
કોને તને જોવા મોકલ્યો હો બહુચરી કોણે આલ્યાં એંધાણ. ૧૯
રામે તે જોવા મોકલ્યો હો બહુચરી લક્ષમણ આલ્યાં એંધાણ;
ભાળ લેવા હું આવીયો હો બહુચરી પંચવટી પ્રમાણ. ૨૦
તરશો તે હશે ભાઇ સાવજ હો બહુચરી તાંડાં તે નીર પી જન,
ભુખ્યા તે હશે ભાઇ સાવજા હો બહુચરી પડયાં પડયાંજ વનફળ ખા ૨૧
ઓઝોટેને ઝુપાટ હો બહુચરી, ખંખેરીને ખાય;
માળી તે આવ્યો માથું કુટતો હો બહુચરી, રાવણ પાસે જાય. ૨૨
રાવણ બળથી બોલીયો હો બહુચરી, મારો બળીને બાણ;
મારજો લોઢેને લાકડે હો બહુચરી, મારજો એરણ ઘાય ૨૩
કુંભકરણે બાથા બીડીયા હો બહુચરી, મારયું બળીને બાણ;
ઇંદ્રજીતે બાથા બીડીયા હો બહુચરી, કે હું વાળુ એનો ઘાણ. ૨૪
નહી મરૂ લોઢેને લાકડે હો બહુચરી, નહી મરૂ એરણને ઘાય,
સાચું તે બોલ ભાઈ સાવજા હો બહુચરી, સેણે તજે તું પ્રાણ. ૨૫

બધી લંકાનાં ગોદડાં હો બહુચરી, સહસ્ત્ર ઘાણીનું તેલ;
મારે તે પુંછડે બાંધજો હો બહુચરી અગ્ની તેમાં મેલ. ૨૬
મોત વાંદરાનું તે થકી હો બહુચરી ચેતુ તે મનમાં જડ;
ત્યાં થકી ઉપડયો થેકડે હો બહુચરી બાળ્યાં જઈ બેઠો લંકાગઢ. ૨૭
બાળ્યાં ચોરાશી ચઉટાં હો બહુચરી બાળ્યાં છે બાવન બજાર,
રાખ્યાં વિભીક્ષણુ ખોલડાં હો બહુચરી, આસોપાલવને ડાળ. ૨૮
લંકા બળે અતુલથી હો બહુચરી હનુમાનને હસવું થાય;
જુના તે ગઢને ગાંદરે હો બહુચરી નાગર નરસઈયો ગાય. ૨૯

## અંબાજીનો ગરબો.

( ગોરમાનો ગરબો રાગ. )

હુંતો ગણુપત લાગુ પાય કે ગાઉ ગરબો આરાસુરી તણોરે લોલ,
આરાસુરમાં બેઠી માત કે મહિમા અતિ ઘણોરે લોલ. ૧
માને પારે આવે લોકકે દુર બહુ દેશથીરે લોલ;
આવે બાળ જોબનને વૃદ્ધ કે અતી ઘણે હેતથીરે લોલ. ૨
માજી દીવસમાં ત્રણ રૂપ કે ધરે અતી શોભતારે લોલ.
જોબન બાળ અને વળી વૃદ્ધ કે આયુષ ઓપતારે લોલ. ૩
માને છત્ર સોનાનું છાજે કે રત્ન ઝુલ છેરે લોલ;
ફરતી હીરાની છે કોર કે છત્ર અમુલ્ય છેરે લોલ. ૪
કેશરી ઉપર બેઠી માત કે સહુ આયુધ ધરેરે લોલ,
કોટી સુરજ ઝાંખા થાય કે લલાટે આડ કરીરે લોલ. ૫
માને શોભીતા શણુગાર કે શોભા શી કહુંરે લોલ,
માનો શેષ ન પામે પાર કે હું તે શું લહુંરે લોલ, ૬
માને કંઠે એકાવળ હાર કે શોભે અતી ઘણોરે લોલ,

માને બાંહે બાજુબંધ કે ચુડો સોના તણોરે લોલ. ૭
હિરા રત્નતણી કંકણીઓ કે ચુનીઓ મહિ અતિઘણીરે લોલ;
સાચા મોતીના ગળુબંધ કે મધ્યે છે મણીરે લોલ. ૮
માને કાને કલાફુલ કે નાકે વાળી શોભતીરે લોલ,
માનો સેંથો પુર્યો અનુપ કે દામણી ઓપતીરે લોલ. ૯
માને દશે આંગળી વેઢ કે ઝાંઝર ઝમઝમેરે લોલ.;
કડાં કાંબીને તોડા કે ઝાંઝર ઝમઝમેરે લોલ; ૧૦
માને ચણીયો ચોળીને ચીર કે ઓઢી ચુંદડીરે લોલ,
માના ચોક વચે સહુ નાર કે ફરે ફુદડીરે લોલ. ૧૧
માને ઘીની બળે છે જોત કે જોઇ રવી ક્ષોભતોરે લોલ;
માનુ તેજ જોઇ મન માંહે હું તો લોભતોરે લોલ. ૧૨
માના દરસનથી દુખ જાય કે પાપ સહુ બળેરે લોલ;
શું કહું મંડપની શોભાય કે મુખમાં અમી ઝરેરે લોલ. ૧૩
માને માનસરોવર સાર કે માંહી અમૃત ભર્યુરે લોલ;
તેમાં જે કોઇ જઇને નાહ્ય કે તેહેતું કામ સર્યુરે લોલ. ૧૪
શું કહું સ્થાનકની શોભાય કે કામ મીનના તણુંરે લોલ,
માનો પુનમ સંઘ ભરાય કે શું વર્ણન કરૂંરે લાલ. ૧૫
ફરતી બંગલાને બેઠકો કે અતિ ઘણી ઓપતીરે લોલ;
માને સનમુખ છે એક વાય કે સુંદર શોભતીરે લોલ. ૧૬
ત્યાંથી ચાલ્યા ઉત્તર માંહ્ય કે મંદીર બાગ છેરે લોલ;
શું કહું આરાસુરની શોભાય કે રચના અથાગછેરે લોલ. ૧૭
માને સુરીજન મુનીજન સેવે બ્રહ્મા ધ્યાન ધરેરે લોલ;
માને નીશદીન સનમુખ કે તે સ્તુતી કરેરે લોલ. ૧૮
માનો ગરબો જે કો ગાય કે નીત્ય પાઠ કરેરે લોલ;

કોટીક પાપ પ્રલે થાય કે તે મેહેર તારેરે લોલ. ૧૯
માજી શેવક જાણી તારો કે કરૂણા કીજીએરે લોલ;
માજી દીન સેવકની વીનતી કે ઉરમાં લીજીએરે લોલ. ૨૦
માજી ગુણ ગાવા નીશ દીન કે બુદ્ધી આપજોરે લોલ;
સુણી રણછોડદાસની વીનતી કે શરણે રાખજોરે લોલ. ૨૧

## બહુચરાજીનો ગરબો.

સરસ્વતી માતને વિનવું, કરજોડી કહુંછું; હાંહાંરે કરજોડી કહુંછું.
મેહેર કરો મુજ દાસને તમ શરણે રહું છું, હાંહાંરે નમ૦ ૧
શેહેર તે વિરજ ક્ષેત્રની શોભા છે સારી; હાંહાં.
વરણ અઢાર વાસો વસે વસ્તી છે ભારી હાંહાં ૨
ધર્મરાજ ગાયકવાડનું લાગે છે સારૂં. હાંહાં
સહુ નામે સુખચેનમાં જોઇ મન હીસે મારૂં હાંહાં ૩
જનસાદ કરે એ રીતથી નહી વાલો વેરી; હાંહાં
બ્રાહ્મણ સહુ આશીશ દીયે કરે શેરી શેરી. હાંહાં ૪
સહુને સુખ આ રાજમાં છે સોસો ઘણેરૂં, હાંહાં
પ્રભુ અખંડ રાખ આ રાજાને શું કહું ઝાઝેરૂં. હાંહાં ૫
બ્રાહ્મણને સહુ પ્રેમથી દે દાન અનીથી; હાંહાં
શ્રાવણ અધીક માસમાં નવ કરવા દે હિંસા* હાંહાં ૬
સદા વાસ એ રાજમાં પ્રભુ આપો હમને, હાંહાં
શેહેરમાં સ્થાનક દેવનાં શોભા શી કહીએ. હાંહાં ૭
એક એકથી અતી ઓપતાં જોઈ વિસ્મે થઇએ; હાંહાં

* શ્રાવણ ને અધિક માસમાં મ્હલ્લાવરાવ ગાયકવાડ હિંસા કરવા દેતા નહી.

ચુંવાળથી બહુચર માત ત્યાં આવી રહ્યાં છે. હાંહાં ૮
સુખ આપે દુઃખ કાપીને બહુ કષ્ટ ગયાં છે, હાં હાં
શેહેર સમીપે સ્થાન છે માનું ઉત્તર દિશાએ. હાંહાં ૯
દીવસના નવ વાગતાં શોભા બહુ થાયે હાંહાં ૧૦
ધુપ દીપે થાવ આરતી સહુ દરશને આવે, હાંહાં
ઘણા લોકને નીમ છ, કંઇ આવે જાવે. હાંહાં ૧૧
બહુ લોકને એમ છે દરશન ન થાયે. હાંહાં
તે દીવસ અપવાસ કરે ને અન્ન ન ખાયે. હાંહાં ૧૨
એવો નીયમ રાખીને જે દરશને આવે; હાંહાં
માજી ચીંતા રાખીને પુરે આશા ભાવે. હાંહાં ૧૩
શણગાર માના શોભીતા રચના છે સારી; હાંહાં
હીરા રત્ન તે હેમના માંહી ચુનીઓ ભારી. હાંહાં ૧૪
કંઠે એકાવળ આરોપીગો દીસંતો રૂડો; હાંહાં
બાંહે બાજુબંધ બેરખા માંહી સોનાનો હાંહાં ૧૫
હીમ રતનની કાંગની માંહી ચુનીયો ઝળકે. હાંહાં
ખરા મોતીના ગળચવા માંહી લીલમ લટકે. હાંહાં ૧૬
કાને કલાફુલ શોભીતાં નાકે છે વાળી હાંહાં
મોતીની બાંધી દામણી મહીં મણીઓ ભાળી. હાંહાં ૧૭
આંગળીએ વેઢ વીંટીયો છલે ઘુઘરી ઘમકે. હાંહાં
પાયે તે કલાં કાંબીયો તોડા ઝાંઝર ઝમકે. હાંહાં ૧૮
જગ મોતીનુ કાપડું લલાટે ટીલડી ચોડી. હાંહાં
પાંચ પટાનો ઘાઘરોને સાડી કસબી ઓઢી, હાંહાં ૧૯
પાછળ બાંધ્યો ગોફણો મહીં ઘુઘરી બાજી; હાંહાં
આયુધ શણગાર સરવે સજી બેઠાં છો માજી. હાંહાં ૨૦

જોતો એ ઘીની બળે જોઇ રવી સોમ શોભે; હાંહાં
તેજ જોઇ મહીમાતણું મારૂં મનડું લોભે. હાંહાં ૨૧
તેજ ન મળે ત્રણ લોકમાં રવી ઝાંખો થાયે; હાંહાં
અકળ સ્વરૂપ બીજ પ્રકાશીયું બહુચરી માયે, હાંહાં ૨૨
વીરક્ષેત્રમાં વાશો વસ્યાં સહુ સુણજો કાને; હાંહાં
બહુ લાવે વધામણી બહુ માનતા માને, હાંહાં ૨૩
દુઃખ કાપી સુખ આપો હો મા દીનદયાળી; હાંહાં
વિરક્ષેત્રની રક્ષા કરો મા બહુચરી બાળી. હાંહાં ૨૪
સેવક પોતાનો જાણીને મા રાખો પાસે; હાંહાં
અરજ સાંભળી તેહની મા પુરજો આશે. હાંહાં ૨૫
દીન સેવકની વીનતી રૂદીયામાં ધરજો; હાંહાં
ભીડ પડે ત્યાં બહુચરી આવી સંકટ હરજો. હાંહાં ૨૬
ગરબો શીખી સાંભળી નીત પાઠ કરશે; હાંહાં
કોટીક પાપ પ્રલે થઇ તે સેજમાં તરશે. હાંહાં ૨૭
રણછોડદાસ તો વીનવે બેઉ કર જોડી; હાંહાં
સહાય કરો મુજ દાસને બુદ્ધિને થોડી. હાંહાં ૨૮
ભુલચુક હોય માહરી તે માફ કરજો ! હાંહાં
વિનતી સુણી આ દાસની તે કાને ધરજો. હાંહાં ૨૯
વાસ તે વિરક્ષેત્રમાં રાવપરામાં રહું છું; હાંહાં૦
રાત દીવસ રક્ષા કરો કર જોડી કહું છું. હાંહાં ૩૦

## કાળકાનો ગરબો.

ગુરૂદેવરે જશ ગાઉ છું મહાકાળીરે. ૧
ઊભ્યાએ વસજો માત પાવાવાળીરે,
સેવક જાણી તાહારો મા૦ શીર ઉપર ધરજો હાથ. પાવા૦ ૨

હોશ હૈયામાં થાય છે મા, ગુણ ગાવાનું છે મન. પાવા. ૩
દયા કરો તમ દાસને મા, તેં ઉપજે બુદ્ધિ પાવન, પાવ. ૪
ગુણ ગંભીર છે તાહારા મા, કહેતાં ન આવે પાર; પાવા. ૫
બાળક બુદ્ધિ શું કરો મા, જો હોય તારો આધ ' પાવા ૬
નવતેરી નગરી વિશે મા, ચંપાવતી ચતુરસુજાનરે;
રામ સરખું રાજ છે મા. માંહી વશે અઢારે વરણ. પાવા. ૮
ત્યાં ચતુર નારીઓ અતીઘણી મા, નીરમળ છે તેનું મન, પાવા. ૯
ગરબો ખેલે ચોકમાં મા, નવરાત્રી ફેરે દીન. પાવા. ૧૦
શણગાર સરવે શોભતા મા, પહેરી કુંજરનાં ચીર. પાવા. ૧૧
ગુણવંતી ગરબે રમે મા, રાખીને મનશું ધીર. પાવા. ૧૨
તાળીની ઝડીઓ પાડે મા, ત્યાં શોભા નૌતમ થાય. પાવા. ૧૩
કોકીલ શબ્દ સોહામણા મા, નવરંગી નારી ગાય. પાવા. ૧૪
તે પળે માતા આવીયાં મા, વીજળીના સરખુ રૂપ; પાવા. ૧૫
સુરજ સરખાં શોભીતાં મા. માએ રૂપ ધર્યું અદભૂત, પાવા. ૧૬
રાણીઓ સરવ ઝાંખી પડી મા, તેજ તણો અંબાર. પાવા. ૧૭
રાણીઓ મનમાં એમ ધરે મા, આ આ નવલી નાર. પાવા. ૧૮
રૂપ સ્વરૂપ આંગળી મા, જેની સોના સરખી કાય. પાવા. ૧૯
મધ્યરાત્રે રાણીઓ પરવરી મા, જોઇને વીનવીઓ રાય. પાવા. ૨૦
રાણીઓ રાજા આગળ કહે મા, સંભાળજો પ્રાણઆધાર. પાવા. ૨૧
એક રામા આવીયાં મા, જ્યાં બાવનમો બજાર. પાવા. ૨૨
બત્રીસ લક્ષણ આગળી મા, તે તો પદમણીનો અવતાર પાવા. ૨૩
તેને જોઇ ત્રીભોવન મોહી રહે મા, તે આગળ નહિ કો નાર. પાવા. ૨૪
રાજાને નારી ગમી મા, વળી સુરજ થયો પ્રકાશ. પાવા. ૨૫
તે દિવસ ગયો અતિ દોહલો મા. મનડામાં મોટી હામ. પાવા. ૨૬

વળી રાત પડી દીન આથમ્યો મા, ચોઘડીયાં ડમકે બાહાર. પાવા. ૨૭
ઘેરઘેરથી સઉ નીસર્યાં મા, ગરબે ગાવ. સઉ નાર. પાવા. ૨૮
રંગ મચ્યો સાહેલડી મા, એવામાં આવ્યાં માત. પાવા. ૨૯
ત્યાં રાણીએ દાશી મોકલી મા. રાય આગળ કહે વાત. પાવા. ૩૦
ત્યાંથી પતાઇ રાવળ ઉઠીયો મા, જોવાને નવલી નાર. પાવા. ૩૧
આવી નીરખી નયણે ભરી મા, વીરહ વધ્યો અપાર. પાવા. ૩૨
નખ શીશ સુધી નીરખીયાં મા, મુરછાએ પડીઓ રાય. પાવા. ૩૩
રાજા રંગે મોહી રહ્યો મા, નારી શું લાગ્યો નેહ. પાવા. ૩૪
રમતાં રૂજની વહી ગઇ મા, સૌ વળ્યા પોતાને ઘેર; પાવા. ૩૫
ત્યારે માત ચાલ્યાં એકલાં મા, પતઇએ જાણી પેર. પાવા. ૩૬
પાપી પુંઠે પરવર્યો મા, માતાનો ઝાલ્યો હાથ. પાવા. ૩૭
માગમાગ મુખથી કહ્યું મા, એવું મુખથી બોલ્યાં માત. પાવા. ૩૮
તારૂં રૂપ વસ્યું હૈયાં વિશે મા, હું રાખીશ મારે ઘેર. પાવા. ૩૯
ત્યાં મેહેલ ચણાવું માણેકના મા, તેની કોઇ ન જાણે પેર પાવા. ૪૦
મારે મોહોલે રાણીઓ અતિઘણી મા, તેમાં પટરાણી આપ પાવા. ૪૧
ખાઓ પીઓ ખુબી કરો મા, રૂડી રાજ્ય સરખી રીત. પાવા. ૪૨
ત્યારે કોપ કરીને બોલીયાં મા, તારૂ પ્રગટયું રાજા પાપ. પાવા. ૪૩
તારૂં રાજ્ય જશે જડમુળથી મા, આવી મળશે તારો હોમ. પાવા. ૪૪
ચેત ચેત તું અભાગીઆ મા. ત્યાં રોપ્યો રણસ્થંભ. પાવા. ૪૫
ચોક ચલાવી પાધરી મા, ભુડીઓ દરવાજા બંધ. પાવા. ૪૬
સુરદાસે રહીને પુછ્યું મા, શું ભર્યું છે માલ રસાળ. પાવા. ૪૭
ત્યારે ભુડી મારી મા, મોગલા દહીત અપાર. પાવા. ૪૮
તે ઘડીએ વાકળીએ સત્ય મુક્યું મા, જઇ પતાઇને કહી પેર. પાવા. ૪૯
જુધ મચ્યું જેમ જોરથી મા, તારે થઇ રહ્યા ઉતપાત પાવા. ૫૦

તારે એવું દળ સઘળું રહ્યું મા, તે જુધ થયું છે વરસબાર. પાવા. ૫૧
લેઇ લશ્કર આગળ થયો મા, પછી ભેમવીઓ ચંડાળ. પાવા. ૫૨
લોહી તણી નદીઓ વહી મા, ત્યાં વરત્યો હાહાકાર. પાવા. ૫૩
તારે પતાઇ રાવળનું પત ગયું મા, ત્યાં જાણી જુગમાં વાત. પાવા. ૫૪
તારે પતાઇ મનમાં સમજીઓ મા, મુજ ઉપર કોપ્યા માત. પાવા. ૫૫
કરગરતો રાજા શરણે ગયો મા, બેઉ બેઉ કરજોડી હાથ. પાવા. ૫૬
મુજ ઉપર માતા મહેર કરો મા, દળ સઘળું પાછું જાય. પાવા. ૫૭
માહાકાળી મનમાં એમ ધરે મા, સુબાને આપું સુખ. પાવા. ૫૮
મા તું અનામી રાજીઓ મા, પતાઇનું ટાળ્યું દુઃખ. પાવા. ૫૯
જે ગાય શીખેને સાંભળે મા, તેની માતા પુરે આશ. પાવા. ૬૦
મા તુ ગુણવંતી કાળકા મા, ગુણ ગાય એ ગોકળદાસ. પાવા. ૬૧

## ગોરમાનો ગરબો.

ગોરમા ગણપત લાગુ પાય કે, વીધાત્રીને વીનવુંરે લોલ;
ગોરમા ઘરડોને ભરથાર કે, આપો શું મનેરે લોલ.
ગોરમા ધીક ધીક અવતાર કે, શું કહું તમનેરે લોલ;
ગોરમા રણ સંબંધી મુજ તાત કે, મા મારી પાપણીરે લોલ.
ગોરમા સંસાર કીધો સરપ કે, સેજે થઇ સાપણીરે લોલ;
ગોરમા હું છું નાનું બાળ કે, પીયુ ઉટીયોરે લોલ.
ગોરમા દીઠે પડે છે ફાળ કે, મુરખ છે બુઢીઓરે લોલ;
ગોરમા મારૂં ગયું જોબન કે, પીઉ ઘરડો થયોરે લોલ.
ગોરમા હું છઉં કોકીલ શબ્દ કે પીઉ તો સુઇ રયોરે લોલ,
ગોરમા મને થયા વરસ સોળ કે પીઉને એંસી થયારે લોલ.
ગોરમા દીઠે જાણું જક્ષ કે બુધ સઘળી ગઇરે લોલ,

ઓરમા શિયાળાની રાત કે સરદ શોહામણીરે લોલ.
ઓરમા વરષ પીયુની જાત કે, દીસે બીહામણીરે લોલ;
ઓરમા રજની રમવા ઇચ્છું કે આંજી આંખડીરે લોલ,
ઓરમા ચેન કરતો બોલે ફરઅહી લાકડીરે લોલ,
ઓરમા શિયાળાની રાત કે સ્વાદ હોય અતિ ઘણોરે લોલ;
ઓરમા રજની વિની એક કે, આંજ મા આંખડીરે લોલ.
ઓરમા કંટક તમને ખડક કે, કોપો કેમ સરેરે લોલ;
ઓરમા પીયુની ઘરડી જાત્ત કે અરથ કયાંથી સરેરે લોલ.
ઓરમા નવરાત્રીના દીન કે, શરદ સોહામણીરે લોલ;
ઓરમા દુરબળ મારા કંથ કે, દીન જાય દોહ્યલાંરે લોલ.
ઓરમા વિજયા દિન કે સહુ સણગાર સજેરે લોલ;
ઓરમા મારે ઘરડો કંથ કે, સહુ લીય અલંકારનેરે લોલ.
ઓરમા સહુને મન દીવાળી કે, મારે મન હુતાશણીરે લોલ;
ઓરમા મારા કરમના ભોગ કે, હું નિસાસણીરે લોલ;
ઓરમા રાત દીવસ ન દેખું કે, જાણે દવ બળેરે લોલ.
ઓરમા મુજ સરખો પુરૂષ દેખું કે, મન મારૂં બળેરે લોલ;
ઓરમા મારા કાળા કેશ કે, એના ધોળા થયારે લોલ.
ઓરમા હું થઇ જોબન વેશ કે, તન મારૂં બળેરે લોલ;
ઓરમા મોડે આવે લાળ કે, નેત્રે નિર ઝરેરે લોલ.
ઓરમા હું નારંગી જેવી કે, તન મારૂં બળેરે લોલ;
ઓરમા સેજ બિછાવે પુરૂષ કે, તે દેખી ડરૂંરે લોલ.
ઓરમા શ્વાસ ઉદ્રસને પીડ કે ઉઘો સુવેરે લોલ;
ઓરમા આભુષણ પહેરૂં અંગ કે, વસ્ત્ર બહુ ભાતનારે લોલ.
ઓરમા મીથ્યા થયો અવતાર કે, નાગરી નાતમાંરે લોલ;

ગોરમા સુખ ન પામી એક કે, દુઃખ બહુ ભાતનારે લોલ.
ગોરમા જેને જોબન કંથ કે, પુન્ય કીધાં હશેરે લોલ;
ગોરમા મેં કીધા બહુ પાપ કે, હું વૃદ્ધની વહુરે લોલ.
ગોરમા ઓરીયોન વિતો એક કે અષરનીની રીતનોરે લોલ;
ગોરમા પુરૂષ ન દીઠો એક કે પુરી પ્રીતનોરે લોલ.
ગોરમા શીવજી પુજાય સદાય કે પામું જોબન ધણીરે લોલ;
ગોરમા મન મારૂં વ્યાકુળ કે, એનું કામ બળ્યુંરે લોલ.
ગોરમા થઇ જોબન વંશ કે એનું કામ ગળ્યુંરે લોલ.
ગોરમા કામી દેજો કંથ કે, બપ લાગે સહુરે લોલ;
ગોરમા નહોતી સાસુ નણંદ કે તો જીવતી દહુરે લોલ.
ગોરમા પીઉજી આવે ઘેર કે હું ભમતી ફરૂંરે લોલ;
ગોરમા લાવ્યા એકજ વજ કે હું તો શું કરૂંરે લોલ;
ગોરમા દુઃખના વાવ્યા ઝાડ કે મુકયા પાળવારે લોલ.
ગોરમા હું સંપુરણ કુંભ કે મારી જાળવેરે લોલ.
ગોરમા હું સંપુરણ કુંભ કે મારી જાળવેરે લોલ.
ગોરમા લોક સાથે કરૂં હોંશ કે મા મારી વારતીરે લોલ.
ગોરમા જમતા દેતી ફાંસી કે, વીખ દેઇ મારતીરે લોલ,
ગોરમા પીઉજી પોઢયા બહાર કે જાણે થઉ સતીરે લોલ;
ગોરમા હવે મરૂં સાપ કે જે કરમની ગતીરે લોલ,
ગોરમા વિનંતી કરૂં છું એક કે જે કરમ તણી રતીરે લોલ;
ગોરમા કરજોડી લાગુ પાય કે સમરથ દેજો પતીરે લોલ.
ગોરમા વીનતી કરૂં છું એક કે, આજ સુધી આબળારે લોલ.
ગોરમા સહુને દેજો જોડ કે, માતા કરૂણા કરીરે લોલ;
ગોરમા કામી દેજો કંથ કે વલ્લભ કહે કરગરીરે લોલ.

## બાળ લીલાનો ગરબો.

કુંવરને વારોને વ્રજ રાણી ટેક.

સરવે વ્રજનાર મળીને આવી શ્રી યસોદાજી પાસેરે,
લાડકવાયો પુત્ર કર્યો ક્યમ, વસિયે ગોકુળ ગામ, કુંવર. ૧
એક કહે ભરવા જાઉં ત્યારે ઘરમાં પેસે ગીરધારીરે;
માનશો નહી પણ માડી કહુ તમે, સાંભળો ગતી મારી. ૨
સાંચ્યું સંતાડયું હોય જે મારૂં તે ક્ષણ શોધી કહાડેરે;
પહોચે નહી તો પીડા માંડેને તેથી ન પહોચેતો પાડે. ૩
ત્યારે માતાજી એમ બોલ્યા ચતુર થઈ કાં ચુકારે,
જ્યાં એની દ્રષ્ટે પડે નહી વસ્તુ ત્યાં અંધારે મુકો. ૪
યશોદા શું વિનતી કહે, મુકી જોયું અંધારા માંહેરે,
એની શી ચીંતા થાય અજવાળુ જઈ ઉભી રહે જ્યાંય. ૫
કૃષ્ણ માતા એણીપરે બોલ્યા ઘેલી ગોપી શીદ શોભે.
મહિ માખણ ઉચું શીકે મુકો, ત્યાં બાળક ના પહોચે. ૬
તવ બોલી એક બાળા આવો, હું શીકાના ગત દેખાડું,
શાણા સુતના જુઓ પરાક્રમ, થાય અંતર ટાઢું. ૭
લાકડી લઈ ઉખલપર ચઢીને, શીકેથી લઈ સહુ ખાયરે,
સખીને આપે. તેથી વધે તો માંકલડાને પાય. ૮
માતા કહે એ બળથી પહોચે, એવું ઉંચુ તમે બાંધોરે;
નહી તણું મુખ વચ્ચે બાંધી સોયે દોકડે સાંધો. ૯
હજુ તમો પણ લક્ષણ લાડકવાયાનાં ન જાણો માતરે;
ઘરમાં ગરીબ એ બારણે બીજો વિતે તે જાણે વાત ૧૦
એક સખાની ખાંધે ચઢીને, અતી ઉંચુ પણ ચાખેરે;
તેથી ન ફાવે તો દોણી કરે કાણી, ધાર તળે મુખ રાખે. ૧૧

ત્યાં માતાજી કહે બાળકને હું કઇ રીતે ખોળુંરે;
મહી માખણ મુકી મજુસમાં હોતી ત્રિયા તમે તાળું. ૧૨
એમ કહે માડી એમ કરે તો થાય છે બમણું જાનરે;
ખાવા ન પામે ત્યારે ખીજી દે ગાળો ભાગે પાત્ર બહુકાન. ૧૩
કંઇ ન ચાલે તો છોડે વાછરડાં વેળા વના ધવરાવેરે;
સુતા બાળકને જઇને જગાડે ચુંટીઓ દેઈ રડાવે, ૧૪
એવું સુણીને કહે રાણીજી દઇશ શીખામણ આઇરે;
મંદિરમાં પેઠો દેખો તો લાવજો એને સાહી, ૧૫
અરે માત મે એક દીવસ તો સંતાઇ આવતો હેર્યોરે,
પેશી સદનમાં ખાવા વળગ્યો, એટલે જઇને ઘેર્યો. ૧૬
મેં કહ્યું ચોર આજ આવ્યો દાવે, નહી જાવા દેઊ અહીશરે;
મરડી મુછ એણે કહ્યું મુજને, હું જઇશ તું જોઇ રહીશ. ૧૭
કરી કળા એકતો કહી ભર્યું મુખ એટલે જઈ મેં ઝાલ્યોરે;
કર્યો કોગળો મારી આંખમાં હું ચોળવા રહી એ ચાલ્યો. ૧૮
એક ફટે મેં ઝાલ્યો તો આજ તો પણ એ નવ ગાંઠ્યોરે;
તોડી મુજ મુક્તાફળમાળા, હું વીણવા રહી વાહાલો નાઠો. ૧૯
એટલામાં એક અબળા આવી, કહ્યું જુઓ લાવી ઝાલીરે;
છેડો ઉઘાડે તો પુત્ર પોતાનો લજવાણી પડી ઠાલી. ૨૦
એવે યશોદાજી બોલ્યાં હાવાં સાચ્ચાં બહુ હોશેરે;
મારો વાલો મારા ઘરમાં પોઢ્યો; આવશે જાગીને જોશે. ૨૧
એવું કહેતાં પ્રભુ આંગણે આવ્યા, નીંદ્રામાંથી ઉઠીરે;
યશોમતી કહે જુઓ આ મારો બાળક યુવતી તમે સર્વે જુઠી. ૨૨
એમ કટાક્ષ કરી સહુ કામની સામુ કૃષ્ણે જોયુંરે;
લોટ પોટ થઈ ગઇ સહુ લલના, પ્રીતમાં મન પરોવ્યું. ૨૩

સામા સામી લોચન મળતાં કરી સમસ્યા છાનીરે;
સરવે કહ્યું આવજો મારે મંદીર, મોહને લીધું માની. ૨૪
ગોપી ગોવિંદની ગત ન્યારે, શું જાણે સંસારરે;
હૈયે હેતને વડે વદનથી કોણ લહે તેનો પાર. ૨૫
શીખે સાંભળેને ગાયે ગરબો શ્રી કૃષ્ણ બાળ ચરીત્રરે;
કહે દા ગણ પ્રસન્ન થાયને, પાવન થાય પવિત્રરે. ૨૬

## મુંબાઈ સુરતનો ગરબો.

સારૂ સારૂ સુરત શેહેર મુંબાઇ અલબેલી,
માંહી બાલાજીની મેહેર મુંબાઇ અલબેલી. ટેક.
સાત માળની મેઢી ચણાવી માંહી બેઠાં શેઠાણીરે;
ચાકર મેહેતા મજરે, વાણીઆની બઇયર રાણી. મું. ૧
મુંબાઇ રાણી સહુ ઠકરાણી; ન ભરે બેડે ન પાણી;
કાવડીયા તો પાણી આણે, પીયે પાણી શેઠાણીરે. મું. ૨
મુંબાઈમાં તો કલ્લાં સાંકળાં ટોડલીનો નહી પારરે;
મુંબાઇ શહેરના શાહુકારોને દેવાળાની શી વાર. મું. ૩
સુરતની તો સાડીઓને ઉપર કસબી કોરરે;
મુંબાઇ શહેરમાં કાપડીયાને કોઇમાં દેશો ખોડ. મું. ૪
મુંબાઇ શહેરમાં ઘણી ગાડીઓ બગીઓનો નહી પારરે;
સાંજ ફજર સઉ ફરવા નીકળે, વાડી લાડી લઇ બહાર. મું. ૫
મુંબાઇની તો મારકીટમાં સુખડીયો વેચાયરે;
તેથી દીવનો હલવો સારો, સઉ લવા મન ચહાય. મું. ૬
મુંબાઇ તો સરવે સુખ પણ ત્રણ પાંતીનું દુઃખરે;
ભાડું મોંઘુ બળતર મોંઘું બંદર જાવું મુખ્ય. મું. ૭

મુંબાઇના પાનબીડામાં સોપારીનો કટકોરે.
સાઠ વરસની ઘરડી માડર તોય ન મુકે લટકો. મુ ૮
અમદાવાદી હરામજાદી, ખંભાતી ઘોઝારીરે;
વડોદરાની વાંકી નારી સુરતની બલીહારી. મુ. ૯

## વડોદરા શહેરનો ગરબો.

ધન ધનરે વડોદરૂ શહેર રૂપે રંગીલું. ટેક.
રૂપે રંગે છેલ છબીલું, બલગૈતું અપારરે;
વડોદરાનું વર્ણન કરતાં, સુણજો નરને નાર. ૧
અદપરાની વસ્તી ભારે શોભાનો નહી પારરે.
વાનવનામાં વર્ણજ વીતે પરી બાર બજાર. રૂપે. ૨
આકુતપર અડાણિયું ને કાલુંારમાં ગાડિખાનુંરે;
ફેગગડીયા સડે ફતેપરામાં દેવાળીયાનું ઠેકાણું રૂપે. ૩
સરશીયાની પાળજ ઉપર જેઠીનો અખાડોરે;
અષ્ટભુજા અલમેલી ઉભાં પાછળ ગોસાઇવાડો. રૂપે. ૪
સરસનાથ છે સામી પોળે વાયડા વાડી ત્યાંરે;
અજબ તળાવની પાસે થઇને ચાલ્યા અવડમાં જાય. રૂપે. ૫
લાલ દરવાજે બંગાખાનું વાંદરીયો બુરજરે
મીર્યાં મહમદની વાડી જોશે ઝળકી રહ્યો સુરજ.. રૂપે. ૬
હાથીયા ખાણુંને દરવાજે, કાંઇ હઠીલો હનુમાનરે;
સમ તળાવની પાળ ઉપર રામેશ્વર ભગવાન. રૂપે. ૭
ઘોડય દરવાજે થઇને સીધવાએ જવાયરે;
અજારાજાના દરવાજા સામી ચોખંડી કેહેવાય. રૂપે. ૮
મરદા બારીએ થઇને ચાલ્યા કાજરે;
લકડપીઠું મહન ઝાંપો, ગોસાઇજી મહારાજ. રૂપે. ૯

શીવનાથના દરશન કીધાં આવી ઊંચી પોળરે.
ચોરને બેઠા ગરદન મારે ભેસાણા ભાગોળ. રૂપે ૧૦
બહુ પરૂ છે બાલાજીનું ડાંડીયું બજારરે;
શકર કુઇને આપે રૂડા, લાલ નામ સરદાર. રૂપે. ૧૧
આનંદપરામાં આવીયાને રાઉપરાને આપે;
દાન દક્ષણા રૂડી થાએ ગણપતરાત ત્યાં આપે. રૂપે. ૧૨
ઉભી બજારની શોભા સારી આવી બારી વાવરે,
સત્યરૂપ છે રંગે રૂડુ સુરસાગર તળાવ. રૂપે. ૧૩
વડી વાડી ઘીનેકાટે નાગરવાડો વિક્ષાતરે;
આદીતવારે દરશન કીજે બેઠી બહુચર માત. રૂપે. ૧૪
ઉભે ચોકે લીમડી બજારે રૂડી શોભા થાયરે;
મૃદંગ વાગે નાચે ઝીણે કંઠે ગાય. ૧૫
નીઝામપરે ભુતડીને આપે રોકડીયા હનુમાનરે;
સુરસાગર ઘોઘાટને દરવાજે ત્રગુજ છે કમાન. રૂપે. ૧૬
શેહેરની ત્યારે રચના દીઠી શોભાનો નહી પારરે;
હાથીઘોડા પાલખીઓ વાંકડીયા અશ્વાર. રૂપે. ૧૭
ચારે દિશાનાં ચારે ચૌટાં વચ્ચે માંડવી ચોકરે;
ઉંચા મેહેલ મેડીને અટારી છજાં જરૂખાને ગોખ રૂપે. ૧૮
માંડવી છે કમાન ચોપાસ, ચતુર કરે વેપારે;
કાછીઆ દુકાનો માંડે, ઉભી વાથી લાર રૂપે. ૧૯
ચાપટ જેવા ચારે રસ્તા સરખા સરખી એ;
પાણીને દરવાજે બેઠા વાઘ કરે કલોલ, રૂપે. ૨૦
રાજે તળાવની સુંદર શોભા જોતામાં મન મોહેરે;
નારી સહુ જળ ભરવા જાએ નઉતમ રચના હોય. રૂપે. ૨૧

રામપરા દરવાજે કહીએ જોયું છે સનમુખરે;
પરમેશ્વરનાં દરશન કરતાં જાય જનમનાં દુઃખ. રૂપે. ૨૨
સેહેરીપુરાની લેહેર સઉથી શોભા છે ભરપુરરે;
સુરસાગર રતનાગર જેવું વાગે બહુ રણતુર. રૂપે. ૨૩
ચોથો દરવાજે ચાંપાનેરી શરસીયાની વાટરે;
વિસ્તારીને વર્ણન કીધું ચોકપોળને હાટે. રૂપે. ૨૪
નગર નીરખ્યું મન હરખ્યું પ્રભુ થાય પ્રસન્નરે;
નરસિંહજીની પોળમાં નરહરીનાં દરસન. રૂપે. ૨૫
રાજ રાજે રણછોડજીને મહાલક્ષ્મી મુજ માતરે;
ગોરધનનાથ બળદેવજી ચાલે પકનાથ. રૂપે. ૨૬
બલખતખાનું જનાનખાનું દીવાનખાનું પાસરે;
ધરમાળી તો ભજા ફરે છે ઉંચા મેહેલ અવાસ. રૂપે. ૨૭
ઘણી કારીગરી કચેરીમાં જાત જાતના રંગરે;
નકીત્મ નારી નાચ કરે છે કોમળ તેનાં અંગ. ૨૮
તરેહવારનું ટંકારખાનું ગોવીંદરાવનો મહેલરે;
ગાયકવાડના રાજ આગળ શોભા સઘળી સેહેલ. ૨૯
દાદાસાહેબ ને નાનાસાહેબ બાપાસાહેબ મહારાજરે;
ગણપતરાવ ઘણું જીવોને અખંડ રહો આ રાજ. ૩૦
લાડ મોઢ શીગોડ નાગર દશા વીશા વણીકરે;
સોની સાળવી સુતર છીંપા દરજી ઠીકા ઠીક. ૩૧
પુના સતારા મુંબઈ જોયું પુર્વ પશ્ચિમ દેશરે,
ઉતરમાં ઉદેપુર જોયું પૃથ્વીના નાથ. ૩૨
બુંદીકોટ દીઠું દીલી ને ગઢ ગીરનારરે;

સુરતને અમદાવાદ જોયું કઠણુ કિલ્લો ધાર. ૩૩
બલીહારી હું વડોદરાને, ધન ધન નરને નારરે;
વીરક્ષેત્ર જેણે જોયું નહી, તેનો એળે ગયો અવતાર. ૩૪
વાંકી નારી વડોદરાની, મહારાજાને રાંકડે;
મૃગ્યાનેણીને વરણાગીથી, વળીઓ આડો આંક. ૩૫
શાહુકારોની દુકાનો ભારે, ધરમ તણો અવતારરે;
ખુશાળચંદ શામળ બહેચર, લલ્લુભાઇ શાહુકાર. ૩૬
રતનજી કાનદાસ કહીએ, બાંધી પુન્યની પાળરે;
હરીભક્તિનો મહિમા મોટો, બીજા ભાઇ મેરાલ. ૩૭
રંગીલો જે ગરબો ગાશે, રંગીલા નરનારરે;
રંગીલા તો લાહાણીઓ લાવે, રંગભેર શોભા થાય. ૩૮
સંવત ઓગણીસ પાંચમાં, ને સંવતસે સીતેરરે;
નવરાત્રીમાં વર્ણન કીધું, વડોદરે જે શહેર. ૩૯
રૂપે સહુ કવિને કરૂં વિનતી, કાંઇમાં દેશો ખોડરે;
વડોદરાની રક્ષા કરજો, રેવા ને રણછોડ. ૪૦
ભગવત વાણી સાચી જાણી, મનમાં આંણી ભાવરે,
વડોદરાનો ગરબો ગાતાં, સહુજન સુખીમા થાય, ૪૧
મોજબાની મન ગમતી કરવા જાય શોખી જનરે,
મસ્તુબાગનો બંગલો જાણે ઇંદ્રનું ઇંદ્રાસન. ૪૨

## મહાકાળીનો ગરબો.

મા તું પાવાની પટરાણી કે, કાળિ કાળકારે લોલ,
મા તારે ડુંગરડે ચડવું તે અતિ ઘણું દોહલુંરે લોલ.
મા તારી પ્રદક્ષણા કરવી કે, વર્ણન શું કરૂંરે લોલ.

વિશ્વાસે તપ કરવા બેઠા કે, દેવ મુની થયારે લોલ,
આવું રૂડું ચઉદુ ચાંપાનેર કે, ચઉદે ચઉદ મળ્યારે લોલ.
ત્યાં કોઇ ગાતાતા ગરબા કે, માજી આવીયારે લોલ,
રાજાજીએ ઝાલ્યો તેમનો હાથ કે, માજી પ્રસન્ન થયારે લોલ.
માગ્ય માગ ઘોડાની ઘોડાળકે, હાથી ઝુલતારે લોલ:
માગ્ય માગ્ય કુટુંબ કુશળ ક્ષેમ કે, જંજાળ અતીઘણીરે લોલ,
માગ્ય માગ્ય દક્ષિણુ સરખા દેશ કે, કિલ્લા અતી ઘણારે લોલ.
માગ્ય માગ્ય ગુજરાત સરખી ગાદી કે, ભદર બેસણારે લોલ,
માગ્ય માગ્ય નવેખંડના રાજ્ય કે, ચાંદો સુર્ય તપેરે લોલ,
માગુ માગુ એટલું વરદાન કે, મારે મહેલે પધારજોરે લોલ.
ફટ ફટ પાવાના રાજન કે, એ શું માગીયુરે લોલ.
આજથી છઠેને છ માસે કે, મુગ જશેરે લોલ,
એમ કરી માતા થયા અલોપ કે, પાવો હાથ ઘસી રહ્યોરેલોલ.
મુગલે ચડાવી છે ફોજ કે, પાવાગઢ ઘેરિયોરે લોલ,
દરવાજે ઉભા દરવાન કે, કોઇને પુછીયુંરે લોલ,
રાજાજીએ ખોદાવીયું તળાવ કે, પાણી નવ નિસર્યુરે લોલ,
મુગલે ખોદાવીયું તળાવ કે, જલ દુધે ભર્યુંરે લોલ;
માજીનો એવો છે મહિમાય કે, કવિ નવ કહી શકેરે લોલ.

## બહુચરાજીનો ગરબો.

બલિહારી બહુચર માત જોવાને જઇએ. ટેક.
જોવા જઇએ સુખિયા થઇયે, આરાસુરમાં રહિયેરે:
આરાસુરમાં અંબા બીરાજે, પાવાગઢ માહાકાળી. જોવા. ૧
માને પારે હવન થાયને, ચીર ચુંદડી હોમાયરે,
બ્રાહ્મણુ બેઠા વેદ ભણે છે માનુની મંગળ ગાય. જોવા. ૨

માને પારે જે કોઇ જાશે, તેની પુરે આશરે:
કરજોડી જન વલ્લભ કહે મા. હું છું તારો દાસ. જોવા. ૩

## રેલ્વે ગાડીનો ગરબો.

ગાડી આવી ગુજરાત, અગનફેરી ગાડીરે આવી,
ગાડી આવી હિંદુસ્તાન, અગન ફેરી ગાડીરે આવી.
પાણી છાંટે ઠામો ઠામ, છાંટતા તો ચારા કરે છે;
દીવા બળે સારી રાત, સીપાઇઓ તો ચોકી કરે છે, ૧

### સાખી.

સરસ્વતી સ્વામીને વીનવું ગણપત લાગું પાય;
ટોપીવાળા તારા રાજમાં, તારૂં ફરકરીયુ ફરી ગંધાય
અગનફેરી ગાડીરે આવી. ૨

ગાડી તારા બેસણાં ઇંદ્ર તણા વૈમાન,
આંકડે આંકડો મેળવ્યો, તેનો ઘડનારો ચતુરસુજાણ
અગનફેરી ગાડીરે આવી. ૩

ગાડી આવી ઘંટ વાગીયો, ટીકીટ કરાવા જાય;
ઘડી એકનો વિલંબ પડે, તો તો ટીકીટ વીના અથડાય.
અગનફેરી ગાડીરે આવી. ૪

સ્ટેશન આવે ઘણાં, બરફી પેંડા વેચાય,
મોટા ઘરની શેઠાણીઓ, તેતો ગાડીમાં બેસી ખાય
અગનફેરી ગાડીરે આવી. ૫

સ્ટેશન ઉંચા ઘણાં દુર થકી દેખાય,
બાગ વચ્ચે એક બંગલો, તેની શોભાનો નહી પાર.
અગનફેરી ગાડીરે આવી. ૬

અમદાવાદની દીકરી, મુંબાઇ તેનું મોશાળ,
સુરત તેનું સાસરૂં તેનો સાંજે સંદેશો જાય. અગનફેરી ગાડીરે આવી.૭

## અમદાવાદ શેહેરનું વર્ણન.

લાવ લાવ સખી એક કાગળ લખીએ હરીનેરે એ રાગ.

અમદાવાદ નામે આજ શેહેર છે સારૂંરે,
રાજા કુંપની કરૂં રાજ, પ્રજાને પ્યારૂંરે ૧
ચૌટા વચે માણેકચોક, શોભા છે સારી;
વસે લક્ષપતિ બહુ લોક, વડા વેપારીરે. ૨
નદી સાબરમતી વહે નીર, શહેર સમીપેરે;
દેવતાઓના તેને તીર, દેવળ દીપેરે. ૩
એવી જુગતીઓ જોતાં અનેક મન લાગે મીઠુંરે;
પણ અચરત મોટું એક દ્રષ્ટી દીઠુંરે, ૪
તીથી તેરસ પહેલે પક્ષ અસાડી આવેરે;
તારે ગોર પુજાનો લક્ષ છોડીઓ લાવેરે, ૫
દીન પાંચ લગી એક અંન મોળુ જમેછેરે.
મોટો હર્ષ ધરીને મન, રોજ રમેછેરે ૬
પુજે વાવી જવારા ઘેર, ગોર રીઝાવેરે,
જાએ પ્રીતે બહુ પેર, નદીએ નાહવારે. ૭
અન્યો અન્ય કરે ઉધમાત નઠારૂં બકેરે,
ગઇ ગોરપુજાની વાત, છાકી છકેછેરે. ૮
જેવી હોય હોળીની વેર, એથી અતીશેરે,
બોલે ભડવાની પુત્રીઓ પેર, દુષ્ટતા દીસેરે. ૯
તેના માત પીતાને ભ્રાત, પુરા હશે પાજીરે,
જ્યારે સાંભળતા હશે વાત, થતા હશે રાજીરે, ૧૦
કોઇ સાહેબ એવી વાતે, દેખે એવી રીતેરે.

તેની માત પીતાની જાત પુછેછે પ્રીતેરે. ૧૧
તારે કેવી વધે છે લાજ, બક્ષે શાબાશીરે;
એવી નીરબ્જલ લોકો આજ, શહેરના વાશીરે. ૧૨
કઈ વિનંતી સમાચાર શ્રવણે ધરજોરે,
તેનાં નામ લખી સરવ પત્ર, ઝાહેર કરજોરે. ૧૩
ઘણી નીદાના લખજે શ્લોક દેખાડજે નીતરે;
જેથી લાજ પામે તે લોક, તજે તે રીતરે. ૧૪
હવે કહું કર જોડીને હાથ વીવેકીને ગમવારે,
એવી નીર્લજ છોડીયોમાં સાથ ન જાવું રમવારે. ૧૫
લઈ ગોરપુજાનું નામ, કામ એ કરવુંરે;
મોટું પાપ ટરે એ ઠામ, દીલમાં ડરવુંરે. ૧૬
કરી બેઠા ...રખ મનમાંહી વ્રત દીન જે હીરે;
પણ કુટવા રોવાનું કાંહી ન કરવું તે હીરે. ૧૭
છોટપણમાં પડે જે ટેવ ટળે નહી ટાળીરે;
માટે નીતી શીખો તતખેવ બોલો સંભાળીરે. ૧૮
કદી પુરીએ નહો કોઇ ઠામ, સાહેદી જુઠીરે,
લઇએ એ પરમેશ્વરનું નામ પ્રભાતે ઉઠીરે. ૧૯
પતી માત પીતાની સેવ, કોડે કીજેરે;
જેની દલપતરામનો દેવ, દીલમાં રીઝેરે ૨૦

# ભાગ ૩ જો.

## ( બજરંગી હનુમાનનો ગરબો. )

અજનીનો જાયો હનુમાનરે, સમરૂ બજરંગી;
એને ચડે છે તેલ સિંદુરરે, સુમરૂ બજરંગી,
મારા રામ તણા રખવાળરે, સમરૂ બજરંગી

### સાખી.

શનીવારે કરૂં તમારી સ્થાપના, ને સોમે કરૂં ભોજન;
કપુરે ઉતારૂં તમારી આરતીરે, એવા સકળ સ્વરૂપ હનુમાનરે. ૧
માતાજીનાં વચન સાંભળીને, બાપના પાળવા બોલ;
અજોધાનું રાજ મુકી રામલક્ષમણરે, ભોગવીયાં વનવાસરે. ૨
રામે રથ જોડીઆને, સીતાને લીધાં સાથ;
વનમાં તનફુલ પેહેરીયાં, સાથે ચાલ્યા છે લક્ષમણ વીરરે. ૩
વનમાં જઇ મઢી કરીને, ત્યાં પુર્યો છે વાસ;
ક્ષમસરીખા બંધવા નહી મળેરે, તમને ફળનું લાવી
આપનાર કોણરે. ૪
રામ ગોડે તલાવડીને લક્ષમણ બાંધે પાળ,
સોના કેરે લકુલેરે સીતા ડમરોને મરવો પાયરે. ૫
સીતાની વાડીમાં ડમરો મૃગલોરે, ચરીચરી જાય;
કોણ મરાવું પેલા મૃગનેરે, મારાં કાર્યાં વનફળ ખાયરે. ૬

મૃગ મારી કારમોને, તેની પડાવું છાલ;
તેનો સીવડાવું કંચવોરે, હું તો દીંડુ ચમકતી ચાલરે. ૭
મરીચી મૃગ થઇને આવીયોને, રાણીને લાગી રાડ;
હો મારા રામજીરે, કંથ કાંચળડી સીવડાવોરે. ૮
સુતર ભરેલો કંચવોરે, ચાંબડાની શી હદ;
આપણા સ્વાર્થને કારણેરે, પેલા પશુના શીદ લેવા પ્રાણરે. ૯
સીતા કહે હું નહી પીયેરીને, નહિ માને મોશાળ;
નથી માહારે કંથ ક્યાગરાને, મારા મનની તે કોણપુરે આશરે. ૧૦
ભાથામાંથી બાણ કાઢીયાને, રામજીયે લીધા હાથ;
મૃગ મારવા રામ સંચર્યારે, મુકી સીતાને લક્ષ્મણ વીરરે. ૧૧
પેહેલું બાણ રામે સાંધીયુરે, વાગ્યું મૃગ શરીર;
મૃગ મરતાં પોકારીઓરે, ધાજ્ને ધાજ્ને લક્ષમણ વીરરે. ૧૨
સીતા કહે તમે સાંભળો, બોલાવે તમ વીર;
લક્ષમણ કહે ખોટી વાત છેરે, કંઈ કપટ જેવી વાતરે. ૧૩
કપટ છે તમ દીલડાં વીશે ને, હું સમજી આ વાર;
ભીડ પડી બંધવને વનવીશેરે, તમે બેઠા કરો વિચારરે. ૧૪
કુદ્રષ્ટી મુજપર તમ તણીને, તેમાં નહીં સંદેહ,
જાણ્યા તમને લક્ષમણ દીયરરે, આવા પાપ તમારા આજરે. ૧૫
સીતાનાં વચન વાગ્યાં રૂદે વિષેને, ચઢી લક્ષમણને રીસ;
વાડીને ફરતી ચોકી મુકીનેરે, ચાલ્યા ત્યાંથી તેતો જાયરે. ૧૬
ધુપ પડે ધરતી તપેરે, જોગી ઉભો બહાર;
સત્ય પાળવાને કારણેરે, ભીક્ષા આપોહો રામ કેરી નારરે. ૧૭
આપવી હોય તો આપો મનેરે, નીકર મુખે કહો નાયરે;
વાર થાય મનેરે ઘણીરે, મારો સંગ કેદારનાથનો જાયરે. ૧૮

ઉંચી મેડી આકાશમાંને, તીર્થાં સરોવર ઘાટ;
સીતાને રાવણ હરી ગયોરે, પછી મઢીમાં ઉડે છે કાગરે. સ૦૧૯
રાવણને જોઇ સીતા સતીરે, કરતાં ઘણો વિલાપ;
ન કહેવાનાં વચન લક્ષ્મણને કહ્યાંરે, લીધું પાપ માથે અપારરે. સ૦
સત વચની સત બાંધવોને, સતનો ચાલનહાર;
આગળ બુદ્ધિ મારી પોહોચી નહીંરે, ઘણા કર્યા તિરસ્કારરે. સ૦ ૨૧
નીચ બુદ્ધિ સ્ત્રી જાતનીરે, નહીં મનમાં કાંઇ વિચાર;
પોતાના સ્વાર્થને કારણેરે, કરે પુરૂષને ખુવારરે. સ૦ ૨૨
મૃગ મારી રામ આવીયાને, આડો ઉતર્યો સાપ,
એ મારા બંધવાર, આજે ચિત્રીત્ર દીસે હાજરે. સ૦ ૨૩
ધનુષ મેલ્યાં હુંકડાંને, બાણુજ મેલ્યાં બહાર;
એ મારા સગુણ બાંધવારે ગઇ સકળનીજ નારરે. સ૦ ૨૪
મેં જાણ્યું લક્ષ્મણ રસીકલો, તે સારાં કરશે કામ;
ના માર્યો વનમાં મૃગલોરે, નવ રાખી સીતા નારરે. સ૦ ૨૫
કુવા ઢંકણ ઢાંકણુંને, ખેતર ઢાંકણુ વાડ;
બાપનું ઢાંકણ બેટડોરે, ઘરનું તે ઢાંકણુ નારરે. સ૦ ૨૬
રામ રૂવે લક્ષ્મણ રીઝવેને, ના રોશો મારા વીર,
બીજી પરણાવીશું સુંદરીરે, તેનું નામ ધરાવીશું સીતાનારરે. સ૦
જળ જળ કમળ ના નીપજે, વન વન ચંદન નવ હોય;
સતી સીતા એક છે રે, એવી ઘેર ઘેર સીતા ના હોયરે. સ૦ ૨૮
રામ રૂવે લક્ષ્મણ રૂવે ને, રૂવે પંખી જન;
ત્યાં રૂવે હનુમાન એકલારે, એમને સીતા લાવ્યાની ઘણી હામરે. સ૦૨૯
રામે બીડાં આપીયાં ને, હનુમાને લીધાં હાથ;
આજ્ઞા હોય તો ઉડીયેરે, તેડી લઇ આવું સીતા માતરે. સ૦ ૩૦

ત્યાંથી હનુમાન ઉડીયાને, પડ્યા લંકાની માંય;
જોયા ચોરાશી ચઉટાંને, જોયા બાવન બજાર,
પછી જોયું રાવણકેરૂં રાજરે. શામરૂં. ૩૧
જોઈ રાવણુની રાણીયોને, જોયા રાવણુના મહેલ;
જોઇ રાવણુની મેડીયોરે, પછી આવીયા તે વાડી મહાંયરે.સ૦ ૩૨
વાડીમાં જઇ વનફળ લાવતારે. તેનો કરતા આહાર;
લીલી વાડી સુકી કરીરે, પછી દીઠા છે સીતા માયરે. સ૦ ૩૩
ક્યાંથી તમે અહિં આવીયાને, શું છે તમારૂં નામ;
કોણે તમને મોકલ્યારે, અહી શું છે તમારૂં કામરે. સ૦ ૩૪
રામે હમને મોકલ્યાને, હનુમાન મારૂં નામ;
પંચવટીથી અમે આવીયારે, મારે શોધ લેવાનું કામરે સ૦ ૩૫
આગળ દરીયો જળ ભરીઓને, ત્યાં રાક્ષસનો ભોય;
શી રીતે તમે આવીયારે, શાથી પહોંચી તમારી હામરે. સ૦ ૩૬
સાત સમુદર સુકા કરૂંને, રાક્ષસનો વાળું કેર;
આજ્ઞા હોય તો ઉડીએરે, લઇ જાવું માતાજીને ઘેર. સ૦ ૩૭
વાડી સઘળી ઉજડ કરીને, લગાડી લંકામાં લાહાય;
અસ આદિ રાક્ષસ મારીયારે, વરતાવ્યો લંકામાં ત્રાસરે. સ૦ ૩૮
ત્યાંથી હનુમાન ઉડીયાને, આવ્યા રામજી પાસ;
રામને સમાચાર આપીયા, કુશળ છે સીતા માતરે. સ૦ ૩૯
ત્યાંથી રામ ચાલીયાને, આવ્યા લંકાની માંહ્ય;
પથર કેરી પાર બાંધીનેરે, સેન ઉપાડયું પેલી પારરે. સ૦ ૪૦
લંકાગઢ રામ પહોંચીયાને, રાવણુને થઇ છે જાણ;
ઇંદ્રજીત યુધ્ધે ચઢયોરે, ત્યારે લક્ષમણુને મુર્છા થાયરે. સ૦ ૪૧
કડવી હોજો લીંબડીને, મીઠી હોજો છાંય;

બંધવ હોય તો બોલડારે, પણ અંતે પોતાની બાંયરે. સ૦ ૪૨
સુખમાં સાંભરે સુંદરીને, દુઃખમાં સાંભરે રામ;
વનમાં સાંભરે બંધવારે, મારી ભાંગી તે જમણા હાથની બાંયરે.સ૦૪૩
નવ મહીના ઉરમાં રાખીયાને, નવ જાણી માની વાત;
બાળપણામાં જેની મા મરેરે, તેને ચોદશના વાયરા વાયરે. સ૦૪૪
દુઃખના બેલી બંધવાને, માડી જાયા વીર;
તેની તોલે કોઇ ના હોયરે, એતો સુખ દુખમાં સાથેર. સ૦ ૪૫

## લાવણી.

અજોધા નગરથી ચાલવું, તેની ચાલ દો જન ભાઇરે;
એક તો મારી જોડ ખંડીત થાય, એ દીન દોહલા કેમ જાય.૪૬
લક્ષમણ જાગને હોજીરે, બંધવ બોલને એકવાર;
માય વિના સુની બેટડીને, ભાઇ વિના સુની બેનરે.
એવો ગોળ વિના મોળો કંસાર, તેનો સુનો થયો સંસાર;લ૦ ૪૭
આવ્યા તારે ત્રણ જણાને, જઇશું એકાએકરે.
માતા તે મારી પુછશે, ત્યારે શો ઉત્તર દઇશું. લ૦ ૪૮
ચૌદ વરસ વન વિશે રહ્યા, નવજાણી સુખ દુઃખની વાતરે.
અંતે મને દગો કરીને, તમે ચાલ્યા ગયા મુજ ભ્રાત. લ૦ ૪૯
બ્રહ્મચરીય વ્રત તમે પાળીયુંને, તજી નિંદ્રાને આહારરે;
રાત દીવસ ચોકી કરી અમતણી, રહી ધર બહાર. લ૦ ૫૦
પુત્ર વિના પરિવાર સુનો, સ્ત્રી વિના સુનાં ઘરબારરે;
બંધુ વિના બેસ નહી કોઇની, મિત્ર વિના શો વિચારરે. લ૦ ૫૧
ભરત શતરૂઘન મને પુછશે, ક્યાં ગયો લક્ષમણ ભાઇરે;
આવી વાત તમારી સાંભળીને, રોશે સુમિત્રા માઇરે. લ૦ ૫૨
ઉઠો બંધવ વાર થાય છે, મારવો રાવણ રાયરે;

પછી જાઇએ અવધપુર ફિરી, સાથે લઇ સીતાય. લ૦ ૫૩
રામના વિલાપ જોઇને, રૂવે સેના તમામ;
ધનવંતરી વૈદે ઉપાય શોધીનેરે, કીધી હનુમાનને આગ્નારે.લ૦ ૫૪
હનુમંત મન હીમત ધરીને, દ્રોણાચલ લેવા જાય;
પલક એકમાં પાછા આવીયારે, વળી લક્ષમણની મુર્છાયરે.લ૦ ૫૫
કુંભકરણ ઇંદ્રજીતને માર્યા, બહુ બળીયા કુમાર;
જમાઇ મરાયા સઘળા રાવણનારે, પછી રાય કરે વિચારરે. લ૦૫૬
અહી મહી મીત્ર પોતા તણાને, તેડાવ્યો રાવણે સાર;
રામ લક્ષમણને ચોરી ગયારે; મહીકાવતી નીરધારરે. લ૦ ૫૭
પ્રભાતે શોધ કીધી સેનામાંરે, નવ દીઠા લક્ષમણ રામ;
સેન્યા રોવા લાગી બધી રામનીરે, રોવા લાગ્યા અષ્ટ પ્રધાનરે.૫૮
હનુમાને પગલાં કહાડીયાને આવ્યાં સમુદર તીર;
મકરધ્વજને ત્યાં બાંધીઓરે, એતો ગયાછે પેલી પારરે. લ૦ ૫૯
દેવી ડેરામાં પેશીને ત્યાં દેવી થયા તતખેવ;
રામ લક્ષમણ ત્યાં આવીયારે,એમણે કીધીછે હનુમંત સેવરે. લ૦ ૬૦
મહી રાવણનું મોત સાંધીને, તેને પણ માર્યો ઠાર;
તેની રાણીને વરદાન આપીયાંરે, પછી આવ્યા તે લંકા મોઝારરે.લ૦૬૧
લંકામાં યુદ્ધ કરીને છેદ્યાં, રાવણનાં દશ શીશ;
અસુરનો અંત આણીયોરે, પછી હરખ પામ્યા જગદીશરે.લ૦૬૨
રાણી કીધી મંદોદરીને, આપ્યું વિભીક્ષણને રાજ;
સીતા લઇ રામ સંચર્યારે, આવ્યા અજોધ્યા મોઝાર. લ૦ ૬૩
માતાએ મોતીડે વધાવીઆને, હઇડે હરખ ન માય;
મોતી કેરા ચોક પુરીઆરે, લીલા નહિતમ ત્યાં થાયરે. લ૦ ૬૪
શોભાવી અવધનગર તણીને, ટાળ્યાં અન્નનાં દુઃખ;

આડ પાળ્યાં માત તણુંરે, લવલેશ રાખી નવ ઝુંપરે. સ૦ ૬૫
રૂડો ગરબો બજરંગી તણોને, વાંચો નીત્ય નરનાર;
હનુમંત કેરા પ્રતાપથીરે, છોટો કહે ઉતરો ભવપારરે. સ૦ ૬૬

## સાત વાર.

આદીતે આનંદ સૈયર કહું છું રે,
મારે ગિરધરશું ઘરવાસ વ્રજમાં રહું છુંરે;
શોમે પામ્યા સુખ શીવજી કળીયારે,
આ નંદજીનો લાલ મુજને મળીયારે.
આ મંગળે મને હેત હરિશું લાગ્યું રે,
આ હ્રદયકમળનું બાણુ હૈડે વાગ્યુંરે;
આ બુધ આવ્યો મુખ જોવા જઇયેરે,
આ છાનાં કરીએ સેજ વહાલાં થઇએરે.
આ બ્રહસ્પતી ગુરૂ પ્રતાપ સુખ છે સહુનેરે;
આ સખી ઘણો આનંદ સખી વહુનેરે;
શુક્રના સરવ બોલ સહુને ગમતારે,
આ લેતાં તાળી હાથ રજની રમતારે.
આ શનીશ્વરે સંદેશો હરીને કહાવ્યોરે,
આ જોગ બન્યો છે આજ રમવા આવોરે.
આ સાત વાર જે ગાય નર ને નારીરે,
તેનો વઇકુંઠ વાસજ થાય દેવ મોરારીરે.

## સાત વાર.

( હારતકે હાકળને કીજીયું—એ રાગ. )

આદીતે આકળ કળા નારી, જોવુંરે હું તો વદનકમળ વારી;

શ્રીકમજીરે શું તારી આવોને ઘેર જસોમતીના જાયા;
મને તારી લાગી છે માયા. આવોને. ટેક. ૧

શોમે તો શોભે સોહાગી, મને તો તારી લેહે લાગી;
કટારી કાળજડે વાગી. આવોને. ૨

મંગળે તો મન વિચાર કરીએ, ધીરજ તો કઇ પેરે ધરીએ;
દીવસ રાત રોઇ રોઇને મરીએ. આવોને. ૩

બુધે તો બુદ્ધિ વિચારો, દુખરે મારૂં દીલ મધે ધારો;
મને તો વિરહાગ્નિમાં શીદ બાળો. આવોને ૪

ગુરૂવારે ગુણ ગાઉં તારા, અવગુણ શા છે હમારા;
આંખે વહે આંસુની ધારા. આવોને. ૫

શુક્રે શું કરીએ હેલી, નમેરા તો નાથ ગયા મેલી;
હવે મારૂં કોણ થશે બેલી. આવોને. ૬

શનીવારે શામળીયો આવ્યા, થાળ ભરી મોતીડે વધાવ્યા;
ગોપીના સુખસાગર કરાયા. આવોને. ૭

સાતે વાર સમજીને ગાશે, તેનાં સહુ દુખ દારિદ્ર જાશે;
કહે તેને સુખ સંપત થાશે. આવોને. ૮

## પંદર તિથિઓ.

પડવે આવી પકડો મારી બાંહ્યરે, છોગાળા—એ રાગ.

પડવે પ્રિતમ પ્રીત તજી કેમ ચાલ્યારે ગીરધારી;
માનીતી—કુબજાને મોહોલે માલ્યારે. હો ગીરધારી. ૧

બીજે બંસીવટમાં વાટયુ જોતીરે; ગીરધારી;
કોઇ મળે મથુરાં વાટ પુછી લેતીરે, હો ગીરધારી. ૨

ત્રીજે શ્રીકમ તન માંરાં તરફડતાંરે, ગીરધારી;
ગોકુળીઆમાં ઘેલાં ઘેલાં ફરતારે હો ગીરધારી. ૩

ચોથે ચતુરભુજ શરણે રાખોરે, ગીરધારી;
હરી સુખ દુખ કેરી વાત અમશું ભાખોરે, હો ગીરધારી. ૪
પાંચમે પુરૂષોતમ કેમ વીસરીરે, ગીરધારી;
પ્રિત કરો કેમ મુકી વૃજની નારીરે; હો ગીરધારી. ૫
છઠીને દીન છોગાળો જો આવેરે; ગીરધારી;
વાંસલડીના શબ્દે વન ભોલાવેરે; હો ગીરધારી. ૬
સાતમે શામળીઆ વીણ નવ ગમતુરે; હો ગીરધારી;
રહે મનડું મારૂં હરીવર પાછળ ભમતુરે; હો ગીરધારી. ૭
આઠમે અલબેલા અંતરજામીરે, ગીરધારી;
લ્યો દાસીની સંભાળ ગરૂડાગામીરે; હો ગીરધારી. ૮
નોમે નોતમ ખેલ કરે બ્રીજવાસીરે; ગીરધારી;
ન ગોઠે ગોવિંદ ખેલ સહુ ઉદાશીરે; હો ગીરધારી. ૯
દશરાને દીન સરવ સજે શણગારરે, ગીરધારી:
પણ હરી વિણ લાગે આગ તણા અંગારરે; હો ગીરધારી૧૦
એકાદશી ઓછવ તે નવ ગમતોરે; ગીરધારી;
અલબેલો કામામી રહે છે દમતોરે; હો ગીરધારી. ૧૧
બારશે બહુ વિધથી ખેલેરે ગીરધારી;
શા કરમે મુકી ગયા મને ગોવાળારે; હો ગીરધારી. ૧૨
તેરશે આ તનડુ ફટકી જાયરે, ગીરધારી;
વહાલા વિના તો મંદીરમાં ખાવા ધાયરે; હો ગીરધારી. ૧૩
ચઉદશે ચીંતામાં ગઇ છું સુકીરે; ગીરધારી;
માત પિતાની લજ્જા મેં તો મુકીરે; હો ગીરધારી. ૧૪
પુનમને દીન પુરણ પ્રગટે ચંદરે; ગીરધારી;
પણ શામળીઆ વિણ કરે અતિ આક્રંદરે; હો ગીરધારી. ૧૫

આ પંદર તિથિ હરિ વિયોગ દુઃખની ગાશેરે; ગીરધારી;
ગોવર્ધનમો સ્વામી પ્રસન્ન થાશેરે; હો ગીરધારી. ૧૬

## પંદર તિથિઓ.

પડવાની પણ પ્રીત ગતમત ભુલીરે;
મારા હરિ વિના એક વાત સરવે સુનીરે. ૧
બીજે બાળે વેશ રહી છું બાળીરે;
આ ઘરમાં કેમ રહેવાય વાગે તાળીરે. ૨
ત્રીજે ત્રીભોવનરાય મંદિર પધારોરે;
હરિ આવીને આપણે ઘેર હેત વધારોર ૩
ચોથે ચંચળ નાર ચતુરા ચાલેરે;
પેલો વડોદરાનો વઈદ દુખડાં ટાળેરે. ૪
પાંચમના પડદા હરો શું રાખ્યારે,
મારે પ્રેમરસ પીવા કાજ હરી રસ ચાખ્યારે. ૫
છઠીના લખીયા લેખ તે કેમ ટળશેરે,
મારે પેલા ભવની પ્રીત આવી મળશેરે; ૬
સાતમના સંતાપ હરીશું અમનેરે,
આ શું કહીએ મહારાજ લાજ નહિ તમનેરે. ૭
આઠમે ઓછવ થાય હરી હોય હેલીરે,
મારે સોળ ગોપીયોનો સાથ રમવા ઘેલીરે. ૮
નોમે નમેરા નાથ નગણા ન થઈયેરે;
આ ગોકુળીયું મેલી મથુરાં ના જઇયેરે. ૯
દશમે દિનરાત દેહી મારી દાઝેરે,
ઘેર નાવલીઓ રીસાય તે મારું ભાજેરે. ૧૦

એકાદશીનાં વ્રત મારે કરવાંરે,
શ્રી જમનાજીનાં ધ્યાન મારે ધરવાંરે. ૧૧
દ્વાદશીને દહાડે દરશન અમને દેજોરે,
મારા શામળીયા ભગવાન સનમુખ રહેજોરે. ૧૨
તેરશના તો તન અમારા તુટયારે,
આ હરી હરી કરતાં હોઠ મારા સુકારે. ૧૩
ચઉદશે તો ચતુરનર શું વાહાયારે.
ઘેર રાધા સરખી નાર શું રીસાયારે. ૧૪
પુનમે તો પંદર તથો થઇ કહાવેરે,
મુને શેજલડીએ સુતા નીદ્રા ના આવેરે. ૧૫

## પંદર તીથીઓ.

હરી હઠ મેલને રાધે, મેરી સંગ બોલને રાધે;
અબોલા બોલને રાધે, ઘુંઘટડા ખોલને રાધે,
કહ્યા મેરા માનને રાધે.
પડવે મોરી સાહેલડી, પીઉજી વાડીએ જાય,
પિઉજી લાવે દાડમ, ગોરી છોલેને પિઉજી ખાય;
હરી હઠ મેલને રાધે. ૧
બીજે મોરી સાહેલડી, બાળોજ ઉગ્યો ચંદ,
દાડમ કેરે દંતડે, ગોરી આ શો માંડયો ફંદ,
હરી હઠ મેલને રાધે.
ત્રીજે મોરી સાહેલડી તરીઆજ વારોવાર,
આણું ઝુલી સુંદરી, ઝુલી કંકુને કાજળ સાર;
હરી હઠ મેલને રાધે. ૩
ચોથે ચમકતી મેં સુણી, જોબન બાળે વેશ,

ભર જોબનમાં એકલી જેના પીઉ ગયા પરદેશ;
હરી હઠ મેલને રાધે. ૪
પાંચમે મોરી સાહેલડી, પંથ પલંગ કંથ દુર;
ભર જોબનમાં એકલી, મારૂં જોબન જાય ભરપુર.
હરીહઠ મેલને રાધે. ૫
છઠે મોરી સાહેલડી, છઠીજ વારોવાર,
પરદેશી રાજ પધારશે, આપણે બેશીશું હારોહાર;
હરીહઠ મેલને રાધે. ૬
સાતમે મોરી સાહેલડી, સાતેજ કીધો સ્નેહ,
ચોમાસાની રત ચીકણી, ઝીણા ઝરમર વરસે મેહ;
હરીહઠ મેલને રાધે. ૭
આઠમે મોરી સાહેલડી આઠજ જોડા જોડ,
પરદેશી રાજ પધારશે, આપણે બેશીશું મોડામોડ;
હરીહઠ મેલને રાધે. ૮
નોમે મોરી સાહેલડી, નવલાંજ પહેરૂં ચીર,
દીપક લેઇ મેહેડે ચડું, મારે નયણે વછુટયાં નીર,
હરીહઠ મેલને રાધે. ૯
દશમે મોરી સાહેલડી, દશરા પુજવા જાય;
પુજ્યા તે નર પામીયા, મારા રાયજાદા ભરથાર;
હરીહઠ મેલને રાધે. ૧૦
અગીઆરશે મોરી સાહેલડી, મેં કીધી શીવરાત,
પરોઢીએ ઉઠી પારણાં કરૂં, મને કૃષ્ણ જોયાની ઘણી ખાંત;
હરીહઠ મેલને રાધે. ૧૧
બારશે મોરી સાહેલડી, બારજ બાંધ્યા બંધ,

કસનારા નર કસી ગયા, એતો કદીએ ન છુટે બંધ,
હરી હઠ મેલને રાધે. ૧૨ ૧૨
તેરશે મોરી સાહેલડી, વાદળ વાપ્યો રંગ.
ઓસડની ગોળી એક છે મને ડસીયા કૃષ્ણ ભોરંગ;
હરી હઠ મેલને રાધે. ૧૩
ચઉદશે મોરી સાહેલડી, પાસા લીધા હાથ,
મેં જાણ્યું પડશે પાધરા, એતો પડીયા છે બારેવાટ;
હરીહઠ મેલને રાધે. ૧૪
પુનમે મોરી સાહેલડી પુરીજ કરજો આશ,
મેં જાણ્યું હરી આવશે, હવે થઇ બેઠી છું નિરાશ;
હરી હઠ મેલને રાધે. ૧૫

## પંદર તીથીઓ.

સખા પડવે પંથે ચાલ્યારે. મહાવનનાં મારગ ઝાલ્યારે;
સાથે સીતાને લક્ષમણ બાળા, રઘુપતિરામ રૂદયમાં રહેજોરે. ૧
સખી બીજે મઢીમાં બીરાજેરે, જેરાં નદીયો તણાં નીર ગાજેરે;
રામ મેલી ગયા રૂડું રાજ, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૨
સખી ત્રીજે તે વન કેરી ઝાડીરે, દશ ફળ મંગાવે છે દહાડીરે,
સારી શોભે શીતાજીની વાડી રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૩
સખી ચોથે કેવડીયો મહેકેરે, ફાલ્યો ફુલ્યો તે મોગરો બહેકેરે;
એવી લીલી લતાઓ લેહકે; રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૪
સખી પાંચમે પોપટ પાળ્યોરે. પાંખ લીલીને કાંઠલો કાળોરે,
મુખે રામ ભણંતો ભાળ્યો રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૫
સખી છઠે છેતરવાને આવ્યો, કુડો કપટી રાવણ સાથે લાવ્યોરે;

એ મુખમો મૃગ બનાવ્યોરે, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૬
સખી સાતમે શ્રીહરી સમર્યારે, વાડી ભેળી ઉરાડ્યા ભમરારે;
રૂખ સાહિને ઉપાડ્યા ઠમશ, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૭
સખી આઠમે એને નિહાળ્યોરે, ધનુષધારીને મૃગલો માર્યોરે;
મૃગ મરતી વખતે પોકાર્યો, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૮
સખી નોમે તે નાખ્યો તીરરે, જઈ વાગ્યો છે મૃગ શરીરરે;
વારે ધાજો લક્ષમણ વીર, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૯
સખી દશમે કહે લક્ષમણનેરે, બેલી વીરો બોલાવે છે તમનેરે;
આડી આણ દીધી છે અમને, રઘુપતિ રામ રૂદયમાં રહેજો. ૧૦
સખી એકાદશી અપવાશીરે, લંપટ લેવાને લાગ તપાસીરે;
રાવણ સીતાને લઇ ગયો નાશી, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે.૧૧
સખી બારસે હનુમાન બળીયોરે, 'ઠેકી સમુદ્ર પાર નીકળીયોરે;
જઇ જોગમાયાને મળીયો, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૧૨
સખી તેરશે ત્રંબાળુ ગાજેરે, હાક હનુમાન કેરી વાગેરે;
હાહાય લંકા તે ગઢમાં લાગે, રઘુપતી રામ રૂદયમાં રહેજોરે ૧૩
સખી ચઉદશે ચિત વિચારીરે, ફોજ વાંદરાની રચી સારીરે;
રામે રાવણ નાખ્યો મારી, રઘુપતી રામ રૂદયમાં રહેજોરે. ૧૪
સખી પુનમે પ્રભુજી આવ્યા, થાળ ભરી મોતીડે વધાવ્યારે;
માતા કૌશલ્યાને મન ભાવ્યા, રઘુપતી રામ રૂદયમાં રહેજોરે.૧૫
સખી પંદર તિથી થઇ પુરીરે, એમાં એક નથી અધુરીરે;
આત્મારામની વાણી મધુરી, રઘુપતિ રામ રૂદયમાં રહેજોરે. ૧૬

## પંદર તિથીઓ.

સાંભળ સખર વાતડી, મુજ દીલની આજે;

હાંહાંરે મુજ દીલની આજે. ટેક.
સ્યામ સખી વહી ગયા, જુરૂ દીવસને રાતે;
હાંહાંરે જુરૂ દીવસને રાતે. ૧
પડવે પ્રીતિ મેં કરી, પાતળીયા સાથે. હાંહાં૦
દુઃખ દરીઆમાં મહેલીને ગયા મુજને નાથ. હાંહાં૦ ૨
બીજે અંતર બીડીયું તપે વિરને તાપે, હાંહાં૦
ગેબી ઘા મને મારીયો, કહીયે કો આગે, હાંહાં૦ ૩
ત્રીજે કેમ તજી ગયા શો વાંક હમારો, હાંહાં૦
કુબજાશું રંગે રમો ઘટે તોલ તમારો, હાંહાં૦ ૪
ચોથે ચીત મેં જાણીયું હરી આવે મળશે. હાંહાં૦
સુખ સખી સહુને થશે, દુઃખડાં દુર ટળશે; હાંહાં૦ ૫
પાંચમે પીંડ હું જાણુતી નવ પ્રીતી. હાંહાં૦
કાળજુ કોરી નાંખીયું, કરી દુસ્મન રીતી. હાંહાં૦ ૬
છઠે છળ કરી છેતરી, ગયા ગોકુળ મેલી; હાંહાં૦
વૃહે અગ્નિ આંચમાં, મુકી મુંજને ઠેલી. હાંહાં૦ ૭
સાતમે સહુ સખીઓ મળી, વિચાર શો કરવો. હાંહાં૦
જીવણુ જો આવે નહિ, આ દેહ નથી ધરવો. હાંહાં૦ ૮
આઠમે ઓધવ આવીયા, તેણે જોગ બતાવ્યો; હાંહાં૦
બહુ રીતે સહુ સમજાવીયા ગોપી મન ભાવ્યો. હાંહાં૦ ૯
નોમે નમી ઓધવ કહે, તમ પ્રેમે હું રાચ્યું; હાંહાં૦
પ્રેમ ભક્તિ મુજને મળે. હરી પાસે હું જાચું. હાંહાં૦ ૧૦
દશમે દીન મથુરાં વિશે ઓધવજી આવ્યા; હાંહાં૦
આવતાં હરીયે પુછીયું સમાચાર લાવ્યા. હાંહાં૦ ૧૧
ઓધવજી હરી બોલીયા, મુજ ગર્વ ટળ્યો છે; હાંહાં૦

ગોપીના પ્રેમ આગળે, જોગ ઝાંખો પડયો છે. હાંહાં૦ ૧૨
દ્વાદસી દીને દવ બળે, જે રીતે વનમાં; હાંહાં૦
તે રીતે વ્રહ વ્યાપીઓ, ગોપીઓના તનમાં. હાંહાં૦ ૧૩
તેરશે મન વીચારીયું, પ્રભુએ મનમાંહી; હાંહાં૦
ગોપી સહુને સુખ દેઉ, જાઉં ગોકુળ માંહી. હાંહાં૦ ૧૪
ચઉદશ દીન ચીંતા કરે સહુ વ્રજની બાળા; હાંહાં૦
હજુ સુધી નવ આવીયા, મળી નંદલાલા. હાંહાં ૧૫
પુનમ દીન પ્રભુ આવીયા, આનંદની હેલી; હાંહાં૦
આગે ભરી રાગ મોતીએ, ગોપી થઇ છે ઘેલી. હાંહાં૦ ૧૬
પંદર તીથીઓ પ્રેમની, સહુ સુણજો કરણે; હાંહાં૦
રણછોડ કહે છે કરગરી, પ્રભુ રાખજો શરણે. હાંહાં૦ ૧૭

## પંદર તીથીઓ.

પુનમે અમને પુરણ દરશન દેજોરે, છોગાળા,
દયા કરી મારી દેહનાં દુખડા ખોજોરે. મોરલીવાળા ૧
પડવે આવી પકડો મારી બાંહ્યરે, છોગાળા.
કોઇ સારા સુખની શીતળ રાખો છાંયરે. મોરલીવાળા ૨
બીજે મારી બાળક બુદ્ધી કાપોરે, છોગાળા.
દયા કરીને શીતળ સુખડાં આપોરે. મોરલીવાળા ૩
ત્રીજે હું તો તત્પર થઇને બેઠીરે, છોગાળા.
મુખની વાણી મુજને લાગે મીઠીરે. મોરલીવાળા ૪
ચોથે ચતુરા શું ગયા છો ચુકીરે, છોગાળા.
કોઇ લેહ લાગી મેં લાજ સર્વની મુકીરે. મોરલીવાળા ૫
પાંચમે પુરણાહુતી કેહેવાયરે, છોગાળા.
તુજથી હરિ વિના તો ઘડીએ ના રહેવાયરે. મોરલીવાળા ૬

છઠીના લખ્યા લેખ તે કેમ ટળશેરે, છોગાળા.
મુજથી પતિવ્રતાનાં કારજ કરવાં પડશેરે. મોરલીવાળા ૭
સાતમે હું ગુણ તમારા ગાતીરે, છોગાળા.
આ મોરલીને શબ્દે ચાલુ છું માતીરે. મોરલીવાળા ૮
આઠમે અવતરીઆ અંતરજામીરે, છોગાળા.
જાદવકુળમાં જન્મ્યા છો અંતરજામીરે. મોરલીવાળા ૯
નોમે કીધાં નરપતીનાં કામરે છોગાળા.
મુજને મેલી ગયા મથુરા ગામરે, મોરલીવાળા ૧૦
દશમે દાવાનળ આવી કાપ્યોરે, છોગાળા
કોઇ શામો કંસ મારીને રણસ્થંભ રોપ્યોરે. મોરલીવાળા ૧૧
એકાદશીના પડદા આવી ખોલોરે, છોગાળા.
કોઇ અંતરજામી અમ સંગાથે બોલોરે, મોરલીવાળા ૧૨
બારશે વંદ્રાવન રસ્તો ઝાલોરે, છોગાળા.
મુજ બાળ જીવને શું મેલો છો વીલોરે. મોરલીવાળા ૧૩
તેરશે કોઇ ચરણ કમળ ચિત લાગ્યુંરે, છોગાળા
કંઈ જન્મોજન્મની ભક્તિ તમારી માગુંરે. મોરલીવાળા ૧૪
ચઉદશે ચરણકમળની દાસીરે, છોગાળા.
મુજ સંગળવાસી ગયા મથુરાં નાશીરે. મોરલીવાળા ૧૫
અમાસે કોઇ ધરણીધર કહેવાયરે, છોગાળા.
કોઇ નરસીંહમેહેતો ગુણ તમારા ગયારે. મોરલીવાળા ૧૬

## પંદર તિથીઓ.

પડવે પાતળીયા ગીરધારી મારે ઘેર આવજોરે લોલ,
બીજે બાળક મેં'તું બાહાર કે, મેં સમજાવીયું રે લોલ.
ત્રીજે ત્રણ ભુવનનો નાથ મોતીડે વધાવીએરે લોલ;

ચોથે ચંચળ બોલી નાર મથુરાની વાટમાંરે લોલ.
પાંચમે પગલાં ભરજો કેમ કે મારે ઘેર આવજોરે લોલ;
છઠે છોગાળા ભગવાન કે ભગતને તારજોરે લોલ,
સાતમે સરદ કરે એકાકાર કે ગોકુળ ગામનીરે લોલ;
આઠમે અવતરીયા ભગવાન કે નિરખુ નાથનેરે લોલ.
નોમે નૃત્ય કરે એક નાર કે ગોકુળ ગામનીરે લોલ,
દશમે માર્યો મામો કંસ કે મથુરાંની વાટમાંરે લોલ;
એકાદશી પુરણુ લાવ્યા નાર કે સતભામા ખરીરે લોલ.
બારશે બહુ બળીયા ભગવાન કે દશોદીશ વાપીઆરે લોલ,
ત્રેરશે ધન ધુવે એક નાર કે ગોકુળ ગામનીરે લોલ;
ચઉદશે બનસીવટને ચોક કે રાશ રમાડજોરે લોલ,
પુનમે પંદર તથી થઇ પૂરી કે હરી ગુણ ગાઈ રહીરે લોલ.

## મલ્હાવરાવનો રાસડો.

પિતળ લોટા જળે ભર્યાંરે દાતણ કરતા જાવરે મલાવરાવ.
શહેરનો સુબો ક્યારે આવશેરે. ટેક.
દાતણ કરશું વાડીએરે ફરતી ફિરંગીની ફોજરે. મલાવરાવ. ૧
ચીની તે પ્યાલા તેલ ભર્યાંરે મરદન કરતા જાઓરે. મલાવરાવ.
મરદન કરશું વાડીયેરે ફરતી ફિરંગીની ફોજરે. મલાવરાવ. ૨
તાંબા તે કુંડીયો જળે ભરીરે નાહાવણ કરતા જાઓરે. મલાવરાવ.
નહાવણ કરીશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે. મલાવરાવ. ૩
રાંધી રસોઇઓ એમ રહીરે, ભોજન કરતા જાઓરે. મલાવરાવ.
ભોજન કરશું વાડીયેરે, ફરતી ફીરંગીની ફોજરે; મલાવરાવ. ૪
પાન સોપારીને એલચીરે, મુખવાસ કરતા જાઓરે. મલાવરાવ.
મુખવાસ કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે. મલાવરાવ. ૫

સોના તે કેરાં ગોગટારે રમત રમતા જાઓરે. મલાવરાવ.
રમત રમશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે. મલાવરાવ. ૬
હીંચણ સામો ઢોલીયોરે, પોઢણ કરતા જાઓરે. મલાવરાવ.
પોઢશુ કરશું વાડીએરે ફરતી ફિરંગીની ફોજરે. મલાવરાવ. ૭
ક્યાંથી આવ્યા પીટયા જાંગલારે, માથે ટોપીને ભુરો વેશરે. મ.
હાટે રૂવે હાટ વાણીયારે, ચોરે રૂવે ચારણ ભાટરે. મલાવરાવ.
શેહેર છોડી સુમો નીસર્યોરે લીધી નડીયાદની વાટરે. મલારાવ. ૮

# ભાગ ચોથો.

## અભિમન્યુનો ચકાવો.

સરસ્વતી સ્વામીને વીનવુંરે, ગણપત લાગુ પાયરે;
અજોધ્યા નગરીમાં દહીતનો વાસો તેના તે મસ્તક છેદોરે,
દહીતે કાળે કૃષ્ણે કજીઓરે માંડયો.]
દહીતોમાંથી દહીતાની નાઠાં, ગર્યાં ગર્યાં વનમાં ગયારે,
વનમાં જઇ અહલોચન જન્મ્યા.
સોના કામઠડીને રૂપાના ભાલા, અહલોચન રમવા નીસર્યારે;
જઈ રહ્યા વગડારે વચે.
વનરે વગડામાં એક પંખી જનાવર.
તેરે જનાવર અહલોચનને મારયું; ડોશી તે મેણું બોલીરે,
બહુ છે બળીયો ને બળવંતો,
એવો છે તો તારા બાપનું વેર લેને;

ત્યાંથી અઇલોચનને ઝાળો લાગી જઈ રહ્યા ઘર આંગણેરે
કે મારી માતા મારો બાપ કોણે માર્યો,
ડોશી તે મેણાં બોલીરે.
તારો તે બાપ કાળા કૃષ્ણએ માર્યો,
ખભે કોડો લઈ અઇલોચન ચાલ્યો, જઇ રહ્યા વન વચેરે.
વનરે વગડાના લીલાં વૃક્ષરે વાઢ્યાં,
ડાળા ડાળાં પડયાંરે મુકયાં: થડીયાં ઉપાડયાંરે,
લાકડાની બાંધી ભારારે,
ત્યાંથી અઇલોચન સુતારી ઘેર આવ્યો.
ભાઇરે સુતારી તું મારો વીરો, પેટી ઘડી મને આલરે,
બોતેર ખાનાને એકજ કોઠો,
ત્યાંથી અઇલોચન લવારી ઘેર આવ્યો.
ભાઇરે લુવારી તુમારો વીરો, મને પેટી જડી આલોરે,
છત્રીસ તાળાં ને બત્રીસ કુંચીયો, પેટી મને જડી આલરે:
ત્યાંથી અઇલોચન ચિતારા ઘર આવ્યો.
ભાઇરે ચીતારા તું મારો વીરો. પેટી ચિતારી આલ સારીરે,
ત્યાંથી અઇલોચન દરજીડા ઘેર આવ્યો.
ભાઇરે દરજીડા તું મારો વીરો, આની મને ગાદી સીવી આલરે,
પેટી ઉપાડી અઇલોચન આવ્યો.
જઇ રહ્યો વગડારે વચે, વડની છાયે પેટી મુકીરે,
બ્રાહ્મણને વેશે કાળો કૃષ્ણજી આવ્યા.
ક્યાં જાઓ છો મારારે જજમાન, કૃષ્ણનું વેર વાળવા જાઉંરે,
કહો ગોરજી કાળા કૃષ્ણ કેવારે હશે;
તુ સરખાને તારારે જેવા; દેહીનું પ્રમાણું આલોરે.

એ મારા ગોરજી દેહીનું પ્રમાણ,
ત્યાંથી અઘલોચન પેટીમાં સમાણા, કાળા કૃષ્ણે તાળાં અડકાવ્યાંરે
ગોર મારા ગોર મને બહાર કાઢો,
કોણ તારો ગોરને તું કોનો જજમાન, હું છું કાળો કૃષ્ણરે;
પેટી હતી તે આકાશે ઉડાડી.
આકાશના દેવતારે જગાડયા, આ જુદ્ધ કેણે માંડયાંરે;
અઘલોચન ને કાળા કૃષ્ણએ માંડયા.
પેટી હતી તે પાતાળે પછાડી, પાતાળના શેષનાગ ડોલ્યારે,
આવું તે જુદ્ધ કોણે માંડયું.
અઘલોચનને કાળા કૃષ્ણયે માંડયું, તેનો થયો ખડભડાટરે,
ત્યાંથી અઘલોચન મૃત્યુરે પામ્યા.
એવે પેટીને કાળો કૃષ્ણજી ચાલ્યા, જઈ રહ્યા દ્વારકાં ગામરે,
પેટી હતી તે સુભદ્રાને આપી,
જોજોરે બેની આ પેટી ઉઘાડતાં સાચવી રાખજો પાસેરે;
નણંદ ભોજાઈ બે માથાંરે જુએ.
નણદલ તમારા ભાઈ શું લાવ્યા, એ મુજને દેખાડોરે,
પેટી હતી તે સુભદ્રએ ઉઘાડી.
ભાઈનું કહ્યું સુભદ્રાએ ન માન્યું, શ્વાસમાં શ્વાસ સમાઈ ગયોરે.
પેહેલો માસ એળે ગયો.
બીજેને માસે સૈયરને સંભળાવ્યું ત્રીજાનો મરમ ન જાણ્યોરે,
ચોથે માસે માતાને સંભળાવ્યું.
પાંચમા માસે ખાંધી રાખડી, છઠે તે કટીવલ દુખરે;
સાતમેને માસે ખોળા ભરાવ્યો.
ખોળા ભરાવીને મહીઅર વળાવ્યાં, આઠમનો મરમ ન જાણ્યોરે,

નવમેને માસે અભેમન્યુ જનમ્યા.
સોનાની સળીએ નાળ વધેર્યાં, પાણી સાટે દુધડે નવરાવ્યારે;
ચીર ફાડીને બાળોતીયાં કીધાં.
જાદવનારે પારણાં બંધાવ્યાં, ચોખા સાટે મોતીડે વધાવ્યારે;
પાંચ વરસના અભેમન્યુ થયા.
લેઇ પાટી ભણવારે ગયા, ભણીગણી નવછંદા થયારે;
પોતાના કાકા સગાઇયોરે લાવ્યા.
ઓતરા અભેમન્યુ તારારે નારી, વઇરાટની કુમારીરે;
લીલાને પીળા વાંસ વઢાવો, નવરંગી ચોરી ચીતરાવોરે,
ત્યાંથી અભેમન્યુ પરણવાને ચાલ્યા, સારા તે શુકન થયારે.
ત્યાંથી અભેમન્યુ સરોવરીએ આવ્યા, સુકાં સરોવર લીલાં થયારે
ત્યાંથી અભેમન્યુ ભાગોળે આવ્યા, ભાગોળે ભેરો વગડાવોરે
ત્યાંથી અભેમન્યુ ચઉટામાં આવ્યા, ચઉટામાં ચમર ઢોળાવેરે
ત્યાંથી અભેમન્યુ જાનીવાસે આવ્યા, સાસુજી પોંખવા આવ્યાંરે
ત્યાંથી અભેમન્યુ માંડવે આવ્યા, મામાજી કન્યા પધરાવોરે
ત્યાંથી અભેમન્યુ ચોરીમાં આવ્યા, માજી મામાજી દો કન્યાદાનરે
પેહેલુંને મંગળ વરતું ને ફરતું, દાદાજી દો કન્યાદાનરે
દાદાએ આપ્યાં ઘોડીલાનાં દાન,
બીજુંને મંગળ ચોરીમાં વરત્યું માતાજી દો કન્યાદાનરે
માતાએ આલ્યાં ગાવડીઓનાં દાન
ત્રીજુંને મંગળ ચોરીમાં વરત્યું, વીરાજી દો કન્યાદાનરે
વીરાએ આલ્યાં વેલડીઓના દાન
ચોથું તે મંગળ ચોરીમાં વરત્યું, ભાભીજી દો કન્યાદાનરે
ભાભીએ આલ્યાં ઓટડીયાનાં દાન

ત્યાંથી અભેમન્યુ પરણીને ઉઠયા માતાને પાયે લાગ્યારે,
પોતાની માએ આશીશરે આપી
ઘણું જીવો દીકરા ઘણો આવરદા ઓતરા તારી નારીરે
જોજો અભેમન્યુ તારીરે ગોરી, ગોરી છે ગુણવંતીરે
અમારા તે કુળમાં એવીરે રીતો વર સાથે કન્યા ન હોયરે
પેહેલેરા પોહોરનાં શમણાંરે લાગ્યાં
આરે શમણામાં કોરાં કંકણ નાંખ્યાં
એરે શમણા તે દીકરી આળપંપાળ તારાં શમણાં પડો સુકે લાકડેરે
બીજેલા પોહોરનાં શમણાંરે લાગ્યાં
આરે શમણામાં કોરાં ઘરચોળાં પહેરયાં
આરે શમણાં દીકરી આળપંપાળ શમણાં પડો રાંકરેંટીએરે
ત્રીજેરા પોહોરનાં સમણાંરે લાગ્યાં
આરે શમાણામાં રાયકો આણેરે આવે
આરે શમણાં દીકરી આળપંપાળ શમણાં પડો સમુદ્ર બેટમાંરે
ચોથેરા પહોરનાં શમણાંરે લાગ્યા
બાળુડો અભેમન્યુ જુધ્ધે ચડે ને ઓતરાનાં આણાં આવ્યાંરે
ઓતરાના બાપની ઉંચી હવેલી
સોના કચોલાં ને રૂપાના દોરા ઓતરા માથલાં ગુંથેરે
હીરૂડી વીરૂડી સાંઢે રતનો રબારી વેગે આવતો દીઠોરે
મારીરે માતા તમે પોઢેલાં જાગો મારે આણેશાં આવ્યાંરે
ઘણુંરે જીવો દીકરી એ શું બોલ્યાં
બારીએથી રહીં ઓતરાએ પુછ્યું
ક્યાંથી આવ્યા વીરા ક્યાં તમે જાશો?
બાળુડો અભેમન્યુ જુધ્ધે ચડે છે ઓતરાને આણે આવ્યોરે

બારીએથી ઓતરાએ પડતારે મુક્યાં ના રહી સુખને સાનરે
ઓતરાના દાદાએ ડોસીડા જગાડયા ચુંદડી કાઢો આજ સારીરે
સારી સારી કાઢેને નુકશાન નીસરે
દાદે દોસીડાને મારવા લીધો
ઓ મારા દાદા શીદને મારો છો ઓતરાના કરમનો વાંકરે
ઓતરાના દાદે મરૂડીયા જગાડયા ચુડીલો કાઢો બહુ સારારે
સારા સારા કાઢે નંદાયલા નીસરે
દાદે મરૂઢીયાને મારવા લીધો
ઓ મારા દાદા શીદને મારો છો ઓતરાના કરમનો વાંકરે
ઓતરાના દાદે સોનીડા જગાડયા વાળીઓ કાઢ આજ સારીરે
સારી સારી કાઢે નંદાએલી નીસરે
દાદે સોનીડાને મારવા લીધો
ઓ મારા દાદા શીદને મારો છો ઓતરાના કરમનો વાંકરે
ઓતરાના દાદે માળીડા જગાડયા ગજરા કાઢો મોંઘા મુલનારે
ખીલેલા કાઢેમે કરમાએલા નીકળે
દાદે માળીડાને મારવા લીધો
ઓ મારા દાદા શીદને મારો છો ઓતરાના કરમનો વાંકરે
ઓતરાના દાદે મોચીડા જગાડયા મોજડીઓ કાઢે મોંઘા મુલનારે
રાતી રાતી કાઢેને કાળી કાળી નીકળે
દાદે મોચીડાને મારવા લીધો
ઓ મારા દાદા શીદને મારો છો, ઓતરાના કરમનો વાંકરે
ઓતરાના દાદે શરઇયા જગાડયા, સારૂ સારૂ કંકુ કાઢોરે
કંકુ કાઢેને કાજળ નીસરે
દાદે સરઇયાને મારવા લીધો

ઓ મારા દાદા શીદને મારોછો ઓતરાના કરમનો વાંકરે.
દાદે સાસરવાસે ઓતરા વળાવ્યાં રાયકા તેડીને જાયરે.

## વળામણા.

| | |
|---|---|
| કે મને મારીને રથડા ખેડરે | બાળા રાજારે. |
| કે મને યુધ્ધે તે સાથે તેડરે | બાળા૦ |
| કે મને યુદ્ધ જોયાના રસકોડરે | બાળા૦ |
| કે આપણુ સરખા સરખી જોડરે | બાળા૦ |
| કે લાવ હું ધરૂં હથીયારરે | બાળા૦ |
| કે કરૂં કઉરવનો સંહારરે | બાળા૦ |
| કે છોડી યુદ્ધ વળો ઘેરરે | બાળા૦ |
| કે તમને આપું મારા બાપનું રાજરે | બાળા૦ |
| કે નારી કેશ સમુળા કાઢેરે | બાળા૦ |
| કે રથ ઉપર દેહ પછાડેરે | બાળા૦ |
| કે રથ હાંકો તો રામજીની આણુરે | બાળા૦ |
| કે રથ ખેડો તો કાઢું મારા પ્રાણુરે | બાળા૦ |
| કે મારા વગડામાં રથડા રોક્યારે | બાળા૦ |
| કે મારા સસરા મેણાં બોલ્યારે | બાળા૦ |
| કે વહુ આવતી ભમરાળીરે | બાળા૦ |
| કે મેં તો નથી દીઠી પગની પાનીરે | ઓતરા૦ |
| કે તારૂં મુખ દેખી યુધ્ધે ન ચડતરે | ઓતરા૦ |
| કે મેં તો નથી દીઠી નાકની ડાંડીરે | ઓતરા૦ |
| કે મામા કૃષ્ણુનો જાજો વંશનો | ઓતરા૦ |
| કે મને પાટા બાંધીને પરણ્યાવ્યોરે | ઓતરા૦ |
| કે મને સમરથ સાસરી દેખાડરે | બાળા૦ |

કે મને સાસરી જોયાનો રસકોડરે બાળા૦
કે મારા કંકણુ દોરા છોડરે બાળા૦
કે મને સમરથ સસરો દેખાડરે બાળા૦
કે મને ઘુંઘટ તાણ્યાનો રસકોડરે બાળા૦
કે મને દીયર દીવડો દેખાડરે બાળા૦
કે મને હોળી રમ્યાના રસકોડરે બાળા૦
કે મને નાનીશી નણુદી દેખાડરે બાળા૦
કે મને ઢીગલી રમ્યાના રસકોડરે બાળા૦
કે મને સમરથ સાસુજી દેખાડરે બાળા૦
કે મને પાય પડયાના રસકોડરે બાળા૦
કે મને જોડની જેઠાણી દેખાડરે બાળા૦
કે મને જોડે હીડયાના કોડરે બાળા૦
કે મને વાહુલી દેરાણી દેખાડરે બાળા૦
કે મને વાદ લીધાનો રસકોડરે બાળા૦
કે મારૂં માથુ વાઢીને દડો ખેલરે બાળા૦
કે તારી કેડની કટારી મને આલરે બાળા૦
કે જમણી કુખે ધર્યો સુરરે બાળા૦
કે તારી જમણી કુખ ના ધરીશરે ઓતરા૦
કે તારી કુખે મોતીગર દીકરોરે ઓતરા૦
કે શ્રી દેશે રામનું નામરે ઓતરા૦
કે સારૂં રાખશે બાપનું નામરે ઓતરા૦
કે તેથી સરસે તમારૂં કામરે ઓતરા૦
કે તારી ઢાલડીના ઓઠે મને રાખરે બાળા૦
કે તારા આવતાં ઝીલીશ બાણુરે બાળા૦

કે ઝાલી ઝાલી ઘોડલીયાની વાગરે બાળા૦
કે મેલો મેલો ઘોડલીયાની બાગરે બાળા૦
કે મારા ચડયા શા બાંધબંધ દેખેર બાળા૦
કે મેં તો ધાવતાં બાળ છોડાવ્યારે બાળા૦
કે મને તેનાં પ્રાયશ્ચીત લાગ્યારે બાળા૦
કે મેં તો ધાવતાં ધેન વછોડયાંરે બાળા૦
કે મને તેનાં પ્રાયશ્ચીત લાગ્યાંરે બાળા૦
કે મેં તો છાંણે છાણું ભાગ્યુંરે બાળા૦
કે મને તેનાં પ્રાયશ્ચીત લાગ્યુરે બાળા૦
કે મેં તો દીવે દીવો કીધોરે બાળા૦
કે મને તેનાં પ્રાયશ્ચીત લાગ્યાંરે બાળા૦
કે હું તો પથરે પાનીઓ ધોતીરે બાળા૦
કે મને તેનાં પ્રાયશ્ચીત લાગ્યાંરે બાળા૦
કે મેં તો વેતી નીકે દીધો પગરે બાળા૦
કે મને તેનાં પ્રાયશ્ચીત લાગ્યાંરે બાળા૦

## ગરબી ૧ લી.

ગીરધારીરે વાલમ વાત વિચારો મનમોહન આંખ ન મારો
મનમોહનરે મુકો મારગ માવા કેમ રોકો જુમના જાવા ટેક.
રસીયાજીરે પ્રીત તમારી જાણી મારી ભાગશે દહીની દોણી
કહું વિઠલરે રહેજે અમથી અળગો શીદ મને જાતાં વળગો

ઝુલ.

નવ પાલવડો મુજ તાણોરે જુગતીની રીત નવ જાણોરે
હું જાણું જદુવિર શાણોરે, કહું કેશવરે મુકો કાવા દાવા
કેમ રોકો જુમના જાવા ૧

નહીં આપુરે દાણુ દધીનું આજે, નથી લાવી તમારે કાજે
મુકો પાલવરે ફાટે ચુંદડી મારી, હું સમજી વાતો તમારી

ઝુલ.

મુકો મહી મારાં ઢોળાશેરે મારાં ચીર ચુંદડી ભિંજાશેરે
હરી હાણુ હસતાં થાશેરે પ્રભુ હમશુંરે ફંદ કરો કેમ આવા
કેમ રોકો જુમના જાવા. ૨

હરી જાયછેરે સાથ સૈયરનો મારો, મેં જાણ્યો તુને ધુતારો
નહી સરશેરે અરથ હરિવર અમથું કહું છું મોહન સાચુ તમશું.

ઝુલ.

નવ કરો નયનનો ચાળોરે અમો દઇશું જદુવિર ગાળોરે
લજવાશો કામણગારારે શામળીઆ શીખ કહુ સમજાવા.
કેમ રોકો જુમના જાવા. ૩

નવ નાખોરે છાતીએ હાથ હઠીલા, કહું વચન તો પડશો વીલા
મુખ પલકેરે ચુંબન કરવા કાજે, એવી વાત જવા દો આજે

ઝુલ.

મુકો હાર હૈયેથી તુટેરે મારી ચોળીની કસ વછુટેરે
વળી મહીનું ગોરસ ફુટેરે ગોરધનનારે સ્વામી બનો કેમ આવા.
કેમ રોકો જુમના જાવા. ૪

## ગરબી ૨ જી.

રાગ ઉપર પ્રમાણે.

મેં જાણીરે જીવણ તારી પ્રીતી નવ સમજો સ્નેહની રીતી.
વનમાળીરે વનમાં વાત જે કીધી, મારી સાસુએ સમજી લીધી
વળી નણદીરે કાનો કહી બોલાવે મને મેણાં દઇને ખીજાવે.

ઝુલ.

મારો પરણ્યો મને દુઃખ દેછેરે વળી વચન ત્રિલોકી કહેછેરે
તેથી અંતર બળતું રહેછેરે પણ, તોડીરે નથી પ્રિતમ તુજ પ્રિતી.
નવ સમજો સ્નેહની રીતી. ૧

સામળીયારે હાક મને શીદ મારો ના સાન કરી સમજાવો
સહુ જાણેરે વાતલડી સૌ તારી મારી કહે કેમ ગીરધારી

ઝુલ.

કહે કેમ શામળીઓ આવેરે માટે કહું છુંરે મોહન મારી રીતી
નવ સમજો સ્નેહની રીતી. ૨

કહે સાસુરે વહુજી રહેજો ઢંગે કેમ જાઓ સામળીઆ સંગે
વહુ કાલેરે વાર લાગી કેમ વાટે મળ્યો મોહન જુમના ઘાટે

ઝુલ.

શાથી ચુડી નંદાઇ તારીરે કેમ ફાટી કંચુકી તારીરે
વાત જાણુંછું સારી નઠારીરે તમે જોડીરે પાતળીઆ શું પ્રીતી
નવ સમજો સ્નેહની રીતી

માટે મોહનરે આવવું નહી તમારે હું આવીશ જુમના આરે
બેસી સુખ દુઃખરે વાત કરીશું વનમાં કો નવ જાણે જન ગોકુળમાં

ઝુલ.

નથી જુદી હું તમથી પ્યારારે નવ રહેશો મુજથી ન્યારારે
છોજી પ્રાણજીવન તમો મારારે કહે ગોરધનરે કોઇથી હું નવ બીતી
નવ સમજો સ્નેહની રીતી

## ગરબી ૩ જી નરસીંહજીની.

### રાગ ઉપર પ્રમાણે.

નરસીંહજીરે વડોદરાના વાસી તુજ ચરણે કોટીક કાશી ટેક.

અવનીમાંરે ઉત્તમ નામ તમારૂં આવ્યા છો ભક્તને સારૂં
તમ માર્યોરે હીરણ્યકશ્યપ વારૂ પ્રહલાદ ઉગારણ સારૂ

ઝુલ.

કીધું મોટું કામ મોરારીરે, બહુ બહુ ભક્ત જનોને તારીરે
બસ્યા વડોદરે ગીરધારીરે, તુજ ભજન કરે મટશે શોક ઉદાસી.

તુજ ચરણે. ૧

બળતીછેરે જ્યોત અખંડીત સારી, ભર્યો ટાંકા ઘીનાં ભારી
કારતકનીરે શુદ ચૌદશ જે વાર, મળે મંડળીજન અપાર.

ઝુલ.

તહાં ભરાય લોક હજારોરે; મળે માલ લેનારરે સારોરે,
નહીં આવે દર્શનનો વારોરે ત્યાં રહીછેરે જળહળ જ્યોત પ્રકાશી

તુજ ચરણે. ૨

તુળસી વાડીએરે પ્રભુ પુજન જાય, બહુ ભીડ લોકની થાય;
ત્યાં ઓછવરે રૂડા કરે હરીજન કરે ભાવીક સહુ દર્શન.

ઝુલ.

પ્રભુ ધરતા નવા શણગારરે, વરઘોડા શોભે અપારરે,
સુખપાલે બેસે મોરારરે, તુળશીશુરે લગન કરે સુખવાસી.

તુજ ચરણે. ૩

મધરાત્રેરે પરણીને આવે વાલો, ચૌટામાં ચતુર રૂપાળો;
બહુ વિધથીરે વાજાં ઉત્તમ વાગે, પ્રભુ સુખપાલે બીરાજે

ઝુલ.

ફુટેછે આતસબાજીરે ઝુંડ જોઈને થઈએ રાજી,
રહ્યો શબ્દ શ્રવણમાં ગાજીરે, બલીહારે ગોરધન હું દશી

તુજ ચરણે કોટીક કાશી. ૪

## ગરબી ૪ થી રણછોડજીની.

રાગ ઉપર પ્રમાણે.

લટકાળારે શ્રી રણછોડ રૂપાળા, મન મોહન મોરલીવાળા. ટેક.
શામળીયારે સુંદર રૂપ તમારૂં, દેખી મન મોહે મારૂં;
અણીયાળીરે આંખલડી અલબેલા છો નંદ કુંવર વર ઘેલા.

ઝુલ.

મંદીર તો ગગને ગાજેરે, દરવાજે દુદંભી વાજેરે;
પ્રભુ ડાકોર માંહી બીરાજેરે, છો ભકત તણા પ્રતીપાળા,
મન મોહન મોરલીવાળા. ૧
ગુણવંતારે ગોવરધન કર ધાર્યો, કાળજવર કંસને માર્યો;
બંધનથારે માતા પીતા છોડાવ્યાં, વળી ગોરધન ઢોર ચરાવ્યાં,

ઝુલ.

છે અકળકળા અવિનાશીરે તમે મારી પુતના માસીરે,
વળી થયા મથુરા વાસીરે ગોકુળમાંરે બનીઆ આપ ગોવાળા;
મન મોહન મોરલીવાળા. ૨
દેવળમાંરે સિહાસન શુભ છાજે તે ઉપર શામ બીરાજે,
મુરતીમારે રૂપ અલૌકીક ભાસે જ્યાં જળહળ જ્યોત પ્રકાશે;

ઝુલ.

સુખ સજ્યા સુખમય સારીરે, રેશમ ચાંદી બહુ ભારીરે;
મંદીરની શી બલીહારીરે, શોભાછેરે સુંદર ત્યાં રઢીયાળા
મન મોહન મોરલીવાળા. ૩
મુસ્તક પરરે મુગટ મણીમય શોભે તે જોઇને મન લોભે;
કેસરીઆરે પેહેરીયા વાઘા લાલે; ચંદન કીધું પ્રભુ ભાલે.
કર મધે મોરલી ધારીરે, સામે ઉભા શ્રીગીરધારીરે;

જોઈ ગોરધન બલીહારીરે પાયે લાગુરે જશોદાજીના બાળા.

મન મોહન મોરલીવાળા. ૪

## ગરબી ૫ મી અંબાજીની

રાગ ઉપર પ્રમાણે

ધન્ય અંબારે આરાસુર પટારાણી, તને વિશ્વ બધાએ જાણી

મા અંબારે ધારી ત્રીશુળ પાણી, ગોખ, મધ્યે બીરાજે રાણી

ઝુલ.

ચો બ્રહ્માંડે તુને જાણીરે, તારી કીરતી બધે ફેલાણીરે

સૌ લોકે તને વખાણીરે, આદ્યશક્તિરે વેદ વદે છે વાણી.

તને વિશ્વ બધાએ જાણી. ૪

મા તુ છેરે સૃષ્ટિ તણી સુખદાતા તારી ગતી ન જાણે વિધાતા

નારદજીરે વીણાધરી ગુણ ગાતા, તુજ દરશનથી સુખ સાતા

ઝુલ.

માને સેવક ઝાઝુ ચાહાતારે, ગુણ મંડપ માંહિ ગવાતારે

જય જય શબ્દ વિખ્યાતારે; મા ગુણોરે ગાતા પ્રેમશું વાણી

તને વિશ્વ બધાએ જાણી. ૨

મા ત્રિપુરારીરે તારી ઘણી બલીહારી વાઘ ઉપર કીધી અસવારી

કર લીધીરે ઢાલ કટારજ ધારી મા શોભા બની બહુ સારી

ઝુલ.

માનું ચંદ્ર વદન સુખકારીરે, વારે વારે લેઉ ઓવારીરે

તારી અકળ ગતીછે ન્યારીરે, જુગતંબારે નયન રૂપ વખાણી

તને વિશ્વ બધાએ જાણી. ૩

અમ વારે તું છે ભવની ભોળીરે, પહેરી કુંકમવરણી પટોળીરે;

કેશરીયે રંગ ભરેલીરે માની જોડ ન જડે ખોળી

જુસ

મા મૈસાસુર રગદોળીરે. ચંડ મુંડને નાખ્યા ચોળીરે
દઇતને પાડયા છે ઢોળીરે એમ લીધા રે સેવક કાજે શાણી
તને વિશ્વ બધાએ જાણી. ૪

ભવાનીરે ભજતાં ભાવટ જાશે, પાપ તાપ તો સર્વ કપાશે.
ગુણવંતીરે લહેર હશે તો આવશે ગુણ ચાચર માંહિ ગવાશે.

જુસ.

માના દરશન થકી દુખ નાસેરે, પ્રેમ ધરી આ ગરબો ગાશેરે;
મા પરશન તેને થાશેરે ચંદ્ર ગાએરે સેવકને લો તાણી,
તને વિશ્વ બધાએ જાણી. ૫

## માળાની ગરબી ૧ લી.

ભાઇ કામણગારા કાન માળા ચોરીરે
જ્યાર પુછશે સાસુ પેર સહચર મોરીરે
જો ઉડીને છેડલો સહુ તો વિસ્મિત ભાસે આજરે;
માણગાને શું મહોડે કહીએ, નીરલજ્જને શી લાજ મા. ૧
ગોળ ગોતાનો ચોરી ખાઇએ, કજીએ સણુગટ વાળીરે;
સ્વાર્થે મુજ સાસુ જુવે, વરણાગીઓ વનમાળી. મા૦ ૨
સાસુ મારી છે અતિ સાપણ, નણદલ નાર ઠગારીરે;
શુભ પહેલાં ચોરસ ગુંથે કેડ ન મેલે; મારી. મા. ૩
પરણ્યો અમારી પેર ન જાણે, નહિ રહ્યાનો ઠામરે;
રામકૃષ્ણ પ્રભુ રંગનો રસીયો, શરણે રાખશે શામ. મા. ૪

## ગરબી ૨ જી.

મારી સાસુ પુછશે વાત માળા ક્યાં ગઇરે,
વહુ કાનની તરે કંઠે, મેં દીઠી નહીરે. ટેક.
લાકડી માળા તમારી, મેં કાનને કંઠે દીઠીરે,

આવડી ડાહી તને કેમ કરી, વળી વાત કરે છે મીઠી. મા.
શા માટે તેને આપી છે ને શો કીધો ઉધારોરે;
શા માટે મારા મંદિર પધારે, મોહન કામણગારો. મા.
હરી સંગાથે હસતાં દેખી, હઇડાં મા.[illegible] દાઝેરે;
હાણુ થયાનું દુખ નથી પણ, હરીને માઠું લાગે. મા.
રામ કૃષ્ણ પ્રભુ રંગનો રસીયો, કદીયે ન છુટે નાથરે.
મારી બઇજી છો મને ખીજે; તોપણ સમ હું ખાઇશ. મા.

## ગરબી ૩ જી.

મારી નણુદલને ન ગમે તો મઇયર જાઇશરે,
બઇજી મુખ વના મેં માળા, ટોડલીએ ભરાવારે;
સેલી થઇ ઘર કામજ લાગ્યું વળતી વિગત ન આવી. સ.
શું સમળી આકાશેથી આવી ગગને ઘોર ચાલીરે,
વંદ્રાવનમાં ગઉ ચરાવતાં ગોવિંદને હાથ લીધી; સ.
અમે વહુઆરૂ નાનાં માટે બોલતાં મન બીજેરે,
મોહનનું મીઠુ મન કરાવી માળા માગી લેજે. સ.
ઘેર ઘેર પુછી જોજોને ઓલ્યું ન પડે બહારરે;
રામ કૃષ્ણ પ્રભુ રંગનો રસીયો સઉની લે સંભાળ, સ.

## ગરબી ૪ થી.

તારે નણુદલ બોલી વાત સમ શા ખાશોરે,
જ્યારે આવશે મારો ભાત સાચાં થાશોરે;
કેહેવા દેને મારા ભાઇને એને કાનુડો બહુ વાલોરે,
મોહનને રૂડા દીસો તો માળા અમારી આલો. સમ.
કે દહાડાનું ફિરતફુલ તે કયાંય આવો વિસારીરે,
તે મેં કહાનને કાને દીઠુ સાખ્ય સઇયર મારી. સમ.

હરીને પ્રીત પ્રીતે નીરખ્યા વિના વહુને અન ન ભાવે
સામળીઓ સાહેબો મનને વહુજી માટે બાવે. સમ૦
વહુને ગની ધણો વડા. છે શામળીઓ શામરવર્ણું,
રામક્રશ્ન પ્રભુ રંગનો રશીયો, મથુરાનો ભગવાન. સમ૦

## પ્રેમની ગરબીઓ.

### ગરબી ૧ લી.

કહેજો દેને કાન તારી માને કહેવા દેને કાન:
વટે છે રહી ઉગમને માણ. તા૦ ૧
બીવરાવા તે બાજી નાગી, ખરૂં લોડું આરસપહાણ. તા૦ ૨
વંદ્રાવનની કુંજગલીઓમાં હલકું પીપળીયાનું પાન તા૦ ૩
બાઇ મિરાં કહે પ્રભુ ગીરધર નાગર વાળ્યાં અમારાં વાન. તા૦ ૪

### ગરબી ૨ જી.

કાન માગ્યો દો જશોદાજી કાન માગ્યો દો. ટેક.
આજની રજની રંગભેર રમવા,
પ્રભાતે પાછો લ્યો. જસોદાજી૦ ૧
કલાં કાંબીને અણુવટ વિછુવા,
હાર હઇયાના લ્યો. જશોદાજી૦ ૨
હસ્તિને ઘોડા માલ ખજાના,
બહેલ સમ જોડી લ્યો. જશોદાજી૦ ૩
મિરાબાઇ કહે પ્રભુ ગિરધર નાગર,
ચરણકમળ ચિત લ્યો. જશો૦ જી૦ ૪

### ગરબી ૩ જી.

લીધુરે લટકે, મારૂં મન લીધુરે લટકે. ટેક.
વંદ્રાવનમાં વેણુરે વગાડે,

વાંસ તણે કટકે મારૂં મન લીધુંરે લટકે. ૧
અંગ ભંગ કરયાં ગીરધારી;
અમને મારયાં છે ઝટકે મારૂં૦ ૨
પાઘ પિતાંબર હરીએ પહેર્યાં;
મોહી હું તો પીળુડે પટકે. મારૂં૦ ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગિરધરના ગુણુ;
ચરણુકમળ ચિત અટકે. મારૂં૦ ૪

## ગરબી ૪ થી.

મહી ઢળશે મારૂં, મોહનલાલ મહી ઢળશે મારૂં;
લાખ એ લાખનું માટ નંદાશે શોભિતું સારૂં મો૦ ૧
હમે વનમાળી ન કરો આળી અમે વહુવારૂ મો૦ ૨
ફુલ પડે તેની ચોસર ગુંથે લોક બોલે નઠારૂં. મો૦ ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગિરધરના ગુણ ચરણુકમળ વારૂ. મો૦ ૪

# ભાગ પાંચમો.

## ગરબી ૧ લી.

( હાંરે ચાલો ડાકોરમાં જઇ વસીએ એ રાહ. )

હાંરે મારા મોહન મળજો,
હાંરે મારી આશા પુરણ કરજોરે. મારા૦ ૧
હાંરે મારે ઘેર આજ નથી વાલા;
હાંરે મારા ઘરભણી વળજોરે, મારા૦ ૨

હરિ હું આવી પણ આપ મળ્યા નહી;
હારે કહો કયારે હવે મળશોરે. મારા. ૩
હરિ હરીભટના હરી છો રંગ રસીયા;
હારે મળી હવે દૃખ મારૂં હરજોરે. મારા. ૪

## ગરબી ૨ જી.

હરિ લટકાળો ગીરિવર ધારી,
હરિ મને મારી નેન કટારીરે લટકાળો હરિવર ધારી,
હરિ આજ મળ્યારે વહાલો જુમનાકી તીરે;
હરિ એની રૂપ રમીક છબી ન્યારીરે, લટકાળો૦ ૧
હરિ શામળીએ કહ્યું સાનમાંરે;
હરિ મારા પ્રાણ થકી ઘણા પ્યારારે લટકાળો૦ ૨
હરિ હરીભટના હરીએ કર્યું કામણુ;
હરિ મારી શુધબુધ સરવે વિસારીરે. લટકાળો૦ ૩

## ગરબી ૩ જી.

હારે મારા સમ કાલે મળજે;
હારે પેલું વચન બોલ્યા તે પળજોરે. મારાં૦ ૧
હરિ રસ્તે આળ ન કરીયે વહાલા,
હારે મારી સાચી વાત સાંભળજોરે. મારા૦ ૨
હરિ ઘણી પ્રીત કર્યા પછી ગીરધર:
હારે પેલા લોક ડરાવ્યા ન ડરજોરે. મારા૦ ૩
હારે હરીભટના હરી છો હજુ કાચા.
હારે તે માટે પાછા વળજોરે. મારા૦ ૪

## ગરબી ૪ થી.

હારે જુમનાની તીરે વહાલો.
હારે જીવણને જોવા ચાલોરે. જુમ૦ ૧
હારે જુમનાની તીરે વાહાલો ધેન ચરાવે.
હારે મોરલી બજાવે નંદલાલોરે. જુમ૦ ૨
હારે ઘણે દહાડે ઘેર આ૦ાા નહીરે જાવા દેઉ,
હારે મટે મનખા દેહીનો લાહોરે જુમ૦ ૩
હારે હરીભટના હરી છો રંગરશીયા
હારે મારા રૂદયકમળમાં વશીયા. જુમ૦ ૪

## ગરબી ૫ મી.

હારે ચાલો ચતુર કાંઇ લાજો;
હારે તમે આવી અમને શું બાઝોરે ચાલો૦ ૧
હારે વળગ્યા ન કરો વહાલા
હારે તમે શોર કરો શીદ ગાઝોરે ચાલો૦ ૨
હારે દેખે દુરીજન થાઓ સમજણા;
હારે અમે લાજીએ ને તમે લાજોરે. ચાલો૦ ૩
હારે હરીભટના હરીને ન કરીએ હુંકારા;
હારે માટે હેત ઘણેરાં અમને દાઝોરે. ચાલો૦ ૪

## ગરબી ૬ ઠી.

હારે મોહન મળતા નથી હમને:
હારે વાલા આમ શું આવ્યું તમનેરે મોહન૦ ૧
હારે હું તો ઘેલી થઇ ઘર ધંધો ભુલી,
હારે આ તનમન સોંપ્યું તમનેરે. મોહન૦ ૨

હારે પ્રભુ વિરહે આકુળ વ્યાકુળ થઇ છું,
હારે માટે મળજો રાતના અમનેરે. મોહન૦ ૩
હારે હરીભટના હરી મળો તો,
હારે નહી તો પ્રાણ તજુ હું પલમેરે. મોહન૦ ૪

## ગરબી ૭ મી.

હારે વિઠલ માં વળગો હમનેરે
હારે પ્રભુ લાજ નથી કંઇ તમનેરે. વિઠલ. ૧
હારે સઉ સખીયો ગઇ મુજને રોકી;
હારે રહો પરા કહું હું તમનેરે. વિઠલ૦ ૨
હારે ઘેર જઇ સહુ સખીઓ કહેશે,
હારે તેની બીક ઘણી છે હરી મનમારે. વિઠલ૦ ૩
હારે હરીભટના હરી આજ જવાદો;
હારે વાલા કાલે મળીશ હું તમનેરે. વિઠલ ૪

## ગરબી ૮ મી.

હારે મોહનની મોરલી વાગી;
હારે હું તો ભરનિંદ્રાથી જાગીરે. મોહન૦ ૧
હારે મેં તો ઘરમાં સઉ નીંદ્રામાં મુક્યાં
હારે ગઇ સખિને મળી જાગડભાગીરે. મોહન૦ ૨
હારે વાલો પ્રેમ ધરીનેરે રાસ રમાડ્યા,
હારે મારા ભવની ભાવટ ભાગીરે. મોહન૦ ૩
હારે હરીભટના હરીયે દીધાં દરશન,
હારે મારી વ્રેહની વેદના ત્યાગીરે.

# ગરબીઓ.

## ગરબી ૧ લી.

મારા મન ગમતા મહારાજ, મારે ઘેર આવોરે;
હું તો તલસુ તમારે કાજ, હસીને બોલાવોરે. ટેક
વીલમ ન કરશો વિઠલારે, આવો અમ ઘેર આજ
પેરપેરનાં પકવાન પકાવું, ત્રીકમ તારે કાજ. મારે૦ ૧
મનમાં હતું જે માવજીરે, મુખથી કેમ કેહેવાય;
આવી શકો તો આવજોરે, મારૂં જોતામાં જોબન જાય. મારે૦ ૨
આ જોને આગણીએ ઉભારે, રંગીલા રણુછોડ;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, પુરો મારા મનના કોડ. ૩

## ગરબી ૨ જી.

જેને પેહેડો તે પરઘેર જાય, સખી શું કરીએરે;
અમથી એકલડાં ન રહેવાય, વિજોગે મરીએરે.
રૂપ જોતંતા રશીયો રૂડો પરાણે કરે છે પ્રીત;
અણુતેડયો આગણીએરે આવે, એની એની રીત. સ૦
બોલાવ્યો બોલે નહીરે કોને કહીએ પેર;
શેરડીએ સામો મળેરે, વાલો નીચાં તે ઢાળે નેણ. સ૦
છળભેદ છાના રમેરે, અમને વાયદે વાય;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી. વાલા અરથ પડે ઓળખાય. સ૦

## ગરબી ૩ જી.

જાઓ જુઠડા બોલા કહાન જાણીજી જાણ્યારે;
એવા ધુતારાના ઢંગ, પરઘેર માણ્યારે.

વાર જોવંતા રજના વીતી, આવ્યા ઉગમતે સુર;
કામણગાર્યા કાનજીરે, વાલે અમને વિસાર્યા છે દુર જા૦
પરનારી શું પ્રીતડીરે, કીધી ઠામેઠામ;
અહીં આવીને શું કરેરે, જેના ઘેર ઘેર હોય વિશ્રામ. જા૦
કોઇ મંદીરમાં કાનજીરે, કીધી લીલા લહેર;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, મેં તો જાણી તમારી પેર. જા૦

## ગરબી ૪ થી.

મને કૃષ્ણ જોયાના કોડ. સહીયર ચાલોરે
રૂખીઆજીને લાગુ પાય, હરીવર આલોરે;
દેરે દેરે દીવા કરૂંરે, પુજું શંકર દેવ,
શામળીયો વર પામવારે, હું તો કરૂં શંભુની શેવ. સ૦
ગોકુળની ગોવાલણીરે, હીંડે મલપતી ચાલ;
એના ઉપર મોહન મોહી રહ્યારે એનું મુખડું તે લાલગુલાલ.સ૦
સાસુ મારી જસોમતીરે, સસરો શ્રી નંદરાય;
કંથ કોડીલા કાનજીરે, મારૂં સાસરૂં ગોકુળ ગામ. સ૦
કાળદ્રોને કાંઠલેરે, નહાતા નીરમળ નીર.
વસ્ત્ર તે વિઠલો હરી ગયોરે, હું તો શેણેરે ઢાંકુ શરીર. સ૦
ગાય શિખેને સાંભળેરે રાણી રાધાજીનો રાસ;
નરનારી વૈકુંઠ પામશેરે, ગુણ ગાયે નરસઈનો દાસ. સ૦

## ગરબી ૫ મી

તારી મોરલીએ મહારાજ, મન હરી લીધારે;
મારી ગઇ છે સુધને સાન, કામણ કીધારે.
સાંભળતામાં સુધબુધ ભુલી, ને તનમન વ્યાકુળ થાય;

પુત્ર પતિ પરિવાર સઉકો, મને મંદીર ખાવા થાય મ.
અંતરમાં વ્યાકુળ થયારે વિસરે ભોજન પાન;
અવળાં આભુષણ પેહેરીઆરે મે તો નેપુર ઘાલ્યાં કાન, મ
નેત્રે કાજળ સારીયાં, સિંદુરે નયણે રેખ;
એકાએકથી ઉતાવળીરે નિસરી આવી તે દેખાદેખ મ.
સનમુખ આવી ઉભા રહ્યારે, નયણે નિરખ્યા નાથ;
લક્ષ્મણના સ્વામીને રંગે રમતાં, મેં તો હરખે જોડયા હાથ મ.

# ભાગ છઠ્ઠો.

## રાસલીલાઓની ગરબીઓ.

### ગરબી ૧ લી.

(જગમાં તે ડરેરે જગતમાં જે જન બોલે જુઠું—એ રાગ )
વનમાં લેઈ જઈરે, મુજને મુકાવી કાનુડે. ટેક
આંખતણે અનસારે મુજને, સાન કરી સમજાવી,
મેં જાણ્યું આજ રજની રમવા હેત કરી બોલાવી વન. ૧
મંદીરથી હું બહાર નીસરી, આવી એની પાસે
કર ઝાલી મુજને લેઈ ચાલ્યો જાણ્યું કંઇ લઇ જાશે. વન. ૨
અઘોર વનમાં ઉભી રાખી, કહ્યું ખાવા કંઇ લાવું;
સામગ્રી બહુ ભાતભાતની જલદીથી લેઇ આવું. વન. ૩
એમ કહી આ મારગ ચાલ્યો, બોલ્યા વેણુ રસાળું;
વાટ જોતામાં રાત પડી ગઇ, ઉભી રસ્તો નીહાળું. વન. ૪
વન ગાજેને ઘોર અંધારી, ચાલે વીજળી ચમકે;

હું ગભરાણી કાંઇ ના સુઝે; કાળજડું મારૂં ફુટકે; વન. ૫
દાદર મોર બપૈયા બોલે, ઝરમર મેહુલો વરસે;
વનવગડામાં હું એકલી, પિયુ વિના જીવ તલસે. વન. ૬
વેહેની જવાળા શરીરે વ્યાપી, તેથી થઇ હું ઘેલી;
એક દુઃખમાં બીજું થયું બાઇ વરસાદે કરી હેલી. વન. ૭
ચાર પોહોર રાતે અથડાણી, ના રહી દુઃખની બાકી;
મયારામના પ્રીતમ સારૂ, ફરી ફરી હું થાકી. વન. ૮

## ગરબી ૨ જી રાગ ઉપરનો.

હું તો એકલીરે, મુજને અંધાર વનમાં મેલી. ટેક.
ગભરાણી મારગ ના સુઝે, અકળાયે જીવ જાશે;
અરે હરિ તેં આ શું કીધુ પુંઠે વાતો થાશે. હુંતો. ૧
વેરણ મારી માવડી, મુને પેલેથી ના મારી·
ઉછેરીને મોટી કરી, ત્યારે સંગ થયો ગીરધારી. હુંતો. ૨
ત્યારે મુજને વનમાં લાવ્યા આ સુખને હું પામી;
કોની આગળ કરૂં વારતા, દુઃખની ના રહી ખામી. હુંતો. ૩
શું કરૂં હવે કોની પાસે, જઇ વિસામો ખાવું;
રેણી નીરગમી રવી પ્રગટ થાયે, મારગ ચાલી જાવું. હુંતો. ૪
શું જાણું એ ક્યાં ગયો, મુને વન વગડામાં મેલી;
મુજ સરખી રસ્તે મળી કોઇ સુજડનાર અલબેલી. હુંતો ૫
તેની વાંસે ગયો હશે એ કપટી કુંજવિહારી;
માયારામનો પ્રિતમ પ્યારે, થઇ ગયો વ્યભીચારી. હુંતો. ૬

## ગરબી ૩ જી.

મુજને ઠગો કયોરે પેલા નંદજીના છૈયે; ટેક.
માત તાતનું કહ્યું ન માન્યું ન કરયું કોઇનું વારયું;

અઘોર વનમાં તેડી લાવી કરયું પોતાનું ધારયું. મુજ. ૧
મારાથી છળભેદ કરીને, ક્યાં ગયો શું જાણું;
રાતદિવસ વનમાં આથડવું, ધીરજ કેઇ પેરે આણું. મુજ. ૨
અરે વીશ્વંભર આ શું કીધું. કેઇ નારે ભરમાવ્યો;
વ્હાલપણામાં વેર કરીને, ગયો તે પાછો નાવ્યો. મુજ. ૩
તેનો શોચ ઘણોરે મુજને, મનમાં સમજી રહીયે,
સુખ દુઃખ કરમે ભોગવવું. તે કોની આગળ કહીએ. મુજ. ૪
શાને કાજે વેરી થઇને આ વનમાંય ભમાવી;
રસ્તે દુઃખ પામું ઘણું, એને દયા કાંઈ નાવી. મુજ૦ ૫
એવો નિર્દય થઇ ગયો, એને શીખામણ કોણ આપે;
શોક સમુદ્રમાં હું પડી, મારૂં કાળજડું કાપે. મુજ૦ ૬
હે પરમેશ્વર કહું છું તમને, મ્હારે તે શું કરવું;
અકળામણ આવે ઘણી, આ જીવ્યાથી ભલું મરવું. મુજ. ૭
એક વિચાર મનમાંય કરૂં, જઉં વંદ્રાવનની વાટે;
મયારામનો પ્રીતમ મળશે, જમુનાજીને ઘાટે. મુજ૦ ૮

ગરબી ૪ થી.

કાનો ક્યાં ગયોરે, અહિઆં કોણ અમારૂં બેલી. ટેક.
બીક ઘણેરી લાગે મુજને, નીદ્રા નાવે જાગું;
ગિરીવરધારી કુંજવિહારી, ચરણે એને લાગું. કાનો૦ ૧
શ્રી નારાયણ શ્રી પુરૂષોતમ વારે મારી ધાજો;
આ વનમાં અંધારી રાતે, સહાય આવીને થાજો. કાનો૦ ૨
રૂદન કરતાં રવિ પ્રગટ થયોને લાગી તાલાવેલી,
ઘેર જતાં ઘરનાં સૌ પુછે, ગયતી ક્યાં એકેલી. કાનો૦ ૩
કસુંબે રંગેલી તારી, સાડી અરણ્યાં ચોળી.

વરસ દે ભીંજાઇએ આવી, મને રંગમાં રોળી, કાનો૦ ૪
તે માટે હું ઘેર જઉં કયમ, એક દશા નવ સુજે;
કોની આગળ કરૂં વારતા, શરીર થરથર ધ્રુજે. કાનો૦ ૫
એવામાં એક નારી દીઠી, મહી વેચવાને જાતી;
ઉભી રહે બાઇ મારા સમ તુજને, દોડે છે મદમાતી કાનો૦ ૬
કરજોડી તુજને પુછુંછું, ખબર હોય તો કેહેને:
નંદજીના કુંવરની મુજને ભાળ બતાવો દેને કાનો૦ ૭
હા બાઇ મેં હમણાં દીઠો તો કદમખડીની પાસે:
મયારામનો પ્રિતમ તુજને, જલદી ભેગો થાશે. કાનો૦ ૮

ગરબી ૫ મી.

હું તો ઘેલી થઇરે, પેલા કાનુડાને સંગે, ટેક૦
સયર મારી શું કહું તુજને દીલડાં કેરી વાત;
સાન કરી મુજને તેડી ગયો. મંદીરમાં મધરાત. હું તો. ૧
શું જાણું એણે શું કીધું, શું મુજને ખવડાવ્યું;
શું ચેટક લગાડયું મુજને, તેમાં ચિત ભરમાવ્યું હું તો. ૨
ને દહાડાનું મનડું ફટકયું, કો આગળ જઇ કહીયે;
અહરનીશ સમરણ કરૂં એનું એ વિના કયમ રહીયે. હું તો. ૩
પ્રથમથી સૌ વાતો કરતાં, છે કાનુડો કપટી;
મુજને ભોળવી ભુરકી નાંખી, તેમાં ગઇ હું લપટી. હું તો. ૪
નાત જાત મરજાદ તજીને, કોઇની બીક ન આણી;
કામકાજ ઘરધંધો ભુલી, લાલચમાં લોભાણી. હું તો. ૫
એની સારી વાત સાંભળી, કોઇ દયા મન લાવો;
હરેક રીતે એને સમજાવી મંદીર તેડી લાવો. હું તો. ૬
તો એની સંગે રમીને, દુઃખડાં મારાં વારૂં;

ચટક મારા મનનું દુર થઇ, સુખસાગરને પામું. હું તો. ૭
તુજને મોકલું એ નહિ આગે, એનો નહી વિશ્વાસ;
મયારામના પ્રિતમ વિના, હુ ઘણી થઇ ઉદાસ. હું તો. ૮

ગરબી ૬ ઠી

મુજને દગો કરીરે, પેલો કયાં ગયો કાનુડો. ટેક.
પેહેલેથી મુજને હેત દેખાડી, કપટ કરતો વાતો.
મુજ સરખો અલબેલો મુકી, પરમંદીરમાં જાતો. મુજ. ૧
આડું અવળું ઘણું હું ધારૂં, કંઈ ન ફાવતો લાગ;
તહારા સમજી દેખું વાટમાં, ઉતારી લેઉ પાઘ, મુજ૦ ૨
શી એમા એની તે શોભા કરતો નથી વિચાર;
દુરિજન વ્રજના લોક જાણશે હાંશી કરસે વ્રિજનાર મુજ૦ ૩
જો મારે મંદિરે આવે. કરજોડી રહુ ઉભી;
કોઈ સોકયે એને ભરમાવ્યો, શા વાકે મુને દુભી. મુજ૦ ૪
એના મનનું હારદ સમજી, વળતો ઉત્તર આપુ;
શા માટે નગણો થઇ બેઠા, તનમન એને સોંપુ, મુજ૦ ૫
માટે જઇ કહેજે કાનાને, થઇ રહેજે હુશીયાર;
લોક લાજની ગરજ હોય તો મળજે એકજવાર; મુજ૦ ૬
મારા મનમાં એવું આવે, એના ઉપર મરીએ;
નહી તો જોગ ધારણ કરીને વંદ્રાવનમાં ફરીએ. મુજ૦ ૭
બેહેની મારી વાત સાંભળી; કોઇ દયા મન લાવો;
હરેક તરેહ એને સમજાવી, મંદીરમાં તેડી લાવો. મુજ૦ ૮
એને શીખામણ દેઇ સમજાવે, તેની થઈ રહુ દાસી;
મયારામના પ્રિતમની આ વ્રિજમાં થાશે હાંસી. મુજ. ૯

## ગરબી ૭ મી.

( રાધીકાજી શ્રીકૃષ્ણને શોધે ને રાસલિલાનું સુખ સંભારે છે. ને છેવટે શ્રી કૃષ્ણનો સમાગમ થાય છે. )

વનમાં ભુલી પડીરે, પેલો કયાં ગયો કાનુડો. ટેક.
ઝરમર ઝરમર મેહુલો વરસે, પુરણ કીધી છે હેલી
અંધાર વનમાં મુજને મેલી, ત્યાં કોણ અમારૂં બેલી વન૦ ૧
ગોકુળ ગામની ગોવાલણી, સહુ મહી વેચવાને ચાલી
મારગ મળીયા માવજી, ત્યાં રોકી રાધે પ્યારી. વન૦ ૨
મારગ મળીયા માવજી, મને રોવા સરખી કીધી
માથા ઉપરની મટુકી મારી, ફુલાળોને લીધી વન૦ ૩
જસોદાજી લાલ તમારો, આડાઅવળો ચાલે
સોળ સહસ્ર ગોપીમાં, કાનજી, એમને માને ત્યાં મ્હાલે વન૦ ૪
આગળ પાછળ મેહેલ તમારા, વચમાં અમારી મેડી,
અગાશીમાં અમેજ રમતા સાન કરી શીદ તેડી. વન૦ ૫
મોર મુગટ ને કાને કુંડળ, હરખે વાગે તાળી
આગળ પાછળ ગોપી નાચે મધ્ય નાચે વનમાળી વન૦ ૬
ભમરી ખાતાં સુંદરજીએ, એવી માયા કીધી;
હરી તો અંતરધ્યાન થયા; એક સખી સંગાથે લીધી. વન૦ ૭
પુરસોતમને પગલે પગલે, જોતી જોતી જાઉં,
નારાયણનાં દરશન વીના હું, આકુળવ્યાકુળ થાઉં. વન૦ ૮
જોતામાં એક અબળા દીઠી તેને પુછી વાત;
રાધા કહે અભિમાન આવ્યું તારે તજ્યો અમારો સાથ. વન૦ ૯
ઝાડે ઝાડે જોતી ચાલુ, જઇને ઝાલું હાથ
તમાલ જાણી શ્રીકમળજીએ પ્રેમે બીડી બાથ વન૦ ૧૦

વંદ્રાવનની કુંજગલનમાં, મળીયાં રાધે પ્યારી
મયારામના, પ્રિતમ મળતા, વેળા અમારી વાળી    વન. ૧૧

ગરબી. ૮ મી.

(રાધા કૃષ્ણને સમાગમ થયા પછી રાધા શ્રીકૃષ્ણને કહે છે.)

વાલમે ક્યાં ગયાતારે સાચું બોલો મારા સમ    ટેક.
છેતરપંડી કરી મુજ સાથે; મેં અવગુણ શો કીધો
સાચું બોલો કુંજબીહારી, કેને સંગે લાવો લીધો.    વાલ. ૧
તમારે સ્નેહે બંધાણી છેક માયા ઉતારી

મુજ સરખી અલબેલી મુકી કોણ મળી ધુતારી    વાલ. ૨
હું અરોમો પુરણ રાખી તમ સાથે લોભાણી
આ વ્રિજની નરનારીમાં હું, થૈ ગૈ ગવાણી    વાલ. ૩
વેણુ વગાડી મોહ પમાડ્યાં સરદ પુનમની રાતે;
હેત દેખાડી વાલમ અમને, રાસ રમાડ્યાં ખાંતે    વાલ. ૪
એવું સુખ આપી દુઃખ દીધું, શા માટે મોરારી
હું અબળા નીરમળા રહું છું કેમ દીધી વિસારી    વાલ ૫
વાટ તમારી જોતાં જીવણ, ચો દીશે જોઉં ન્યાળી;
બાર વન ચોવીસ ઉપવનમાં, દીઠા નહી વનમાળી.    વાલ. ૬
જેવું હેત તમારૂં હૈયે; તેવું મારૂં જાણો;
તો પછી કેમ મળતા નથી, સુખ કોની સંગે માણો.    વા૦ ૭
એમ કહી કંઠે કર નાખ્યો, શીદ કરો છો હાંસી;
મયારામના પ્રિતમની હું થઇ રહી છું દાસી    વાલ. ૮

ગરબી ૯ મી

ગીરધર લાલજીરે, મારી ગાવલડી સંભરાવો    ટેક.
સાંજપડે મભારી લાવો, આડે રહી દેવરાવો

દુધ ભાતમાં સાકર ભેળું વાળું કરવા આવો ગીર૦ ૧
વ્હાણાને પહોર વહેલા ઉઠી, શીર વલોણું સાવા
ઘી તાવણીમાં લોટ સેકાવું, ખાંડ ભેળીને ખાવા ગીર૦ ૨
ઘરમાં નથી કોઈ ન્હાનું મોટું, કોઈની બીક ન ધરીએ
એક રાતવાસો આવો તો બોલાચાલી કરીયે ગીર. ૩
ગોવાળીયાને ગર્વ શો છે જે તેડે ત્યાં જઈએ
નરસઈયાનો સ્વામી મળે તો સૌ વાતે સુખીયાં થઈએ ગીર. ૪

## ગરબી ૧૦ મી ( વાંસળીનાં આહેરીયાં )

ધુતારા ધરણીધર તારી વાંસળીરે લોલ
વાંસળીએ કંઈ ઘેલું કીધું ગામજો ધુતારા૦ ટેક.
સખી ન્હાતાં ધોતાં દોહાતાં વલોવતાં નીસર્યાંરે લોલ;
ઢળતાં પડતાં રડતાં મુક્યાં બાળજો ધુતારા૦ ૨
સખી આ શું સમરો જોઈ જોહાણી નવ રહ્યાંરે લોલ
કંથજીને રડતી મુકી રીસજો ધુતારા૦ ૩
સખી મધરાતે મોહનજી બેઠા કદમ ચઢીરે લોલ;
ગોપીજનનાં હરીયાં છે કંઈ ચીરજો. ધુતારા૦ ૪
સખી અવળાં વસ્ત્રને અવળાં આભુષણ પહેરીયાંરે લોલ
કાન તણાં લઈ કેડે ચાલ્યા કાપ જો ધુતારા૦ ૫
સખી રામકૃષ્ણ પ્રભુ ભલે પધાર્યા શેરીએરે લોલ;
ગોપીજનના પુરી છે કંઈ આશજો. ધુતારા૦ ૬

## ગરબી ૧૧ મી.

હસવા સરખી હરીશું મારે ગોઠડીરે લોલ;
હસવા સરખું વ્રજમંડળ શુભ ધામજો હસવા૦ ટેક.

સખી નાહાતાને ગાતારે ગુણ ગોવીંદનારે લોલ,
હસવા સરખું વંદ્રાવન શુભ ગામ જો. હસવા૦ ૧

તીરથ મારે તીરથ ન્હવરાવનુંરે લોલ,
પીવું મારે પ્રેમતણું રસપાનજો. હસવા૦ ૨

પ્રિત હમારી નંદના નંદકુંવરશુંરે લોલ,
જાત હમારી ભુધરશું ભજનીજો હસવા૦ ૩

રામકૃષ્ણ પ્રભુ ભલ પધાર્યા શેરીયેર લોલ:
ગોપી સઘળી ગુણ તમારા ગાયજો. હસવા૦ ૪

## રાસલીલાની સાખીઓ.

રૂડી શરદપુનમની રાતર, સુંદીર વેણુ વાગે વેણુ વાગે,
મારો વાલોજી રમીયા રાસરે, સંદીર વેણુ વાગે ૧

વાલે નટવર ધરીયા વેશરે સંદીર૦
એના ઘુઘરીઆળા કેશરે. સુંદીર. ૨

ગોપી અની કિતાનળા આવીરે મંદીર
મોતી મુક્તાફળેઝ વધાવેરે. સુંદીર. ૩

દેહીની શુધબુધ સઘળી વિસારીરે સુંદીર૦
નયણે નીરખ્યા ! શ્રી વનમાળીરે. સુંદીર. ૪

ગોપી આવ્યા તે પુરણ પ્રીતેરે સુંદીર;
જઇ મળીયાં તે રંગની રીતેરે. સુંદીર. ૫

### સાખી.

કેમ આવ્યાં તજી ધામની, એમ બોલ્યા જુગલકીશોર;
અરધી નીશાએ વનમાં આ વેળાએ ચાલે ચોરરે,

કામની કેમ આવ્યાં કેમ આવ્યાં;
આ વનમાં તે શું છે કામરે કામની૦
તમો જાઓ તમારે ધામરે. કામની. ૧
સહુ લોકમાં તો કલંક થાશેરે કામની૦
આ ધર્મ તમારો જાશેરે. કામની. ૨
તમો ઘરતાં તજી સહુ કામરે કામની૦
સ્વામી સુતા મુકીને ધામરે. કામની૦ ૩
શ્રી વલવ પ્રભુજી એમ કહેશેરે કામની;
પ્રભુએ તમને ભોજન તજાવીયાં, અને તજાવ્યો સંસાર ૪
પ્રભુ તમોએ વનમાં તેડીયાં, પ્રભુ તમો કરોછો તુચ્છકાર;
શ્રી નંદલાલા નંદલાલા.
તારી છેલાઇ જોઇને હું તો થાકીરે શ્રી નંદલા૦
પ્રભુ આવ્યાં તમારા કાજરે. શ્રી નંદલા. ૩
મને આલો આનંદ રસ દાનરે શ્રી નંદલા૦
મને લાગ્યું તમારૂં ધ્યાનરે. શ્રી નંદલા. ૪
હમે શરણ આવ્યાં તહારીરે શ્રી નંદલા૦
એ મોરલી સુણીને બીહારીરે. શ્રી નંદલા. ૫

## સાખી.

વચન સુણી વ્રજનારનાં, થેઈ થેઇ રમીયાં રાસ;
રૂમઝુમ વાગે ધુઘરી, વ્રજ સુંદરીની પુરી વાલે આશરે;
શ્રી ગીરીવર ગીરધારી ગીરધારી,
વ્રજ સુંદરીની સંગે વાલો ડોલેરે, શ્રી ગીરી૦
મુખે જે જે તે શબ્દ બોલેરે. શ્રી ગીરી. ૧
મુખે ગાયને લે છે તાળીરે, શ્રી ગીરી૦

એક એકની વચ્ચે હાથ ઝાલીરે. શ્રી ગીરી. ૨
કાર્હની સખિ તે વેણુ ગુંથેરે શ્રી ગીરી૰
કોઇ સખી અધર રસ લુંટેરે. શ્રી ગીરી. ૩
ત્યાં નેમનાથ રહે છે ગંભીરરે શ્રી ગીરી૰
જુવે તેનું મન થાય સ્થીરરે. શ્રી ગીરી. ૪
સહુ દેવતા ત્યાં જોવાને આવેરે શ્રી ગીરી૰
તે તો પુષ્પ થકી વધાવેરે. શ્રી ગીરી. ૫
ત્યાં ચંદ રહ્યો છે કર જોડીરે શ્રી ગીરી૰
શું વરણવું બુદ્ધિ થોડીરે. શ્રી ગીરી. ૬
પ્રભુ મુખે તે મોરલી ધરી છેરે શ્રી ગીરી૰
ખટ મહિનાની રજની કરી છેરે શ્રી ગીરી. ૭
સહુ રાસ રમીને આવ્યાં ઘેરરે શ્રી ગીરી૰
તેની કોઇએ ન સમજી પેરરે શ્રી ગીરી. ૮
ધન્ય ધન્ય આ વ્રજની ભુમીરે શ્રી ગીરી૰
જુએ તેનું લોચન રહે લોભીરે. શ્રી ગીરી. ૯
ધન્ય ધન્ય આ વ્રજની નારીરે શ્રી ગીરી૰
રાસ ક્રીડા કરે શ્રી મોરારીરે. શ્રી ગીરી. ૧૦
જે ગાય શીખે આ રાસરે શ્રી ગીરી૰
તેહેની શ્રીકૃષ્ણ પુરે આશરે. શ્રી ગીરી. ૧૧

## દાણલીલા ૧ લી.

રાધા–પાલવડો મેલો મોહનજી, મારગડે મને જાવા દો;
આવતાં આપીશ દાન તમારૂં, મહી મારૂં વેચાવા દો. ૧
શ્રીકૃષ્ણ–વેચંતાં તને કોણ ખાળે છે, સાંભળને રાધે પ્યારી;
મહી ગોરસનું દાણજ દોની, વહેલી થાને વ્રજનારી. ૨

રાધા—નારીને તું ના બોલાવીશ, છાનો રહેને છોગાળા;
 કહેણુ રાજ છે કંસરાયનું, ગઉ ચારતા ગોવાળા. ૩
શ્રીકૃષ્ણ—હું ગોવાળીયો તું ગોવાળણી, ફરી ગમે તો આવજે;
 કંસ સરિખા સો હિમાયતી, સાથે તેડી લાવજે. ૪
રાધા—તેડી લાવું દો મને જાવા, રોકી રહ્યા છો વ્રજનારી;
 રૂગનાથના સ્વામી શામળીઆ, ઘેલા દીસોછો ગીરધારી. ૫
શ્રીકૃષ્ણ—ઘેલોછું પણ દાન નહી મુકું, દોકલડો એકે ઓછો;
 ગીરધારીએ ગોકુળ વાસ્યું. ઇંદ્ર કરતાં કૃષ્ણ મોટો. ૬
રાધા—મોટોછું ત્યારે મધુરાં મેલી, અડધી રાતે શું આવ્યો;
 પરઘેર રહી તારૂં પેટ ભરતો, તને દાણી કોને કહાવ્યો. ૭
શ્રીકૃષ્ણ—વાંકા બોલી વાર કરે છે, કેહે તો હૈયાનો હાર તોડું;
 દાન દધીનુ દેરે અબળા, નહી તો માથાનું માટ ફોડું. ૮
રાધા—હાર નહી તુટે માટ નહી ફુટે, નવા નગરમાં પુછાશે;
 રૂગનાથના સ્વામી શામળીઆ, કહો ગોકુળ કેમ રહેવાશે ૯
શ્રીકૃષ્ણ—ગોકુળ રહો કે જાઓ અત્યારે, દાન દધીનુ નહી મેલું;
 ચીર હર્યાં તે ગયા વિસરી, કાનડીઆ કારણ પેલું. ૧૦
રાધા—નંદ તણે ઘેર નવલખ ગાયો, નોહોતું ને ધન ફાવ્યું છે;
 માતા તારી મહી વેચતી, હમણાં રાજ આવ્યું છે. ૧૧
શ્રીકૃષ્ણ—હમણાં હમણાં કરતી રહેજે, મેણાં દેતી મહીઆરી;
 ધુર્તપણામાં છું ધુતારી, ઠગપણામાં છું ઠગારી. ૧૨
રાધા—તું ઠગારો તારી માનો પાળેલો, તારી માને મેણાં દેવરાવે;
 રૂગનાથના સ્વામી શામળીઆ, ઝાઝું તે શું કહેવરાવે. ૧૩
શ્રીકૃષ્ણ—કહ્યા પ્રમાણે લેતો નથી, પણ તું મોઢું નથી રાખતી;
 અમો છીએ રાજા મહારાજા, અમને નથી ઓળખતી. ૧૪

રાધા—ઓળખું છું તું આવ્યો નાશી, મહાવનમાં તું છાનો છું;
જાદવકુળ મધે જન્મછે તારો, નંદ તણે ઘેર નાનો છું. ૧૫
શ્રીકૃષ્ણ—માતા જસોદા મોટાં બડભાગી, તેના અમો છીએ
અધિકારી.
મોટા મુનિવર મર્મ ન જાણે, ગોકુળવાસીએ ગઉચારી. ૧૬
રાધા—ગઉચારી ગોપી ઘેર વળતાં, અમને તમે ઓધાર્યાં;
રૂગનાથના સ્વામી શામળીઆ, તમે જીત્યા અમે હાર્યાં. ૮૭

## દાણલીલા ૨ જી.

રાધા—તમે અજાણ્યા અમે જાણીએરે,
મારો પાલવડો નવ તાણીએરે;
તમે સમજી રહો મન માંહિયે,
શામળીયા વાલા રહો વેગળારે. તમે વાલા રહો. ૧
શ્રીકૃષ્ણ—નારી શું સમજાવે મુજનેરે,
હું તો નહીરે જાવા દઉં તુજનેરે;
તારી મરડીને રાખીશ બાંહ્યરે,
મહીયારી રાધા દો દાણશુંરે. તમે રાધા. ૨
રાધા—અલ્યા બાળ શું મરડે વીઠલારે,
મેં તો તુજ સરીખા ઘણા દીઠલારે;
ઉપર છે કંસનું રાજરે,
શામળીઆ વાહાલા રહો વેગળારે. શામળીયા. ૩
કૃષ્ણ—નારી કંસ થકી શું થાય છે રે,
એવા કંઇ આવે ને કંઇ જાય છે રે;
તારા ઉરના ઉતારીશ હારરે,
મહીયારી રાધા દો દાણશુંરે. તમે રાધા. ૪

રાધા—અલ્યા હાર હઈયાનો ત્રુટશેરે,
મારી મહીની મટુકી ફુટશેરે,
ઘેર સાસુડી દેશે ગાળરે,
શામળીઆ વહાલા રહો વેગળારે. શામળીયા. ૫
કૃષ્ણ—નારી ગાળને આળ તે નહી ચડેરે,
જેહેનું લેણું હોય તે લડેરે;
એવાં દાણ મેલ્યાં કયમ જાયરે. મહીયારી. ૬
રાધા—અલ્યા દાસી તે કંસનો કાળીયોરે,
મથુરાથી ગોકુળ આવીયોરે;
ચારી નંદ તણે ઘેર ગાયરે. શામળીયા. ૭
કૃષ્ણ—નારી ગાય ચાર્યામાં શી લાજછેરે,
એ તો પોતપોતાનું કાજછેરે;
તેનાં મેણલીયાં નવ હોયરે. મહીયારી ૮

## દાણલીલા ૩ ૭.

રાધા—અલ્યા મેણાં માણસને લાગે બહુરે,
સુણો વઢતાં હોય જયાં એક જણરે;
તુને નિરલજને નહિ લાજરે. શામળીયા. ૯
કૃષ્ણ—નારી લાજે તે કાજ નવ સરે,
અહીંયાં બીક તે તું કોની ધરેરે;
આવ મળીયે આપણ જણ બેયરે. મહીયારી. ૧૦
રાધા—એવું નિરલજ મા બોલો શામળારે,
તારા કરના ઉતારીશ આંબળારે;
મુકો મુકોને અમારો હાથરે. શામળીયા, ૧૧
કૃષ્ણ—નારી હાથ મેલું જો તાળદેરે,

અહીંયાં અમલ થાય છે આજારેરે;
માટે દાણના રોકડા મેલરે. મહીયારી. ૧૨

રાધા—અલ્યા નંદબાવાનો તું છોકરોરે,
તારી પાસે નથી પૈસો રોકડોરે.
આવડો કેમ મચ્છર હોયરે. શામળીયા. ૧૩

કૃષ્ણ—નાર વૃશભાનની તું છોકરીરે.
તારી પાસે નથી પણ રોકડીરે,
આવડુ કેમ અભીમાન હોયરે. મહીયારી. ૧૪

રાધા—હું તો વીનતી કરૂંછું ક્યારનીરે,
સ્વામી રૂઘનાથ હારી તમ થકીરે;
મહીનું તે દાણ નવ હોયરે, શામળીઆ૦ ૧૫

## દાણ લીલા ૪ થી.

ગોપી—અલ્યા કાનજી તું ક્યારે ઘેલો થયો જો,
તું તો શેનું માગે છે દાણજો;
મહીની મટુકી મારી ફુટશેજો,
ગોરસની થાશે હાણજો ઘેલું શું બોલે ગોવાળીઆજો. ૧
અલ્યા ન જાણીશ કોઈ બાપડીજો,
કોઇ મળશે માથાફેરી નારજો,
મારગ મુકીને રહેને વેગળોજો.
મારા કંસને થાશે જાણજો. ઘેલું શું બોલે૦ ૨

કૃષ્ણ—તારો કંસ કબુધ્ધિ નર શું કરેજો,
મારી સંગે છે સઘળો સાથજો;
અસી દાહાડી તે દાણ ચોરી જતીજો,

ધણે દહાડે આવી મારે હાથજો;
ઓછી તું જાત આહિરનીજો. ૩
ગોપી—અલ્યા હાથની તે હોંશ રખે રાખતો જો;
હાથે ચારી જાણે છે ગાયજો,
પાલવ મુકીને રહે વેગળો જો.
મારા વ્રિજમાં થાશે જાણુંજો. ઘેલું શું બોલે. ૪
કૃષ્ણ—અલી વ્રિજમાં વસીને વેર વાળશુંજો,
રખે રાખતી હૈયામાં હામજો;
નંદજીના નામ પ્રતાપથીજો,
હું તો છેદુ તારા કંસનો ઠામજો. ઓછી ૫
ગોપી—અલ્યા કંસે કર્યું તે કેમ વીસરેજો,
ભાઇ હણ્યા પોતાના ત્યાંયજો;
નાચીને છુટો લાકડાંજો;
આવી ઉછર્યો છે વ્રજમાંયજો. ઘેલું શું બોલે. ૬
કૃષ્ણ—વળી વ્રિજમાં વસીને વેર વાળશું જો,
તું તો જોજે અમારાં કામજો;
અવનીનો ભાર ઉતારવા જો,
ધર્યું નંદકુંવર ઘેર નામજો. ઓછી. ૭
ગોપી—અલ્યા સાચું કહેતામાં દુઃખ લાગશેજો, .
પેટ માટે ચારે છે ગાયજો;
તું આવડો મોટારે એમાં થયોજો,
તુને કોઇએ ન આપી કન્યાયજો. ઘેલું શું બોલે. ૮
કૃષ્ણ—અલી આહિરની કન્યા અમો હું કરૂં જો,
અમો સદા કહેવાય બ્રહ્મચારજો;

રખે પડછાયા પાડતીજો,
તું તો ધાબળીની ઓઢનારજો          આછી. ૯
ગોપી—અલ્યા લાખ ટકાની મારી ધાબળીજો,
હીરા જડીત્ર મારો છે હારજો;
આછી પટોળી મારે પેરણુંજો,
તું તો કામળીનો ઓઢનારજો, ઘેલું શું બોલે૦ ૧૦
કૃષ્ણ—જેનો બ્રહ્માએ તાણો તાણીયોજો,
એનો શંકર સરીખો વણનાર જો.
તે ઓઢણુ મારે કામળો જો;
તેનો શેષ ન પામે પારજો.          ઓછી. ૧૧
ગોપી—અલ્યા શેષ સરખું તન તારૂંજો,
અમો ચંપકવરણી નારજો
અલ્યા કાચા કનકને કથીર મળ્યું જો,
તું તો પશું તણો પીહારજો     ઘેલું શું બોલે. ૧૨
કૃષ્ણ—તું શાને નિસરી મહી વેચવાજો,
અલી બેશી રહેજે ઘરમાયજો.
દોલત ઘણી છે તારા બાપનેજો;
તું શાને આવે અહિયાયજો          ઓછી. ૧૩
ગોપી—આ વાટે સદા મહી વેચતા જો,
જઇ પુછો જસોદા માયજો,
બાંધી મુઠી સવા લાખનીજો,
ઉઘાડીએ તો પત જાય જો.   ઘેલું શું બોલે. ૧૪
કૃષ્ણ—અલી ઘણી હાઉંસ છે મહી આપવાજો;
મીઠી મેળવણીનો સ્વાદજો;

ફીકું પડશે તો પાછું આપશુંજો,
તું શાને કરે વિખવાદજો. ઓછી. ૧૫
ગોપી—અલ્યા ગોરસ તણું કોણ ગજુંજો,
જેટલું પીએ એટલું પાતજો;
વચને વેર વાધ્યું ઘણુંજો;
કદી મન મેળાવો થાત જો, ઘેલું શું બોલે. ૧૬
કૃષ્ણ—અમે દાણને મશે શું દુભીએજો,
તુંતો ઘણી દીસે છે રીસાળજો;
હસીને તાલી લે હાથમાં જો,
તું પ્રીત ધરીને રસ આપજો ઓછી. ૧૭
ગોપી અલ્યા માગ્યાં મુક્તાફળ પામીએજો,
હઠ કરે મળે નહી એકજો.
લાજ નહી તુને લાડકાજો,
મન આણને કંઇ વિવેકજો, ઘેલું શું બોલે. ૧૮
કૃષ્ણ—અલી વિવેક ઘણો છે મન માહરેજો,
જવા નહી દઉં નીરધારજો,
આપ્યા વિના કેમ છુટશોજો,
તારા મનશું તું વિચારજો, ઓછી. ૧૯
ગોપી—તારા મનનો વિચાર મેં જાણીયોજો,
હઠ શાને કરો છો આપ જો;
મનમાં મન મળી ગયું જો,
જેમ સાકર ભળે દુધમાંયજો. ઘેલું શું બોલે ૨૦
કૃષ્ણ—મીઠાં વચન તારાં માનુની જો
સાકર સરખા બોલજો;

પ્રીતનો બાંધ્યો હુજ પાસ છું જો,
આ આપું તમોને કોલ જો. ઓછી. ૨૧

ગોપી—રાઠ ભાગીને રસ વાધીયો જો,
ગોવાલણી લાગી પાય જો;
નંદજીના કુંવર કૃપાળને જો,
ઉલટ તો અંગે ન માય જો. ઘેલું શું બોલે. ૨૨

જે કોઈ ગાય શીખેને સાંભળે જો,
તે ફરી ન આવે ગર્ભવાસ જો;
દાણ લીલા દીનાનાથની જો;
ગુણ ગાય રતનીયો દાસ જો. ઘેલું શું બોલે. ૨૩

## દાણલીલાની સાખીયો—આહેરીયાં—ગરબીઓ વીગેરે ગોવાળીયાનો.

શ્રીકૃષ્ણ—ઉંચિને અલબેલડી, સાંભળને કહું વાત,
વંદ્રાવનનને મારગ જાતાં, કોણ છે તારી સાથ.
ઉભીરે વ્રિજની નારીરે, પુછું પરણી કે કુંવારીરે;
આંજ્યા વિના આંખડી કાળીરે, બાજુબંધ બેરખાવાળીરે. ૧

રાધા—સાથવાળી તેને ઘેર બેઠી, તારે શી પંચપુછ;
મારગ મુકી રહે વેગળો તારે મોંડે નથી મુછ.
ચાલ્યો, જા પાંસરી વાટેરે સાંખુ નંદરાયને માટેરે;
તું તો ક્યાંનો કાનુડો દાણીરે, પાઉ તને પાંદડે પાણીરે. ૨

કૃષ્ણ—શી છે તારી જાતડી કીયું છે તારૂ ગામ;
કોણછે તારાં માત પીતા શું છે તારૂં નામ. ઉભી૦ ૩

રાધા—આહીરની અમો જાતડી, રાધા છે મારૂં નામ;
ભખુભાણુની હું બેટડી, રાધા છે મારૂં નામ. ચા૦ ૪
કૃષ્ણ—બોલતી નહોતી ને બોલવા શીખી આવડુ બોલી આજ;
વંદ્રવનમાં નીત્ય ફરે તુજને તે શાની લાજ. ઉભી. ૫
રાધા—લાજવાળા છો તે જાણું ઢાંકી રાખો આમ,
વંદ્રાવનનનો મારગ રોકી નીત્ય તપાસો લાગ. ચા. ૬
કૃષ્ણ—ઝાઝાં રાખે મેઢડાં ઝાઝી રાખે ગાય,
છાશ પીને મોટી થઇ ભરવાડની જાત કહેવાય. ઉભી૦ ૭
રાધા—ગોકુળથી આવી ગોવાલણી મથુરાંથી આવ્યો કાન
મારગમાં એકઠાં થયાં તું તો શેનું માગે દાણ. ચા. ૮
કૃષ્ણ—ગોકુળની ગોવાલણી; મથુરાંને મારગ જાય,
આડો કાન ફરી વળ્યો, તારો પ્રીતે પાલવ શાય. ઉ. ૯
રાધા—હમો બેટી ભગુભાણુની રાધા મારૂં નામ.
દાણ લીધા વિના જાવા દેઉં તો, નંદબાવાની આણ. ચા૦. ૧૧
રાધા—આણ તો માનું કંસની, બીજી ન માનું કોય,
નવનંદ મારે નેસડે વસે, તારા નંદ કે કોણજ હોય ચા. ૧૨
કૃષ્ણ—કંસ તારો તે કોણ છે, મેં વશ કીધો સહુ ઠામ.
વિચારીને બોલજો તારી શુદ્ધ ગઇ કે સાન ઉભી. ૧૩
રાધા—શુધ ગઇ નથી માહારી. તારી ગઇ જેમ હોય,
સાંભળ છૈયા નંદના તારે મન વિચારીને જોય. ચા. ૧૪
કૃષ્ણ—મનમાંહે તુ શું વિચારે રાધા દાણ લેવાને સહી,
તારી માને શું કહીયે તને વેચવા મોકલી અહી. ઉ ૧૫
રાધા—આવો ગોપીના વાલા, સાંભળો કહુ તે વેણ.
તારી માને શું કહીયે તારી પાસે ચરાવે ધેન. ચા. ૧૬

કૃષ્ણ—મેણાં બેણાં કરતી રે'જે, મહિયારી મદમાતી,
છાશ પીને દહાડા કાઢે તું તો રંગે થઇ છે રાતી. ઉ. ૧૭
રાધા—કાનજી કાળા ના કર ચાળા મોરલી વાળા,
અડધી રાતે શું નાઠા તમો ભરીને ઉચાળા. ચા ૧૮
કૃષ્ણ—દાણના દોકડા લેઇશું રોકડા બીજી ના કર વાત,
તારે મારે ઝગડો થયો ફોકીશ મહીનાં માટ ઉ. ૧૯
રાધા—દાણના દોકડા આપીશ રોકડા બીજું ન થાયે આળ,
દાણ લીધામાં શું સમજે તું નાનું સરખું બાળ. ચા. ૨૦
કૃષ્ણ—મહીયારી તું મદની માતી હું નાનું સરખું બાળ,
બાળપણું તુજને દેખાડું થાવા દે સંધ્યાકાળ. ઉભી ૨૧
રાધા—સંધ્યાકાળે તું શું બતાવે સાંભળ કાળા કાનરે,
મહી વેચીને આવતાં આપીશ તહારૂં દાણ. ચા. ૨૨
કૃષ્ણ—તું રંગીલી રૂપની રૂડી હું છબીલો કહાન,
મહી ખપે કે ન ખપે તું આપની મહારાં દાણ. ઉ. ૨૩
રાધા—મહિનાં દાણ ના હોય મોહન મનમાં સમજો પેર.
મહી ખાવાનો ખપ હોય તો હરી આવજો મારે ઘેર, ચા. ૨૪
કૃષ્ણ—ક્યારની મેણાં દેઇને કીધાં અદકાં વેર,
હેત કરી તું આપવા હવે લાગે તે કડવાં ઝેર, ઉભી૦ ૨૫
રાધા—હોહો તો હરી ઘેરથી લાવું હોહો તો પાઉં આંય
હિમાના સ્વામી સામળા તમો મનમાં ન લાવશો કાંય.
આવો આવો નંદના છૈયા તમો ગોકુળના મહીયારારે
વાત તો વિચારીને કહીયેરે મારગથી અળગા રહીયેરે. ૨૬

## ગોવાળીયાનાં આનારિયા.

દુધ પીયો જાવા દો અમને શાને રોકો છો વન;
એકલડી વન કેમ રહુ, ધ્રુજે છે મારૂં તન, દુધ૦ ટેક
કુમળી આંગળી મરડાશે, મુકોની મારો હાથ
હું આવી આગળ થકી, પુંઠે આવે સૈયર સાથ. દુધ૦ ૧
દિવસે પરણ્યા પીયુ સાથે ઉભા રહ્યું. નવ જાય;
નંદજીના શામ અળગા રહોને, પરશું કેમ બોલાય. દુધ૦ ૨
પીયુ મારે ચાતુર નથી તે, શું જાણે ભોગની રીત;
તેણે હું પ્રીછુ નહીરે, જે પુરૂષ તેહેની પ્રીત. દુધ૦ ૩
જે રસ જેણે ચાખ્યો નહીરે; તે શું જાણે નેહ,
નેન નચાવો છો ઘણાં, હું પ્રીછું નહી કાંઇ તેહ. દુધ૦ ૪
તમ સરખી હોય તેને ચાહો, મુકોની મારો હાથ,
બાળપણે એવું કરો જે, આગળ વધે લાજ. દુધ૦ ૫
કાલ પીતા પરણાવશેરે, ઉતમ સુંદીર નાર,
પરની ઘર વસે નહી, એ વેદનો વ્હેવાર. દુધ૦ ૬
સુખ ટળે શરીરનું જો, કોઇ શું લાગે મન
ચીંતવ્યું તો નવ પામીએ અતિ દોહોલા દુરીજન દુધ૦ ૭
ચતુર હશે તે જાણશેરે ચતુરાઇની પેર
મેં મન તારૂં ઓળખ્યું અવસરે આવજો ઘેર. દુધ૦ ૮
મારગમાં ન બોલાવીએરે આવતા દેખે લોક,
ભાલણ પ્રભુ રૂઘનાથજી, જુઠાં આળ ચડાવે ફોક. દુધ૦ ૯
જાઓ નંદ ગોવાળીયા, તું શેનું માગે દાણ,
જો તું આવીશ ઢુકડો તો, કંસરાયની આણ. જાઓ. ટેક
ઘેર જઇ પુછ માતનેરે, છાશ વેચંતી કાલ,

દાણી થઇ વનમાં રહ્યો દોની શીખ્યો તું આ ચાલ. જાઓ. ૧
ચાંપણુ ઉપર પાંખડીને અણીયાળાં લોચન.
કરમાં કાળ' કાંબળી કાં નદે મીઠાં વચન. જાઓ. ૨
હાગ માં ગોડીશ એ વહુ તું રાખજે તારો ભાર.
ચંચળ ચાળા કહાન કાળા હું તે તારી નહી નાર. જાઓ. ૩
મેં તને નિરમળ સાંભળ્યોરે વસનો વંદ્રાવન,
અરમે ભોળી ના જાણુતો અતી કઠણ છે મારૂં મન. જાઓ. ૪
પાધરે મારગ ચાલીયેરે, ગોવાળીયાનો સાથ,
ભેલપણું નવ કીજીએ, ભાલણ પ્રભુ રૂગનાથ જાઓ. ૫

---

ઉભી રહે આહેરડી તુ બોલ તાં વાંકા બોલ
તારી આંખડી તે મેં ઓળખારે, અવર નહી દોની તોલ. ઉ. ટેક.
મારગે છોડી અંબોડલોરે હીંડતી મોડામોડ;
શેરી જાઇને ચાલીએ ઘેર કંથ સારે હોય ઉભી૦ ૨
સતી સામું ન ભાળીએરે, નીચું જોઇને ચાલ;
પર પુરૂષથી રહે વેગળી તેની આંખલડી ઓળખાય; ઉભી૦ ૩
આવતાં આવી કામની હું જે માગુ તે આપ;
ભાલણ પ્રભુ રૂઘનાથજી અતર આણી થાપ. ઉભી૦ ૪

---

ઓરો આવરે આહીરડા મેં જાત તારી જાણી ટેક
જુલમ કરોછો જોરાવરારે કંસરાયને કહીશું
નીત ઉઠીને દુઃખ દે છે તારૂં ગોકુળ મુકીને જાઇશું ઓરો૦ ૧
અમે દાણી નંદરાયનારે મન માને તે લઇશું;
કહેજે તારા કંસરાયને હમે ઉત્તર દઇશું; ઓરો૦ ૨
તું સરખા મારે ઘેર ઘણારે અમને પાયે પાણી
તારૂં બોલ્યું સાંખુ હું તો નંદનો કુંવર જાણી ઓરો૦ ૩

પાધરે મારગ ચાલીએરે ગોવાળીયાની સાથ;
છેલપણું નવ કીજીએ ભાલણ પ્રભુ રૂઘનાથ   ઓરો ૪

છબીલા નંદનારે તારી ચાલનો ચટકોજો;
છોરા આહીરનારે તારા મુખનો મટકોજો,   ટેક, ૧
મટકો તારી ચાલનો પીલડી છે કંગરકોર
છુમક છુમક ઘુઘરી બાજે નેનમાં નાચે મોર,   છબી૦ ૨
તાણીને બાધે પાઘડીરે ઢળકાતો મુકે તોર.
શેરીએ લડથડતો હીંડે મુખ મોરલી ઘમઘોર   છબી૦ ૨
મુખ દેખડાવીને મેં ઘેલાં કીધાં જાણે હરખ્યાં ઢોર
ભાલણ પ્રભુ રૂઘનાથજી મારા ચીતલડાંના ચોર   છબી૦ ૪

વ્રખુભાન કેરી બેટી રાણી રાધા છે મારૂં નામ
દધી તણો જો ખપ કરોતો આવજ્યો ગોકુળગામ   વ્રખુ૦ ટેક
લંપટ સંપટ નાથજીરે ટપટીયાળા કાહાન
દધી તણું જો દાન લેશો તો કંસને થાશે જાણ   વ્રખુ૦ ૧
વંદ્રાવનની વાટમાં તમે શાને રોકોછો ઘાટ
તારી માતા તો આવકુ મોટું લેતી મહીનુ માટ   વ્રખુ૦ ૨
રાધા તો દાણ નહી આપેરે તમારૂં શું જોર
પીતા મારો જો જાણશે તો કરશે પાંસરા દોર.   વ્રખુ૦ ૩
સુધરેલ મારગ ચાલીએરે ગોવાળીયાની સાથ;
છેલપણું નવ કીજીએ ભાલણ પ્રભુ રૂઘનાથ.   વ્રખુ૦ ૪

---

કાન—ઘુમટાવાળીરે આંજ્યાવિનાં આંખડી કાળીરે
ઉચીને અલબેલડીરે પાતાળી પરિધાન;
જોબનીયાનું જોર ઘણું હું ઉતારૂં અભિમાન   ઘુમ૦ ૧
ગોપી—ન્હાની વયમાં નામજ કાઢયું લોક કરે વખાણ;

મ્હો ખાય ને આંખડી લાજે માંહોમાંહે શું દાણ;

ચાલ્યો જા પાધરી વાટેરે સાંખુ છું નંદના માટેરે, ચા૦ ૨

કાન—આ ગોકુળમાં ઘણી વસે છે મોટી જાત આહીર;

વ્હેવાર વાતે લજા શાની, છે વઢકણાની રીત. ધુતા૦ ૩

ગોપી—પાધરી વાટે લ્હેરે. જેને હોય એ બાપ;

એ દાણ શું લખાવી લાવ્યો કંસરાયની છાપ ચા૦ ૪

કાન—છાપ તો તારો બાપ કરે છે સેકડો ભખુમાન;

હમો કુંવર નંદરાયના ગણું કંસને ત્રણ સમાન ધુતા૦ ૫

ગોપી—સમજી બોલો શામળારે માગી લ્યો શાં લાડ;

ભીખ માગીને જીવવું માનો પરમેશ્વરનો પાડ ચા૦ ૬

કાન—ગોપી ગાળ દીયો અહંકેરી છે જોરાવરનો જોરો;

ભીખ માગ્યાની પેર કહું તું કાન ધરની ઓરો ધુતા૦ ૭

ગોપી—કાન ધરયાનું કામ શું છે સમજી મનની વાત;

એવો કો દેખતી નથી જે, અટકાડી શકે હાથ ચા૦ ૮

કાન—આવે નારી ઇંદ્રાણી તો જાય મુકી માન;

તારૂં સર્વસ્વ લઉં સુંદરી તો, મારૂં નામ છબીલો કાન. ધુ૦ ૯

ગોપી—૭ વરસનું છોકરડુને ચોરી પીતો છાશ;

સરવસ્વ આપું શામળા, તું આવ મારી પાસ. ચા૦ ૧૦

કાન—તું મદમાતી મહીયારી, હું નિકટ ન્હાનું બાળ;

બાળપણું તમને દેખાડું, થાવા દે સંધ્યાકાળ. ધુતા. ૧૧

ગોપી—વિવાદ કરતાં દિવસ વીત્યો અબળા આકુળી થાય;

પ્રેમાનંદ પ્રભુ જાવા દીયો, ગોપી લાગી પાય. ચા૦ ૧૨

# ઓઢણીનાં આહારીયાં.

વેગળો રહેને વરણાગીયા. ટેક૦

ઉંઢણી લઇને કૃષ્ણ વંદ્રાવન ગયાતાં;
હારે હુંતો શોધી વળી તે નવખંડમાં જીરે વેગળો૦ ૧
હારે અલ્યા મહીની મટુકી મારી ફુટશે
હારે મારી મોતન કેરી લટ તુટશેજીરે. વેગળો૦ ૨
હારે અલ્યા મોહન તારારે ફંદમાં.
હારે મારી દામણી તુટી તે તારા છંદમાંજીરે. વેગળો૦ ૩
હારે મારે લાખ ટકાનું ચીર પેહેરણે
હારે અલ્યા ખેંચ માં ખેંચ માં ફાટશે જીરે. વેગળો. ૪
હારે અલ્યા લાલ છડીરે તારા હાથમાં,
હારે મુને રોકી તે જુમનાં ઘાટમાં જીરે. વેગળો૦ ૫
હારે સવાલાખનો હાર મારી કોટમાં
હારે અલ્યા તાણ માં તાણ માં તુટશે જીરે. વેગળો૦ ૬
હારે અલ્યા દાસ રાધેના સામી રાંકડા,
હારે હું તો મોહી રહી મુછના આંકડાજીરે. વેગળો૦ ૭

---

આજની ઘડીરે રળીયામણી;
હારે મારા વાલાજી આવ્યાની વધામણીજીરે. આજ૦ ટેક૦
હારે સોહાગણ પુરેની સાથીઆ
હારે ઘેર મલપતા આવે તે હરી હાથીયાજીરે. આજ૦ ૧
હારે સખી આબેરા વાસ અણાવીયે,
હારે સોહાસણ ચાર તેડાવીએ,
હારે મારા વાલાજીને મોતીડે વધાવીએજીરે. આજની૦ ૨

હરિ સોહાસણુ મળજો જે ઘડી,
હરિ મારા પ્રભુજી પધારે તે ઘડીજીરે. આજની૦ ૪
હરિ અલ્યા દાસ રાધેના સ્વામી ફાંકડા;
હરિ હું તો મોહી રહી મુછના આંકડાજીરે, આજની૦ ૫

# ભાગ સાતમો.

## દાણ લીલાની ગરબીઓ.

### ગરબી. ૧ લી.

હરિ દાણ માગેરે દાણ માગે;
હરિ તારી મીઠડીના બોલ બાણ વાગેરે. દાણ માગે.
હરિ કોન કીયા મુલકનો સુબો,
હરિ મારા મારગ વચ્ચે ઉભોરે. દાણ માગે૦ ૧
હરિ કોન કિયા મુલકનો રશીયો.
હરિ મારા મારગ વચે વશિયોરે, દાણ માગે૦ ૨
હરિ કોન કિયા મુલકનો દાણી.
હરિ મારી નવરંગ ચુંદડી તાણીરે. દાણ માગે૦ ૩
હરિ કોન કિયા મુલકનો મેહેતો,
હરિ મારા મારગ વચમાં રહેતોરે દાણ માગે૦ ૪
હરિ કોન જળ જમુનાને આરે,
હરિ એમાં કોણ જીતે ને કોણ હારેરે. દાણ માગે૦ ૫
હરિ કોન નથી ચાકર નથી એસા;

હરિ ખાટી છાશમાં શું આવ્યો લેવારે. દાણુ માગે૦ ૬
હરિ મહેતો નરસઇના સ્વામીને વારી,
હરિ ગઉ ગોવાળીયામાં ચારીરે. દાણુ માગે૦ ૭

ગરબી. ૨ જી.

જવા દો મને શાને રેકો છો વાટમાં;
હરિ દાણુ લેવા સરખાં નથી વાટમાં. જવા૦ ટેક૦
આજ તો અમારે પ્રભુ કામનો દીન છે,
હરિ મારે એકલાં જવું છે નાતમાં. જવા૦ ૧
મારારે સમ મારી ગાગેર નંદી.
હરિ જળ ભરવા જુમનાના ઘાટમાં. જવા૦ ૨
સઘળી સહયરો ઉભી જુમનાના તીરે,
હરિ તેને વચન આપ્યાં છે હાથમાં, જવા૦ ૩
મોતીના નાથને સંગે લેઇને,
મારે જાવું સહયરોના સાથમાં. જવા૦ ૪

ગરબી. ૩ જી.

હું વાત કહું ઉભાં રહોને અલબેલી,
હરિ દાણુ રીતનાં ઘટે તે જાઓ મેલી. હું વાત. ટેક
ક્યાથી આવો છો આજ રૂમઝુમ કરતાં,
હરિ આજ ક્યાં છે સંગની સાહેલી . હું વાત. ૧
ઘુંઘટ તાણીને શું જોરમાંરે જાઓ છો
હરિ નથી દેતા જવાબ મન મેલી હું વાત. ૨
ધ્યાન ધરીને શું ધ્યાનમાંરે જાઓ છો;
હરિ આજ બોલી કરવી છે મારે પેહેલી. હું વાત. ૩
મોતીના નાથને હું છું પ્યારી.
હરિ ઘણે દહાડે આજ છું આજ ભેળી. હું વાત. ૪

### ગરબો ૪ થી.

જમીનપર જળનાં દાણ કોણ લે છે
હરિ નથી જાણ્યું લેવાવાળો રહે છે. જમીનપર૦ ૧
નથીરે સાંભળ્યું પ્રથ્વી ઉપર;
હરિ લેવાવાળો અહીયા કોણ રહે છે, જમીનપર૦ ૨
નીત્ય નવા નવા ચાળા કરો છો;
હરિ એવી કોણ શીખામણ દે છે. જમીનપર૦ ૩
વચન કાઢો જો પ્રભુ વઢયા સરીખાં,
હરિ કોણ વસ્તી તમારીમાં રહે છે. જમીનપર૦ ૪
મોતીના નાથને એમજ કહીને
હરિ ગોપી રસ્તો ગોકુળનો લે છે. જમીનપર૦ ૫

### ગરબી ૫ મી.

છબીલી દાણની રીત કોણે કહાડી;
દાણ આપો છબીલી લાડી. છબીલી૦ ટેક
શ્રી જમુનાજીના મોટારે આરે;
હારે જળ ભરવાને આવો દહાડી. છબીલી૦ ૧
વંદ્રાવનને મારગ જાતાં;
હારે હું તો દેખશ લાગત ગારી. છબીલી૦ ૨
એવાં વચન પ્રભુ કોઇએ ન સાંખે;
હારે એતો સાંખે તે પરણી નારી. છબીલી૦ ૩
મોતીના વાલાને સરવસ સોંપ્યું;
હારે ગોપી રાજી કર્યાં મોરારી. છબીલી૦ ૪

### ગરબી. ૬ ઠી.

હરિ રસિયા મુને જાવા દીજે, તારૂં દાણ થાય તે લીજેરે;
રસિયા મુને. ટેક.

હરિ હું તો ગોકુળની વ્રીજ નારી. હરિ હું તો મહી વેચવાને ચાલી
રસિયા મુને૦ ૧

હરિ હું તો બ્રખુભાનની છોડી હરિ મારે માથે મહીની ગોળી
રશિયા મુને૦ ૨

હરિ મારી સંગની સાહેલીયો ચાલી, હરિ મને રોકી રહ્યા ગીરધારી;
રશીયા મુને૦ ૩

હરિ મારગથી અળગા રહીજોરે. હારે ધારશું તે પછી કરીજો;
રશિયા. મુને૦ ૪

બાઈ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, તનમન અરપણ કીજે
રશિયા મુને૦ ૫

## ગરબી. ૭ મી.

હરિ મારાં ચીર દો વનમાળી, હરિ હું છું અબળા નારીરે;
મારાં ચીર૦ ટેક૦

હરિ વાલો ચીર હરીને કદમ ચડી બેઠા.
હરિ હુંછું જળમાં ઉઘાડીરે. મારાં ચીર૦ ૧

હરિ ચિર કે બદલે પીતાંબર લેઉગી;
હરિ જો જાણસે હો જાઉં ન્યારીરે, મારાં ચીર૦ ૨

હરિ પાસે પત્ર કરી નિકળી રાધે,
હરિ કૃષ્ણ હસત દે તાલીરે; મારાં ચીર૦ ૩

બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાગર,
હરિ તમો પુરૂષ હમો નારીરે મારાં ચીર૦ ૪

## ગરબી ૮ મી.

હરિ બેની આપનો શામ ધોરો,
ક્યાં દોશ દેઉં કુબજાકોરે. બેની આપનો૦ ટેક૦

આપે ગએ કાલ નહી ભેજ્યા,
ક્યાં કામળનો ટોટોરે, બેની આપનો૦ ૧
ગોકુળ મેલી વાલો મથુરાં પધાર્યાં;
ત્યાં માર્યો કંસરાય મોટોરે. બેની આપનો૦ ૨
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
મારૂં મહી પીને થયો મોટોરે. બેન આપનો૦ ૩

## ગરબી ૯ મી.

હારે કુબજાને જાદુ ડારો,
બસ કીનો શામ હમારોરે, કુબજાને જાદુ૦ ટેક.
જાદુકી પુડીયા ભર ભર મારી,
ક્યા કરે બાઇ બીચારોરે; કુબજાને૦ ૧
આણી તેડે ગંગાને પેલી તેડે જમનાં,
બીચમે વહે જળ ધારોરે; કુબજાને૦ ૨
ઇસ ગોકુળ ઉસ મથુરા નગરી,
જાવ પીયો જળ ખારોરે. કુબજાને૦ ૩
કુબજાસે વાલો રંગ રમત હે,
હમકુ દુર કર ગયો ન્યારોરે કુબજાને૦ ૪
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
આખર શ્યામ હમારોરે, કુબજાને૦ ૫

## ચુંદડીની ગરબીઓ.

રશીયાજી મુકો હમારી ચુંદડી,
જવા દો જીવણ જળ ભરવા કાજજો,
સખી કહે છે વાર ક્યાં લાગી આવડી;
મોટી મોહન લોકડીઆની લાજજો. રશીયાજી૦ ૧

ઘેરા છો મુજને જાણી એકલી
પાછળ આવે સઈયેરાનો સાથજો;
મનસુબો મનને હું જાણી ગઈ,
એમ કરે નટવર નહિ આવે હાથજો. રશીયાજી૦ ૨
દુરિજન કોઈ કહેશે મારા કંથને,
રસિયા તમને રીસ ઘણી છે મનજો,
સાસુડી મુજને બહુ સંતાપશે,
નણદી મુજને કેહેશે કઠણુ વચનજો, રશીયાજી૦ ૩
એવી તે વિદ્યા કોણે શીખવી,
સાચું બોલો ગીરધારી ગોવિંદ જો
મોટપણે મોટમ કઈ આવી નહી,
છેલ તમારી ના ગઇ છોકરવાદજો, રશીયાજી૦ ૪
આઘા રહો અડશો માં અણબોલડા.
આળ કરો ન સાંખે બીજી નારજો,
શાણા થઇ વળગો છો શા કારણે
હું નહી રાખું તમારો કોઇ ભારજો. રશીયાજી૦ ૫
ઘેર જઇ કહીશું તમારી માતને;
મુજ સાથે ના બોલો વાંકુ વેણુજો,
પાતળીયા પાલવ મુકો માહરો,
મુજ ઉપર શા માટે નચાવો નેણુજો, . રશીયાજી૦ ૬
આજ પછી તમ સાથે બોલું નહી;
ઢંગ તમારા જાણીઆ જાદવરાયજો.
શું કરીએ શામળીયા સાચું કહું,
તમ સાથે મુજ મનડુ આતુર થાયજો રશીયાજી૦ ૭
સ્વારથ તો સફળ થશે મન રીઝવે;

નવ જાણ્યો કાંઇ પ્રીત કર્યાની રીતજો,
શું સમજો ચારી જાણ્યો ગાવડી,
ઘણી કઠણ છે પરથી કરવી પ્રીત જો    રસીયાજી૦ ૮

મન વિના કોઇને ના બોલાવીએ,
માણુસ માંહી જાય પોતાનો તોલ જો,
આગળથી ચઃચા જોઇએ તે તણી,
ત્યાર પછી મનગમતાં કહીએ વેણ જો.    રસીયાજી૦ ૯

આતુરતા તમ કર માં અમને ઘણી.
લાજ તજીને મુખડે ના કહેવાય જો;
પ્રાણ ગએ પ્રીત કરી ના મુકીએ.
મારગ વચ્ચે રોકેથી શું થાય જો.    રસીયાજી૦ ૧૦

વાલાજી વાર્યું તે કરીએ માળકું,
કરજોડીને વિનંતી કરે રઘુનાથ જો,    રસીયાજી૦ ૧૧

ગરબી ૨ જી.

કાહાન કાળા રે મારી ચુંદડીના ચોર.
છૈયા નંદનારે મારા કાળજાની કોર    કાહાન૦ ટેક

ચુંદડી ચોરીને પ્રભુ કદમ ચડયારે;
સાહેલીના સંગમાં મારી નજરે પડયા;
અજબ તરેહની ચુંદડીને માંહી ઝાઝો રંગ;
વેગળા રહો વણરાગીયા શામ થાશે અંગ    કાહાન૦ ૨

લાખ ટકાની ચુંદડીને છેડે ઝાઝા રંગ,
શ્રી કૃષ્ણજી લાડ લડાવે તેમાં સોનો પાડ.    કાહાન ૩
ચુંદડી આપી તો પ્રભુ પાયે લાગુંરે,    કાહાન૦ ૪

## ગરબી ૩ જી.

કૃષ્ણ બોલ્યારે નિકળ જળથી તું બહાર,
આપું ચુંદડીરે લેને લેને રાધા એ નાર.
ચીરનાં વખાણ કરે માલ નથી એમાં;
નગ્ન થઈ જળમાં નહી દંડ દીધા તેમાં. કૃશ્ન० ૧
ચુંદડી તારીનો ખપ નથી મારે,
સહુ સખી બહાર આવ્યા હ્યોને અત્યારે; કૃશ્ન० ૧
સહુ સખીએ વિચાર કર્યો જાવું હવે ઘેર.
કૃસ્ન કેરૂં કહ્યું માની કરીએ એવી પેર; કૃશ્ન० ૨
હારી સહુ બહાર આવ્યા દેઇને બેઉ હાથ.
ચીર આપી આશા પુરી નસદયાનો નાથ કૃશ્ન० ૩

## નંદજીનો ગરબો.

તમેરે નંદજી ગોકુળ સંચરોરે,
ઉતારવો જમુનાજીનો ઘાટજો
તમારી માને નહિ હોય ગોઠતુંરે;
જશોદા જોતાં હશે વાટજો તમેરે० ૧
ન કરે માત પિતા તે તમે કરયુંરે
અમને બહુ લડાવ્યા લાડજો
અમને નાનેથી મોટા કરયારે
તેમાં તે શો કીધો પાડજો તમે० ૨
મારી છે પચરંગી લાકડીરે
વાગંતી વેણુ રસાળજો.
તેને તમે સંભાળીને મુકજોરે
રખે લેઇ જાતા ગોવાળજો. તમે० ૩

મારી સહજ રંગી સુંદડીરે તેને તમે હાથ ફેરવી જોજોજો.
કહે રૂગનાથના સ્વામી નંદનેરે અમપર કુદ્રષ્ટે જોજોને   તમે૦

## ગરબી ૨ જી.

નયણે નીરને નંદજી બોલીયારે અમથી એકલડાં ન જવાયજો
વાટડી જોતાં ને રોતાં હશે કે કાનજી ત્યાંય તમારી માયજો  નં૦
હું તો રાખીશ મારા મનનેરે તમારી માનાં મન કેમ રહેશેજો
માટે ગોવિંદ ગોકુળ આવજોરે દુરજન મેણીઆં બહુ દેશેજો
કહો કોણ વંદ્રાવન ગઉ ચારશેરે સાંજે કોણ આવશે ઘેરજો;
હસતાં વાણુલીએ કોણ ઉઠશેરે કોણ કરશે જાણે તમારી પેરજો નં૦
કુંવર કોને લાડ લડાવીશુંરે કોને વળગાડીશું દામીજો;
કોને જમાડીને જમશું અમે, કહોને રઘુનાથના સ્વામીજો,  નં૦

## ગરબી ૩ જી.

જશોદા પુછે પિયુને પ્રેમશુંરે, નંદજી સામો ઉત્તર આલેજો,
મુખથી બોલે પણ બોલાય નહિ, લાલના બોલડીયા બહુ સાલેજો.
કારણ કોને મારા કંથજીરે, કુંવરને ક્યાં મેલી આવ્યાજો,
સરસ સોપ્યા વાસુદેવનેરે, દુખનો મેરૂ ક્યાંથી લાવ્યાજો.
આપણે મિત્રાઈ વાસુદેવનેરે, આપણે ક્યાંનું હતું વેરજો;
આવી આપણા સુતને ભોળવ્યોરે, તે રાખ્યો પોતાને ઘેરજો.
કહો ત્યાં કેમ તમે નવ બોલીયારે, અમપર નજર ન જોડીજો.

## ગરબી ૪ થી.

વ્રજમાં વ્રજ વનિતા વાતો કરેરે મોહનજી મથુરામાં રહ્યાજો;
અહિંના સુખમાં ગાયો ચારવીરે, બીજું આહીરમાં રહેવું જો,
ત્યાં સહુ પુછીને વાતો કરેરે, મથુરા નગરીમાં શું કહેવું જો;

મથુરા નગરી હરીને મન વશીરે બીજું કંસરાયનું રાજજો.
લક્ષ્મી દેખીને લલચાઇ ગયોરે, માટે ગોકુળ કીધું તાજજો;
એ મુરત મનોહર શામળોરે; સજની સહુને લાગે મીઠા જો
એ રુગનાથનો સ્વામી ગોવાળીઓરે ત્યાંનો રાજો થઇને બેઠાજો.

## પરચુરણ ગરબીઓ.

### ચંદ્રાવળીની ગરબી ૧ લી.

માથે મટુકી ને મહીડાંની ગોળી, મહીરે વેચે ચંદ્રાવળીરે;
વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેલડો સાહી રહયોરે:
મેલો મેલો કાનજી જવાદો જાદવજી, અમ ઘેર સસરો રીસાળવોરે,
તમારા સસરાને બીજી વહુઆરૂ આણી આલુ, તમથી ઘુંઘટ
તાણે અદકોરે, માથે૦ ૧

વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેલડો સાહી રહયોરે;
મેલો મેલો કાનજી જવાદો જાદવજી, અમ ઘેર સાસુ રીસાળવારિ,
તમારી સાસુને બીજી વહુઆરૂ આણી આલુ તુમથી પાયે પડે
અદકેરરિ, માથે૦ ૨

વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેડલો સાહી રહયોરે,
મેલો મેલો કાનજી જવાદો જાદવજી, અમ ઘેર જેઠ રીસાળવારે;
તમારા જેઠને બીજી જેઠાણી આણી આલુ તમથી ઘુંઘટ
કાઢે અદકેરારે માથે૦ ૩

વેચંતી સાચંતી નગરમાં પેઠી કાનુડો છેડલો સાહી રહયોરે;
મેલો મેલો કાનજી જવાદો જાદવજી અમઘેર દીયર રીસાળવારે,
તમારા દીયરને બીજી ભોજાઇ આણી આલું. તમથી હોરી
ખેલે અદકેરી રે માથે૦ ૪

વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેડલો સાહી રહયોરે.
મેલો મેલો કાનજી જવાદો જાદવજી, અમ ઘેર નણુદી રીસાળવારે
તમારી નણુદીને બીજી ભોજાઇ આણી આલુ તમથી માથાં
ગુંથે અદકેરાં રે માથે૦૫
કડવે વચને ગોપીઓ એમ બોલે, મેલો મેલો મારો પાલવ નીરલજરે,
દુરજન દેખે તમે નહી લાજો છાતી તડુકે માહરીરે. માથે. ૬
તોયે ન સમજે છોગાળો છબીલો, પાલવ ઝાલી ઉભો રહ્યા:
ચીર ફાડી ચંદ્રાવતી નાઠી કાનુડો હાથ ઘસી રહયોરે;
માથે મહી. ૭

## ગરબો ૨ જી અજવાળી રાતની.

આસો માસે શરદ પુનમની રાતજો,
ચાંદલીયો ઉગ્યોરે સખી મારા ચોકમાં.
સસરો મારો દેરાસરનો દેવજો;
સાસુરે દેરાસર કેરી પુતળી. ૧
જેઠ મારો આશાડીનો મેહજો
જેઠાણી ઝબુકે વાદળ વીજળી ૨
દિયર મારો ચંપલીયાનો છોડજો;
દેરાણી ચંપલીયા કેરી પાંખડી ૩
નણદલ મારી વાડી માંહી વેલજો
નણુદોઇ વાડી માંહીનો વાંદરો ૪
પરણ્યો મારો ચતુર સુજાણજો;
તાણીને બાંધેરે નવરંગ પાઘડી ૫
એ પાઘડીએ દસ દસ આંટાજો
આંટીને આંટીરે નવરંગ પાઘડી ૬

ગોરાના પરણ્યા વહાણુ કમાવા જાયજો;
વાણીથી લાવેરે ખારેક ટોપરાં. ૧
ખારેક ખાય તો ખટકે ગોરાની દાઢજો;
ગોપરડુ ખાય તો ગોરીને કુચા પડે. ૯

ગરબી. — છ જશોદાજી આગ આવ ડી.

કુંજબેલન મત જાઓ મેરે લાલન દુર મીલેંગો હાઉ દુ૨૦
મચ્છરૂપ સંખાસુર માર્યો લાયા વેદ ધોરાઉ,
ચાર વેદ બ્રહ્માકો દીનો મેં તહાં ન દેખા હાઉ; દુ૨૦
વરાહરૂપ ધર પર્વત લાગે પૃથ્વી દાઢ ચઢાઈ;
અમા વરતી નિર્લસિન આગે મેં તહાં ન દેખા હાઉ, દુ૨૦
નરસિંહ અવતારમે બકા અસુરકો બે ઉપજાઉ
બડો દેત હિરણ્યાક્ષ માર્યો મેં તહાં ન દેખા હાઉ.
વામનરૂપ છલ્લો બલીરાજા પગલાં ત્રણ અલાઉ
ઇંદ્રાસન ઇંદ્રકો રાખ્યો મેં તહાં ન દેખા હાઉ, દુ૨૦
ફરશુરામ અવતારમેં બકા અસુરકો બે ઉપજાઉ.
ક્ષત્રી મારી નક્ષત્રી કીધી મેં તહાં ન દેખા હાઉ,
રામચંદ્ર અવતારમેં દસ મુરતક છેદી લાઉ
લંકા નાસ કર ડારી મેં તહાં ન દેખા હાઉ.
જમના કે તીરે ધેન ચરાઇ ભુજા બની બિચરાઉ;
શેષે પતાલ કાલી નાગ નાથ્યો મેં તહાં ન દેખા હાઉ દુ૨૦
માણુકંથન બધો મન મોહન ભક્તવત્સલ છેલ જાઉ,
જમલા અરજુ વૃક્ષ ઓધારે મેં તહાં ન દેખા હાઉ દુ૨૦
બાલાપનમે મૃત્તીકા ખાધી ચઉદ લોક દેખતાઉ;
સુરકે સ્વામી તેરી, અદભુત લીલા મુખે કહી નવ જાઉ દુ૨૦

## ગરબી ૪ થી.

હાથ વછુટી મારી મટકી ફુટી દધી વેચતાં ફુટીરે;
પીતળ લોટા જળ ભરાવું દાતણની ચતુરાઇરે હાથ.
ચીની તે પ્યાલા તેલે ભરાવું મરદનની ચતુરાઇરે હાથ.
ત્રાંબા કુંડી જળે ભરાવું નહાવણની ચતુરાઇરે. હાથ.
શેત્ર સુંવાળી લાવશી રંધાવું, ભોજનની ચતુરાઇરે હાથ.
પાન સોપારી એલચી લવીંગ મુખવાસની ચતુરાઇરે હાથ.

## ગરબી ૫ મી.

ઝુમકહાર શીદ તોડયો, હો રાજ મારો ઝુમકહાર શીદ તોડયો
હારની પડીછે ત્રણ ઓળો હોરાજ મારો ઝુમકહાર શીદ તોડયો.
જળ જુમનાના જળ ભરવા ગયાતાં લટ મારો શીર ફોડયો હો.
વંદ્રાવનને મારગ જાતાં કાંકુ જાણીને હાર તોડયો; હો.
વંદ્રાવનને ચોક રમતાં કુડા વચન કોણ બોલ્યો. હો.
પ્રીત કરી પણ કરતાં ન આવડી નંદ આહીરનો છોરો હો.
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર આવ્યને નટવર ઓરો. હો.

## ગરબી ૬ ઠી.

ગગરી ઉતારરે વનમાળી મટુકી ઉતારરે વનમાળી;
ઉતાર ઉતાર ઉતાર જલદી ઉતારરે વનમાળી.
મેરે શીરપર હોળી ગઇ ભારી. ગગરી ઉ. ટેક.
સુનેકી ગગરીને રૂપા ઉંઢાણી ભરગઇ રાધે પ્યારી ગ. ૧
જળ જુમનાકી ચીકણી મટુડીયાં લગવગ ગઇ રાધે પ્યારી ૨
મેં પ્હેરી કસુંબલી સાડી, તેરે મુગટકી છબી ન્યારી;
મેં પ્હેરી જરકસકી ચોળી, તેરે મોરલીકી છબી ન્યારી,

મેં પ્હેરી મોતનકી માળા તેરે ગુંજમાળકી છબી ન્યારી;
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધર નાગર, ચરણકમળ પર વારી. ગ-૪

## ગરબી ૭ મી. પરમેશ્વરને પુજવા વિશે.

( હુંતો ઇશ્વરને પુજવા નીસરીરે લોલ ) એ રાગ

શામ સલુણા કુંવર નંદનારે લોલ,
તેં મને નાખી ફંદમાંરે લોલ, ટેક.
હુંતો ઝબકીને જોવા નીસરીરે લોલ
ઓઢવાનું અંબર વિસરીરે લોલ, શામ. ૧
હુંતો ગાવડીને દોવા નીસરીરે લોલ.
શેતો લીધો ને તાંબડી વિસારીરે લોલ. શામ. ૨
હુંતો દરશન કરવાને નીસરીરે લોલ,
આળુ પહેર્યાં ને ચોળી વીસરીરે લોલ;
હુંતો જમુના જળ ભરવા નીસરીરે લોલ,
ગાગર લીધી ને ઘડો વીસરીરે લોલ. શામ. ૩
જમતાં તે જીવન સાંભર્યાં રે લોલ;
કંઠે ના ઉતરે કોળીયારે લોલ. શામ. ૫
વલ્લભના સ્વામી શ્રીહરીરે લોલ;
તનમનથી હું તમને વરીરે લોલ. શામ. ૬

## ગરબી ૮ મી.

આમળીયા લાલ સાસુડી સંતાપે કહો કેમ કીજીએ;
ક્યાં જઇએ હરી ઘરમાં બેસી રહીએ તો રાંડ ખીજશે.
મારી સાસુ સંખણી છે એની નણંદલને નાતરે દઉં પહેલી;
એ તો વાત નથી કહેવા જેવી. શામ. ૧

મારો સમરો સાધુજન ઘણો, મને આશરો છે તમ તણો:
મારો જેઠ ઝાંપડો બુદ્ધિ વનો, શામ. ૨
મારો દિયરીઓ લક્ષયા એલો, તે તો નડાઇ કરવા સઉ પહેલો,
એની દુષ્ટ બુદ્ધિ દોરી મેલો, શામ. ૩
જાણે સૂડી વચ્ચે સોપારી, હું તો અનાથની છું તમારી.
પદ ગાશે વલ્લભવ પાચારી શામ. ૪

# ભાગ આઠમો.

## ગરબી ૯ મી.

ઓ જશોદાજી આવડો લાડકવાયો લાલ ન કીજીએ;
ચાલો ત્યાં સુધી સુતના પ્રેમ ચરિત્ર દેખાડી દીજીએ. ટેક,
વાલે કઉતક કીધુ મંદીરમાં
એણે માખણ પેડા લીધો કરમાં
એણે માંકલડા ઘાલ્યાં ઘરમાં ઓ જશોદાજી. ૧
વાલો સંતાડયાં શોધી કાડે,
હોય ઉંચાં પણ હેઠાં પાડે
એતો ખાય ખવરાવે ને વણસાડે. ઓ જસોદાજી. ૨
વાલો સુતા બાળકનાં અંગ મોડે,
મારાં બાંધ્યાં વાછરૂ છોડી મેલે,
દધી ગોરસ દુધ થકી ફોડે. જસોદાજી. ૩
દયા પ્રીતમના સ્વામી રશીયા,

દધી ગોરસપર આવે ધશીયા;
ધન્ય ભાગ્ય અમારૂં વ્રજમાં વશીયા. ઓ જશોદાજી. ૬

## ગરબી ૧૦ મી.

ઓ છોગાળી અંબોડા ગુંથીને વાંકો મેલ તું.
તું મુકીદે વાલપણું તારૂં રંગમાં રેલશું;
તુ વરણાગીમાં છે વાંકી, તને મારગ જાતાં મે ઝાંખી,
તુ સમજી લેને જા અહીયાંથી. ઓ છો. ૧
શણગાર સજી તમે આવોને, તમે મારા મનમાં ભાવોને;
તમે કોક સંગાથે કાવોને ઓ છો. ૨
તારો લટકો જોઇને લોભાયો હું નંદ જશોદાનો જાયો:
સખી દયા પ્રીતમને શેવાયો. ઓ છો૦ ૩

## ગરબી ૧૧ મી.

તમને શું કહીયેરે, કામણગારા છો
ગોપીજન વલ્લભરે પ્રાણ હમારા છો,
પુંછુંછું તમનેરે સાચું કહો અમને;
મારા સમ મોહનરે નહી ભુલુ તમને,
હમારાપર હાજરરે ખાંતે ખુબ્યા છો,
તમ સરખા જીવનરે કોઈ એક ધુત્યા છો;
આ દુરબળ રાતારે, ચંદન ચર્ચ્યા છે;
મુખને તંબોળેરે લલાટ લટો છે,
આ તે શું અચરજરે આવ્યા રોજડીયે;
રણછોડના સ્વામીરે અમરતની ઝડીએ

## ગરબી ૧૨ મી.

વારૂ છું વાલમરે અમને અડકો મં,
વાટને ઘાટેરે અમને વઢશો માં,
અમે વહુવારૂરે લાલા લાજ ભર્યાં;
બોલંતા બીજેરે કંથે કેદ કર્યા.
સાસુડી સુણશેરે નણદલ નાની છે;
પ્રીતલડી છે પણરે તમશું છાની છે,
જો હેત જણાવોરે આતવડાં વાલાજી,
તમે કોના કુંવરરે, કહો અમને લાલાજી
પાળેલાં રહીનેરે સહિકા સાદ કરે
એમાં શા તોલજરે પરઘેર પેટ ભરે.
મનગમતા કીધારે લજ્યા લોપીને,
રણછોડના સ્વામીરે, ધન્ય આ ગોપીને.

## ગરબી ૧૩ મી.

આવના આવના આવનારે, શામ મેરી ગલીમે આવના;
આવના તો દુરસે બતાવનારે, શામ મેરી ગલીમે આવના;
તેરેરે ખાતર બાગ બનાયા, ફુલકે હાર ગુંથાવનારારે. શા. ૧
તેરેરે ખાતર દહી જમાયા, પ્યાલા ભરી પાવનારે. શા. ૨
શેવ સુંવાળી લાવશીરે, રૂચી રૂચી ભોગ લગાવનારે. શા. ૩
લવીંગ સોપારીને એલચીરે, પાનુકી બીડીયાં ચાવનારે. શા. ૪
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, ચરણકમળચીત લાવનારે.

## ગરબી ૧૪ મી છેલની.

હાંરે અમ્યા વાંકી ન પહેરીએ પાઘડી,
હાંરે તારી પાઘડી પાટુઓ ખવરાવશેરે વેગળા રહેને વર૦

હરિ અલ્યા નેન કટાક્ષ નવ દીજીએ;
હરિ તારા નેણમાં તે મેશુલાં ભરાવશેજી. વેગળો૦ ૧

હરિ અલ્યા બંગી લેલાટ નહીં લેખાએ,
હરિ તારી બંગી તે ભંગીમાં કઢાવશેજીરે. વેગળો૦ ૨

હરિ અલ્યા પાન બીડાં નહી ચાવીયે,
હરે તારાં પાન તે ભાન ભુલાવશેજીરે. વેગળો૦ ૩

હરિ અલ્યા વગર વિચારયુ નહી બોલીએ,
હરિ તારા તોલ બોલવા થકી થશે જીરે, વેગળો૦ ૪

હરિ અલ્યા વિશેષ કેશ ન વધારીયે
હરિ તારા કેશ તે વેશ ભજાવશેજીરે વેગળો૦ ૫

હરિ અલ્યા કડકડતાં કેડીયાં ન પેહેરીયે,
હરિ તારાં કેડીયાં તે બેડીયો ઘલાવશેજીરે. વેગળો૦ ૬

હરિ અલ્યા વેદે મઠીશ નહી આંગળાં,
હરિ જશે વેઢ બનીશ દેઢ નંદ નાનડાજીરે વેગળો૦ ૭

હરિ અલ્યા હિરકોરી ધોતીયાં ન પેહેરીયે,
હરિ તારાં ધોતીયાં તે ધુળ ઘલાવશેજીરે. વેગળો૦ ૮

હરિ અલ્યા ચમચમતી મોજડી ન પેહેરીયે,
હરિ તારી મોજડી તે રોઝડી કરાવશેજીરે. વેગળો૦ ૯

હરિ અલ્યા ખભે દુશાલા નહી નાંખીયે,
હરિ તારા દુશાલા તે નામ ડબોવશેજીરે. વેગળો૦ ૧૦

હરિ અલ્યા અત્તર ફુલેલ નહી વહોરીયે;
હરિ તારી ફુલેલ ફુલ કહાવશેજીરે. વેગળો૦ ૧૧

## ગરબી ૧૫ મી.

મારૂં સોનાનું છે બેડુંરે, છેલ છબીલા છોગાળા
મારી રૂપાની ઉઢાણીરે, છેલ છબીલા.
હું તો સરોવર પાણી ગઇતીરે. છેલ છબીલા.
મને કાળે ભળદે મારીરે, છેલ છબીલા.
મારા આછા સાળુ ફાટયારે. છેલ છબીલા.
ઓ ગોકુળ ગામના દરજીરે, છેલ છબીલા.
મારા આછા સાળુ શીવોરે, છેલ છબીલા.
મારી સાસુ ન જાણે શીવ્યારે છેલ છબીલા.
મારી નણંદ ન જાણે ઓટયારે, છેલ છબીલા
મારી જેઠાણી ન જાણે ટાંકયારે. છેલ છબીલા.
તારો સાંધવાનો સવૈયોરે, છેલ છબીલા.
તારો ઓટયાનો હેવૈયો. છેલ છબીલા.

## ગરબી ૧૬ મી

મારારે સ્વામી બોલોને વાલા.
જશોમતી નંદતણા લાલા, મારા૦ ટેક.
ઘેલીરે થઇને ગોકુળમાં ભમતી;
બીજારે કોઇની વાતો નથી ગમતી. મારા૦ ૧
એવીરે તમને કોણ મળી ધુતી,
જેણેરે તારૂં ચિતડું લીધું લુટી. મારા૦ ૨
વાલારે તારી વાટલડી જોતી,
આંસુડાં ભરી ભરીને રોતી. મારા૦ ૩
ભુંડારે લોકે ભરમાવ્યા હમને,
તેથી તમો મળતા નથી હમને. મારા૦ ૪

વાલારે તમને કશું નહિ કહીશું,
મોહન તારી મરજી મુજબ રહીશું. મારા૦ ૫
ઝાઝું રે હવે શું કહીએ તમને;
મોહનનર મેહેર કરો હમને. મારા૦ ૬
એવું સુણી આવ્યા ગીરધારી;
દીધું આલીંગન ત્યાં મોરારી. મારા૦ ૭

### ગરબી ૧૭ મી, મેદી વિષે,

મેદી મેદી શું કરોને મેદી મોટાં ઝાડ;
એક ડાળુ હલાવીએ તો ડાળા હાલે ચાર, સહીયર મેદી લેશોરે
મારાં સાસુએ એમ કહ્યાં જે વાસીદાં વાળી મહેલ;
મેં બારીએથી સાંભળ્યાં જે કચરા વેરી મેલ, સહીયર૦
મારી સાસુએ એમ કહ્યાં જે પાણી ભરી મહેલ,
મેં ભોળીએ એમ સાંભળ્યાં જે બેડાં ફોડી મેલ. સહીયર.
મારાં સાસુએ એમ કહ્યાં જે રાંધણાં રાંધી મહેલ,
મારી સાસુએ એમ કહ્યાં જે રોટલા ઘડી મહેલ,
મેં ભોળીએ એમ સાંભળ્યાં જે કહલેડાં ફોડી મહેલ. સહીયર.

### ગરબી ૧૮ મી, ફકીરાંની

લેના ફકીરી કયા દીલગીરી, સદા મગનમે રહેનારે, ટેક.
કોઇ દીન પેંડા કોઇ દીન બરફી, કોઇદીન ફકમ ફકારે, લેના.
કોઇ દીન હાથી કોઇ દીન ઘોડા, કોઇ દીન પાઉસે ચલનારે,
કોઇ દીન બંગલા કોઇ દીન બગીચા, કોઇ દીન જંગલ ડેરારે.

### ગરબી ૧૯ મી ચોરના બેસણાની

હાંહારે કે ચોરા જોબનીયા, હાંહારે કે બેઠક મોટાની,
હાંહારે કયા ભાઇ બેઠા છે, હાંહારે જીવણભાઇ બેઠા છે.

હાંહાંરે મોડા તે પાન આપે, હાંહાંરે કે પાન આપતાં વાર લાગી
હાંહાંરે કે સોટીઓ સાત મારી, હાંહાંરે કે ટપલા ત્રણ માર્યા,
હાંહાંરે કે ઢીકા નવ માર્યા, હાંહાંરે કે સાયબા શા માટે.
હાંહાંરે કે વાંક નથી હમારો હાંહાંરે કે વાંક છે નણદીનો,
હાંહાંરે કે તેણે મને મરાવી.

ગરબી ૨૦ મી. ખતરણની.

ખતરીવાડાની ખતરણ લાલ હંબોડાડારે,
ખતરણ આવી બેઠી ગોખ લાલ હંબોડારે
તેતો મોતીડાની શોક લાલ હંબોડારે,
ભાઇ છાના પેંડા લાવે કે લાલ હંબોડારે.
પેલી ખતરણને ખવરાવે કે લાલ હંબોડારે
મોહ લોતી બારીએ બેસી રૂએ લાલ હંબોડારે
એની સાસુ આંસુ લુહે કે લાલ હંબોડારે,
વહુઅર આવડી શી છે પેર લાલ હંબોડારે.
ખતરણ કાલે જાશે ઘેર લાલ હંબોડારે,
આપણે કરીશુ લીલા લહેર લાલ હંબોડારે.

ગરબી ૨૧ મી.

અચકો મચકો કારેલી.

તમને કઇ વહુ ગોરાં ગમશે લાલ અચકો મચકો કારેલી
અમને રૂપી વહુ ગોરાં ગમશે રાજ　　　　અચકો.
એ ઠીંગણીને શું કરશો રાજ,　　　　અચકો.
એ ઠીંગણી કામણગારી રાજ,　　　　અચકો.
એને ઊંચી ઊંચી મેડીએ બેસાડીશું રાજ　　　　અચકો.
એને ટાપલો ધરાવું બાલણું રાજ　　　　અચકો.

## ગરબી ૨૨ મી.

સુણ ચતુરસુજાણ પરનારીશું પ્રીત કણુ નવ કીજીએ
જેણે પ્રીત કરી પરનારી તણી એને છેડે ફજેતી થાય ઘણી.
એણે કુળની લજા કાંઇ ન ગણી સુણ૦ ૧
તમે પહેલાં મળશે દુતીને તારૂં સરવશ્વ લેશે ધુતીને
પછી રહેશે અંગ ભભુતીને. સુણ૦ ૨
તમે બેઠા સુછો મરડીને તમારૂં કાળજુ ખાશે કરડીને,
નહીં મુકે માંસ આંતરડીને. સુણ૦ ૩
તને પ્રેમના પ્યાલા પાઇને તારૂં સરવે લેશે વાઇને,
તને કરશે ખોખુ ખાઇને સુણ૦ ૪
પ્રીતમના સ્વામી ઓ પ્યારા તમને ગોપીઓ કરે કાલાવાલા,
તમે દરશન દોને મોરલીવાળા.

## ગરબી ૨૩ મી.

ગરજીરે તમને દીઠા તે ગીરધારી,
મતલબીયા છો મોહન મોરારી. ગરજી૦ ટે૦
મનેરે માયા લાગી છે તારી,
મારે મન ઝાઝી છે મોરારી.
વાલારે મને શા માટે વિસારી. ગરજી૦ ૧
પહેલી મને ખબર આવી પડતી,
એની સાથે પ્રીત નહીરે કરતી
વાલા તો મને મેલી ગયા રડતી ગરજી૦ ૨
મેતોરે જાણ્યું ઉજળું તે દુધ હશે,
તેનરે ભામે વાલાજી મને ચ્હાશી,

રહીતી હુતો તારે વિશ્વાસે. ગરજી० ૩
જસોદાના કાન તમેરે કાળા,
ક્યારે બહુ આપ્યો તણા ચાળા,
તે પર હું તો મોહી છું નંદલાલા. ગરજી० ૪
હવેરે હરજી ઘણું થયું ગીરધારી,
ક્ષમા કરો ચુક થઇ છે મારી;
થઇને રહીશું દાસી હું તમારી ગરજી० ૫
પ્રીતમના સ્વામી મને મળીયા,
દુઃખરે મારાં જનમ તણાં ટળીયાં;
ગોપીરે સહુ આનંદથી મળીયાં. ગરજી० ૬

## ગરબી ૨૪ મી.

નહી મેલુરે નંદનાલાલ છેડલો નહી મેલું;
તારે છેડલો ચંપાછોડ છેડલો નહી મેલું. ટેક.
સાત પાંચ ગોપીઓ ટોળે મળીને વચમાં કાનજી કાળોરે.
કાળો છે પણ કામણગાળો એની આંખડીનો ચાળો. છેડ० ૧
વાંકી મેલે પાઘડીને કાને જુઠા મોતીરે;
જેનો વર વરણાગીયો તેની બાયડી હઇડે રોની. છેડ० ૨
કચકડાની ડાબડીને, માંહી ભરી છે મેશરે,
જેનો વર વરણાગીયો તેની બાયડી કાળી મેશ. છેડ० ૩
કેળાં પીરસુ પાતળીયાને આંબા પીરસુ થાળી;
મન ભાવતો મગદળ પીરસુ પુરણ પોળી. છેડ० ૪
મુંબઇની ઉંચી નારી પીળકડી ધુતારીરે;
નડીયાદનું નાક વીધાણું સોરઠની બલીહારી. છેડ० ૫

## ગરબા. ૨૫ મી.

કાળજડું મારૂ કોરયું છેલ છબીલા.
તેં તો ચીતડું મારૂં ચોર્યુંરે રાજ રંગીલા; ટેક.
વાલાજી અમે ગોરી સહુ ગુમાને ભરેલી,
તેં તો સઘળુ નાખ્યું ઢોળીરે. છેલ છબીલા. ૧
વાલાજી રીઝે તો સ્રીના પુરૂષને પીડે,
તું સહુને દમતો હીડેરે, છેલ છબીલા. ૨
વાલાજી નરની મોહની નારીને વાત સાચી;
તુજ આગળ વિદ્યા કાચીરે. છેલ છબીલા. ૩
વાલાજી અબળા આતુર પણ આતુરતા નવ દાખે;
ક્રીડા ભંગ કરી નાખેરે. છેલ છબીલા. ૪
વાલાજી મારા ચીતડાની વાત કહુ છું છેલી;
તુજ માટે લજ્યા મહેલીરે છેલ છબીલા૦ ૫
વાલાજી મારા દયાના પ્રભુ મંદીરમારે આવો ભાગ્ય મોટું
સેજડી પાય પલોટુંરે. છેલ છબીલા૦ ૬

## ગરબી ૨૬ મી.

મને મળીયા છે મોરારીરે પનઘટ જાતાં
મારી આંખલડી તો ઠારીરે પનઘટ જાતાં ટેક.
વાલાજી મારા ઓચિંતાની આવીરે ગોરી;
જુમનાની તીરે ઓડીરે પનઘટ જાતાં.
વાલાજી મારા આવી ઉભા છે મારી જોડે,
બેડલીયું મારૂં ફોડેરે પનઘટ જાતાં.
વાલાજી મારા હાર હજારીનો તોડયો,

મારો પોચે સાતીને મોડયોરે પનઘટ જાતાં.
વાલાજી મારી સાસુડી ઘેર સંતાપે;
મારી નણંદી બહુ રંજાડેરે પનઘટ જાતાં;
વાલાજી મારા રવીદાસના છો રંગી:
મારા જનમોજનમના સંગીરે પનઘટ જાતાં.

## ગરબી. ૨૭ મી.

અમને ચમકેલ શું છેડોરે છેલ છબીલા;
આવડો અમ ઉપર શું આડોરે રાજ રંગીલા. ટેક.
વાલાજી મારા ચકેટે સંભાળીને ચાલો;
ગોવીંદજી ખારો ગાળોરે છેલ છબીલા. ૧
વાલાજી મારા હેરણીયા આવીને શું હેરો.
કોઈ રાજ કંસ કેરૂંરે છેલ છબીલા. ૨
વાલાજી મારા ચરાકતી ચાલે રંગ લાગ્યો;
મારે ભય તો સહુનો ભાગ્યોરે છેલ છબીલા, ૩
વાલાજી મારી મહીની મટુકી ફુટે,
કોઇ મોતન માળા તુટેરે છેલ છબીલા; ૪
વાલાજી મારી આંખ દીસે છે કામણગારી:
તેને મોહી છે વ્રજની નારીરે છેલ છબીલા; ૫
વાલાજી મારા સ્વામી રવીદાસના સોહાગી;
મને પ્રીત તમારી લાગીરે છેલ છબીલા. ૬

## ગરબી ૨૮ મી.

પાતળીયા પાલવ મેલોરે પાયે પડું છું;
છબીલા છેડો મેલોરે પાયે પડું છું. ૧

વાલાજી મારા વંદ્રાવનની વાટે જાતાં
શીદ મને નડોછોરે પાયે પડું છું. ૨
વાલાજી મારા ઝલકાશે મારૂં બેડું,
કોઇ જઇને કહેશે શુંકુંરે પાયે પડું છું. ૩
વાલાજી મારા કામ ઘણું છે ઘેર મારે,
શું રોકોરે જમુના આરેરે પાયે પડુ છું. ૪
વાલાજી મારા લોક જાણે એવું લાઈ.
અમે સાસુની વહુવાઈરે પાયે પડુંછું ૫
વાલાજી મારા કંથને કપરો જાણો,
કાંઇ સજા દે પરમાણોરે પાયે પડુંછું.
વાલાજી મારા સ્વામી રવીદાસના સોહાગી;
મને માયા તારી લાગીરે પાયે પડું છું ૭

## ગરબી ૨૯ મી.

કાંચળડી કંકોડીને વાડકીમાં પાણી
ન્હાનો વર નવડાવા બેઠી સમડી લઇ ગઇ તાણી,
લાલ કેમ કરીએ. ટેક.
મારે કરમે કજોડું લાલ કેમ કરીએ
મારે જુગમાં વગોણું લાલ કેમ૦
મારે સહીયરોમાં મેણું. લાલ કેમ.
ટોપલામાં ઘાલી હુંતો કાકાબળીયા ગઇતી,
કાકેબળીએ પુછ્યું તારો શું સગો લાગે, લાલ કેમ.
બાઇજીનો બેટડોને નણંદીનો વીરો,
ન્હાનો છે પણ કંથ લાલ કેમ.

ચૈટલા ખહુંરે તારે ચાનકીરે માગે
ધણ લઇને ઢીકો મારે ખધડામાં સાલે.  લાલ કેમ.
પાણીડાં જાઉં ત્યારે વળગ્યોરે આવે,
ધણ લેઇને ઢીકો મારે ને હધડામાં સાલે.  લાલ કેમ૦
હાથ પગ દોરડીને પેટ મોટી ગોળી,
ઉકરડે જઇ હગવા બેસે સમડી પાડે ઢોળી.  લાલ કેમ.

## ગરબી ૩૦ મી.

સોના કેરૂં બેડલું મારૂં રૂપલા ઉઢાણી હાથેરે. મોહન.
સરોવર પાણી સંચર્યાં મો૦ કાને કાકર નાખીરે મો૦
ઘડો ફુટ્યો નીર વહી ગયાં મો૦ વાલા ચોદેશ ચાલ્યાં નીરરે મો૦
સાસુ અમારી ખીજશેરે મો૦ નણદલ દેશે ગાળરે મો૦
દેરાણી જેઠાણી મેણાં મારશે મો૦ વાલા શોકયનું છે ઘેર સાલ. મો૦

## ગરબી ૩૧ મી.

ખેલતાં કાંકણી ઝળકી હો રશીયા;
સોના તે કેરૂં મારૂં બેડલું હો રસીયા. રૂપલા ઉઢાણી હાથ. ખે૦
વાટે જતાં વટેમારગુહો રશિયા. ભાઇ વીરા ધડુલો ચઢાવ. ખે૦
તારે ઘડો તે ગોરી તોછડો હો રશીયા. તું તો મારા ઘરની નાર ખે૦
તારા સરખા તારાં જેવડા હો ર. તું તો મારા બાપનો ગુલામ ખે૦
ફડ મરડીને ઘડો મેં ભર્યોરે હો ર. તુટી મારી કમખાની કસ, ખે૦
ભાઇ દરજીડા વીરા વીનવું હો ર. ટાંક મારી કમખાની કસ. ખે૦
ટાંકે ટાંકે મેલ ઘુઘરી હો ર. હઇડે લખજે મોર, ખે૦

## ગરબી ૩૨ મી

ઝુલવાને આજ આવો રાજ.  ટેક

શ્રી ચંદ્રભાગાજીના બાગમાંજીરે. ઝુલ૦
ધારો છો તે વાત આજ લાગમાંજીરે. ઝુલ૦
મળ્યાં રાધીકાને ચંદ્રાવળીજીરે. ઝુલ૦
મસલત કરીએ બે એકઠાં મળીયેજીરે ઝુલ૦
ત્યાં તો વાડીમાં હીંડોળો મંગાવીએ ઝુલ૦
માંહી પ્રાણજીવન પધરાવીએજીરે ઝુલ૦
ધમર ઘટા છે ઘણી વૃક્ષનીજીરે ઝુલ૦
ન્યુનતા નથી એક પક્ષનીજીરે. ઝુલ૦
લલિતાનાં વચન સુણી છેલડોજીરે. ઝુલ૦
તતક્ષણ પધાર્યા અલબેલડોજીરે. ઝુલ૦
હીંડોળે બેઠાં છે બંને બેલડીજીરે ઝુલ૦
ઝુકી ઝુકી ઝુલાવે સાહેલડીજીરે. ઝુલ૦
વીધવીધનાં વાજીંત્ર વેણુ વાયછેજીરે, ઝુલ૦
નૌતમ નારી હિંડોળા ગાયછેજીરે ઝુલ૦
રસ તણો સમુદ્ર લેરાં ખાય છેજીરે. ઝુલ૦
તેમાં દાસ દયો ગુણ ગાય છે જીરે. ઝુલ૦

## ગરબી ૩૩ મી ઉંદરની.

ઉંદર કેર કરે છે રે દુખડાં કોને કહેવા જઇએ;
અમને નીત્ય નડે છેરે ઘરમાં કેમ કરીને રહીએ, ટેક૦
દુર મધેથી દોડી આવે બિછાના પર બેસે.
ફુંકી ફુંકી ચાચજ મારે ના ખબર તેની રેછે. ઉંદર. ૧
ચાર પહોરની રજની માંહે એક ઘડી નવ જંપે;
નિદ્રામાંથી જાગી ઝબકી તવ મારી કાયા કંપે, ઉંદર ૨

પોથી પુસ્તક કાપી નાંખ્યાં બાકી ન રાખ્યુ એક;
ઝાલી ઝાલી થાકી ગયો પાર ન આવ્યો છેક ઊંદર ૩
ધોતી પોતાં કાપી ખાધી, દોરી કાપી આખી;
અબોટીયુ અંગરખુ કાપ્યુ, તેના સુરજ સાખી. ઊંદર ૪
જળ પીવાનું લોટી ગયાનું, તેલ ઢોળી દીધુ;
બરણીમાં બાકી રહ્યું તે સરવે મળી પીધું. ઊંદર. ૫
ચુંચુ ચુંચુ ચિસો પાડી, લીંડી ઝાઝી પાડે;
કંઇરીને હાલે તારે કોટયો ઝાઝી કાઢે ઊંદર ૬
ગણપતિની ચોથ કરીયે, તે કરતાં નથી મુકયાં;
લચપચતા લાડુ કરી, ઊંદરમામાને મુકયા, ઊંદર. ૭
દીવો જો બળતો રાખું તો દીવેટ તાણી જાય;
એમ કરતાં ઉંઘી ગયા તો, લંકા જેવું થાય. ઊંદર. ૮
જે દીવસના ગામ ગયાતા, તે દીવસના ઘરમાં પડીયાં,
કોડી પેટી કાપી ખાધી, એ રીતે ખુબ નડીયા. ઊંદર ૯
પાંજરાં મુકી મુકી થાકયો, તો એ ઝાલ્યા નવ ખુટે;
ખાવાનું ઉઘાડી નાંખી, જાણે ગોળનું ગાડું લુંટે. ઊંદર ૧૦
એ પશુને શું કરીએ, મને રીસ ગઇ છે વાપી;
માળા મારી ફેરવવાની ગૌમુખી સુધાં કાપી. ઊંદર ૧૧
નિત નિત દુઃખડાં અમને દે છે, કયાં જઇએ ઘર મેલી;
ભકત પીતાંબર એમ કહે, એને મળજો વાઘનીમાસી. ઊંદર ૧૨

# ભાગ નવમો.

## ગરબો.

( પુનમચાંદની એ રાગ )

બેહેનો પ્રતિવ્રતા નીજ ધર્મ તમો સ્વીકારજોરે,
રહેતાં પતી સેવામાં હાજર દીનને રાત
પામો મુક્તી પદને સુખ ઘણું સંસારમાંરે. પામો૦ ૧
સત્ય વચન સૌ બોલજો નીજ પતિની સંગાત.
સાસુ સસરા સર્વને સાચી કહેજો વાત
રાખી નમ્રતાને માન થકી બોલાવજો. પામો. ૨
નેત્રનેહ નવ રાખશો પરપુરૂષની સાથ
પિતા પુત્ર ગણી તેહને બોલો સૌ સંગાત
ઠઠા મશ્કરી કરીને બહુ નવ બોલવુંરે
વળી એકાંતે નવ કરવો ગુપ્ત વીચાર. પામો૦ ૩
દાગીના નવ પેખવા, નિત જોવું પતિ મુખ;
સદગુણમાં રહેજો તમે અક્ષય પામો સુખ.
લડવું વઢવું ને ગુસ્સામાં કદી નવ બેસવુંરે,
રહેવું સંતોષે જે આપ્યું છે જુગદીશ. પામો. ૪
પતી પ્રકૃતી હોય જો, અગનિ કેરી ઝાળ
સંતોષે બુઝાવશો સામો નાવે કાળ
હસવું રમવું ને સુખેથી દીન ગુજારવારે

તેથી થાશે સઉ કુળનુ કલ્યાણ. પામો. ૫
ધન સંપતી વાસના, પટકુળ જુદા રંગ
સર્વ ફોકટ જાણજો ધરજો સદગુણ સંગ
મળશે પરમેશ્વર આપે મુકતી ફળ સાથમાંરે
કહે લક્ષમણ ગણપત હેતે ધરી મન હોંશ પામે.

---

સખીઓ નીજ નીજ નીતી ધર્મ સદા સંભાળીએરે.
પરમ પવીત્ર પતીવૃત પટકુળ કરી પગીધાન,
સાસુ સસરા માત પીતાની સેવા સાચવોરે;
ભાવ સહીત ભક્તિથી નીત ભજીએ ભગવાન.
એવા ઉતમ ગુણથી ઉભય સુકુળ ઉજાળીએરે. ટેક
નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ;
પર નરને નવ આપીએ, તાલી હાથોહાથ.
હસવું રમવુંને એકાન્તે નવ બેસવુંરે.
પતી વીણ પતીના સદમીત્રોની સંગાથ એ૦
નાથ વીના કરવી નહી, વીનોદ રસની વાત.
વીશ્વ વિરૂદ્ધ ન વર્તવું, ભલે તાત કે ભ્રાત,
સજની ભ્રષ્ટ થવું નહી સુધરી સદ આચારથીરે.
નીરલજ નટખટની સોબત તજવી સુજાત—એ.
કુદ્રષ્ટિ કદરૂપ કુબડો, નીરધન નીર્બળ કાય,
મતીહીન પતીત પતી મળે, એ સતીને સુરરાય;
જોડી પગ અંગુઠે, દ્રષ્ટિ આવે ઓઢીએરે,
સુખકર સાચવીએ સહુ સાથ સંપ સદાય—એ૦
ઉંચે સ્વરે ન ઉચરવું મુકીને મરજાદ.

કુલીન બ્હેન કરવો નહિ વડીલશા વીવાદ;
ચંચળ ચાલે ચતુર ચટક મટક નવ ચાલીએરે.
શીવસુત કેશવની શીખામણ અંતર યાદ—એ.

સંવર સુખકર સંસાર, શીયલ ગુણગ્રુ સગીએ,
એ વીણુ નીગુણા નરનાર તનમનથી તજીએ
પરનર નારી પ્રેમ દીપકમાં પડી પતંગ સમાનરે
સુજસ શરીર સળગાવી મુકે, કંઈક નફ્ટ નાદાન–
અવર અખંડીત અંગ અનુપમ, નહી મળે એક નાકરે
શીયળ વીના એવા સદગુણ સહુ, જેમ સોમલ સં પાક.
વ્યભીચારીને સહુ સંસારી કરે અધીક ધિક્કારરે
પરપોળે પકડાતાં પડીયા, મ્હોટા જનને માર–
જાર કરમથી જેહ જગતમાં, કરે કલંકિત કુળરે
અક્કલમાં અંગારા ઉઠયા, ધર્મ કરમમાં ધુળ–
વેર વીરોધ વધે વ્યભીચારે, નિશ્ચય ધનનો નાશરે
શિવસુત કેશવ શીયળવંતના હેવ સરખી દાસ

## વીંછી વીશે ગરબી.

અરર માડીરે છાણું તે વીણવા ગઈતી   મા૦ વીછુડો.
અરર માડીરે સોબત સઇની બઇતી   મા૦ વી૦
અરર માડીરે છાનો માનો લપાયો   મા૦ વી૦
અરર માડીરે વાંકો વળી ડંખ માર્યો   મા૦ વી૦
અરર માડીરે નાસતાં તેને ભાંગ્યો   મા૦ વી૦
અરર માડીરે આંખે લહેરો આવે,   મા૦ વી૦
અરર માડીરે સસરાને તેડાવો,   મા૦ વી૦

અરર માડીરે સહીયર તેડી લાવો — મા૦ વી૦
અરર માડીરે સસરાને તેડાવો — મા૦ વી૦
અરર માડીરે પડદા બંધાવો — મા૦ વી૦
અરર માડીરે સસરા અહીયાં આવે — મા૦ વી૦
અરર મા'રે ગાડી બેસવા લાવે — મા૦ વી૦
અરર માડીરે કાળુપુર લઇ ચાલો — મા૦ વી૦
અરર માડીરે વીછુડો ઉતરાવો — મા૦ વી૦
અરર માડીરે વીછુડે વેર વાળ્યાં — મા૦ વી૦
અરર માડીરે હરખ હૈયાનો ટાળ્યો — મા૦ વી૦
અરર માડીરે ભોજનીયાં નવ ભાવે — મા૦ વી૦
અરર માડીરે સુતાં નીદ્રા ન આવે — મા૦ વી૦
અરર માડીરે ઓરડામાં ઢોલીયા ઢળાવો — મા૦ વી૦
અરર માડીરે પરણ્યાને બોલાવો — મા૦ વી૦
અરર માડીરે શારોને કંસાર કરાવો — મા૦ વી૦
અરર માડીરે પરણ્યો કોળીયા ખવરાવે — મા૦ વી૦
અરર માડીરે વીછીની વેદના ભારી — મા૦ વી૦
અરર માડીરે વીતી તે સહુ જાણે — મા૦ વી૦
અરર માડીરે ગાયું તેવે ટાણે, — મા૦ વી૦
અરર માડીરે ચકાલાલે ગીત ગાઇ — મા૦ વી૦
અરર માડીરે ગરબી રસીક ગાઇ. — મા૦ વી૦

## માંકણની ગરબી.

માંકણ કરડે છે માંકણે માંડ્યો ઉતપાત માંકણ કરડે છે.
હવે મને કહીએ વાત માંકણ કરડે છે.

હવે ક્યાં જઈ રહીએ રાત, માંકણ કરડે છે. ટેક.
માંકણ ચાંચડ જુ જતીને, મારયાનું બહુ પાપરે;
આખી રાતે ભગવંત સમર્યા, માંકણને પરતાપ માં૦ ૧
નવી વહુને માંકણ કરડયા, કઈડયા સારી રાતરે
આઠસે પાસાં ધરી ધરીને, બહડે પાડી ભાત. માં૦ ૨
મીયાંભાઇને માંકણ કરડયા, ચટકે ચડી રીસરે
ખાખલો ખંખેરવા કહાડયો, ભાગી નાંખી ઇસ. માં૦ ૩
માંકણ મુવા મસ્તીખોરા, આવે લારો લારરે;
દીવાનું દીવેલજ ખુટયું, તોય ન આવ્યો પાર. માં૦ ૪
એકને મુઠી ઓજે ઝાલ્યો, તીજો નાસી ગયોરે;
ઉતાવળથી ઝાલવા ગઇ તો, દીવો રાણો થયો. માં૦ ૫
આખી રાત વેણી મુવા પણ તોય ન ઓછા થાયરે;
કોઈ ખાટલાના પાયામાંને કંઇ ભીંતોમાં જાય. માં૦ ૬
વેરયા વીના વધી જાય, પછી ન આવે પારરે;
એક જો છતે જીવતો હોય તો, તેના ચાલે વીસ્તાર માં૦ ૭
ખાટલા ખંખેરીને ગોદડાં તડકે નાંખોરે.
કળીચુનાથી ઘર ધોળાવો, શું બને છે બાપો ! માં૦ ૮

## વાંદરાની ગરબી.

નવે નગરથી વાંદરોરે આવ્યો,
અંબાલાલનું ઘર પુછતોરે આવ્યો;
મોટીડાએ દીધાં માનરે વાંદરા,
નવરંગી ચીતરાવીને પાટલે બેસાડયો.
આંખજ આંજીને ટીલડો તાણીયો,

એટલે આવ્યા અંબાલાલરે;
ફટ ગધેડી વાંદરો શું લાવ્યો,
હું રૂપાળો વાંદરો શું લાવ્યો,
હું ફોગાળો વાંદરો શું લાવ્યો.

## ફુવડની ફજેતી.

સાથે પ્રભુને નમી કહું ફુવેડના ફેલ સર્વ લોક સાંભળો;
ધ્યાનથી કાઢી મેલ જુવો ફજેતી ફુવેડ નારની ટેક ૧
છ ઘોયાની આંખડીને છ નાયાનુ નેમરે;
આ કુંભારજા કરમે ભાગી ઘર ચાલે તે કેમ. જુવો; ૨
સાસુ દે શીખામણ ત્યારે સામી વડવા લાગે,
સમી સાંજે સુવે ત્યારે પોર દીવસે જાગે. જુઓ ૩
પોર દહાડે પડી ન ઉઠે ઉપરી ન કરે ખાટ,
ચાળીઓ એની ઠીકરી જેવી લોટે વળીયો કાટ. જુઓ ૪
ગાળીએ બેઉ છારીઓ વળી ખામણે સેવાળ,
ઘરમાં ન વાશીદુ વાળે ગંદા એના બાળ. જુઓ ૫
ચોખુ દાતણ ના કરે દાંત મેલા ભાણુ,
લોક સર્વ સાંભળો ક્યાં કરૂ વખાણુ. જુઓ ૬
બાર છઇયાની મા કેવાણી ગળતે ન આવડે પાણી,
જોવું હોય તો જોઇ લેજો જેવી ભુંડણ વીઆણી. જુઓ ૭
કાચો કરે રોટલો ને શાક જાણે ખાણ,
ઘેંસમાં ન મીઠું નાંખે દાળ મોળી છાણ. જુઓ ૮
રસોઇ કરીને ચોકો ન કરે ન કરે અબોટ,
ઉઘે માથે ખંટી તાણે કુતરાં ચાટે લોટ, જુઓ ૯

સાસુની ફજેતી ઘેર ઘેર ફરતી,
સાસુ મારી સોકલડી શા માટે નથી મરતી	જુઓ ૧૦
હાથે પગે મેલ વળ્યો અંગ મેલું એનું,
મુખે ભમે માખીયો તો કામ ચોખ્ખું શેનું.	જુઓ ૧૧
મેલ ભર્યો ઘાઘરો ને સાલો કાળો મેશ,
ચોળુમાં જુઓ પડી જાણે કચરાળી ભેંશ.	જુઓ ૧૨
ઝોંડ બાઝયું ચોટલામાં પડી જુવો લીખ,
જે નરે આ નાર વરી તેનું જીવતર ધીક.	જુઓ ૧૩
કુબે સાસુ નણુદીને ધણીને કુબે દહાડી,
ઓળખો નહી તો ઓળખી લેજો આ કુભારજા લાડી.	જુઓ ૧૪
પુન્ય કરે જ્યાં પાડોશી ત્યાં આડી જીભ વાય,
અભીયાગત આંગણે દેખી ઘરમાં નાશી જાય.	જુઓ ૧૫
દે શીખામણ સ્વામી ત્યારે કુવે પડવા જાય,
લોક કેરા થોકમાં ફજેતીઓ લુટાય.	જુઓ ૧૬
ધોકે ધોકે ધણી મારે તારે તે દે સરાપ,
જો તને હું જીવ ન આપું તો તુજ મારો બાપ.	જુઓ ૧૭
આવી કુવડ દેખી ધણી બળતો બોલે આપ,
આ માટે આડો ન ઉતર્યો પરણવા જતાં સાપ.	જુઓ ૧૮
આમ કુવડ નાર તણા અવગુણ આ દેખ,
દેનારને દોષ ન દઇએ કરમે લખ્યા લેખ.	જુઓ ૧૯
આવી જેને નાર મળી તેને સંતાપ,
તે પુરૂષને માથે આવી પોચી મળીયા પાપ.	જુઓ ૨૦
નરનારી સહુ સાંભળો કોઇ માં ધરશો રોશ,
દીઠી એવી દાખવી દેશો માં મને દોશ.	જુઓ ૨૧

ચમનલાલ તો સાચુ કહે ડાયાની નજર પુગે,
આ નારથી કુનેડ માથે શીંગડાં ન ઉગે, જુઓ ૨૨

## માણીગરનાં સાખીઓ.

### ગરબો ૧ લી.

મોહોલે પધારો મારા રાજ માણીગર મોહોલે પધારો
નાગરી જુવે છે વાટ માણી૦ મારો શો છે અપરાધ, માણી૦
એમ રૂદન કરે રાધા નાર માણીગર ટેક.
શીશો ભાગ્યો શોધતાં, મન ભાગ્યું કુવેણ,
મોતી ભાગ્યું વીંધતાં, તેને નહી સાંધો નહી રેણ. મા૦ ૧
સોનુ કરીને સાચવ્યું, કરમે નીકળ્યું કથીર
ચીંતામાં ચતુરાઇ બળે, મારાં સોશે સુકાણાં શરીર મા૦ ૨
ચંદા તુજને પુજતી, કરતી આદીતવાર
ઘડી એક મોડો ઉગજે, મારો પીયુ મીલાવણ હાર. મા૦ ૩
સાહેરી સાગર ઉલટો, રત્ન તણાયાં જાય
કરમહીણ ભરે મુંઠડા, તેના શંખલે હાથ ભરાય મા૦ ૪
જોબન જાતાં જાણતી, કરતાજ મોથા મુલ
થોડું થોડું રાખતી, જેમ માલણ રાખે ફુલ. મા૦ ૫
પ્રીતી એસી કીજીએ જેસા જેસા ટંકણખાર
આપ જલે પર રીજવે ભાગ્યાં સાંધે હાડ. મા૦ ૬
મીત્ર મીત્ર સબકુ કહત, તાકી મીત્ર અનેક;
બીપત પડે સો શીર દીએ, એસા જગમાં જવલે એક. મા૦ ૭

### ગરબો ૨ જો

માણીગર આવો, મારે મોહોલે માણીગર આવો,

વ્હાલા શાને લોચન લલચાવો, મારે મોહોલે માણીગર આવો;
ઘણા દીવસની ગવાઉડું જુડી તે આજ લઇએ લાહાંનો, મા. ૧
ના નવ કહેશો ક્યાં કહો મળશે, ફરી અવસર આવે વાર. મા. ૨
મન માની મોજે માણશું ફેરી તો નહીં ફાવો. મા. ૩
જ્યારે ત્યારે પણ છું તમારી, શીદને તલસાવો. મા. ૪
અધર સુધારસ સુખનો સાગર આજ પીયોને પાવો. મા. ૫
રંક રાંકડી દયાના પ્રીતમ, માટે મારો દાવો. મા. ૬

## ગરબી ૩ જી

વાંસલડી વાજે સાંજે આજ વાંસલડી વાજો,
વાટ મારી જુલી માં જજો, સાંજે આજ વાંસલડી વાજો, ટેક.
જે જેમ કરણુ હોય જે રીતે, તે તો ગીત ચીરા ગાજો સાં. ૧
કોઇને ના કહેશો કદી કોઇ પુછે તો સમ જુગતે ખાજો, સાં. ૨
નંદ જશોદાજી તો છે બહુ ભોળાં, અતીશય વીવેક વ્હાજો સાં. ૩
આપ તો સદા સુખી છો પણ, આજ સુખ મારૂં થાજો સાં, ૪
મારા દોષ ના વીચારશો વાલમ, દીનબંધુ થાજો, સાં. ૫
દયાના પ્રીતમ જાણી દાસી પોતાની પ્રેમનો પ્યા પાજો. સાં. ૬

## ગરબી ૪ થી

ફુલી અલબેલી આવ્યા વ્હાલો, ફુલી અલબેલી,
વિરહે રૂપ નાખ્યું છે રેલી આવ્યા વ્હાલો ફુલી અલબેલી, ટેક
શ્યામ સુંદરનું મુખ નીરખી ગોપીકા થઇ ઘેલી; આ. ૧
વીરહ અગ્નિ ઓલાયો અંતરનો થઇ આનંદની હેલી. આ. ૨
તેમ ફુલી જેમ પામે રંગમહી રત્ન મણી પેહેલી. આ. ૩
મહાલક્ષ્મીને દુર્લભ વસ્તુ તે પ્રેમે થઇ પેલી, આ. ૪
દયાના પ્રીતમજી સંગે રમતાં વાધી પ્રેમની હેલી. આ. ૫

## ગરબી ૫ મી.

ગીરીવરધર ગોપી રૂપ એક ગીરીવરધર ગોપી,
એમ પ્રતીબીંબ સંગ રમે બાળક, એમ લીલા ઓપી. રૂપ. ૧
મથુરામાં મુકીને શ્રી ગોકુળમાં પ્રેમ વેલ રોપી. રૂપ. ૨
વ્રજ વનીતાને વશ થયા વિઠલ વેદ વચને લોપી. રૂપ. ૩
શુદ્ધ ચીત પ્રેમરસ વા પીધો શુ થશું પહેરે ટોપી. રૂપ. ૪
દયાના પ્રભુની લલનાએ મુખ મરડયું તને કામ વાસના કોપી ૫

## સાખીઓ અને શમશાઓ.

મગ મગ જેવડાં મોતીડાં આડા અવળાજ વેહ,
જુવા માબાપના છોરૂવા, તમને આવડે શો સ્નેહ વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા,
સોપારી જેવડું સારંગડું તલનો ત્રીજો ભાગ;
એ સારંગડે બે રત્ન ગળ્યાં એક ધરતી બીજું આભ
વાલા ગોકુળીએ લેઇ ચાલ વાલા ( આંખની કીકી ) ૧૦
ડુંગર ઉપર દેવડી ઉપર કલાયલ મોર,
રાજા તારા મહેલમાં મેં તો દીઠું અંધારૂં ઘોર વાલા,
ગોકુળીએ લેઇ ચાલ વાલા. ૧૧
વેંત જેવી વરખડી ને ઢાલ જેવું ફુલ,
કાચાં કુમળા ઉતરે તેનું પાકે થાયે મુલ વાલા
ગોકુળીએ લેઇ ચાલ વાલા. ( કુંભારનો ચાક ) ૧૨
અંભાતી ગાડાં જોતર્યાં મહીં ભર્યુંછે હીર,
પિયુજી હોય તો મુલવે મારાં ફાટી ગયાં છે ચીર વાલા,
ગોકુળીએ લેઇ ચાલ વાલા, ૧૩

નગરમાં નાગી ફરે, વનમાં પહેરે ચીર.
તેને તો તમે લાવજો, મારી સગી નણંદના વીર વાલા,
ઓકુળીએ લેઇ ચાલ વાલા, ( સોપારી ) ૧૪
ખંભાત ગાડાં જોતરયાં માંહી ભર્યાં દાંત.
પીયુજી હોય તો મુલવે મને રાતા ચુડાની ખાંત વાલા
ઓકુળીએ લેઇ ચાલ વાલા, ૧૫
ગાય વીયાણી ગાંદરે, વાછરડું વાડામાંય,
દોનારી ઝુલે પારણે, તેનાં છોરડાં લશ્કરમાંય વાલા,
ઓકુળીએ લેઈ ચાલ વાલા. ( બંદુક ) ૧૬
આંબલી ઝાડ ચીકણું ટુંકાં ટુંકાં પાન,
પીયુજી બેઠા સભામાં કેમ કરી કરૂં સાન વાલા.
ઓકુળીએ લેઇ ચાલ વાલા. ૧૭
નારી પીટી નર ભયો શુરા પહેલો થાય,
આઠ માસ રણ ભોગવી, નારી થઇ ઘેર જાય વાલા,
ઓકુળીએ લેઇ ચાલ વાલા. ( ગોફણનો ગોળો ) ૧૮
પાટણ દીવા પ્રગટીયો. મેશ પડી મેવાડ;
આંજનારી આબુ વસે, એનો છેલ વસે ગુજરાત વાલા;
ઓકુળીએ લેઈ ચાલ વાલા. ૧૯
પડી પણ ભાંગી નહી, કકડા થયા બેચાર;
વગર પાંખે ઉડી ગઇ, તેનો ચતુર કરોને વીચાર વાલા,
ઓકુળીએ લેઈ ચાલ વાલા. [ તાદ ] ૨૦
આંબો વાવ્યો દક્ષિણ દેશમાં, ઉગ્યો અમદાવાદ.
ફાલ્યો ફુલ્યો માળવે વેડાયો ઝાલાવાડ વાલા,
ઓકુળીએ લેઈ ચાલ. ૨૧

આઠ કટકે નર નીપજ્યો, દો નારી નર ચાર,
તેમાં બે નપુંસક વસે, તે મેં તજ્યો ભરથાર વાલા;
ગોકુળીએ લઇ ચાલ વાલા. [ પલંગ ] ૨૨
તનનાં કરૂં ત્રાજવાં, મનનો કરૂં બજાર,
કલ્પનાની કરૂં કાટકી, હું તો વણજ કરૂં વેપાર વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા. ૨૩
નારીને તો નર ઘણા, ઝાઝા સાથે છે પ્રીત,
નારી પહેલો નર મરે તેવો કોના કુળની રીત વાલા;
ગોકુળીએ લેઇ ચાલ વાલા ૨૪
જળમાં પેશી ઘર કરે, ઝાઝા જળમાં નહાય
માથું વાઢે મરે નહી, એનો બાલ ખેંચે જીવ જાય.
ગોકુળીએ લેઇ ચાલ વાલા. ( ડોંગર ) ૨૫
આંબો ટેંબે મોરીયો કોણ રાખું રખવાળ,
પેલો પાડોશી નાપણો, મારો મરજ્યો નાનકડું બાળ વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા. ૨૬
બાપે જન્મી બાળકી બેટડીએ જન્મ્યો બાપ,
ચતુર નર શમશા કહો, એતો બેની ભલી કે બાપ,
ગોકુળીએ લઇ ચાલ વાલા. [ આરસી ] ૨૭
ઉચી ગોરી ઉજળી જળ ભરવાને જાય,
કટિ વાગ્યો પ્રેમનો એ તો ઉભી ઝોકાં ખાય વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા, ૨૮
હરતી ચઢણુ ગઢ રંગન વેસ્યા વલણુ જેણુ,
પીઉ પધારો તેને હાટડે મોકલાવો તેવું તેણુ વાલા;
ગોકુળીએ લેઇ ચાલ વાલા. (શીંદુર) ૨૯

આંગણે વાવું એલચી સેંચાવુ નાગરવેલ
પંખીઓ હોય તો પાળજે, નીકર મહીયર વળાવી મેલ વાલા
ગોકુળીએ લેન ચલ વાલા, ૨૦
ત્રણ સુખને તેર ગજ, સાંભળી ચતુરસુજાણ;
નગ ઉપર નાગી ચડે પછે થઇ છે તાણા તાણ વાલા;
ગોકુળીએ લેઇ ચાલ વાલા. ( તરવાયો ) ૨૧
દરીએ મોતી નીપજે નહી મોતીનું મુલ
ભાંગ્યો દાણો નહી મળે, એક મોતીને બીજુ મન વાલા.
ગોકુળીએ લેઇ ચલ વાલા. ૨૨

## ગરબીઓ.

ગલ મખા શેલાણી આવ્યો માગ બાગમાંરે એ રાગ.
તને વિસરી વિસરી વિસરી રાજ મને બંસી વગાડી
કાહાના વિસરી. ટેક.

મુને મુકી ગયા બાળે વશમાંરે
લીધી સુધી ન મારી લવલેશ. મુને૦ ૧
દાસી જાણીને આવે મારા મોલમાંરે,
વીના છત્રપતી તો નથી ચેન. મુને૦ ૨
મને નીંદ્રા ન આવે સેજે એકલીરે
બીના બાલમ કટે કેસે રેન. મુને૦ ૩
મારા જોબનનાં પુર વહી જાય છેરે;
તમે આવી માણો માહારાજ. મુને૦ ૪
કોઇએ ભરમાવી લીધો મારા છેલને જો,
કીધાં ઘાયલ પ્રીતમ તારાં નેણ. મુને૦ ૫

ઓધવ સંદેશો કેહેજો શામનેરે,
વહેલા વળે ત્રીભોવનરાજ. મુને૦ ૬
કરજોડી ઓધવ કહે નાથનેરે,
વહે વ્યાકુળ સદા વ્રજનાર. મુને૦ ૭
એવું સુણીને રાજ પધારીઆરે,
ગોપી આનંદ ઉર અપાર. મુને૦ ૮

---

મને માયા લગાડી મોહનીરે,
મોહની મોહની મોહની,
રાજ મને માયા લગાડી મોહનીરે. ટેક.
હુંતો હાલુ ચાલુને મને સાંભળેરે,
જોઉ જોઉરે પ્રીતમ તારી વાટ. મને૦૧
વાલો જુમનાની તીરે ચોકસીરે,
ત્યાં તો ખોબલે ઉરાડે નીર. મને૦૨
મુંબાઇ શેહેરનાં તે મોતી વાપરયાંરે,
તે તો આવ્યાં અમારા દેશ મને૦૩
પાતળીયો હોય તો મુલવેરે,
અલબેલો દરીયા પાર. મને૦૪
કાઠીઆવાડની તે કાંબીઓ વાપરીરે
તે તો આવી અમારા દેશ. મને૦૫
છબીલો હોય તો મુલવેરે,
છોગાળો દરીયા પાર. મને૦૬
સુરત શાહેરના સાળુ વાપરયારે

તે તો આવ્યા અમારા દેશ. મને૦૭
પાતળીઓ હોય તો મુક્તરે,
શામળીયો દરીયાપાર. મને૦૮
હવે મોહન મથુરાથી આવીયારે,
સરવે વસ્તુની વેરત થાય. મને૦૯
તમો નીર્દય નઠોર નંદલાલ છોરે,
કીધાં બાયલ ન લીધી સંભાળ. મને૦૧૦
એવું સુણી પ્રીતમ પધારીયારે,
આવી કીધી છે લીલા લેહેર. મને૦૧૧

## મરઠી દક્ષીણી ભાષાની.

( ગોકુળીએ લેઇ ચાલોરે ઓધવરાજ હમને એ રાગ. )

તમો મીલા વીસરૂ ન શેલારે જાદવ નંદ કૃષ્ણ,
લબાડ વચન માલા દીલારે જાદવ નંદ. ટેક.
સોટ વીજોગાચી હાણુલા મી સાંગુ,
યાંચા મી તુંમચે પાઇ લાગુરે. જાદવ. ૧
હરીચા વાટ મી અહોનીશ પાહુ,
કૃષ્ણ વીયોગે કુઠે જાઉરે. જાદવ. ૨
દરશન દયા માલા કૃષ્ણ મોરારી,
યા મી તુંમાવર વારીરે. જાદવ. ૩
લબાડ શપત તુમી અમચીકા ખાતા,
સયતીચા ઘરી જવું ન રહાતારે. જાદવ. ૪
સવતીચા ટોક મીતા પાહયાચી નાહી,
સત્ય સાંગુ અમીસાંઇરે. જાદવ. ૫

અંશે આયપ્રુતી હરી રાધા ધરી આલે,
ધમોપે સ્વામી પ્રસન ઝાંહેરે. જાદવ. ૬

## ગરબીઓ વ્રજભાષાની.

શામળા હાડી રહુ કે ઘર જાવુ હાડી હાડી કુમળાનુરે
શામળા હાડી રહુ કે ઘર જાવુ ટેક.
કુબડી હાડીરે મેતા તુમારે ગાગીણીયે,
સાકર માખણ પાવુરે. સામળા. ૧
વંદ્રાવનની કુંજગલનમાં,
ગોવીંદ પ્રભુના ગુણ ગાવુંરે. શામળા ૨
જળ જુમનામેં પનીયા ભરન ગઇ,
ચેત સુરત લપટાઉરે. શામળા, ૩
સુંદર જળ જુમનાજીકા નીરમળ,
નીત્ય ઉઠી ગંગામાં નહાવુંરે, શામળા. ૪
પુરૂષોતમ પ્રભુકી છબી નીરખત,
ચરણકમળ ચીત લાવુંરે. શામળા. ૫

---

જુલીયાઇ માળી કુંજનકે બનમે,
કુંજનકે બનમે કુંજનકે બનમે બંસી બજાઇ મધુપનમે.
જુલીયાઇ માળા. ટેક.
સ્યામકે ખાતર મેં તો જોગન બન જાઉંગી,
હોય રહી મનકી મનમે. જુલીયાઇ. ૧
જળ જુમનામેં પનીયા ભરન ગઇ
ટકે લગી અંખીયા ભીતરમાં. જુલીયાઇ. ૨

પુરશોતમ પ્રભુકી છબી નીરખત
મીલ ગયે મોહન બનમે. ઝુલીયાપ્રભુ૦ ૩

—

( છોડી ગમનકી અંગીયાકુ અતર લગાકે ચલી, એ રાગ )
અપ્રભુનકી લગી બામણીપેમે નેહડા લગાકે ચલી. ટેક.
આનેજી સાનકે મેરી ગલી હઠે રહ્યા લાલજીમે ફબકી
ખડી અપ્રભુન. ૧
હાથમેં છે ગજરા ગુલાબકી છડી,
પાઉસે ઝાંઝર બજાવતી ચલી. અપ્રભુન. ૨
આંખો ભરે સુરમેં મુખમાં ભરે પાન,
છોટી ઉમર બડા મોત સા ગુમાન. અપ્રભુન. ૩
બાઇ મીરાં કહે પ્રભુ ધીર ગંભીર,
ગોવાલણીકુ મીલ ગયે જુમનાકે નીર. અપ્રભુન. ૪
મેરા સઇયાં ગુલામીકા ફુલ હમારો રંગ કેશરીયાં.
જમનેકા ભડવા ગંગાજળ પાની,



# ભાગ દશમો.

મેરો પીયો ગુલાબીકો ફુલ પીલાવે રંગ કેશરીયાં. મે૦ ૧
સુનેકી થાળીમે જમવા પીરસું,
મેરો જમે ગુલાબીકો ફુલ જમાવે રંગ કેશરીયાં. મે૦ ૨
ચુન ચુન કળીયાં મેં સેજ બીછાઇ,
મેરો લોટે ગુલાબીકો ફુલ, ઉડાવે રંગ કેશરીયા. મે૦ ૩
ચંદનકી ચાદર ઓઢો મેરે બાલમ,
મેરો ઓઢે ગુલાબીકો ફુલ, ઓઢાવે રંગ કેશરીયાં. મે૦ ૪
ઝંઝેરી પાન જસોદી બીડીયાં,
મેરો ચાવે ગુલાબીકો ફુલ, ચલાવે રંગ કેશરીયાં. મે૦ ૫
ભોર ભયા ઓર ચીડીયાં બોલી,
મેરો ભાગે ગુલાબીકો ફુલ, ભગાવે રંગ કેશરીયાં. મે૦ ૬

## સાખીઓ.

આઘા રહો વ્રજરાજ, વારૂં છું વાલમ તમને;
ફજેતી આપણુ બેની થાય, માટે જાવાદોની હમને. ટેક.
હમે શમો રસ ચાખીયે, છો સમજુ મહારાજ;
અણુ વીચારથી ચાલીએ એમાં નટવર ન રહે લાજ. વા. ૧
વાલા છો વરણાગીઆ, શું કરૂં અબળા નાર;
સાસરીયા કોણુ ગણુ એથી નથી નીસરાતુ બહાર. વા. ૨
ઠાકરવાદી નવ કીજીએ વીચારીએ મનમાંહ્ય,

રાંડ તજો રસીયા તમે હવડે આવી ચડશે ચોઢ.     વા. ૩
પ્રીત રીત શીખ્યા નથી ચારી જાણો ગાય,
ચતુર નજારવો નેહ એનો કઠણ વાત કહેવાય.     વા. ૪
હરી ભટના હરી એ વચન હું સમજી ગઇ સહુ પેર,
વગો સખ્યાએ આવજો મારી મંદિર કરે ઘેર.     વા. ૫

મળ્યા મોહન મધુપુર સહચર કરશું કામણ મુજને
મને નાગરા ન દીધું નીર શી કહું વાત આજની તુજને ટેક.
રૂપ રસીક ઘણું છેલનુ ચંચળ નેણ રસાળ,
ચીત ચાક ચતુરાઇ થકી આવી ઓચીંતી આળ,     સહચર૦ ૧
મરકનદ કરી પુછીયુ શું છે તમારૂં નામ.
કાંસ મળને માનવી મારે તમ સંગાથે છે કામ     સંચર. ૨
ફરી ફરયું ગયા વન ભણી, વાંસલડી છે હાથ.
વ્યાકુળ થઇ વનમાં ફરૂ એમને મળવા થઇ નીરાશ.     સૈ. ૩
તુ તેને જઇ ઓળખે માટે મને દેખાડ,
નીરર જીવ મારો જશે તારે જીવાડવી હોયતો જીવાડ.     સૈ. ૪
હરી ભટનો હરી વશી રહ્યો રૂદે રૂદે ભરપુર.
ગોવીંદજી ઠગી ગયો; એના સરખો નહિ કો ચતુર.     સૈ ૫

આપી રંગ રંગીલી સેજ મારા સ્વામીજી નીદ્રા કરો નીદ્રા કરો,
મારૂં જોબન બાળે વેષ, મારા સ્વામીજી જર. નીદ્રા કરો નીદ્રા કરો,
મારા છુટા છે શીરના કેશ મારા સ્વામીજી,
તમો દયા લાવો લવલેશ મારા સ્વામીજી.     ટેક.
વાદળ ઝબુકે વીજળી, જેવી રણુ ઝબુકે તલવાર.     મારા૦ ૧

સજ્જન એવા કીજીએ, જો હોય ગુણ બત્રીસ;
ભીડ પડે ભાગે નહી દેવેજ આપનો શીશ. મારા૦ ૨
સજ્જન તુજમાં ગુણ ઘણા, અવગુણ નહી લગાર,
તે કારણ તું સાંભરે મને દહાડામાં હજાર. મારા૦ ૩
સ્નેહી સ્નેહ બતાવીને સુખ હરી લે સાર;
વાહાલા વેરી જ્યાં થકાં હવે શાથી તે કરનાર. મારા૦ ૪
સુખ માટે પ્રીત કરી નીવડી દુખ દેનાર;
દ્રવ્ય મેલી વસ્તુ વ્હોરીયે, જેમ સાધન જીવ હરનાર. મારા૦ ૫
તમો ગયે સારૂં થયું આ તનડાનું સાન,
જાણું બાથ્યાં શું કહું સ્નેહી વચ વખાણ. મારા૦ ૬
[illegible] સીતાવર એકનું અરરર કરવું નીત,
વ્હાલા છેક નમેરડા થઇએ નાખી જ્યાં પ્રીત, મારા૦ ૭
સોળ વરસની સુંદરી પીયુ ગયા પરદેશ,
તે અબળા સંતાપે ઘણું, જેનું જોબન બાળે વેશ. મારા૦ ૮
સજન તેરે કારણે સુકયો સબ શરીર,
પાપી નેત્ર સુકત નહી તેમાં ઝરઝરે આવે નીર. મારા૦ ૯
પંખી હઉ તો ઉડ ચલુ, ઘડી ન રાખું ધીર,
જ્યું જ્યું સજન સાંભરે ત્યું ત્યું વાગે તીર. મારા૦ ૧૦
સજન તુમ મત જાણીયો, તુમ બીસરે મોય ચેન;
દાઝે બનકી લાકડી, તેતો સીલગ તપે દીન રેન. મારા૦ ૧૧
હવે તમારા મુખનાં દર્શનની રાખું આશ;
માટે મળવા આવજો દીલમાં રાખી ઉલ્લાસ. મારા૦ ૧૨
તારી પાસે પ્રીત તે, તું જાણે છે હુંય;
અવર અમસ્તા [illegible] [illegible], [illegible] [illegible] [illegible]. મારા૦ ૧૩

માટે મારા મનની, મનમાં સમજી રહું;
જાણ કુવાની કુપમાં, જેમ સમાય છે સહુ. મારા૦ ૧૪
એવું સુણી પ્રીતમ આવીયા, દીધું આલીંગન;
આનંદ રસ ત્યાં [illegible] પોઢ્યા એક પલંગ. મા૦ ૧૫

## લાવણી ૧ લી.

હો નાથ માહરો હાથ કેમ ઝાલો છો,
શું વાંકા વાંકા વિઠલ કેમ ચાલો છો,
આજે મા [illegible] રહીનું મંડ [illegible] નહી થાઉં;
નહી આપું દધીનું દાણ મમ હું [illegible]
માટે [illegible] વાત વેગળા રહેજો,
[illegible] ગાય તો અળગા રહીને કહેજો,
તમે [illegible] મોહન મન માનો છો;
શું વાંકા વાંકા વીઠલ કેમ ચાલો છો,
અણીયાળી તારી આંખ ભ્રકુટી ભારી;
મોહીત કરે છે વ્રજને વાંસળી તારી;
પણ હું નહી તેવી સમજી લેજો વાલા,
પણ સરે અર્થ નહીં કાંઇ નંદના લાલા,
જેવા પોતે તેવા સહુને ભાળો છો.
શું વાંકા વાંકા વિઠલ કેમ ચાલો છો,
મુકોને પાલવ ફાટે ચુંદડી મારી;
ફુટશે મહીનું માટ ઘેલા ગીરધારી.
કોમળ આ મારો કર મરડાઈ જાશે;
નંદાશે બીલોરી છંદ જાન બહુ ખારી;
ઓરસ માટપર હાથ ઢાલો છો,

શું વાંકા વાંકા વીઠલ કેમ ચાલો છો.
ફુટશે ચોળીની કસ વાગશે વાલા;
મરડાશે મોવડી મારી નંદના લાલા,
તમે નિર્લજને શી લાજ હું તો લાજુ છું.
કોઈ દેખે દુર્જન લોક તેથી ડરૂં છું.
સ્વામી ગોરધનના પ્રતે શું ડોલો છો.
શું વાંકા વાંકા વીઠલ કેમ ચાલો છો;

## લાવણી ૨ ૭.

કીરતાર કહે હો નાર વાત સાંભળજે
આપીને દધીનું દાણ પછી પરવરજે. ટેક.
બહુ દેખી તારા જેવી નાર ઠગારી,
આવી સમજાવ આંખે કાજળ સારી;
વળી ટીલડી કીધી ભાલ ગાલપર ટપકી,
ગલામે મોહનમાળ કાળી કંચુકી,
શ્રીકૃષ્ણ કહે તું કહ્યું મારૂં કરજે,
આપી દધીનું દાણ પછી પરવરજે,
હું તોડું હાર ગળાનો તારો.
જમુનાના ઘાટપર દાવો દાણનો મારો,
તે કારણ નારી મહી તારાં લુટીશું,
આ રૂપ રંગને જોબનનો રસ લઇશું.
તે પછી રાધીકા કરવું હોય તે કરજે
આપી દધીનું દાણ પછી પરવરજે,
તારૂં મુખડું જોઇને મન હરખે છે મારૂં.

ઉભી રહે છબીલી લાવ માટ ઉતારૂ,
બેમોને શીતળ છાંય સંગ છે સારો,
મેળાપ થશે આ વનમાં તારો મારો.
શુભ શીખ આપે શ્રીકૃષ્ણ કાનપર ધરજે.
આપીને દધીનું દાણ પછી પરવરજે,
ગુલાબી રંગનો સાળુ કસબી કોરે,
તુજ કટિ સિંહના સરખી ચિતડું ચોરેઃ
પાયે નેપુરને ચોળી રંગ ઘેરો છે.
અણીઆળી તારી આંખ ઝાઝી જેરી છે;
કહે ગોવરધનના નાથ વાત સાંભળજે;
આપીને દધીનું દાણ પછી પછી પરવરજે.

## લાવણી ૩ જી.

એવું સુણી રીસથી બોલી બીજની બાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા. ટેક.
મારેઃ જાય સાથ મહીયરનો મુખ દેજો,
નવ કરો આળ પાસરા રહેજો,
ફુટશે મહીનું માટ દધી ઢોળાશે.
મારી મોહન નવરંગ સાડી ભીંજાશે
મને ડર લાગે દુરીજનનો કાનજી કાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા;
જાણીને વાત આ નણુંદલ મારી નડશે,
સાસુની આગળ સાચાં જુઠાં કરશે,
મારી સાસુ દેશે ગાળ આળ ચઢાવે

પરણ્યાને કહીને માર મુને ખવરાવે,
હું કહુંછું એટલા માટે મોરલીવાળા.
ચાલોને પાધરા મુકી મનના ચાળા.
વળી જોર કરે જુવાનીઆ અહીં નવ ચાલે,
કરશો ઢોંગ ફુલ્યાનો કાંઇ નવ આલે
મેં જાણ્યું તારૂં તન ઢોર ચારીને,
કાઢ્યું છે મોટું નામ મામી મારીને
ફરતાં વનમાં નામ ઓઢી કામળા કાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા.
શું સમજે રસ ગોરસનો લેવા કાના,
નાનડીઆ નંદના બેસો છાનામાના.
હું સાંભળું કુ કુ બોલી બાળક જાણું,
કાં મગાશો માથાની નાર કાનુડા કાળુ.
કહે ગોવર્ધનના નાથ મોરલીવાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા.

## લાવણી ૪ થી.

મેં જાણી તારી વાત છબીલી નારી,
જાવું છે ચોરીને દાણ ખડી ધુતારી:
નણદલ જો દેશે ગાળ સાસુ લડશે તો,
શું જાશે મારૂં હો નાર એમ કરશે તો,
ફુટશે હરિ હઠમાંનો હાર માટ નંદારી,
તો કહેને કામણગારી મને શું મારી;
હું દાણ લીધા વીણ નહી જવા દઉં નારી,

જાવું છે ચોરીને દાણ ખડી ધુતારી.
મેણાંની દેનારી નારી તુજને દેખી,
ઓળખી તું જાત આહિરની હમને પેખી;
છકેલી છેલ તું ફરેલ મદની માતી,
બોલે છે ચપળા બોલ નથી લજવાતી.
હું વાત જાણું છું સરવે અબળા તારી,
જાવું છે ચોરીને દાણ ખડી ધુતારી.
શું જોઈ છોકરી નારી કેમ નાચે છે,
આ નાનકડાને દેખી કેમ લાગે છે.
કહે કૃષ્ણ કામની આવ કહું તુજ કાપું,
જે મુખમાંથી બોલે તે લાવી આપું;
અહીં પેખો રામા રંગ મચ્યો છે ભારી,
જાવું છે ચોરીને દાણ ખડી ધુતારી.
કાનાએ ભામા જેમ તેમ સમજાવી,
ઉતારી માટ ગોરસનું પાસ બોલાવી;
હળીમળીને પ્રીતથી બેઠા રંગ રમવાને,
વળી નાખ્યો ગળાપર હાથ દધી જમવાને.
કહે ગોરધનના નાથે રમાડી નારી,
જાવું છે ચોરીને દાણ ખડી ધુતારી.

# ભાગ અગીયારમો.

## લગનમાં ગાવાનાં ગીતો.

કંકુ છાંટી કંકાતરી મોકલે, કોડે કાંઈ સુભદ્રા બેન;
વીરા વહેલા આવજો.
દેવ દુંદાળાને લાવજો, એ છે પારવતીના પુત્ર; વીરા૦
શ્રીકૃષ્ણ બળદેવ બે બાંધવા, પવીત્ર પીતા વાસુદેવ. વીરા૦
પાંચ પાંડવ દાસ તે તમતણા, રજનીશ જપે તમારૂં નામ વીરા૦
જકતજનેતા દેવકી ને રોહીણી આંનંદદેતાં તમારાં માત;
વીરા વહેલા આવજો
ભત્રીજા ભલા મન ભાવતા, તમ આવે થાશે સુખ ચેન;
વીરા વહેલા આવજો
રાણી રૂકમણી આદી આઠે રાણી સતભામાને જાંબુવંતી, વીરા૦
ભીડભંજન તમારી ભાભીઓ સોળ સહસ્ત્ર એકસોને આઠ,
વીરા વહેલા આવજો
કંચ જેઠ દેયરીઆને કોડ ઘણા, તમે ભવતારણ ભગવાન,
વીરા વહેલા આવજો
સાથે જાદવ સઘળાને લાવજો, બીજા ઉતમ વરણ અનેક;
વીરા વહેલા આવજો
વેદ વાંચંતા વીપ્રને લાવજો, બીજો સર્વે કુટુંબ પરીવાર. વી.

થોડુ લખ્યું ઘણું કરી વાંચજો, પ્રભુ નોધારાના આધાર          વી.
પ્રતીદ્રષ્ટીએ વેલા પધારજો, શેષનાગ ન પામે પાર.     વીર વે.

## ગીત બીજું—જાગનાં.

વાડીમાં રેલછેલ મોગરો;

મને આપોરે માતારે કોદાળી,
હું તો મોગરો રોપવા જાઉરે રંનાદેવ.          વાડી૦
મને આપોરે માતારે ગડુલો,
હું તો મોગરો સીંચવા જાઉરે રંનાદેવ.          વાડી૦
મને આપોરે માતા ટોપલી,
હું તો મોગરો વેડવા જાઉરે રંનાદેવ          વાડી૦

## ગીત ૩ જું.

પાન ફુલે ભરાવી છે છાબ તો અગરચંદન ભર્યા ઓરડારે,
જમાડોરે વહુ નવી વહુના કંથ રાણી રાંદલને કરે આરતીરે.
આરતી અવસરે હોયરે રંનાદેવ પેહેલા પોરની આરતીરે,
પાન ફુલે ભરાવી છે છાબ તો અગરચંદન ભર્યા ઓરડારે.
જમાડોરે વહુ નવી વહુના કંથ, રાણી રાંદલ કરે આરતીરે;
આરતી અવસરે હોયરે રંનાદેવ બીજા પોહોરની આરતીરે.
પાન ફુલે ભરાવી છે છાબ તો અગરચંદનના ભર્યા ઓરડારે,
જમાડોરે વહુ નવી વહુના કંથ, રાણી રાંદલને કરે આરતીરે.
આરતી અવસરે હોયરે રંનાદેવ બીજા પોહોરની આરતીરે,
પાન ફુલે ભરાવી છે છાબ તો અગરચંદનના ભર્યા ઓરડારે.
જમાડોરે વહુ નવી વહુના કંથ, રાણી રાંદલને કરે આરતીરે,
આરતી અવસરે હોયરે રંનાદેવ ત્રીસરા પહોરની આરતીરે.

પાન ફુલ ભરાવી છે છાબ તો અગરચંદનના ભર્યાં ઓરડારે
જગાડોરે નણું નવી વહુના કંથ રાણી રાંદલને કરે આરતીરે,
આરતી અવસરે હોયરે રંનાદેવ ચોથના પહોરની આરતીરે.

## ગીત ૪ થું.

ડુંગર ઉપર ઉગીયા વાંસ એરે વાંસનો વીંજણોરે ઘડીયો
માણેક મોતીને હીરલે જડીઓ એરે વીંજણો આદત ઢળાયો
હરખ્યારે આદત પુછેરે વાત, કહો રાણી રાંદલ કયા હોડયા ઘાટ,
નથુભાઇને ઘેર જમીયા જાગ વહુરે નવી વહુએ હોડયા ઘાટ.
ઘાટ હોરાડીને લાગ્યા પાય, ભલેરે પધાર્યાં રાણી રાંદલ માય,
ઉઠયારે રાંદલ દેરે આશીશ જીવો નથુભાઇ કોડ અનીશ.

## ગીત ૫ મું.

કરોડ ઉનર હોયરે પચાસ આશાપુરીરે એના કુટુંબ પરીવાર
મારેરે આંગણે કુંભરે ખણાવ્ય ઘુંઘટ સમાણાં પાણીરે રંનાદેવ
પાઘડીવાળા નાવ્યરે બેઠા, નથુભાઇની ઘર નારરે રંનાદેવ,
સોઇ રંગ તોઇ રંગ લાલ કસુંબો મથુરામાં મોંઘો વેચાયરે રંનાદેવ.
ફળાં કાંતળીયાં ને આભા પાતળીયા. ખડબુચાં છોલાયરે; રંનાદેવ
મારેરે આંગણે કુંભરે ખણાવ્યો, ઘુંઘટ સમાણા પાણીરે રંનાદેવ
પાટડીવાળી નાવારે બેઠાં નથુભાઇની ઘરનારરે રંનાદેવ
સોઇ રંગ તોઇ રંગ લાલ કસુંબો મથુરામાં મોંઘો વેચાયરે. રંનાદેવ
ફળાં કાંતળીયાં ને આભા પાતળીયા ખડબુચાં છોલાયરે. રંનાદેવ

## ગીત ૬ ઠું.

પેલેરા પેડી કંકુએ ભરિયો,
જય રાણી રાંદલ આગળ ફરિયો;

માવડીયો ભાગોને મેણુલારે,
હું વણઝારી દાસ તમારી.
નવલાખ પોઠી શ્રીફળે ભરીયો.
જઈ રાણી રાંદેલ આગળ ધરીયો, માવડી હું વના ન મા.
ત્રીજાગી પોઠી. ખારેક સરીયો
જઈ રાણી રાંદેલ આગળ ધરીયો માવડી હું વના ન મા
ચોથારે પોઠી ફોફળે ભરીયો.
જઈ રાણી રાદેલ આગળ ધરીયો, માવડી હું વના ન મા.
વેચી ન જાણું સાટી ન જાણું,
નવ લાખ પોઠી એકલડી હંકારૂ

## ગીત ૭ મું.

નવારે સંગાએ નીસયા દન ક્યાં જઈ વસશો. ૧
[illegible] ૨
[illegible] નથુભાઈને આંગણે, જે મીઠા બોલી નાર. ૩
[illegible] બોલે ને મન મીસે, [illegible] લાગે છે [illegible] ૪
[illegible] માગીયા પ્રથુીવના રાજ. ૫
[illegible] ઘાટડો માગ્યા પુત્ર પરીવાર. ૬

## ગીત ૮ મું.

રંદેલ માને. રુદરોય સોરંભનો, રદેલ પુજા કોણે કરીગ; ૧
નથુભાઈનેરે ઘેર નવા વહુ તો, રદેલ પુજા તેણે કરી.

## માંડવાનું ગીત ૯ મું.

મારો માંડવો મોગરે છાયોને નેત્ર ઓછાડીઓરે,
મારે માંડવે કેળાનો થંભ આ શો રૂડો માંડવોરે;

આરે માંડવે કોણ કોણ આવ્યું કોણ કોણ આવશેરે.
હું તો જોઉં મારા ડીકાભાઇની વાટ જેને આવે રંગ રહેશેરે
આરે માંડવે મોતીલાલ આવ્યા હીરાલાલ આવશેરે.
હું તો જોઉં મારા માણેકલાલની વાટ જેને આવે રંગ રહેશેરે
આરે માંડવે કંઇ વઉ આવ્યાં કંઇ વહુ આવશેરે,
હું તો જોઉં મારી કેક વહુની વાટ જેને આવે રંગ રહેશેરે,
આરે અંબાબહુ આવ્યાં જીવકોર વહુ આવશેરે;
હું તો જોઉં મારી ઇચ્છા વહુની વાટ જેને આવે રંગ રહેશેરે.

## ગીત ૧૦ મું

ઉંચા મંડપ મોલ રચાવો, મેં તો કોડે મંડપ માંડીયારે
મંડપ ઉપર જાજમો પથરાવો, મેં તો કોડે પગરણ માંડીયારે
જાજમ ઉપર બાજઠીયા ઢળાવો, મે તો કોડે પગરણુ માંડીયારે
બાજઠ ઉપર બાજીઓ ઢળાવો, મેં તો કોડે પગરણ માંડીયારે
બાજી ઉપર પરવાળાના પાસા મેં તો કોડે પગરણુ માંડીયારે
રમશે રમશે રાજ પીપળીના રાજા, મેં તો કોડે પગરણ માંડીયારે
સામા રમશે નાનાભાઇ દેસાઇ, મેં તો કોડે પગરણુ માંડીયારે
હાર્યા હાર્યા રાજપીપળાના રાજા, મેં તો કોડે પગરણુ માંડીયારે
જીત્યા જીત્યા નાનાભાઇ દેશાઇ, મેં તો કોડે પગરણુ માંડીયારે
જીત્યા ઉપર નોબતો વગડાવો, મેં તો કોડે પગરણુ માંડીયારે
હાર્યા ઉપર ગધેડાં ભુંકાવો, મેં તો કોડે પગરણુ માંડીયારે.

## ગીત ૧૧ મું.

સુરજ ઉગ્યોરે કેવડીયાની ફણસે કે ઢોલીડા બેલે વાયારે,
સુતા જાગોરે વસુદેવના નંદ કે ઢોલીડા બેલે વાયારે;

राम जागेरे जागे सहु देव के व्हाणेलां भले वायांरे;
लेज्जे लेज्जेरे पीतळना लोटा के व्हाणेलां भले वायांरे;
दातण करजोरे तुलसीने क्यारे के व्हाणेलां भले वायांरे.
मुख धोजोरे पामरीओना छेडे के व्हाणेलां भले वायांरे
लेजोरे लेज्जोरे श्रीरामनां नाम के व्हाणेलां भले वायांरे;
सुरज उग्यारे कंवडायानी फणुसे के व्हाणेलां भले वायांरे
सुता जागोने पारंनी वहुना कंथ के व्हाणेलां भले वायरे
राम जागोरे जागो सहु देव के व्हाणेलां भलो वायांरे,
लोजा लेजोरे अखवाना लोटा के व्हाणेलां भलो वायांरे;
दातण करजोरे उकरडानी टोच के व्हाणेलां भलो वायांरे.
तमे लेजोरे तमारा बापनुं नाम के व्हाणेलां भलो वायांरे.

## गीत १२ मुं.

कोणे मारां आंगणां समारीयांरे,
कोणे पुर्यां मोती केरा चोक मारां आंगणा रळीयामणांरे,
कोणे मारा सामा तोडा घोळीयारे
कोणे लखाया हंसने मोर, मारा तोडा रळीयामणांरे
डाह्या भाइए आंगणां समारीयांरे,
मोतीबहेने पुर्यां मोती चोक, मारां आंगणां रळीयामणांरे,
लल्लुभाइए सामा तो घोळीयारे,
सुरी बहेने लखीया हंसने मोर, मारा तोडा रळीयामणांरे.

## गीत १३ मुं.

आवो माणुस बेसो बेसणेरे
कहो तमारी वाडीओनां मुल, मालण राणी एम भणेरे

લાખ બે લાખે મારો મોગરોરે,
અધલાખે ચાંપલીયાનો છોડ — માલણ રાણી૦
લાખ ખરચીને લોને લાલજીરે.
લાડકડારે મુછાળાજીને કાજ — માલણ રાણી૦

## ગીત ૧૪ મુ

[illegible] લીલા વાંસ વડાવો તેની રતન ગોળીયો ઘડાવો.
કેળપલી મોતીલાલના હાથમા [illegible] ગોર;
મોતીલાલ [illegible] થઇ ઘેર આવે.
મારી ગંગા [illegible] [illegible] સ્વામી કર્યા લાગી [illegible],
મારી નારે [illegible] ગરબાં ગાડયાં, પાછલી રાતના [illegible],
બેરાઢીયામાં પાણી ભરાવ્યાં. [illegible] વાસીદાં [illegible];
અરે બપોરે [illegible] પુકાવ્યાં.

## ગીત ૧૫ મુ

ઉગતા સુરજની રજ ખરીરે
એનીરે રજેરે કાંઇ શ્રીકૃષ્ણ પઢીયારે.
અતી ગોરારે અતી કુટડારે — ૧
હું તો તમને પુછું મારા હેતકીજી વણજારારે.
તમે કેમ શ્રીકૃષ્ણ જોયાને. — ૨
ઘડીએ બે ઘડીએ ઘડીયાળાં વાગેરે,
પ્હોરે બે પ્હેરે જઇ આરતીરે. — ૩
આરતડીરે કરો દેવકીજીની કુખરે;
એની કુખેરે શ્રીકૃષ્ણ જન્મ્યારે. — ૪

ઓરડીઓ ઉભા ને પરસાળે અજવાળાંરે,
કુળને અજવાળ્યાંરે વાસુદેવ તણુંરે ૫
ઉગતા સુરજની રજ ખરીરે,
એવા તે કંઈ સુરજ ગાજી વડીયારે.
આતીને ગેગારે ભરી કુટમરે. ૬
હું તો તમને પુછું મારા રૂકમણી વણજારાર,
તમે કેમ મજીઆજી નાઠયારે ૭
ચડીએ ને નડીએ મેડી માં વાગેરે,
પહોરે ને પહોરે જરા ગારતીરે, ૮
માગતીએ મગ રૂકમણી કુંવરે,
કોની ડોરે સુરજ ગાજી નાઠયા , ૯
ઓરડે ઉભાને પરસાળે અજવાળારે,
કુળને અજવાળ્યાંરે વાસુદેવ તણાં, ૧૦

## ગીત ૧૬ મુ

ઉંચી ઉંચી મેડી મારા સસરે ચીવાતાં; તો પાડોસે
નણદી વસેરે; ૧
વીરાની મેડીએ રૂડા કાચ ઢળાવું;
તો ત્યાંને ઢાળીરે ભમર ઢોલીયો ૨
ત્યાં ચડી પોઢાડે મારો માડીનો જાયો.
તો વાયે ઢોળે ભાભી ફુલડાંરે ૩
તો વાછે ઢોળંતા ભાભી ગોઠડીએ ગોઠયાં,
તો નણદીને પાડોસે ન રાખીએરે, ૪
દીઉં અણદીઉં નણદી સર્વસ્ત માગે;

તો નિત્ય ઉઠીને ક્યાથી આપીએરે. ૫

ઘરનો ધણીઆણી તમે એવું શું બોલો,
તે બહેન વીના વીવાહ કોણ માલશેરે. ૬

માત સોપારી મારી પાડોસણને આપું;
તો તે મારે અહીંયા માલશેરે. ૭
ઘરની ધણીઆણી તમે એવું શું બોલો;
તો બહેન વીના ગણેશ કોણ પુજશેરે. ૮

ચોખાને લાડુ મારી ગોરાણીને આપુ,
તો તે મારે ગણેશ પુજશેરે. ૯

ઘરની વહુઆરૂ તમે રાંધીને સીધું,
તો જમવાને જશે મારી બેનડીરે. ૧૦

ઘરની વહુઆરૂ તમે પાણીડાં જાઓ,
તો બારાએ તે બેશે મારી બેનડીરે. ૧૧

ઘરની વહુઆરૂ તમે હેરાને ફેરા,
તો પકવાનને ઓરડે મારી બેનડીરે, ૧૨
ખાસડુ ખંખેરૂ ગોરી ધણીએક આવે,
તો રૂપૈયા ઉછાળુ બેની ના મળેરે. ૧૩
માડી જાયા તુને દેઉરે આશીષ;
તો સાતેને દીકરા હીંડજો મલપતારે. ૧૪
વ્હેવણની જાઇ તુંને દેઉ આશીશ,
તો શાને શોક આસુ ઢાળજેરે. ૧૫

## ગીત ૧૭ મું.

ગણેશપાટ બેસાડીએ, ભલાં નીપજે પકવાન,
સગાં સંબંધી તેડાએ જો પુજ્યા હોય ભગવાન.
જેને તે માગણે પીપળો તેને તે ધન અવતાર
માજે મારા પુજ્યે બને પુજ્યા હોય મોરાર,
જેની પેટ [illegible] તેનો તે ધન અવતાર.
ચારે વહુઓ પરણે [illegible] જો પુજ્યા હોય મોરાર
જેને પેટ ચાર દીકરા તેનો તે ધન અવતાર
માતા આપ્યા ધન [illegible] જો પુજ્યા હોય મોરાર
જેને તે માગ્યું [illegible] તેનો તે ધન અવતાર.
માજે [illegible] જો પુજ્યા હોય મોરાર.
રાતો તે ચુડો મારા રંગ ભર્યો, [illegible] હાથ
[illegible] જો પુજ્યા હોય મોરાર.
કાંસા તે થાળી રેટની [illegible] કંસાર.
ભેગાં બેસીરે આરોગીએ જો પુજ્યા હોય મોરાર

## ગીત ૧૮ મુ

ઉકરડી નુતરતાં વનમાળીરે.
જડીયો છે સોનાનો ખુંટો કે ગુજરમાળીરે,
તેની ઘડાવીશ ટોટડી વનમાળીરે,
સોવરાવીશ જમણા કાને કે ગુજરમાળીરે.
ઉકરડી નુતરતા વનમાળીરે,
જડીયો તે લોઢા કેરો ખુટો કે ગુજરમાળીરે;
તેનો [illegible] વનમાળીરે

સોવરાવેશ જમણે હાથેરે ગુજરમાળીરે,
ઊંડોરે કુવો જળ ભર્યોરે ઈંટ વળ્યો સેવાળ,
ગીરધરે એ પૂચ્છા વહુને આગે કે ગુજરમાળીરે,
જમતાં મનસુખભાઈ આભર્યા વનમાળીરે.
આવ્યો છે કાંચળી માંય કે ગુજરમાળીરે.
સારી સભામાં પડી ગયા વનમાળીરે;
અધેડી થઈ છે ફજેત કે ગુજરમાળીરે.

## ગીત ૧૯ મુ

જીરે આજ મેં તો અડદા પર્વત નોતર્યારે;
અડદા તમે તો મારે પાપડ વણવા જોગ,
મારે સજન મેળાવો જો મળ્યોરે,
જીરે આજ મેં તો ચોળા પર્વત નોતર્યારે,
ચોળા તમે તો મારે વડીઓ મુકવા જોગ,
મારે સજન મેળાવો જો મળ્યોરે,
જીરે આજ મેં તો ઘઉંવા પર્વત નોતર્યારે;
ઘઉંવા તમે તો મારે કંસાર કરવા જોગરે,
મારે સજન મેળાવો જો મળ્યોરે,
જીરે આજ મેં તો મગ પર્વત નોતર્યારે,
મગ તમે તો મારે પીઠી કરવા જોગ,
મારે સજન મેળાવો જો મળ્યોરે.

## ગીત ૨૦ મુ

સોનાનો શંખ હીરે જડયોરે,
શંખનું નામ ના જાણું પીવાડ વેર આવજોરે,

થંભનું નામ મોતીલાલ વીવાહ ઘેર આપણેરે,
સોનાનો ગજ હીરા જડયોરે,
કોશીરાણીયાનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે,
કોશીરાણીયા નામ ઝવેરભાઇ વીવાહ ઘેર આપણેરે,
લાંબી લેખણે લેખાં લખેરે,
લેખાવટીયા નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે.
લેખાવટીયા હીમતભાઇ વીવાહ ઘેર આપણેરે.
સાંગામાંચીએ બેઠા પુન્ય કરેરે,
પુન્યવંતાનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે,
પુન્યવંતા નવલભાઇ નામ વીવાહ ઘેર આપણેરે.
ઓરડામાં લક્ષ્મી વાસો વસેરે,
લક્ષ્મીનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે.
લક્ષ્મીનું નામ કાશી વહુ વીવાહ ઘેર આપણેરે,
બન્ને તે હાથેળી સોને ભરીરે;
નાણાવટીયા નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે;
નાણાવટીયા માણેકલાલ નામ વીવાહ ઘેર આપણેરે;
હાથમાં પાટીઓ ભરીરે,
નીશાળીયાનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે.
નીશાળીયા ભીખાભાઇ નામ વીવાહ ઘેર આપણેરે,
લાંબી પરસાળે બાળક રમેરે,
બાળકનું નામ ન જાણું, વીવાહ ઘેર આપણેરે;
બાળકનું સુરજબેન નામ વીવાહ ઘેર આપણેરે;
લાંબાને બેડે પાણી ભરેરે

પાણીયારીનું નામ ન જાણું વીવાહ ઘેર આપણેરે;
પાણીયારીનું પરસન વહુ નામ વીવાહ ઘેર આપણેરે.

## ગીત ૨૧ મું

પાએ પાવડીને કેસરીઆ વાઘા,
કાને સોનાની ઝલેરોરે કોઇ વરઘ વધાવો,
એટલે રણછોડરાય સીમાડે આવ્યા.
સીમાડે છત્ર ઢળાવોરે, કોઇ વરઘ વધાવો.
એટલે રણછોડરાય ભાગોળે આવ્યા;
ભાગોળે ભેરગા વગડાવોરે કોઇ વરઘ વધાવો
એટલે રણછોડરાય ચકિટડે આવ્યા,
ચકિટડે ચમર ઢળાવોરે કોઇ વરઘ વધાવો
એટલે રણછોડરાય જાનીવાસે આવ્યા,
ફુલવા સાસુને હાથેરે કોઇ વરઘ વધાવો.
એટલે રણછોડરાય ખડકીએ આવ્યા,
ખડકીના ખખડાવ્યાં કમાડરે કોઇ વરઘ વધાવો.
એટલે રણછોડરાય તોરણે આવ્યા.
પુખણા સાસુને હાથેરે કોઇ વરઘ વધાવો.
એટલે રણછોડરાય માયરામાં આવ્યા;
મામાજી કન્યા પધરાવોરે કોઇ વરઘ વધાવો.

## ગીત ૨૨ મું

આતરડા ઉતારોરે ગોરજી વહુ માગે છે સવઇયો ગોરજી;
વહુનો ભાઇ ભાવઇયો ગોરજી, વહુ માગે છે રોકડા ગોરજી.
વહુનો બાપ બોકડો ગોરજી, વહુ માગે છે આરશી ગોરજી;

વહુનો બાપ પારશી ગોરજી, વહુ માગે છે બદામ ગોરજી,
વહુનો બાપ હજામ ગોરજી, ઇત્યાદી.

## ગીત ૨૩ મું

મહેંશાની વેળા ગોરી ગોસાઇ બેઠાં, સસરો મનાવે તો મનાઉં;
ઓ લાડણી આછા ઘુંઘટ વહુને વાલેરા લાગે,
કહો તો વહુઆરૂ તમને ચુંદડીઓ ઘડાવું તનમનીએ રતન જડાવું.
ઓ લાડણી આછા ઘુંઘટ વહુને વાલેરા લાગે.

લાડણો પાન ચાવેને રસ ઢોળે, લાડણો તો વળી વળી પાછું જુવે;
જાણે મારા બાપા સાથે આવે, જાણે મારા સસરાનો રંગ રાખે.
લાડણો પાન ચાવેને રસ ઢોળે, લાડણો તો વળી વળી પાછું જુવે;
જાણે મારી માડી સાથે આવે, જાણે મારી સાસુનો રંગ રાખે
લાડણો પાન ચાવેને રસ ઢોળે, લાડણો તો વળી વળી પાછું જુવે;
જાણે મારા વીરા સાથે આવે, જાણે મારા સાળાનો રંગ રાખે.

## ગીત ૨૪ મું

ઘોડી તારા મુખડે રતન જડયારે બાઇ,
રતન જડયારે ગંહ્ગાન શેરો અજબ બનીરે બાઇ,
વર બાપા તે વર બાપા કોણ સરાય કહેવાયરે બાઇ,
જાન સુંહાળી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ.
વર બાપા તે વર બાપા આત્મારામ કહેવાયરે બાઇ,
જાન સુહાળી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ.
ઘોડી તારે મુખડે રતન જડયાંરે બાઇ,
રતન જડયારે શેરો અજબ બનીરે બાઇ.
વરમાડી તે વરમાડી કોઇ બાઇ કહેવાયરે બાઇ,

જાન સુંઢાણી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ;
વરમાડી તે વરમાડી જીવકોર બાઇ કહેવાયરે બાઇ,
જાન સુંઢાણી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ.

## ગીત ૨૫ મું

લીલી ઘોડીને પીળા ચાબખા ઘોડી ઘણું ગાજે,
લીલડાં જડીત્ર પલાણ વહેવાણ મારી છંદે નાચે;
છંદે છુદાવ્યાંરે છુંદડાં ઘોડી પણ ગાજે,
દેરિં રંગાવ્યા કાળા દંત, વહેવાણ મારી છંદે નાચે
ઘોડી ચ્હડી જીયાવર સંચર્યા ઘોડી ઘણું ગાજે,
મોહી રહ્યા ચારે દેવ વહેવાણ છંદે નાચે;
પહેલેને વિશ્વનાથ મોહી રહ્યા, ઘોડી ઘણું ગાજે,
ગયામાં ગદાધર દેવ, વહેવાણ મારી છંદે નાચે.
ચોથલે મહાકાળેશ્વર દેવ, વહેવાણ મારી છંદે નાચે
ચારોએ મળીને શું કીધાં ઘોડી ઘણું ગાજે.

## ગીત ૨૬ મું

કુંવર હેલો દેઇને ઘોડે ચડીયા તારા વેરીને ધ્રાસકા પડીયા:
કુંવર દહીના ગોરસ ખાટાં, ત્હારાના વેરીનાં હઇડાં ફાટયાં.
કુંવર દહીના ગોરસ મીઠાં, ત્હારા વ્હાલાએ અચરત દીઠાં;
કુંવર ખુંચે છે અસરો ને મસરો, જોવા આવ્યા તે સાસુને સસરો
કુંવર ખુપ તે જડી આરે બાપ, સાજનમાં સોહાયે જીયા વર બાપ.
કુંવર ખુપે તે જડીયારે હીરા. જાનમાં સોહાયે જીયા વરના વીરા;
કુંવર ઘોડે છે ફુલની પાતર, તારૂં સભા સાતુરે સાજન
કુંવર ઘોડે છે ફુલની વાડી કરે દીવો ભાભી જીયાવરની માડી;
કુંવર ઘોડા પાછળ કામધેન રથે બેસે જીયાવરની બ્હેન.

## ગીત ૨૭ મું

બનો ઉમલ્યો ઉમલ્યો આવે છે, બનો લંકાગઢ વાણુ પુરાવે છે.
બનો બેનડી ઝાલ ઘડાવ છે, બનો ઉમલ્યો ઉમલ્યો આવે છે.
બનો સુરનગઢ વાણુ પુરાવે છે, બનો ત્યા થકી સોની તેડાવે છે.
બનો બેનડીની ઝાલ ઘડાવે છે, બનો ઉમલ્યો ઉમલ્યો આવે છે.
બનો ભરૂચગઢ વાણુ પુરાવે છે, અને ત્યાં થકી જડીઆ તેડાવે છે.
બનો બેનડીની ઝાલ જડાવે છે, બનો ઉમલ્યો ઉમલ્યો આવે છે
બનો અમદાવાદ વાણુ પુરાવે છે, તે તો ત્યાં થકી પટવા તેડાવે છે
બનો બેનડીની ઝાલ ગંઠાવે છે, તે તો ઉમલ્યો ઉમલ્યો આવે છે
એનો નગરીમાં ધુમ મચાવે છે, બનો ઉંઘતા લોક જગાડે છે.

## ગીત ૨૮ મું

હારે બના મેરી ગલી મત આવો, મોતીલાલ બના છજેકી
બેઠક છોડદો.
હારે બના છોડદોરે દીલ ખોલ દો. હારે બના મેરી૦
હારે બના લંકાગઢ વ્હાણુ પુરાવીએ
હારે બના ત્યાંથકી સોનાં અણાવીએ,
હારે બના બેનડીની ઝાલ ઘડાવો મોતીલાલ બના છજે
હારે બના હડમચગઢ વહાણુ પુરાવીએ,
હારે બના ત્યાં થકી હીરા અણાવીએ,
હારે બના બેનડીની ઝાલ જડાવો, મોતીલાલ બના છજે.
હારે બના સીંધડગઢ વ્હાણુ પુરાવીએ;
હારે બના ત્યાં થકી મોતી અણાવીએ;
હારે બના બેનડીની ઝાલ ઘડાવેરે, મોતીલાલ બના છજે.

## ગીત ૨૯ મું

હરિ બના કિન્તે બતાઇ તુને મેરી ગલીયાં,
મેરી ગલીયારે ગુલાબી છડીયાં, હરિ બના કિન્તે.
હરિ બના ચીનાનો તેવા લાલ બનોયા
લાલ બનીયારે ગુલાલ બનાયા, હરિ બના કિન્તે
હરિ બના હોઠ તો તેરા લાલ બનીયા:
હરિ બનીયારે ગુલાબ બનીયા હરિ બના કિન્તે.
હરિ બના મોજાં તો તેરા લાલ બનીયાં;
લાલ બનીયારે ગુલાલ બનીયાં. હરિ બના કિન્તે

## ગીત ૩૦ મું.

એક લીલા તે લીલી લીલડી
એક લીલુડાં જડીત્ર પલાણ્યુ રે જગલીલડી,
મારા સોપ ઘોડાને બસે હાથી મા,
મારા હાથી દેખીને દેવાઇ બી ગયો;
મારી કેમ કરી રહેગે લાજરે જગ લીલડી
મારા જાયા લાડ એ સાનમા સમજીયા,
મારા લલુભ છએ સાનમાં સમજાવીયા,
તમારી ભલેરી રાખીશુ લાજરે જગલીલડી

## ગીત ૩૧ મું.

આજ મારૂં વાજીંત્ર કરે ઝમકાર તો ભેમર વાગેને સાજન નીરે
વાગતું ગાંગતુ પોળમા પેઠું તારે વેવાઇના ઘર ક્યાં છે રે.
ઉપલા અવાસને નીચલા દરવાજા ત્યાં મોતીજડયાં તોરણું બારણેરે
ચોકમા ચંપો પરસાળે નાગરવેલ તો ઝારીએ દીવા ઝળવાળાબારે.

સાત દીકરડા તુ જણુ મોરી ગોરી તો જેમ દ્રવ્ય ખરચે ને વધેરે
એક દીકરડી તુ જણું મોરી ગોરી તો સાજન જમાડુ ઘર આપણેરે
બાપે મોહેરામાં આપીરે બેટી, તો માડીએ આપી જોટડીરે
રાસ રચ્યુ બેનને સાસરે આપો તો બેંસ દોવા તાંબડી રે
ચીરના ચંદરવા જાદરના ગલેચા, તો સામળી બંદરના ચોરસારે
બુરાનપુરી ગોરી બીજાપુરી સાડી તો નચારે નગરના વાડકારે
ત્રાંબાના તરભાણા પીતળના અખાણીઆ તો નવીરે સુખડના પાટલારે;
એટલું લઈ બેન સાસરેરે જાજે, તો લાજ વધારજે આપણીરે
મારા નગલા વેવાઈ તને વીનવું, તારી સાંકડી શેરી નળાવને;
મારૂં મોટાનું સાજન આવશે, તારા છોકરડા દેખીને લાજશે.
તારાં છૈયાં છોકરાંને મારશે, તારાં ઘરનાં બુઢાંને હાંકશે;
તને નફટને નહિ લાજરે, તને નીરલજને શું કહીએરે.

---

વર તો મધુરે મુંઆળો વર તો બહુરે બાનોળો;
જો રે [illegible] જુવે ત્યારે નગારાં વાગે ધીમે ધીમે.
વર તો બાનાડાની શેરી વચ્ચે સંચર્યોરે;
વરને ઉતરીઓ વગાડવા લાગી વારરે નગારાં વાગે ધીમે ધીમે
વર તો માળીડાની શેરી વચ્ચે સંચર્યોરે.
વરને ધુપ વસાવતાં લાગી વારરે, નગારાં વાગે ધીમે ધીમે;
વર તો ગાંધીડાની શેરી વચ્ચે સંચર્યોરે,
વરને શ્રીફળ વસાવતાં લાગી વારરે, નગારાં વાગે ધીમે ધીમે.
વર તો ડોશીડાની શેરી વચ્ચે સંચર્યોરે,
વરને સરબંધ વસાવતાં લાગી વારરે, નગારાં વાગે ધીમે ધીમે.

વર તો તંબોળીડાની શેરી વચ્ચે સંચર્યોરે,
વરને પાન વસાવવાં લાગી વારરે, નગારાં વાગે ધીમે ધીમે.

ઇત્યાદી.

## ગીત ૩૨ મું

શેરો શેરી ઘુઘરડા વાગે છે કોઇ ઉમરાવજાદો આવે છે;
કોઈ જાણ પીછાણ કરો પેલા નવલા જવાઇને જાણુ કરો.
પેલા ક્રોડીલા વેહેવાઇને જાણુ કરો તારા શેરી છે સુગાળી,
તારી ઘર ઘણીઆણી કાળીરે મારી જાનમાં આવ્યા મોટા.
વેહેવણ જળ ભરી લાવો લોટારે; વેહેવણુ લેજોરે કંકાવટી.
તારે બારણે આવ્યો નાણાવટી વેહેવાણ લેજોરે સોપારી.
તારે બારણે આવ્યો વેપારી વેહેવણ લેજોરે સુપડલુ;
તારા ભવનુ ને માગ્યું દુખડલુ તારા ગુંજાની પછાડે ગારોરે,
તારે દીકરી જણ્યાનો વારોન, તારા ચુલા પાછળ ઈંટરે;
તારે દીકરી જણ્યાની રીતરે, તુતો દીકરી જણી જણી થાકીરે,
આંબા કેરીની પેડે પાકીરે.

## ગીત ૩૩ મું.

સુરત શેહેરે વસે એક સોનીરે સોની ઘડજે લાકડાની પોંચીરે,
એની પોંચીએ ઝાઝા હીરારે પોંચી લાવે લાકડાના વીરારે;
બાજુબંધની સરખી પોંચીરે મુંબાઇ શેહેર વસે એક જડીઓરે,
જડીયા જડજે એક લાકડાની પોંચીરે એની પોંચીએ ઝાઝા આમારે
પોંચી લાવે લાકડાના મામારે બાજુબંધના સરખી પોંચીરે,
ભરૂચ શેહેર વસે એક પટવોરે પટવા ગંઠ લાકડાની પોંચીરે;
એની પોંચીએ ઝાઝી બાપરે, પોંચી લાવે લાકડાના બાપરે;

બાજુબંધના સરખી પોચીરે, અમદાવાદ વસે એક ઝવેરીરે,
ઝવેરી પારખ લાડકડાની પોચીરે એની પોચીએ ઝાઝાં મોતીરે.
પોચી લાવે લાડકડાની આથીરે બાજુબંધના સરખી પોચીરે,
ત્યાં તો નવરંગ માંડવા રચીઆરે ત્યાંનો નટવર ચઢીયા ઘોડેરે,
વરકન્યા પરણીને ઉઠયારે.

# ભાગ બારમો

## રાગ ધનાશ્રી.

સનમુખ શ્રીજી દેખાય હો સજની સનમુખ શ્રીજી૦ ટેક.
લક્ષ્મી બાગમાં વૈષ્ણવની સાથે, તાળી બજાવીને ગાય;
હો સજની૦ ૧
પુષ્પતણા શણગાર સજીને, જુગતીબંધ જણાય; હો સજની૦ ૨
બાજની નવલણ છબી નિરખતાં; આનંદ ઉર ના સમાય;
હો સજની૦ ૩
શ્રીજી સંબંધી સીતળ થાય વાયુ ધીમે ધીમે વાય
હો સજની૦ ૪
જન્મ ધરીને જેણે શ્રીજી ના નીરખ્યા, ધીક પડયો અવતાર,
હો સજની૦ ૫
ચાલે દયાળુમાં રાજની ચાલે, મલક મલક મુખ થાય;
હો સજની૦ ૬
પ્રેમાનંદ કહે છે દાસ હરીનો; ચરણકમલ ચીત થાય
હો સજની૦ ૭

## રાગ પુનમચાંદની.

સખીઓ ચાલો તો જઇએ, શ્રીજી શહેરમારે
નવનીત લાલજી બીરાજે સુખપાલમારે
ગોવરધન નાથજી બીરાજે મોટી મહેરમારે ટેક.
પહેલા દરશન મંગળા સમય સાંભળોરે સખીઓ ૧
બીજા સણગારૂ વાલે બહુ ધર્યારે સખીઓ ૨
ત્રીજા દરશન ગોવાળ બાલ ખેલનારે સખીઓ ૩
ચોથા દરશન રૂડાં રાજભોગનારે
નીત નોત નવીન સામગ્રી આરોગતારે સખીઓ ૪
પાંચમા દરશન ઉત્થાપન દરખીઆરે
શંખ વાગ્યોને વઇશ્નવ થયા ઉતાવળાર
ભીડ ભારીને વઇશ્નવ થયા ઉતાવળાર સખીઓ ૫
છઠાં દરશન ભોગ સમયનાં સાંભળોરે
દરશન કરીને હરખ્યાં મંનોરખીઆરે. સખીઓ ૬
સાતમા દરસન સેન સમયના સાંભળોરે
નાથ નાથ આરતી ઉતારે ટીકાયતલાલજીરે સખીઓ ૭

## ગરબી.

સાંભળરે તું સજની મારી રજની ક્યાં રમીઆવીજી,
પરસેવો તને ક્યાં વળ્યો, તારી ભમર ક્યાં ભીંજાણી
સાચુ બોલોજી. ૧
વનમાં હું તો ભુલી પડીને, અતીશે મુંઝાણીજી;
પરસેવો ત્યાં વળ્યો મોરી ભમર ત્યાં ભીંજાણી. સાચુ માનોજી
હમે મેં તારી વેણુ ગુંથીતી, છુટી કેમ વિખરાણીજી

ઓ ઢ઼ડી ઉતાવળ શી પડી જે ગુલડી ના ખોવાણી. સા. ૩
કાળો ને ભમરો શીરપર બેઠો, ઉગરતા સેર છુટીજી,
જેમ તેમ કરીને બાંધ્ની વચમાંથી નાડી તુટી. સા. મા. ૪
આ [illegible] આવક્ષમની [illegible] સખાવરે [illegible]
[illegible] તુટી તુ [illegible] [illegible], સા. ૫
[illegible] [illegible] [illegible] વાય [illegible] [illegible]
પીળા [illegible] [illegible] કરીને [illegible], સા. મા. ૬
[illegible] [illegible], તુજને [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] ગયા, એને [illegible] [illegible] સા. ૭
[illegible] [illegible], [illegible] તનમાણજી
[illegible] [illegible] [illegible] મુને [illegible], [illegible] પાણી. સા. મા. ૮
[illegible] ચણીયો કેમ પહેર્યો છે જેમ તેમ [illegible] સાડીજી:
[illegible] [illegible] પહેરો ને વળ [illegible]. સા. ૯
[illegible] કાંધા ઉતાવળ [illegible] હુતો ચાલીજી;
[illegible] ચણીયા પહેરી લીધો [illegible] [illegible] પહેરીશું [illegible]. સા. મા. ૧૦
નિકળી હતી તુ મહેલથી પહેલી સાથ સહચરના મેલીજી,
પછવાડેથી ક્યાંથી આવી ને જઈ બેઠી તુ વહેલી સા. ૧૧
નીકળી હતી હું સહુથી પહેલી, સાથ સહચરનો મેલીજી,
વાટે હું તો ભુલી પડી ગઈ ત્યાં જઈ બેઠી વહેલી સા. મા ૧૨
કસ્તુરી તારે અંગે મહેકે છે આખું કમાં કોણે છાંટીજી,
સર્વ શરીરે તારી વ્યાપી રહી છે તે કેમ જાએ [illegible] સા. ૧૩
અગસાલાએ-અગલો બેઠો, તેને જઇ મેં [illegible]જી;
તેની વાસના મારા અંતરમાં પેઠી તે નથી રહેતી ઢાંકી. સા. મા. ૧૪
અધર દંત ઉપર ભેળા દીસે છે, છાતીએ નખ વાગ્યાજી

તારૂણી તારા તનમાં વળી કામબાણ ક્યાં વાગ્યાં. સા. ૧૫
મધુરાં વાક્ય પોપટ બોલ્યો, તેને જઇ મેં ઝાલ્યોજી;
ચંચળ ચાંચ મારીને વળતો તતક્ષણ ત્યાંથી ચાલ્યો. સા. મા. ૧૬
શ્યામસુંદર તને મળ્યા દીસે છે તે અંગે તુ પસરાઇજી;
જે જે પુછુ તેનો ઉત્તર આપે બધી તુજ ચતુરાઇ. મા ૧૭
જે માટે હરી મળ્યા હોય, તે માટે ન જાણીજી;
આજ માટે હરી મળ્યા હોય તે, કહો તેરા સગ ખાઇ. ગા મા ૧૮
મારે એવી પ્રતિજ્ઞા. જે પર પુરૂષ બાપજી;
દાસ દયાના સ્વામીને ભજતાં ભવની ભાવટ જાય. મા. ૧૯

## ગરબી.

શ્યામ લક્ષણા રહો હું કહું મું શિખામણ લ્યો માનીજી.
આગડે જાતાં મુજ શ્રવણે, વાત કહી સીદ છાની ડાપણ રાખે જી
અવળી અબળા અવળું શું બોલો, જાતાં સીધી વાટજી
કરણફુલ તારૂ નવીન દેખી સહેજ અમે જોયો ઘાટ. ડહાપણ૦ ૨
કરણફુલ જોયુ તે શુ કહોછો અવર કોઇ કેમ માનેજી;
પુરૂષને શું કામ આ સંગે, સમજાવોછો કોને ડહાપણ, ૩
જેના મનમાં કપટ હોય તે કપટતણી ગત જાણે જી;
જાતાં જાતાં થયું શું તાહરે જે આડી વાત વખાણે. ૪
તમો છાની રહે. સાંભળો હું જાણું સાચું બોલો છો વેણજી;
સાધુપણાની સાખું પુરે છે નાચતાં જઉ નેણ ડહાપણ. ૫
નાચતાં વણ નાચતાં તે મેંણું શીદ દીધુંજી;
જેવા છે તેવા અમ પાસે કહે તારૂ શું લીધું સુખડું. ૬
વ્હાલા મારૂતો સરવસ લીધું હું અબળા કહેતી વાણીરે;

તન મન ધન લુટીને લીધું હવે શું ઝાઝું લેશો કહાપણ. ૭
હું તો બાળક કંઇ ના સમજુ કેવું હોય તન મનજી;
કયમ કર્યો તેં મુજને મોહોટો એમ જુગજીવન સુ ૮
તમો નંદકુંવર મેં નીરખ્યા, ન્હાના ગુણ મોહોટા ગંભીરજી;
વડા વેણુથી વાતો પીડે જેમ ન્હાનો ન વકની કહાપણ. ૯
કાય. થન્ને એમ કથે છે વાત સુખની વખાણેજી;
નાવઠ બાત તણી શત ન્યારી તું એમ દીઠે કયમ જાણે સુ. ૧૦
દાસદયાના પ્રભુ કૃષ્ણ રુપે ધરતા, હું દુરીજન માટે કહું છું;
એ મુખડાને કાજે ફરી હું બોલ લેકના સહુ છું કહાપણ. ૧૧

## ગરબી.

સમે સમો તમે સમજો નહીં, કરતા હીંડો આળજી;
લોક શું જાણે ટેવ પડી છે મુકે માથે આળ પેર ન જાણોજી. ૧
પરનારી સાંભળતાં મુને શી કરો છો સાદજી;
આપણ બેને બોલતાં દેખી મારો પરણ્યો કરેછે વિખવાદ. પેર૦૨
આરા આંગણુશા સામા આવીને શાને કીધી શાનજી;
મારી નણદી મરમનાં વચન બોલી ભાભી જાઓ તેડે છે કાન. પે૦૩
આતુર જનોતો દીઠા અતી પણ તમથી આડો આંકજી;
કહેવા સરખું આપણ કરીએ તો દુરીજનનો શો વાંક. પેર૦ ૪
ગોળ પોતાનો પોતે ખાઇએ કરીએ દીઠો અણદીઠોજી;
પ્રગટ બજારે ખાતા શું લાગે છે અતી મીઠો પેર. ૫
વે દહાડાની પ્રીત બંધાણી તે દહાડેથી સરખે વળગીજી;
સહુ દયા પ્રભુનાં મનમાં હું નથી તમથી અળગી. પેર૦ ૬

## સાખીઓ.

મીઠડાં ગોરસ લ્યો ગોરસ લ્યો તમે ક્યાંના છો મોરધારી;
મીઠડાં ગોરસ લ્યો ગોરસ લ્યો.
હરિ તારૂં ગોરસ લાગે છે મીઠું [illegible] જનમારે
નથી દીઠું મીઠડાં ગોરસ લ્યો ગોરસ લ્યો.
સરસ્વતી માતાને [illegible] ગણપત લાગું પાય
અલબેલી [illegible] પુરજો. ગુણ [illegible] તમારા ગાય.રે મીઠ૦ ૧

## શ્રી રણછોડજીની આરતી.

જે રણછોડરાયા, પ્રભુ જે રણછોડરાયા.
અગર કપુરે કરૂ આરતી, ગોવિંદ [illegible] જે રણછોડ ૧
સુરતરૂ કામ ધેનુ ચીંતામણી, જે [illegible] સેવે પ્રભુ૦
વિધિથી તાપ ન વ્યાપે તનમાં, [illegible] દેવે જે રણછોડ ૨
ચતુરા [illegible] પંચાનન અખંડાનંદ શેશાનંદ સમરે
પદ પંકજ રજ શિશ ચઢાવે, તે નિશ્ચે નામરે જે રણછોડ ૪
ઇશ્વર રજ સુજન શ્રીસંગે [illegible] રંગરાજે
જ્ઞાન વૈરાગ વસે પુરાણ ભવ સંકટ ભાજે જે રણછોડ ૫
રિધ્ધ સિધ્ધ નવનિધી મુક્તી, ચતુર ધા ચરણ તળે લોટે;
આનંદ મુળ પરમ સુખ પામ્યો, કેમ બીજુ ગોઠે જે રણછોડ ૬
નખશીખ રૂપ રસિકવર કેરૂ જે રૂદયે ધરશે
કહે પ્રીતમ ગોપદની દેરે ભવસાગર તરશે, જે રણછોડ ૭

**ઇતિ શ્રી ચતુરસુંદર સ્ત્રી વીલાસ મનહર**
**રસિક ગરબાવળી બાર ભાગ સંપુર્ણ.**